હીરાનો ખજાનો

કોંગો-આફ્રિકાની રોમાંચક સાહસકથા



ડૉ. આઈ. કે. વીજળીવાળા

VISIT…

LANZAROTE Caliente.com

હીરાનો ખજાનો

ડૉ. આઈ. કે. વીજળીવાળા

મુખ્ય વિક્રેતા



આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
કેશવબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

ડૉ. વીજળીવાળા લિખિત અન્ય પુસ્તકો

★ મોતીચારો

માનવહૃદય અને ઈશ્વરને જોડતી કડી સમાન વાતોનો સંગ્રહ. પ્રાર્થનાના પર્યાયસમ. પૂજા-ઘરમાં રાખી અને રોજ વાંચન-મનન કરવા જેવું પુસ્તક. ઈન્ટરનેટ પરથી ઉતારેલ ઉત્તમ પ્રસંગોનો સંવેદનશીલ ભાવાનુવાદ. ફક્ત બે વર્ષમાં ૧૨,૫૦૦ નકલ વેચાઈ ચૂકી છે.

★ મનનો માળો

માનવસ્પર્શી હૃદયંગમ વાતોનો અદ્ભુત સંગ્રહ. હૃદયને લાગણીભીનું અને આંખોને આંસુભીની કરતી આ વાતો માનવ સ્વભાવના ઉત્તમ પાસાઓના નિરૂપણ સમાન છે. ઈન્ટરનેટ પરથી ઉતારેલ પ્રસંગોનો સંગ્રહ મોતીચારોનો ભાગ-૨ એટલે મનનો માળો. ફક્ત એક જ વર્ષમાં આ પુસ્તકની ૧૦,૦૦૦ નકલ વેચાઈ ચૂકી છે.

★ સાયલન્સ પ્લીઝ

એક ડૉક્ટરના જીવનની સફર કેટકેટલી વીટંબણાઓ, ચમત્કારો અને માનવસ્વભાવના વિધવિધ પાસાઓના સ્પર્શ સાથે ઘડાતી જાય છે એની વાતો. કુદરત સામે અશક્ય પરિસ્થિતિમાં લડત આપી વિજયી બનતાં અને એ જ કુદરત પાસે લાચાર બની જતા ડૉક્ટરની પોતાની કલમે જ લખાયેલ વાતોનો સંગ્રહ. છ મહિનામાં ૭,૦૦૦ નકલ વેચાઈ ચૂકી છે.

★ ઉંદરભાઈને આંખો આવી

બાળકોને ગમ્મત સાથે આરોગ્ય વિષયક જ્ઞાન આપતો બાળકાવ્ય સંગ્રહ.

★ બાળ આરોગ્યશાસ્ત્ર

બાળકોના જન્મથી લઈ યુવાવસ્થા સુધીના લગભગ દરેક પ્રશ્નોની યોગ્ય સમજણ તેમજ બાળઆરોગ્ય અંગેના દરેક પાસાને આવરી લેતું ગુજરાતી ભાષાનું એક અનન્ય અધિકૃત પુસ્તક.

પ્રસ્તાવના

આફ્રિકા ખંડ વિશે હાઈસ્કૂલમાં ભણતો ત્યારથી જ એક ગજબનું આકર્ષણ રહેતું. સોનાની ખાણો, હીરાના પર્વતો, વનસ્પતિઓની અજાયબ દુનિયા, માણસખાઉ જંગલીઓ એવા એવા તો કેટલાય વિષયો મને આકર્ષતા. ભૂગોળમાં ભણતી વખતે હું પણ આ વાર્તાના પાત્ર ડીકની માફક જ વિચારોમાં ખોવાઈ જતો. મનોમન આફ્રિકા જવાની કલ્પના કરતો. દસમા ધોરણમાં ભૂગોળ વિષય રાખવા પાછળનું એક કારણ દુનિયા વિશે જાણવાની ઈચ્છા પણ હતું જ.

એ પછી અગિયારમું ધોરણ ભણતો ત્યારે આજુબાજુના મારા જેવડા અને મારાથી નાના બાળકોને ભેગા કરી વાર્તા કહેતો. એ વખતે જ હીરાનો ખજાનો મનમાં ઉદ્ભવેલો. ત્યારે તો ઈન્ટરનેટ કે એવી કોઈ સગવડતા નહોતી પરંતુ અમારી શાળાની લાઈબ્રેરી ખાસ્સી સમૃદ્ધ. એનો ઉપયોગ કરીને આફ્રિકાની વાતો વાંચતો ગયો અને એ પરથી વાર્તા બનાવીને બાળકોને કહેતો ગયો. સાથે સાથે હીરાનો ખજાનો નામની વાર્તા પણ એક સો પાનાંની નોટબૂકમાં લખતો ગયો. એ સો પાનાં લખાયાં પછી આવ્યું બારમું ધોરણ અને એ પછી તરત જ મેડિકલની લાંબી સફર. એ દસ વરસમાં લખવા-વાંચવાનું મેડિકલના વિષય સિવાયનું કંઈ કરતાં કંઈ ન બન્યું. બાળરોગ નિષ્ણાત બની ગયા પછી તરત જ કારકિર્દીમાં લાગી ગયો. એમાં ઠરીઠામ થતાં બીજાં દસ વરસ નીકળી ગયાં. પછી એક દિવસ નાની બહેન શરીફાએ સાચવી રાખેલ એ સો પાનાંની નોટ મને મોકલાવી. એ વાંચ્યા પછી ડીક, જેક, રોબર્ટ અને જ્હોન હેરિંગ પાછા સમયની ધૂળ ખંખેરીને બેઠા થઈ ગયા. ફરીથી આગળ લખાયું અને આજે એ પુસ્તકરૂપે પણ આકાર પામી રહ્યું છે.

આફ્રિકાના જંગલની રોમાંચક સફરના સમયે મને આનંદ થાય એ તો બિલકુલ સ્વાભાવિક છે. આશા છે કે મારા નાના બાળદોસ્તો પણ આ

સાહસકથાની મજા મારી જેમ જ માણી શકશે. આ વાર્તાનું એકેએક પાત્ર જાણે કે મારી જિંદગીનું એક એક સાથીદાર બની ચૂક્યું છે. નાના બાળદોસ્તો પણ એ જ અનુભૂતિ માણી શકશે તો મારો પ્રયત્ન યથાર્થ ગણાશે.

આ વાર્તાની નોટબૂક સાચવી રાખવા ઉપરાંત એને પુસ્તક આકાર આપી શકાય એવું છે એવો અભિપ્રાય આપનાર બહેન શરીફાનો આભાર માનું છું. આ વાર્તાને સંપૂર્ણપણે અને રસથી સાંભળનાર મારી દીકરી તર્જની અને સખી કૃત્તિકાનો આભાર માનવાનો ન જ હોય. એ લોકો તો આ સર્જનના સાથીદારો છે. મુરબ્બી પ્રવીણભાઈએ પ્રૂફ્સ જોઈ આપી ઘણી જગ્યાએ સુધારાઓ પણ સૂચવ્યા. એમનો પણ હું ઋણી જ બની ગયો છું. સાથે જ શ્રી ચિંતનભાઈ શેઠ તેમજ એમના સમગ્ર સ્ટાફનો પણ આભાર માનું છું.

અને છેલ્લે, આ વાર્તાને વાંચનાર દરેક બાળદોસ્તોનો પણ અત્યારથી જ આભાર માની લઉં છું. એમના જેવી જિજ્ઞાસા અને કુતૂહલવૃત્તિ મારામાં સદા બની રહો એવું પરમાત્મા પાસે માગી વીરમું છું.

Sunday, 27 November, 2005

—ડૉ. આઈ. કે. વીજળીવાળા
બાળરોગ નિષ્ણાત
ભાવનગર

પાત્ર પરિચય

ડીક	:	ક્રોમવેલ સાહેબનો દીકરો, મુખ્ય પાત્ર
રોબર્ટ	:	મિત્ર, આર્થરકાકાનો દીકરો
પોલ	:	મિત્ર, પર્સિવલકાકાનો દીકરો
જેક	:	મિત્ર
હેસ્લિંગ	:	મિત્ર (જેના કાકા એક ધૂની વૈદ્ય હતા.)
ક્રોમવેલ સાહેબ	:	ડીકના (મુખ્ય પાત્રના) પિતાજી
આર્થર સાહેબ	:	રોબર્ટના પિતાજી
પર્સિવલકાકા	:	પોલના પિતાજી
માઈકલકાકા	:	પર્સિવલકાકાના મિત્ર, ઝુલુ ભાષાના જાણકાર
માતાદી	:	થોડોક સુધરેલો માનવભક્ષી જંગલી જેને માઈકલકાકાએ પોલીસમાંથી છોડાવેલો.
અબીરા	:	માતાદીનો મિત્ર, જેનાં પત્ની તેમજ બાળકોને મગરમચ્છ ગળી ગયો હતો.
અબાના	:	માઈકલકાકાના ઘરે કામ કરતો ઝુલુ નોકર
જ્હોન હેરિંગ	:	લૂંટારો
કોબ્રા	:	જ્હોન હેરિંગનો સાથીદાર.

અનુક્રમ

ઝીંઝુડાક

ઝીંઝુડાક ટાપુ આમ તો અત્યંત રળિયામણો હતો. ખલાસીઓનાં છૂટાંછવાયાં ઘર, વચ્ચેના ભાગમાં ગાઢ વૃક્ષો અને એમની વચ્ચેથી ડોકું કાઢીને ઊભેલી એક ઊંચી ટેકરી. લગભગ બધાં જ ઘર કિનારાના પ્રદેશ પર આવેલાં હતાં. અમારું ઘર પણ દરિયાકિનારાને અડોઅડ આવેલ ટેકરી પર સાયનેમોન(તજ)નાં વૃક્ષોથી ઘેરાયેલું હતું. ટેકરીના તળેટીના ભાગમાં મારી નાનકડી હોડી પડી રહેતી. જેમાં બેસી હું અને રોબર્ટ માછલી પકડવા જતા. રોબર્ટ મારો મિત્ર હતો. એના પિતાજી પણ મારા પિતાજીની માફક ખલાસી હતા. મારા ઘરથી થોડાક જ અંતરે એમનું ઘર હતું. દરરોજ સાંજના હું અને રોબર્ટ મારા ઘરની બાજુની ટેકરી પર બેસતા. દૂર દૂર દરિયા પર આવેલી આફ્રિકાની કાળી પટ્ટી જોતા. ક્યારેક પસાર થતી સ્ટીમરોના ધુમાડા પણ જોયા કરતા.

એક દિવસ મેં રોબર્ટને પૂછેલું, "રોબર્ટ, તારા અને મારા પિતાજી શું એક જ સ્ટીમર પર કામ કરે છે ?"

"હા ડીક ! આપણા બંનેના પિતાજી એક જ સ્ટીમર પર કામ કરે છે. અને એ બીજું શું કરે છે, ખબર છે ?"

"નહીં તો !" મારા પિતાજી ખલાસીના ધંધા સિવાય બીજું શું કરે છે એની મને ખબર જ નહોતી. એટલે મને આશ્ચર્ય થયું.

"જો ડીક ! તારા પિતાજી તો આફ્રિકાના ભોમિયા તરીકે ઓળખાય છે. મારા અને તારા બાપુજીને સ્ટીમરમાંથી ત્રણ મહિનાની જે રજા મળે તેમાં એ લોકો સિગારેટ, લાઈટર, વાસણો, બૂટ વગેરે વસ્તુઓ લઈને જંગલમાં જાય અને ત્યાંના જંગલી લોકોને આ બધી વસ્તુઓ આપી તેના બદલામાં હીરા, હાથીદાંત તેમજ ઔષધિઓ એવું મેળવે અને એ બધું વેચીને પછી બાકીની રજા ભોગવવા માટે અહીં ઘરે આવતા રહે. નોકરી કરવાથી મળતા પૈસા કરતાં પણ આ રીતે એ લોકો વધુ પૈસા કમાઈ શકે !"

"અરે વાહ !" હું ખુશ થઈ ગયો. પણ મને પેલા જંગલીઓ વિશે જાણવાની ખૂબ ઈચ્છા થઈ ગઈ હતી. એટલે મેં પૂછેલું, "હેં રોબર્ટ ! તારા

બાપુજી તને એ જંગલીઓ વિશે ક્યારેય કશું કહે છે ખરા ?"

"હા ! મને તો મારા બાપુજીએ એક વખત આફ્રિકાના જંગલ અને જંગલીઓ વિશે ખૂબ બધી વાતો કહેલી. તેઓ કહેતા હતા કે દરિયાકિનારા તરફના જંગલમાં રહેતા જંગલીઓ હવે સુધરતા જાય છે. એમાંના ઘણા બધા તો બંદરો પર અને પૈસાદાર માણસોને ત્યાં નોકરી પણ કરતા થઈ ગયા છે. એમને હવે સિગારેટ વિના ચાલતું જ નથી. પરંતુ જંગલના ઊંડાણના ભાગોમાં તો એવા ભયાનક માણસો રહે છે કે જે માણસને પણ કાચો ને કાચો જ ખાઈ જાય, બોલ !"

હું ધ્રૂજી ઊઠતો. પછી તો રોબર્ટ મને જંગલ વિશે એના પિતાજી પાસેથી સાંભળેલી ચિત્ર-વિચિત્ર વાતો કહેતો અને હું ધ્યાનથી સાંભળી રહેતો. પછી મા નીચેથી જમવા માટે બૂમ મારતી અને અમે દોડતા નીચે પહોંચી જતા. એ વખતે મારી ઉંમર હતી ફક્ત ચૌદ વરસની.

હું જમતાં જમતાં પણ પેલા માનવભક્ષી જંગલીઓના વિચારે ચડી જતો. મા ટપારતી, "કેમ ડીક ! જમતાં જમતાં શું વિચારમાં પડી ગયો ?"

"હેં બા ! માણસખાઉ જંગલીઓ કદી કિનારે આવે ખરા ?" હું પૂછતો.

"ના બેટા ના ! એ લોકો તો ગણીગાંઠી સંખ્યામાં જંગલના મધ્યભાગમાં જ રહેતા હોય છે. બિચારા કંઈ કેટલાય રોગોથી સબડતા હોય છે."

"હેં બા, ત્યાં દરરોજ વરસાદ પડે તે વાત સાચી છે ?" આફ્રિકા માટે મારી જિજ્ઞાસાનો કોઈ અંત જ નહોતો.

"હા ડીક ! એ બધો વિષુવવૃત્તનો પ્રદેશ હોવાથી ત્યાં ખૂબ ગરમી પડે છે. લગભગ દરરોજ બપોર પછી વરસાદ પડે છે, પણ એક વાત તને ખબર છે બેટા ?!"

"શું બા ?" તાલાવેલીથી હું ઝટપટ હાથ ધોઈ નાખતો.

બા આગળ કહેતી, "મધ્ય આફ્રિકામાં તો એટલું ગાઢ જંગલ છે કે સૂર્યનાં કિરણો કદી ધરતીને સ્પર્શતાં પણ નથી. ત્યાં ઘાસનાં સાવાના તરીકે ઓળખાતાં મેદાનોમાં શેરડી જેટલું ઊંચું ઘાસ થાય છે. કાદવનાં કળણ તો એવાં હોય છે કે આખો ને આખો હાથી જ ડૂબી જાય !"

બાની વાતો ખૂટતી જ નહીં. હું આંખો ફાડીને સાંભળી રહેતો. અમારી ભૂગોળની ચોપડીમાં આટલી બધી વિગતથી કોઈ પણ બાબતની ચર્ચા કરેલી નહોતી. એટલે બાની વાતોમાં મને ખૂબ જ રસ પડતો. પછી તો બા મને અનેક પ્રાણીઓની, હાથી-દાંતની, ગાંડી નદીઓની, સહરાનાં રણની વાતો

કહેતી. એ વાતોમાં ખોવાયેલો હું ક્યારે સૂઈ જતો એનો ખ્યાલ જ ન રહેતો.

ક્યારેક હું મારા પિતાજી ક્યારે આવશે એવું પૂછતો. બા જવાબ આપતી કે, "માર્ચ મહિનામાં." પછી હું દિવસો ગણતા ગણતા અને બાપુજી મારા માટે શું શું ચીજો લાવશે એના વિચારો કરતા જ સૂઈ જતો.



મારા બાપુજીનું અપહરણ

મારી ઉંમર સોળ વરસની થઈ ત્યારની આ વાત છે. ચોમાસાને કારણે અમારી પરીક્ષાઓ વહેલી લેવાઈ ગઈ હતી. વેકેશન પણ વહેલું પડી ગયેલું. એ વરસ હતું ૧૯૦૦નું.

માર્ચ મહિનાની પહેલી તારીખે હું, રોબર્ટ તેમજ બીજો એક છોકરો જેનું નામ હતું પોલ, સવારથી જ ઝીંઝુડાક ટાપુના નાનકડા બારામાં પહોંચી ગયા હતા. રોબર્ટના હાથમાં દૂરબીન હતું. વારાફરતી દરિયા તરફ નજર નાખતા અમે બેઠા હતા. બીજા ખલાસીઓના છોકરા પણ આવ્યા હતા. બા પણ રસોડામાંથી નીકળીને વારંવાર જોઈ જતી હતી. આજે ઝીંઝુડાકના લગભગ બધા જ ખલાસીઓ ઘરે પાછા ફરવાના હતા. દૂરથી ધુમાડો જોતાં જ અમે કિકિયારીઓ કરવા લાગતા. દૂરથી જ કોઈ સ્ટીમર ધુમાડા કાઢતી પસાર થઈ જતી અને અમે નિરાશ થઈ જતા. એ વરસે એ પહેલી માર્ચ, ૧૯૦૦નો દિવસ અમારા માટે કંઈક વિચિત્ર જ ઊગ્યો હોય તેવું લાગતું હતું. કારણ કે તડકો તપવા માંડ્યો હતો, પણ એકેય બોટ કે હોડી દેખાતી નહોતી. અમે સૌ અકળાવા માંડ્યા હતા.

બપોર થઈ ગયા એટલે બાએ મને અને રોબર્ટને જમવા બોલાવી લીધા. બા પણ અમારી સાથે જ જમવા બેઠી. અમે જમતા હતા પણ ત્રણમાંથી એકેયનું ધ્યાન જમવામાં નહોતું. બધાની નજર વારંવાર બારીની આરપાર દરિયા પર દોડી જતી હતી. દર વરસે માર્ચની પહેલી તારીખે સવારમાં જ આવી જનાર ખલાસીઓ આજે બપોર થવા છતાં કેમ નહીં આવ્યા હોય ? બસ, આ વિચાર અમારા સૌના મનમાં ઘુમરાતો હતો.

જેમતેમ જમીને અમે પાછા બારામાં પહોંચી ગયા. કંટાળો દૂર કરવા અમે ગલ વડે માછલી પકડવાની રમત રમતા હતા, જો કે અમારી સૌની આંખો તો દરિયા પર જ મંડાયેલી હતી. આ દરમિયાન પોલ દૂરબીન લઈને ટેકરી પર બેઠો હતો. દૂરબીનથી એ દરિયા પર નજર રાખતો હતો.

રોબર્ટ બરાબરનો કંટાળ્યો હતો. તેણે વાત શરૂ કરી, "ડીક ! આ વખતે મારા બાપુજી યાંત્રિક હોડી લાવવાના છે. માઈલોના માઈલો એ થોડુંક

જ બળતણ પૂરવાથી ચાલી શકે તેવી !"

"અરે વાહ ! તો તો એ ચલાવવાની ભારે મજા પડશે !" હું બોલ્યો.

"પણ ડીક ! તારી હોડી ખસેડીને ત્યાં એ લોંચને રાખવા દઈશ ?"

"કેમ નહીં રાખવા દઉં ભલા ? હું મારી હોડીને નવી જગ્યાએ લઈ જઈશ."

"ડીક ! આ વખતે તો આપણે છેક ઝાંઝીબાર સુધી જવું છે, હો !"

"ના રોબર્ટ ! આપણે કેપ ઑફ ગુડ હોપ સુધી જઈ આવીશું. તારા બાપુજી ના તો નહીં પાડે ને ?"

"એ તો ખૂબ જ સારા છે ડીક ! એ મને કદી ના પાડે જ નહીં ને !"

એટલામાં તો ટેકરી પર બેઠેલા પોલે જોરથી બૂમ પાડી, "હેય ડીક ! હેય રોબર્ટ ! એક લોંચ આવી રહી છે. આ તરફ જ આવે છે, હેય !" એ દોડાદોડ નીચે આવી પહોંચ્યો. અમે બધા ઊભા થઈ ગયા અને દરિયા તરફ આતુરતાપૂર્વક જોવા લાગ્યા. એક લોંચ સડસડાટ પાણી કાપતી કિનારા તરફ આવી રહી હતી.

થોડી વાર પછી એ લોંચ કિનારે આવી પહોંચી, પરંતુ મારે અને રોબર્ટે નિરાશ થવું પડ્યું. લોંચમાંથી ફક્ત પોલના પિતાજી – પર્સિવલકાકા જ ઊતર્યા. ઊતરીને તરત જ તેઓ મારી પાસે આવ્યા અને બોલ્યા, "ડીક ! તું જા, હું હમણાં જ તારા ઘરે આવું છું."

હું સડક થઈ ગયો. એમને કંઈ પૂછી પણ ન શક્યો. શા માટે એમણે આવું કહ્યું હશે ? મારા બાપુ તેમજ રોબર્ટના બાપુ કેમ નહીં આવ્યા હોય ? રોબર્ટનું મોં પણ ફિક્કું પડી ગયું. બિચારો પોલ ! અમારે લીધે એ પોતાનો આનંદ વ્યક્ત કરતા અચકાતો હતો.

હું અને રોબર્ટ મારા ઘર તરફ ચાલવા લાગ્યા. બા અમારી રાહ જોતી બારણામાં જ ઊભી હતી. મારો તેમજ રોબર્ટનો પડી ગયેલો ચહેરો જોતાં જ એને પણ ધ્રાસ્કો પડ્યો, "શું થયું ડીક ? તારા બાપુજી નથી આવ્યા ?"

"ના બા ! પણ પોલના બાપુજી આવ્યા છે. તેમણે કહ્યું છે કે તેઓ હમણાં આપણા ઘરે આવશે."

"શું બાબત હશે ડીક ?"

"શી ખબર બા, આ રોબર્ટના બાપુજી પણ નથી આવ્યા." મેં જવાબ આપ્યો. પછી અમારામાંથી કોઈ કંઈ પણ ન બોલ્યું. બા બારીમાંથી દરિયા તરફ નજર ફેંકતી બેઠી હતી.

થોડી વાર પછી પોલના બાપુજી પર્સિવલકાકા આવી પહોંચ્યા. મારી

બાએ એમને મોસંબીનો રસ પીવા આપ્યો. એ ચૂપચાપ ઘૂંટડા ભરતા રહ્યા. અમે સૌ આતુરતાપૂર્વક અને ધડકતે હૈયે એમની સામે જોતાં બેઠા હતા. મોસંબીરસ પૂરો કરી, ગ્લાસ ટેબલ પર મૂકી એમણે રૂમાલથી મોં લૂછ્યું. પછી મારી બા સામે જોઈને એ બોલ્યા, "બહેન, મારે તમને એક દુઃખદ સમાચાર કહેવાના છે. વાત એમ છે કે ડીક તેમજ રોબર્ટના બાપુજીને કેટલાક લૂંટારાઓએ પકડ્યા છે."

"પણ શા માટે ?" અમારા ત્રણેયનાં મોઢાંમાંથી એક સાથે પ્રશ્ન નીકળી પડ્યો.

"વાત એમ છે કે ડીકના બાપુજીને મધ્ય આફ્રિકાના ગીચ જંગલમાં આવેલ એક પર્વત પર હીરા છુપાયેલા છે એ વાતની ખબર હતી. એ પર્વતને બધા હીરાના પર્વત તરીકે ઓળખે છે, પણ એના રસ્તાની કોઈને જ ખબર નથી. પરંતુ ડીકના બાપુજીને કોઈક રીતે એ રસ્તાથી જાણ થઈ ગઈ હતી. ત્રણ દિવસ પહેલાં બીરા બંદરના ડક્કા પર એ અને રોબર્ટના બાપુજી આ વિશે વાત કરી રહ્યા હતા. ત્યારે તેમને ખબર નહોતી કે આ વાત ત્રીજું પણ કોઈક સાંભળી રહ્યું છે. એ સાંભળનાર હતો પ્રખ્યાત લૂંટારો જ્હોન હેરિંગ. એને લાગ્યું કે આખી જિંદગી લૂંટફાટ કરવા છતાં પોતે આટલી દોલત નહીં મેળવી શકે. એ કરતાં તો આ બે જણાને પકડીને હીરાના પર્વત સુધી પહોંચી જવું શું ખોટું ? એ દિવસે સાંજે જ ડીકના બાપુજી અને રોબર્ટના બાપુજી પાછા ન આવ્યા. નહીંતર તો અમે સૌ સાથે જ પાછા આવવાના હતા. મને એ લોકો ન આવ્યા એટલે ચિંતા થઈ. હું તેમની રૂમ પર પહોંચ્યો ત્યારે ત્યાં કોઈ જ નહોતું. એક ચિઠ્ઠી પડેલી હતી. એમાં ડીકના બાપુજી ક્રોમવેલ સાહેબે આ બધી વિગત ખૂબ જ ઉતાવળે લખેલી હતી. અત્યારે તો તેઓ ખબર નહીં જંગલમાં ક્યાં પહોંચી ગયા હશે ?" આટલું કહીને પોલના પિતાજી પર્સિવલકાકા ચૂપ થઈ ગયા.

અમારા બધાં પર જાણે વીજળી પડી હતી. બા તો વાત સાંભળી ત્યારની રડતી હતી. સમાચાર ખરેખર ગંભીર હતા. મધ્યજંગલમાં જવું એ કંઈ આસાન વાત તો નહોતી જ. એમાંય તે મધ્યજંગલ એટલે તો માનવભક્ષીઓનું મુખ્ય રહેઠાણ !

થોડી વાર પછી પોલના પિતાજીએ કોટના ખિસ્સામાંથી એક પોટલી કાઢી અને ટેબલ પર મૂકી. પછી મને કહ્યું, "જો ડીક ! આ પોટલી તારા બાપુજીના રૂમમાંથી મળી છે. એમાં શું છે તે મેં જોયું નથી. તમે લોકો નિરાંતે ખોલીને જોઈ લેજો અને હવે હિંમત રાખજો. કદાચ ક્રોમવેલસાહેબ અને

આર્થરસાહેબ (રોબર્ટના બાપુજી) છટકીને આવતાં પણ રહે. પહેલાં તો હું પણ એમની પાછળ જવાનો વિચાર કરતો હતો. તમને સૌને આ સમાચાર આપવા માટે જ હું ઝીંઝુડાક પાછો આવ્યો છું." પછી ઊઠતાં ઊઠતાં તેઓ બોલ્યા, "મારે લાયક કંઈ કામ હોય તો કહેજો. ડીક ! ગભરાતો નહીં. છેવટે આપણે બધા જઈને એમને શોધી લાવીશું. સમજ્યો ? !'

મેં ડોકું હલાવીને હા પાડી.



સફરની તૈયારી

પોલના બાપુજી પર્સિવલકાકા ગયા ત્યારે અમે કોઈ તેમને આવજો પણ ન કહી શક્યા. બા ખુરશીના હાથા પર માથું ટેકવીને રડતી હતી.

થોડી વાર પછી પાણી પી એ શાંત થઈ. પછી મને કહ્યું, "હવે શું થશે ડીક ?"

"તું ગભરાતી નહીં, બા ! હું, રોબર્ટ તથા પર્સિવલકાકા જઈને મારા તેમજ રોબર્ટના બાપુજીને છોડાવી લાવશું." મેં કહ્યું.

બા આછું હસી. કંઈ બોલી નહીં. થોડી વાર વિચાર કર્યા પછી મને કહે, "એ પોટલી છોડ તો ડીક ! જરા જોઈ તો લે એમાં શું છે તે."

મેં એ નાનકડી પોટલી છોડવા માંડી. એને છોડતાં જ એમાંથી ગડી વાળેલો એક કાગળ અને સાથે એક નાનકડી દાબડી નીકળી પડ્યાં. મેં કાગળ ખોલીને જોયું તો એમાં એક નકશો દોરેલો હતો. ગીચ જંગલમાંથી જવાના માર્ગ પર તીરથી નિશાનીઓ કરેલી હતી. વચ્ચે એક જગ્યાએ લાલ ટપકું હતું. કદાચ એ જ પેલો પર્વત હશે, જેના પર હીરા છુપાયેલા હતા. હું, રોબર્ટ અને મારી બા નકશાને જોઈ રહ્યાં. મારા બાપુજીને તો કદાચ મોઢે યાદ પણ હશે. અમે બધાં વિચારમાં પડી ગયાં હતાં.

અચાનક રોબર્ટ બોલી ઊઠ્યો, "અરે ડીક ! આ નકશાના આધારે તો આપણે પણ જઈ શકીએ, ખરી વાતને ?"

"વાત સાચી રોબર્ટ. પણ પહેલાં એ જોઈ લઈએ કે આ દાબડીમાં છે શું ?" મેં દાબડી ખોલી. બા પણ ઊભી થઈ અમારી પાસે આવી ગઈ. દાબડી ખોલતાં જ અમે ત્રણેય અવાક થઈ ગયાં. અંદર ચળકાટ મારતું એક રત્ન પડ્યું હતું. ધોળા દિવસે પણ એનાં તેજ કિરણો ઓરડામાં ફેલાઈ ગયાં.

"ઓહ બા ! આ તો અત્યંત કિંમતી હશે ! બાપુજી જો આ વખતે આવી ગયા હોત તો પછી એમને ભવિષ્યમાં ક્યારેય નોકરી પર ન જવું પડત !" આનંદ અને દુઃખના મિશ્ર ભાવો સાથે હું બોલી ઊઠ્યો.

થોડી વાર સુધી એ હીરાને અમે જોઈ રહ્યાં. પછી બાએ દાબડી સાચવીને બંધ કરી. પછી એ બહાર જવા તૈયાર થવા લાગી. હું સમજી ગયો કે એ ક્યાં જતી હતી. અમારા ટાપુના બીજા છેડા પર એક નાનકડી બજાર જેવું હતું. કદાચ બા આ હીરો વટાવવા ત્યાં જ જતી હશે.

એના ગયા પછી હું અને રોબર્ટ નકશાનો અભ્યાસ કરવા લાગ્યા. થોડી વાર પછી પોલ પણ આવી ગયો. નકશામાં જે રસ્તો બતાવ્યો હતો તેના પર ઠેકઠેકાણે કળણનાં નિશાનો કર્યાં હતાં. જંગલ પણ નિશાનીઓ પ્રમાણે વધારે ને વધારે ગીચ બનતું જતું હતું. મને એ રસ્તા પર બંદી બનીને જઈ રહેલા મારા પ્રેમાળ બાપુજી જ દેખાતા હતા. મારી આંખમાં આંસુ આવી ગયાં. મેં આવેશમાં રોબર્ટનો હાથ પકડીને કહ્યું, "રોબર્ટ ! આપણે જઈશું, જરૂર જઈશું અને મારા અને તારા બાપુને છોડાવી લાવીશું."

ત્યાં જ બા આવી પહોંચી. એ ખુશ દેખાતી હતી. આવતાંવેંત એ બોલી ઊઠી, "ડીક ! પૂરા પચાસ હજાર 'સિક્કા' મળ્યા છે એ હીરાના !" પછી અચાનક તે ગંભીર થઈ ગઈ અને ધીરેથી બોલી, "ડીક ! તારા બાપુજી અહીંયા હોત તો આજે આપણે કેટલો આનંદ કરી શકત ?" એટલું કહી એ આડું જોઈ ગઈ. હું સમજી ગયો કે એને રડવું આવી ગયું હતું.

"બા, તું જરાય ગભરાતી નહીં. હું, રોબર્ટ, પોલ – અમે લોકો જઈ ચોક્કસ અમારા બાપુને છોડાવીને પાછા લાવીશું. અમે લોકોએ નક્કી કર્યું છે કે થોડા દિવસોમાં જ અમે આફ્રિકા જવા ઊપડીશું."

મારી વાત સાંભળીને બા ડઘાઈ જ ગઈ. મારો હાથ પકડી લેતાં એ બોલી, "ના ડીક ! મારા લાલ ! તને તો હું ત્યાં કદી ન જવા દઉં !"

"પણ બા ! સાંભળ તો ખરી. હું એકલો થોડો ત્યાં જવાનો છું ? મારી સાથે રોબર્ટ, પોલ, જેક તેમજ પર્સિવલકાકા એ બધા તો છે જ ને ?"

બા થોડીક વિચારમાં પડી ગઈ. મોકો જોઈને મેં વાત આગળ વધારી, "બા ! મારા બાપુજીની જિંદગી બચાવવા માટે એ સિવાય બીજો કોઈ રસ્તો પણ નથી. જો પોલીસને જાણ કરીએ તો બાપુને જીવ ખોવા સિવાય બીજું કશું કરવાનું ન રહે. અને બીજી વાત બા ! તું તારા ડીકને ડરપોક ધારે છે ?" એટલું કહી હું બાને ગળે વળગી પડ્યો. બા રડી પડી. એ કશું જ બોલી નહીં, પણ એનાં મૌનમાં જ મને જવાબ તેમજ આફ્રિકા જવાની મંજૂરી બંને મળી ગયાં હતાં.

બસ પછી તો સફરની તૈયારીઓમાં બીજું કંઈ પણ વિચારવાની અમને લોકોને ક્યાં ફુરસત હતી ? અમે સૌ તડામાર તૈયારીઓમાં લાગી ગયા હતા. મોટા ભાગનું કામ તો બિચારા પર્સિવલકાકા જ કરતા. જોઈતી ચીજવસ્તુઓ એ પોતાની લોંચ લઈને બીરા બંદર જઈ લઈ આવતા. સારી જાતના ટકાઉ તંબુ અને આધુનિક બંદૂકો માટે તો એમને છેક ડર્બન સુધી જવું પડેલું. મુસાફરીમાં સાથે લેવાના સામાનની એમણે એક મોટી યાદી તૈયાર કરાવી હતી. જે નીચે મુજબ હતી :

(૧) દરેક માટે સમેટી શકાય તેવો તંબુ
(૨) ત્રણ રાઈફલ્સ
(૩) દવાની પેટી
(૪) ઝાંખરામાં ભરાઈને પણ ફાટે નહીં તેવા પોશાકો
(૫) ગોઠવણ સુધીના હોલબૂટ દરેકને માટે
(૬) ટોર્ચ તેમજ કુહાડી
(૭) બિસ્કિટ્સ તેમજ સૂકા ટોસ્ટના ડબ્બાઓ
(૮) થોડાંક હળવાં વાસણો
(૯) છરીઓ તેમજ મજબૂત દોરડાં
(૧૦) બાયનોક્યુલર(!)
(૧૧) ત્રણ નાના ત્રિકમ તેમજ હાથાથી અલગ પાડી શકાય તેવા ત્રણ પાવડા
(૧૨) હથોડીઓ અને ખીલાઓ
(૧૩) ચકમકના પથ્થર
(૧૪) હોકાયંત્ર(!)

આ ઉપરાંત પણ ઘણી બધી ચીજો એમણે લેવડાવેલી. પરંતુ આમાંથી બે વસ્તુઓ મને વિચિત્ર લાગતી હતી. એક તો બાયનોક્યુલર (દૂરબીન) અને બીજું હોકાયંત્ર ! એ બે વસ્તુઓની શી જરૂર હતી એ મને સમજાયું નહીં. મેં પર્સિવલકાકાને પૂછ્યું પણ નહીં.

અમારે ખભે રહી શકે તેવા થેલા તૈયાર થઈ ગયા હતા. તોપણ

આટલી બધી વસ્તુઓને ઉપાડીને લાંબે સુધી ચાલવાનું મને તો અશક્ય જ લાગતું હતું. મેં એના માટે પર્સિવલકાકાને પૂછી જોયું કે આટલો બધો સામાન ઊંચકીને શી રીતે ચાલી શકાય ?

પર્સિવલકાકા હસી પડ્યા. તેમણે કહ્યું, "ઠીક ! આપણે પાળેલા પાડા ખરીદી લઈશું. એ પ્રાણી વજન ઊંચકવા ઉપરાંત સવારી કરવામાં પણ કામ આવશે. ક્યારેક સંદેશાવાહક તરીકે પણ એનો ઉપયોગ થઈ શકે !"

હું આશ્ચર્યથી કાકા સામે જોઈ રહ્યો.

પછી તો બેત્રણ દિવસ ખૂબ જ ધમાલ ચાલી. અમે લોકો આખો દિવસ બધી વસ્તુઓ પેક કરી લોંચમાં ગોઠવવાના કામમાં એવા તો લોથ થઈ જતા કે પથારીમાં પડતાંવેંત નિદ્રાને શરણ થઈ જતા. આ દિવસો દરમિયાન પર્સિવલકાકાએ ઉપર જણાવેલાં લીસ્ટ ઉપરાંત પણ ઘણી વસ્તુઓ ઉમેરાવી હતી. છેક છેલ્લે છેલ્લે મીણબત્તીઓ પણ લેવરાવી લીધી હતી. અમારા ઊપડવાની તારીખ પણ નક્કી થઈ ગઈ હતી. ૧૮ માર્ચના રોજ અમારે અમારી લોંચને આફ્રિકા ખંડ તરફ હંકારી મૂકવાની હતી.

હા, સફરમાં અમે કોણ કોણ જવાના હતા એ કહી દઉં. હું, રોબર્ટ, પર્સિવલકાકા, એમનો દીકરો પોલ, જેક ઉપરાંત બીજો એક છોકરો એના ધૂની કાકાથી કંટાળીને અમારી સાથે આવતો હતો. તેના ધૂની કાકા વૈદ્ય હતા અને આખો દિવસ એની પાસે ખરલમાં દવાઓ ઘૂંટાવ્યા કરતા. તે છોકરાનું નામ હેસ્લિંગ હતું.

૧૭મી માર્ચે અમારા ઊપડવાની સઘળી તૈયારીઓ થઈ ચૂકી હતી. બા મને જોતાં જ ગળગળી થઈ જતી. હું તેને હિંમતનાં વચનો સંભળાવીને આનંદમાં રાખવાના પ્રયત્નો કરતો. જો કે મારું મન અંદરખાનેથી થોડું ફફડતું હતું, પણ મારા બાપુજીની યાદ આવતાં જ મારો બધો ફફડાટ અદશ્ય થઈ જતો.

એ દિવસે સાંજે મેં નકશાનો બરાબર અભ્યાસ કરી નાખ્યો. અચાનક કંઈક યાદ આવતાં મેં નકશાની બીજી એક નકલ બનાવી લીધી અને એ નકલ મારી પાસે જ રાખી લીધી. એ ઉપરાંત પણ આફ્રિકા અને કોંગો નદીની ઘણી બધી માહિતીઓ એકઠી કરી નોંધ કરી લીધી.

નકશા મુજબ અમારો માર્ગ કંઈક આ મુજબનો હતો : સોફાલા

ઉપસાગરને કિનારે બીરા બંદરથી સીધું વાયવ્ય દિશામાં બેન્ગ્વેલુ સરોવરની બાજુમાં થઈને મ્વેરુના પહાડી પ્રદેશમાં મેરુ સરોવરની પાસેથી કોંગો નદીના કિનારે કિનારે આગળ વધવાનું હતું. વિષુવવૃત્તની રેખા સાથે કોંગો નદીની પણછ જ્યાં સૌથી વધુ ખેંચાયેલી છે તે પ્રદેશ અને વિષુવવૃત્તની વચ્ચેના ગાઢ જંગલમાં લુલોન્ગા નદીના ઉત્તર અને મધ્ય ફાંટાઓની વચ્ચે આ નાનકડો પર્વત આવેલો હતો. જેમાં વરસોથી કોઈ અજાણ્યા મુસાફરે ઢગલો હીરા સંતાડેલા હતા. (એ વિશે એક વાર્તામાં મેં વાંચેલું કે બુમ્બા જે બુશોન્ગો જાતિના જંગલીઓના દેવતા છે, એમના વખતથી એ હીરા ત્યાં હતા. બુમ્બા દેવના મુખમાંથી જ સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, વનસ્પતિ, પશુ-પંખી અને છેલ્લે માણસનો જન્મ થયો છે, એવું એ જંગલી માણસો માને છે. બુમ્બા દેવ આ બધા કામથી એવા થાકી ગયા હતા કે એ સ્વર્ગમાં જતા રહ્યા અને એમની સાથે રહેલું હીરાભરેલું મોટું વાસણ આ પર્વત પર જ રહી ગયું!

બીજી એક માન્યતા પ્રમાણે ઈસવીસન ૧૪૮૨માં ડીઓગો કેઓ નામનો પોર્ટુગીઝ માણસ કોન્ગો નદીના મુખ પ્રદેશથી પણ અંદર સુધી આવી ગયેલો. એણે એ હીરા સંતાડેલા છે.


કેટલાક લોકો એવું માને છે કે ૧૮૮૭માં અમીન પાશાને છોડાવવા ગયેલા સર હેન્રી મોર્ટન સ્ટેન્લીના કોઈ સાથીદારે એ હીરા ત્યાં છુપાવેલા છે.)

ત્યારથી એ જગ્યાને હીરાનો પર્વત જ કહેવામાં આવે છે, પણ એનો નકશો કોઈ પાસે નહોતો. મારા બાપુજીને એ ક્યાંથી મળ્યો હશે ? એવો સવાલ મારા મનમાં ઊઠ્યો, પણ એનો જવાબ તો મારા બાપુજી જ આપી શકે.

નકશાની પાછળ ફક્ત આટલી નોંધ હતી : "વિષુવવૃત્તની ઉત્તરે ૧° ઉ.અક્ષાંસ અને ૨૨$\frac{1}{2}$° પૂર્વ રેખાંશ પર, લુલોન્ગા નદીના ઉત્તર તેમજ મધ્ય ફાંટાની વચ્ચે, રાતા ભૂખરા રંગનો એકાદ હજાર ફૂટ ઊંચો પહાડ, જુદા તરી આવતાં ચાર ૪૦૦ ફૂટ જેટલાં ઊંચાં વૃક્ષોની વચ્ચેના ભાગમાં ઊંચો પથ્થર. ત્યાં સૌથી વધારે હીરા."

બસ, આથી વિશેષ કશી જ માહિતી તેમાં નહોતી.

નકશો નીચે મુજબ હતો.



નકશાની સંજ્ઞાઓ :



= હીરાનો પહાડ

= મુસાફરીની દિશા

= કળણ



બીરા બંદરથી રવાના

૧૮ માર્ચ ૧૯૦૦. સવારના પાંચ

હું, પર્સિવલકાકા, જેક, પોલ અને રોબર્ટ લોંચ પર આવી ગયા હતા. હેસ્લિંગ હજુ નહોતો આવ્યો. એવું લાગતું હતું કે કદાચ એના લપિયા કાકાએ એને દવા ઘૂંટવા બેસાડી દીધો હશે. પર્સિવલકાકાના મોઢા પર ગુસ્સાની રેખાઓ સ્પષ્ટ દેખાતી હતી. સવારના છ થયા. હેસ્લિંગ હજુ પણ નહોતો આવ્યો. કંટાળીને મેં દરિયા પર નજર ફેરવી. ધીરે ધીરે સવારના ઊગતા સૂર્યને લીધે દરિયાનો રંગ સોનેરી બની ગયો હતો. સવારની ઠંડી હવાનો સ્પર્શ થવાથી મજા આવી જતી હતી. હવે ક્યારે ઊપડીએ એવી તાલાવેલી થઈ રહી હતી. મનોમન અમે સૌ હેસ્લિંગને ભાંડતા હતા.

સાડા છ થયા હતા. હેસ્લિંગ આવ્યો નહીં. હવે અમારે ઊપડ્યા વગર ચાલે તેમ જ નહોતું. કારણ કે જો નવ વાગ્યા સુધીમાં બીરા બંદરે ન પહોંચીએ તો પછી પાડા મળી શકે તેમ નહોતું. પાડાનું બજાર નવ પછી બંધ થઈ જતું. ના છૂટકે પર્સિવલકાકાએ દોરડું છોડીને લોંચનું એન્જિન શરૂ કર્યું. પરંતુ અમે કિનારો છોડીએ એ પહેલા હેસ્લિંગ હાથમાં થેલો લઈને દોડતો આવી પહોંચ્યો અને "હેય ડીક ! હેય પર્સિવલકાકા, હું આવી ગયો છું !" કહેતો લોંચમાં કૂદી પડ્યો. એના આવી ગયાની ખુશીમાં અમારો એના માટેનો ગુસ્સો દૂર થઈ ગયો.

મેં પૂછ્યું, "હેસ્લિંગ, મોડું કેમ થયું ? અને આ થેલો શું ભાર વધારવા લાવ્યો છે ? શું ભર્યું છે એમાં ?"

"અરે ડીક ! પેલો ઘરડા ગીધ જેવો મારો લપિયો કાકો ખસે પછી હું આવું ને ? આ થેલામાં એવી વનસ્પતિનાં મૂળિયાં અને પાંદડાં લાવ્યો છું કે જેની ગંધ માત્રથી મચ્છરો આપણી આંસપાસ ફરકવાની પણ હિંમત ન કરી શકે !"

મચ્છરને દૂર રાખવાની વાત અને હેસ્લિંગની સમજદારીથી અમે ખુશ થઈ ગયા. કારણ કે આફ્રિકાનું જંગલ ભયંકર મચ્છરોથી ભરેલું હતું. હું હેસ્લિંગને ભેટી પડ્યો.

લોંચે ધીરે ધીરે ગતિ પકડવાનું શરૂ કર્યું હતું. કિનારો દૂર જઈ રહ્યો હતો. મારું ધ્યાન અનાયાસે ઘર તરફ ચાલ્યું ગયું. નાનકડી દેખાતી બા બહાર ઊભી રહીને રૂમાલ હલાવતી હતી. મેં પણ રૂમાલ ફરકાવ્યો. મને ખબર ન રહી કે ક્યારે મારી આંખોમાંથી આંસુની ધારા વહી નીકળી ! કિનારો દેખાતો બંધ થયો ત્યાં સુધી મેં આંખો લૂછ્યે રાખી અને હાથ હલાવ્યા કર્યો. લોંચ સડસડાટ પાણી કાપતી આગળ સરકતી જતી હતી.

લગભગ સવા નવ વાગ્યે અમે બીરા બદર પહોંચી ગયા. નકશા પ્રમાણે બીરા બંદર ૨૦° દક્ષિણ અક્ષાંશવૃત્ત પર આવેલું હતું. ચોમાસું પૂરું થઈ રહ્યું હતું એટલે દરિયો થોડો તોફાની લાગતી હતો છતાં અમને કંઈ જ વાંધો નહોતો આવ્યો. પર્સિવલકાકાની કુનેહથી ત્રણ પાડા મળી ગયા. ત્રણેય શાંત હતા. અમે જલદીથી પાડા પર અમારો સામાન ખડકી દીધો. લગભગ ચાર વાગે જંગલ તરફ રવાના થવું એમ નક્કી કરીને અમે જમીને બપોરનો સમય લોંચમાં જ ગાળ્યો.

પરંતુ ચાર વાગતાં જ અમારા પર એક અણધારી આફત ઊતરી આવી. પર્સિવલકાકાને અચાનક ઊલટી ઉપર ઊલટી થવા લાગી. એમાંય છેલ્લી બે ઊલટીઓ તો લીલા રંગની થઈ. એમની તબિયત એકદમ લથડી ગઈ. સખત તાવ ભરાઈ આવ્યો. બિચારો પોલ સાવ અજાણ્યો હોવા છતાં બીરા બંદરના શહેરમાંથી ડૉક્ટરને શોધી લાવ્યો. પોતાના પિતાજીને અચાનક આવું થવાથી એ તો આખો જ ધ્રૂજતો હતો. એ અમારામાં સૌથી નાનો હતો. અમે એને આશ્વાસન આપ્યું તો એ રડી પડ્યો.

ડૉક્ટરે જણાવ્યું કે પર્સિવલકાકાને ટાઈફોઈડ તાવની શરૂઆત હતી. અને ૨૧ દિવસ સુધી આરામ કરવો એમના માટે ફરજિયાત હતો. અમે સૌ મૂંઝવણમાં પડી ગયા. ડૉક્ટરની દવાથી કાકાને તાવમાં થોડોક ફેર પડ્યો પણ એમને ઘરે પાછા જવા સિવાય કોઈ વિકલ્પ જ નહોતો. એમના માટે પાછા ફરવાનું અત્યંત જરૂરી હતું જ્યારે અમે આ સફર મુલતવી રાખી શકીએ તેમ નહોતા. આખરે એવું નક્કી થયું કે પોલ એના પિતાજીને લઈને પાછો ઘરે જાય અને બાકીના બધા આગળ વધે. પર્સિવલકાકાએ આ વાત સાંભળી ત્યારે એટલા તાવમાં પણ એમણે અમારો ઊધડો લઈ નાખ્યો. બીજા દિવસે એ પોતે એકલા જ પાછા જવા નીકળે અને અમે પણ ૧૮ને બદલે ૧૯મી માર્ચના નીકળીએ એવું નક્કી કરવામાં આવ્યું. એમના આવા અચાનક જુદા થવાના વિચારથી અમે ખિન્ન થઈ ગયા, પણ શું થાય ? એનો કશો ઉપાય પણ નહોતો.

૧૯ માર્ચ ૧૯૦૦

પર્સિવલકાકા લોન્ચમાં પાછા ગયા. બરાબર સવારના આઠ વાગ્યે અમે વાયવ્ય દિશા પકડીને જંગલ તરફ ચાલવાનું શરૂ કર્યું. હોકાયંત્રની ઉપયોગિતા થોડીક વાર પછી જ મને સમજાઈ ગઈ. સૂર્ય મધ્યાકાશે આવ્યા પછી વાયવ્ય દિશા નક્કી કરવા માટે હોકાયંત્ર સિવાય ચાલે તેમ જ નહોતું. મને પર્સિવલકાકાની બુદ્ધિ માટે માન ઊપજ્યું.

અમારી પાંચ જણાની ટોળકીમાં હું સૌથી મોટો હતો. હું અને રોબર્ટ આગળ પગપાળા ચાલતા હતા. જ્યારે પોલ, જેક અને હેસ્લિંગ પાડા પર બેઠા હતા. જંગલ પણ હજુ તો સાવ આછું હતું. જો કે એક નાનકડી નદી પસાર કરતા પણ નાકે દમ આવી ગયો. છતાં આ અવનવું વાતાવરણ જોઈને અમારો ઉત્સાહ બમણો થઈ જતો હતો. લગભગ બપોરના બાર વાગવા આવ્યા ત્યારે અમે ગાઢ જંગલની નજીક પહોંચી ગયા હતા. હવે માણસોની વસ્તી દેખાતી નહોતી. બપોર સુધીમાં અમે ૧૫ માઈલ જેટલું ચાલ્યા હઈશું. હું અને રોબર્ટ બિલકુલ થાકી ગયા હતા. બે ઘડી તો મારા મનમાં વિચાર આવ્યો કે આ રીતે ૧૬૦૦ માઈલ કેમ કરીને અને ક્યારે કપાઈ રહેશે ? પરંતુ વળી પાછી બાપુની યાદ આવતાં થાક ભુલાવા માંડ્યો. ગાઢ ઝાડીની વચ્ચે એક થોડીક સપાટ જગ્યા આવતાં અમે અટક્યાં. હું અને રોબર્ટ નીચે બેસી પડ્યા. ભૂખ પણ કકડીને લાગેલી. હેસ્લિંગે અમને નાસ્તાના ડબ્બા ખોલવાની મનાઈ કરી અને પોતે દોડતો વૃક્ષોની વચ્ચે અદશ્ય થઈ ગયો. નવાઈથી અમે બેઠા રહ્યા. થોડી વાર પછી એ હાથમાં દ્રાક્ષ, અંજીર અને પાકેલ કેળાની લૂમ લઈને આવી પહોંચ્યો. અમે ખુશ થઈ ગયા. બધાએ સામે બેસીને આ કુદરતી નાસ્તાને ન્યાય આપ્યો. પછી બધાએ અર્ધોએક કલાક આરામ કરવો એવું નક્કી કરી સૌ લાંબા થયા. પછી હું અને હેસ્લિંગ આજુબાજુમાં આંટો મારવાના ઈરાદે નીકળી પડ્યા. મારા હાથમાં રાઈફલ હતી. પોલ, જેક અને રોબર્ટ વૃક્ષના છાંયે આડા પડખે થયા.



પ્રથમ ચટકો !

હું અને હેસ્લિંગ ટહેલતાં ટહેલતાં કેટલે દૂર નીકળી ગયા હઈશું એનો અમને ખ્યાલ રહ્યો નહીં. વૃક્ષો અને વેલાઓ એકબીજાં સાથે એ રીતે ગૂંચવાઈ ગયાં હતાં કે એકેય વૃક્ષનું થડ તો જોવા મળતું જ નહીં. ઘાસ પણ એકાદ ફૂટથી મોટું હતું. સૂર્યનો તડકો પણ આડી ચાળણી ધરી દીધી હોય તેમ વૃક્ષોની ઘટામાંથી ચળાઈને થોડો થોડો જ આવતો હતો.

અચાનક મારી નજરે એક ઝાડ ચડ્યું. કેરીના આકારના મોટા જાંબલી રંગનાં ફળો એની માથે લૂમે લૂમ વળગેલાં હતાં. નીચે પણ ઘણાંબધાં પાકેલાં જાંબલી ફળ પડેલાં હતાં. મેં દોડીને સૌથી નીચેની ડાળી પરથી એક ફળ તોડી લીધું. હજુ એને મોઢામાં મૂકું એ પહેલાં જ હેસ્લિંગે જોરથી બૂમ પાડી, "ડીક ! ફેંકી દે એ ફળને, જલદી ફેંકી દે !"

ગભરાઈને મેં એ ફળને તરત જ ફેંકી દીધું.

હેસ્લિંગ દોડતો આવીને મને ભેટી પડ્યો અને બોલ્યો, "ડીક ! જો તેં એક બટકું પણ પેલા ફળમાંથી ભરી લીધું હોત તો અમારે તારું શબ લઈને જ ઝીંઝુડાક પાછા જવું પડત !".

મને આશ્ચર્ય થયું કે હેસ્લિંગને કઈ રીતે ખબર પડી કે એ ફળ ઝેરી હતું ? શું એના ધૂનીકાકાએ એને વનસ્પતિઓનું ઊંડું જ્ઞાન પણ આપ્યું હતું ? મેં પૂછ્યું, "હેસ્લિંગ તને કેમ ખબર પડી કે એ ફળ ઝેરી જ હતું ?"

હેસ્લિંગ હસી પડ્યો. પછી કહે, "ડીક, આ જ્ઞાન મને પેલા ધૂનીકાકા તરફથી મળેલું છે. એ મને જ્યારે જ્યારે જંગલમાં ઔષધિઓ શોધવા લઈ જતા ત્યારે હંમેશાં કહેતાં કે જે ઝાડ નીચે પક્ષીઓએ અડધાં-પડધાં ખાધેલાં ફળ વેરાયેલાં ન પડ્યાં હોય તે મોટે ભાગે ઝેરી હોય છે. ચાલ આપણે ખાતરી કરી જોઈએ."

એમ કહી તેણે પેલા ફળને પથ્થર વડે છૂંદી નાખ્યું. પછી બેચાર જીવતા મંકોડાને એ ફળની અંદર મૂક્યા. એકાદ ક્ષણમાં જ એ બધા મંકોડા તરફડીને મરી ગયા. આશ્ચર્ય અને આનંદથી મેં હેસ્લિંગનો હાથ પકડી લીધો. અમે આગળ વધ્યા. પણ હજુ તો માંડ દસેક ડગલાં ગયા હઈશું ત્યાં જ

રોબર્ટની દર્દજનક ચીસ સંભળાઈ. "મરી ગયો રે... ! ઓ માડી ! મરી ગયો રે... !!" સાથોસાથ પોલ અને જેક પણ રાડારાડ કરતા હતા.

મારા મનમાં ભયંકર ધ્રાસ્કો પડ્યો. શું થયું હશે ? કોઈ જંગલી જાનવર કે અજગરે તો એમની પર હુમલો નહીં કર્યો હોય ને ? એવું હોય તો રોબર્ટ રાઈફલ તો ચલાવેને ? રાઈફલનો અવાજ તો નહોતો આવ્યો. અમારા મનમાં ફાળ પડી. અત્યારે તો વિચારવાનો પણ સમય નહોતો. હું અને હેસ્લિંગ એક શ્વાસે દોડવા લાગ્યા.

અમે જ્યાં વિરામ કરવાનું નક્કી કરેલું એ જગ્યાએ પહોંચીને જે દૃશ્ય અમે જોયું એનાથી અમારે હસવું કે ગંભીર બનવું એ જ ન સમજાયું. રોબર્ટ, પોલ તથા જેક કૂદકા મારતાં મારતાં કપડાં કાઢીને ફગાવતા હતા. મેં નજીક જઈને એ લોકો જે ઝાડના થડ પાસે સૂતા હતા ત્યાં નજર ફેરવી. ઝીણી લાલ કીડીઓ હજારોની સંખ્યામાં ઊભરાણી હતી. આ કીડીઓના ડંખ અસહ્ય હોય છે. રોબર્ટની આંખમાં આંસુ આવી ગયાં હતાં. એ ત્રણેના શરીર પર અસંખ્ય લાલ લાલ ઢીમચાં ઊપસી આવ્યાં હતાં. હું તથા હેસ્લિંગ લાચાર બનીને જોઈ રહ્યા. કીડીઓના ડંખની બળતરા ઓછી કરવા કઈ દવા અજમાવવી એનો અમને ખ્યાલ નહોતો. આખરે મને વિચાર આવ્યો કે જેમ મધમાખીના ડંખની બળતરા ઓછી કરવા ભીની માટી લગાડાય છે એમ એવી માટી કીડીના ડંખ પર લગાવીએ તો ? તરત જ હું અને હેસ્લિંગ બાજુમાં વહેતા ઝરણાના કિનારેથી કાદવ લઈ ત્રણેયના ડંખ પર લગાવવા માંડ્યા. એનાથી એમને રાહત થઈ હોય તેવું લાગ્યું.

એ લોકોએ ફેંકી દીધેલાં કપડાં તો હવે લઈ શકાય તેવું જ નહોતું, કારણ કે એમાં અસંખ્ય કીડીઓ ભરાઈને પડી હતી. ના છૂટકે એમણે બીજાં કપડાં પહેરવાં પડ્યાં. સારું થયું કે એમણે ઝાંખરા સામે રક્ષણ આપતો પોશાક નહોતો પહેર્યો, નહીંતર અમારે એ ખાસ પોશાક પણ ફેંકી દેવો પડત.

બપોરના ત્રણ વાગ્યા હશે. હજુ સૂર્ય જરાક પણ પશ્ચિમ તરફ ઢળ્યો નહોતો.

અમે સામાન વ્યવસ્થિત કરીને ચાલવાની શરૂઆત કરી દીધી. આ વખતે જેક અને પોલ અમારા બધાની આગળ ચાલતા હતા. હું અને રોબર્ટ પાડાની મુસાફરીની મજા માણી રહ્યા હતા. અત્યારે અમારી ઝડપ થોડી વધી હતી. હું વારંવાર નકશો કાઢીને રસ્તો તપાસી લેતો હતો.

પોલના ખિસ્સામાં પડેલું ઘડિયાળ સાંજના સાડાચારનો સમય બતાવતું હતું. અમે લોકો હવે ગાઢ જંગલ પાસે આવી પહોંચ્યા હતા. જેક અને પોલ

કુહાડીથી નડતા ઝાંખરા સાફ કરી રસ્તો સાફ કરતા જતા હતા. ઘાસ પણ હવે લગભગ બેથી અઢી ફૂટ ઊંચું આવવા માંડ્યું હતું. અમારો આગળ વધવાનો રસ્તો આજુબાજુની ઝાડીના પ્રમાણમાં ઘણો જ સાફ અને ખાસ કંઈ અડચણ વગરનો દેખાતો હતો. એના પરથી અનુમાન થઈ શકતું હતું કે મારા તેમજ રોબર્ટના બાપુજીને લઈને લૂંટારાઓ અહીંથી માંડ દસેક દિવસ પહેલાં જ પસાર થયા હશે. પણ આ દસ દિવસમાં જ ઝાંખરાંઓ ખૂબ જ વધી ગયાં હતાં. આફ્રિકામાં વૃક્ષોનો વિકાસ ખૂબ જ ઝડપથી થાય છે.

અમે બની શકે તેટલી ઝડપ વધારવાનું નક્કી કર્યું. એક પાડા પર થોડોક વધારે સામાન લાદી બાકીના બે પાડા પર બબ્બે જણા બેસી ગયા. પોલ સૌથી નાનો હતો. એ સામાન સાથે એક પાડા પર એકલો બેઠો. પછી અમે રીતસર પાડાઓને દોડાવવાનું જ શરૂ કર્યું. સાંજ હવે ધીમે ધીમે ઢળવા માંડી હતી. મારી ધારણા મુજબ અમે લગભગ બીજા સાંઈઠેક માઈલ કાપી નાખ્યા હશે. જો આવી જ ઝડપથી અમે રોજ ચાલી શકીએ તો લગભગ અઢારેક દિવસમાં અમે લક્ષ્ય પર પહોંચી શકીએ. નકશા પ્રમાણે બીરા બંદરથી લગભગ ૩૦૦ માઈલ સુધી ક્યાંય કળણ આવતું નહોતું. કદાચ આના કારણે જ વસ્તીવાળા પ્રદેશને બદલે છેક સુધી જંગલનો માર્ગ જ પસંદ કરવામાં આવ્યો હશે.

આગળ જે લોકો ગયા હતા તેમણે મોટાં ઝાખરાં કાપી નાખેલાં હતાં જેના કારણે અમને બહુ મુશ્કેલી નડતી નહોતી. પાડા થાકી ગયા હોય તેવું એમની ધીમી પડતી ચાલ તેમજ મોંમાંથી નીકળાં ફીણ પરથી લાગતું હતું. એટલે અમે ફરીથી વારાફરતી નીચે ચાલવાનું શરૂ કર્યું. સૌથી આગળ રોબર્ટ, એની પાછળ જેક અને સૌથી છેલ્લે હું ચાલતો હતો. વચ્ચે અમારા ત્રણ પાડા હતા. હેસ્લિંગ અને પોલ પાડા પર બેઠા હતા.

અચાનક જ આગળ ચાલતો રોબર્ટ ચીસ પાડીને બે-ચાર ડગલાં પાછળ હટી ગયો. જમીન પર પડેલો એક રાજનાગ રોબર્ટના અવાજથી ચમકીને લગભગ ચાર ફૂટ જેટલો ઊંચો થયો અને પછી પાછો જમીન સરસો થઈ સડસડાટ કરતો ચાલ્યો ગયો. આફ્રિકન રાજનાગ આપણા કપાળ જેટલો ઊંચો થઈ માથા પર દંશ મારી શકે છે. પણ એ ખૂબ જ બીકણ હોવાથી કરડવાને બદલે ભાગી જવાનું વધારે પસંદ કરે છે. ઘણી વખત તો એ કરડવાને બદલે દૂરથી જ શિકાર કે દુશ્મનની આંખોમાં ઝેરની પિચકારી છોડે છે. રોબર્ટ નસીબદાર કે આવું કંઈ પણ કરવાને બદલે રાજનાગે ભાગી જવાનું પસંદ કર્યું.

રાત થવાને હવે થોડી જ વાર હતી. મને પર્સિવલકાકાની શિખામણ યાદ આવી ગઈ. એમણે કહેલું કે જંગલમાં સાંજ પડતાં પહેલાં જ પડાવ નક્કી કરી આજુબાજુ લાકડાંની ધૂણી પેટાવી દેવી જોઈએ. તો જ સહી-સલામત રહી શકાય. મેં બધાને અટકી જવાનું કહ્યું. એક સ્વચ્છ જગ્યા શોધીને પહેલું કામ તો ત્યાંથી થોડે દૂર રહેલા ખાબોચિયામાંથી પાણી લાવીને જમીન લીંપી નાખવાનું કર્યું. ત્યાર પછી મેં, રોબર્ટ અને પોલે તંબુ ઊભો કરી દીધો. આ દરમિયાન જેક અને હેસ્લિંગ આજુબાજુથી સૂકાં લાકડાં શોધી લાવીને ઢગલો કરવા લાગ્યા હતા.

એ લોકોએ થોડી વારમાં જ લાકડાંનો ખાસ્સો મોટો ઢગલો કરી નાખ્યો. પછી અમે બધાએ મળીને આજુબાજુ કેટલાયે ફૂટ સુધીનું ઘાસ સાફ કરી નાખ્યું. જેથી કરીને ભૂલથી પણ જંગલમાં આગ ફેલાઈ ન જાય. પાડા પરથી બધો સામાન ઉતારી અમે તંબુમાં લીધો. પછી ત્રણેય પાડાને નજીકના એક ઝાડ સાથે બાંધી દીધા. અમે કાપેલ સૂકું ઘાસ લાકડાંની વચ્ચે નાખીને ધૂણી સળગાવી. પોલ, જેક અને હેસ્લિંગ સાંજના જમવાની તૈયારી કરતા હતા. રાત હવે ધીરે ધીરે પૃથ્વી પર પથરાવા લાગી હતી. પંખીના કલરવથી આખું જ જંગલ ભરાઈ ગયું હતું. ધીમે ધીમે એ કલરવ શાંત પડવા લાગ્યો. અંધારું જામવા માંડ્યું હતું.

હું અને રોબર્ટ પગના ગોટલાને પંપાળતા બેઠા હતા. રોબર્ટે મારા તરફ ફરીને કહ્યું, “ડીક ! પેલી કીડીઓ કરડેલીને એ ઢીમચાં બહુ દુઃખે છે હોં !”

મારાથી હસી પડાયું. હસતાં હસતાં જ હું બોલ્યો, “રોબર્ટ ! આ તો આફ્રિકા છે. અંધારિયો ખંડ ! હજુ તો આનાથી પણ ભયંકર આફતો ડગલે ને પગલે આવતી જ રહેશે. હજુ આપણે કેવી કેવી મુશ્કેલીમાંથી પસાર થવું પડશે એની આપણને ક્યાં ખબર છે ? તમને કીડીઓ કરડી એ તો માત્ર નાનકડો ચટકો જ છે. પ્રથમ ચટકો !”

રોબર્ટ હસી પડ્યો. પછી બોલ્યો, “ડીક ! જો પ્રથમ ચટકો આટલો જોરદાર હોય તો આગળ શું થશે ? પ્રથમ બટકું કેવું હશે ?”

અમે બન્ને ખડખડાટ હસી પડ્યા. જમવાનું બની ગયું હતું.

જંગલમાં અમારી આ પહેલી રાત્રિ હતી.



શાપિત આત્માઓ

રાત જામી ચૂકી હતી. પોલનું ખિસ્સા ઘડિયાળ હજુ સાંજના સાડાસાતનો સમય જ બતાવતું હતું, છતાં આજુબાજુ ગાઢ જંગલ હોવાથી અંધારું વહેલું થઈ ગયું હતું. અમારામાંથી કોઈએ પણ આ પહેલાં જંગલમાં રાત વિતાવી નહોતી એટલે બધાનાં મનમાં એક અજ્ઞાત ભય વ્યાપેલો હતો. બહાર લાકડાની ધૂણી બરાબર સળગતી હતી. સવાર સુધી સતત બાળીએ તોપણ ન ખૂટે તેટલાં લાકડાં અમારી પાસે હતાં. જમવાનું પતાવીને અમે તંબુની બહાર આવીને બેઠા. સાવ અજાણ્યો અને ભયાનક પ્રદેશ હોવાથી બધાએ સૂઈ જવાનું તો જરા પણ યોગ્ય નહોતું. આથી નક્કી થયું કે રાતના એક વાગ્યા સુધી પોલ, જેક અને હેસ્લિંગ જાગે. એ સમયે હું અને રોબર્ટ સૂઈ જઈએ. બાકીનો સમય એ લોકો સૂવે અને અમારે જાગવાનું. મેં અને રોબર્ટે રાઈફલ તૈયાર કરી પોલ તેમજ હેસ્લિંગના હાથમાં આપી.

હું અને રોબર્ટ તંબુમાં જઈ સૂવાની તૈયારી કરતા હતા ત્યારે પોલ મારી પાસે આવી ધીમેથી બોલ્યો, “ડીક ! એક વાત પૂછું ?”

“શું ?” બગાસું ખાતા મેં પૂછ્યું. પોલ જેટલી વાત કરે તેટલી મારી ઊંઘ કપાતી હતી.

“ડીક ! મેં વાત સાંભળી છે કે જંગલમાં શાપિત આત્માઓ ભટકતાં હોય છે. આ વાત શું સાચી છે ?”

હું પોલ સામે જોઈ રહ્યો. અમારા બધામાં એ સૌથી નાનો હતો. એ ન્યાયે એને બીક વધારે લાગે તે પણ સ્વાભાવિક હતું. પરંતુ હકીકત તો એ હતી કે એવું મેં પણ સાંભળ્યું હતું. લોકો એવી વાત કરતા હોય છે કે જંગલમાં શાપિત આત્માઓ વસતા હોય છે. જેઓ રાતના દિલ ફાટી જાય તેવું ભયાનક રુદન કરતાં હોય છે. ક્યારેક તો આવા આત્માઓ જંગલી માણસોને દેખા પણ દે છે અને એમને જે કોઈ જુએ એ માણસ તરત જ મૃત્યુ પામે છે. શાપિત આત્માઓ અંગેની આવી આવી તો ઘણી વાતો મેં પણ સાંભળેલી હતી. પોલની વાતથી મને પણ એ બધી યાદ આવી ગઈ. પણ એ ડરી ન જાય તે માટે મેં વાત ઉડાવતાં હસીને કહ્યું, “અરે ! એ તો સઘળાં

ગપ્પાંઓ જ છે પોલ ! બસ, નવરાશના વખતમાં લોકોએ જોડી કાઢેલી દંતકથાઓ. એનાથી વધારે કંઈ જ નહીં. તમારી ત્રણેય પાસે રાઈફલ તો છે જ. રાઈફલવાળા પાસે ભૂત કદી આવતું જ નથી. એટલે ડર્યા વિના તું તારે નિરાંતે બાઈબલ વાંચ ! અને હા ! એક વાગે એટલે અમને ઉઠાડી દેજે !"

હું એવી રીતે બોલ્યો હતો કે પોલની બધી બીક ચાલી ગઈ. હું અને રોબર્ટ સૂવા માટે આડા પડ્યા. પોલ ધૂણીના પ્રકાશે બાઈબલ વાંચતો હતો. જેક લાકડા નાખીને અગ્નિને સળગતો રાખવાનું કામ કરી રહ્યો હતો. હેર્સ્લિંગ ભરેલી રાઈફલ હાથમાં લઈને જે દિશામાં અમારા પાડા બાંધેલા હતા એ દિશા તરફ ધ્યાન રાખીને બેઠો હતો. પ્રથમ દિવસની મુસાફરી હંમેશા સૌથી વધુ થકવી દેતી હોય છે. અમારા શરીરની પણ એ જ દશા હતી. આખા દિવસના થાકના લીધે મને ભયંકર ઊંઘ ચડી હતી. હું પડતાં વેંત સૂઈ ગયો.

રાતના કેટલા વાગ્યા હશે એ તો ખબર નથી પણ પોલ અને જેક મને તેમજ રોબર્ટને ઢંઢોળી રહ્યા હતા. પોલ તો ઝાડના પાંદડાની માફક ધ્રૂજતો હતો. ધીમે સાદે એ મને ઉઠાડી રહ્યો હતો, "ડીક ! એ ડીક ! જલદી ઊભો થા !" એનો ગભરાઈ ગયેલો અવાજ સાંભળીને હું તરત જ બેઠો થઈ ગયો. રોબર્ટ પણ ઊઠી ગયો. આંખો ચોળતાં મેં પૂછ્યું, "શું છે પોલ ? કેમ તું આટલો ડરેલો લાગે છે ? કાંઈ બન્યું છે ?"

પોલ કંઈ બોલી ન શક્યો. એ ખૂબ જ ગભરાયેલો લાગતો હતો. એણે માત્ર સામેની દિશા તરફ આંગળી ચીંધી. મેં ત્યાં જોયું. થોડે થોડે અંતરે બે બે એમ કુલ ચાર ટોર્ચ સળગતી હોય તેવું લાગ્યું. હું ઊભો થયો. મેં એ તરફ રાઈફલ તાકી, પરંતુ પોલે મારો હાથ પકડી લીધો અને કહેવા લાગ્યો, "નહીં ડીક નહીં, આપણે એ આત્માઓને છંછેડવા નથી."

મેં બંદૂક મૂકી દીધી. પછી ધૂણીમાં વધારે લાકડાં ઓર્યાં. ભડકો મોટો થયો. પેલી બત્તીઓ થોડીક દૂર ખસી હોય તેવું લાગ્યું. પોલ બાઈબલ લઈને બેસી ગયો અને જોરજોરથી વાંચવા લાગ્યો. અમે બધા ધડકતાં હૃદયે બેઠા હતા. ઘણી વાતો સાંભળી હોવા છતાં હું આવા આત્મા-બાત્મામાં માનતો નહોતો. છતાં એ દિવસે હું પણ થડકી ગયો હતો.

થોડી વાર પછી પેલી બત્તીઓ અમારા પાડા બાંધેલા હતા એ તરફ ગઈ. હું રાઈફલ લઈને ઊભો થઈ ગયો. અચાનક એક પાડાએ કારમી ચીસ પાડી. અમે પાંચેય ઊભા થઈ ગયા. પાડો ધમપછાડા કરતો હતો. અમે પ્રકાશની નજીક હતા એટલે પેલી તરફ શું ચાલી રહ્યું છે એ દેખાતું પણ નહોતું. પોલ મને વળગી પડ્યો, "ડીક, હવે શું થશે ?"

હું કંઈ બોલ્યો નહીં. પણ મારા મગજમાં આ ઘટના વિશે કંઈક સૂઝતું હોય તેવું મને લાગ્યું. એકદમ મને યાદ આવી ગયું કે સિંહ, વાઘ કે ચિત્તા જેવાં હિંસક પ્રાણીઓની આંખો રાત્રે પ્રકાશ પડવાથી દીવાની જેમ ચમકે છે. હું તરત જ બે ડગલાં આગળ ચાલ્યો. બધાને ચૂપ રહેવા ઈશારો કરી પેલી બત્તીઓ તરફ નિશાન તાકી મેં એક સાથે બે ગોળીઓ છોડી. એક ભયાનક ગર્જના સંભળાઈ. સાથોસાથ પાડાના ધમપછાડા પણ ચાલુ જ હતા. એ જ વખતે ધૂણીની પેલી તરફ કંઈક ઊછળીને નીચે પડ્યું. હું ડરીને બે ડગલાં પાછો હટી ગયો. ત્યાર પછી એક બીજી ગગનભેદી ગર્જના સંભળાઈ. પછી સાવ શાંતિ છવાઈ ગઈ. હવે અમારામાંથી કોઈને પણ ઊંઘ આવે તેમ નહોતું. સવાર સુધી અમે બેઠા બેઠા વાતો જ કરી. મને હવે જરા પણ ડર નહોતો. દૂર દૂરથી હિંસક પ્રાણીઓની ત્રાડો સંભળાતી હતી. સવાર પડવાને હવે બે કલાક જેટલી જ વાર રહી હશે.

વહેલી સવારના ઠંડા પવને અમને બધાને એક સાથે ક્યારે સુવડાવી દીધા એનો અમારામાંથી કોઈને પણ ખ્યાલ ન રહ્યો. કેટલું સૂતાં હઈશું એ ખબર નહીં, પરંતુ હું જાગ્યો ત્યારે સૂર્ય બરાબર મધ્યાકાશે પહોંચવાની તૈયારીમાં હતો. મેં બધાને જગાડ્યા. તાપણી-ધૂણી સાવ ઠરી ગઈ હતી. એ તો સારું હતું કે સવાર પડી ગયેલી, નહીંતર અમે બધા જ કોઈ રાની પશુનો શિકાર બની જાત. મેં ગાંઠ વાળી કે ભવિષ્યમાં ક્યારેય આવી રીતે એકસાથે બધા જ સૂઈ જાય એવું તો બનવા જ ન દેવું.

ઊઠતાવેંત અમે જે તરફ અમારા પાડા બાંધેલા હતા એ તરફ નજર કરી. તાપણીના અગ્નિની નજીક જ એક ચિત્તો મરેલો પડ્યો હતો. પોલનો હાથ પકડી એ બતાવતાં હું બોલ્યો, "પોલ ! બરાબર જોઈ લે તારો શાપિત આત્મા !"

હવે તો પોલ પણ હસી પડ્યો. પણ જ્યારે અમારું ધ્યાન અમારા પાડા તરફ ગયું તો સૌનાં મોંમાંથી ચીસ નીકળી ગઈ. ત્રણમાંથી બે પાડાને ચિત્તાએ ફાડી ખાધા હતા. અમને અત્યંત દુઃખ થયું. પણ હવે શું થઈ શકે ?. હવેથી વધારે સાવધ રહેવાનું નક્કી કરી કોફી પીને અમે ચાલી નીકળ્યા.

આ વખતે બધો સામાન એક જ પાડાની ઉપર ખડકેલો હતો અને અમે પાંચેય પગપાળા પ્રવાસ કરતા હતા. ચાલવાને બદલે અમે સૌ રીતસર દોડતા જ હતા. વચ્ચે વચ્ચે હેર્સ્લિંગ બોર, અંજીર, દ્રાક્ષ એવાં ફળો તોડીને નાસ્તાના ખાલી પડેલા ડબ્બામાં ભરતો જતો હતો. અમે ખૂબ જ ઝડપે આગળ વધી રહ્યા હતા. તોય ગઈકાલ જેટલી ઝડપ આવવી તો મુશ્કેલ હતી.

નકશો જોવાની તો જરૂર જ નહોતી પડતી કારણ કે આગળ જનારા લોકોએ '———▶' એવી નિશાનીઓ અનેક ઝાડના થડ પર કરેલી જ હતી. જહોન હેરિંગને કદાચ વળતાં એકલા આવવાની ગણતરી હશે. (અમારા બાપુજીને મારીને ?) એટલા માટે એણે રસ્તો યાદ રાખવાની કોશિશ તરીકે આ નિશાનીઓ કરી હોઈ શકે.

એ ૨૦મી માર્ચના દિવસે અમે સાંજ સુધીમાં માંડ પચાસ માઈલ જેટલું ચાલ્યા હઈશું. નસીબ વળી સારા હતા કે આખા રસ્તે કોઈ જ વિઘ્ન નડ્યું નહોતું. અચાનક જ ઝાડી આછી થવા લાગી. ઊંચું ઊંચું ઘાસ શરૂ થયું. થોડીક વારમાં જ અમે સાવાના તરીકે ઓળખાતાં ઘાસના મેદાનમાં આવી પહોંચ્યા. જમીન હવે ક્યાંક ક્યાંક કળણવાળી આવતી હતી, એટલે ખૂબ જ સાવચેત રહેવું પડતું હતું. સાંજ સુધીમાં અમે એ ઘાસના નાનકડા મેદાનની વાયવ્ય સરહદ સુધી પહોંચી ગયા. એ પછી શરૂ થતાં ગીચ જંગલમાં રાત્રિ પડાવ નાખવાને બદલે આ મેદાનમાં જ ઓછું ઘાસ હતું ત્યાં જ અમે રોકાવાનું નક્કી કર્યું. રાત્રિ પડી એટલે ગઈકાલ રાતનો બનાવ યાદ આવી ગયો. એ યાદ કરી અમે સૌ ફરીથી હસી પડ્યા. હેસ્લિંગે તો ચિત્તાને નવું નામ પણ આપી દીધું હતું "શાપિત આત્મા !"



જંગલીઓ સાથે પ્રથમ મેળાપ

બે દિવસમાં અમે લગભગ ૧૨૦ માઈલથી પણ વધારે અંતર કાપી નાખ્યું હશે. જો કે બેન્ગ્વેલુ સરોવર હજુ ઘણું દૂર હતું, છતાં અમારામાં અખૂટ હિંમત ભરેલી હતી. દૃઢ નિશ્ચય પાસે ગમે તેવું અઘરું કામ પણ આસાન બની જાય છે.

ઘાસના મેદાનમાં જ પડાવ નાખવાનું અમે નક્કી કરી નાખ્યું હતું. ચારે તરફ દૂર દૂર સુધી ઘાસ પથરાયેલું હતું. એના પછી પાછી ઝાડીની શરૂઆત થઈ જતી હતી. દૂર એક નાનકડી ટેકરી સિવાય બીજું કંઈ પણ નજરે નહોતું ચડતું. આજે અમે વધારે ખુશ હતા કારણ કે જંગલની બંધિયાર હવામાંથી અચાનક ખુલ્લા વાતાવરણમાં આવી પહોંચ્યા હતા. અહીં જંગલી પ્રાણીઓનો ડર સાવ ઓછો હતો. હા, ખુલ્લું મેદાન હતું એટલે હાથીના ઝૂંડની બીક રહી શકે. અમારા નસીબે મેદાનમાં દૂર દૂર સુધી ક્યાંય પણ હાથીઓ દેખાતા નહોતા.

ગણ... ગણ... ગણ... ગણ... એવા તીણા અવાજોએ અમને ચમકાવી દીધા. જોયું તો અમારાં માથા પર મચ્છરોનાં ઝૂંડનાં ઝૂંડ ચક્કર મારતાં હતાં. નવાઈની વાત એ હતી કે એક પણ મચ્છર અમારી પાસે આવવાની હિંમત કરી શકતું નહોતું. અમને નવાઈ લાગી. મેં આ વાત જેકને કરી તો બાજુમાં બેઠેલો હેસ્લિંગ હસી પડ્યો. એણે એની સાથેના પેલા મૂળિયાં બતાવ્યાં. હવે અમને સમજાયું કે એની સાથેના મૂળિયાની ગંધથી જ મચ્છર દૂર રહેતાં હતાં.

મેદાનના થોડા ભાગનું ઘાસ સાફ કરી એના પરની જમીન અમે લીંપી નાખી. પછી તંબુ ખોડી દીધો. આજે પાડાને પણ તંબુમાં લઈ લેવાનું નક્કી કર્યું. આજે અમે પાડાને બહાર રાખવાનું જોખમ ખેડી શકીએ તેમ નહોતા. ઘાસનું મેદાન હોવાથી તાપણી કે ધૂણી સળગાવવાનું જોખમ તો લઈ શકાય તેમ હતું જ નહીં.

જેક, પોલ અને હેસ્લિંગ સાંજના ભોજનની તૈયારી કરતા હતા. હું અને રોબર્ટ લટાર મારવાને બહાને તંબુની આસપાસની ઘાસવાળી જમીન પર આંટા મારતા હતા એ વખતે અચાનક એક સસલું દોડતું ભાગ્યું. પણ બીજી જ ક્ષણે

એ રોબર્ટની ગોળીનો શિકાર બની ચૂક્યું હતું. બંદૂકના ધડાકાના અવાજથી એ નિર્જન વિસ્તાર ધ્રૂજી ઊઠ્યો. કોણ જાણે કેટલાયે માઈલો સુધી એ ધડાકો સંભળાયો હશે.

રોબર્ટે એ સસલું ઉપાડી લીધું. તે દિવસે અમે ધરાઈને ખાધું. પહેલી રાતની જેમ જ વારા નક્કી કરીને હું અને રોબર્ટ સૂવા માટે આડા પડ્યા. પોલ, હેસ્લિંગ અને જેક અમને સૂતેલા જોઈને પોતે પણ ઝોકાં ખાતા હતા.

મને તો પડતા વેંત ઊંઘ આવી ગઈ. આખા જન્મારામાં પણ હું ક્યારેય આટલું ચાલેલો નહીં. પોપચાં ઉપર તો જાણે મોટાં પોટલાં ગોઠવાઈ ગયાં હતાં. ખરી વાત છે કે જો ઊંઘ બરાબરની ચડી હોય તો પથારી કેવી છે તેનાથી કોઈ જ ફરક પડતો નથી. જમીન પર જરાય અગવડતા વગર મારી આંખ મળી ગઈ.

રાત કેટલી વીતી હશે કોને ખબર, મારા પગને કોઈ અડ્યું હોય એવું લાગ્યું. હું ઝબકીને જાગી ગયો. મને જાગી ગયેલો જોતાં જ મારી સામે ઊભેલી આકૃતિએ એક ભયાનક, હાડ ધ્રુજાવી દે તેવી ચીસ પાડી. હું થથરી ગયો. તંબુની એક તરફની દીવાલ ખુલ્લી થઈ ગઈ હતી. પાછલી રાતના ચંદ્રના અજવાળામાં એના દાંત ચમક્યા. ઘૂવડ બોલે એવા અવાજે એણે બે-ત્રણ હાકોટા પાડ્યા. તરત જ આજુબાજુના ઘાસમાંથી બીજી પચાસેક આકૃતિઓ અમને ઘેરીને ઊભી રહી ગઈ. બધાના હાથમાં તીર-કામઠાં હતાં. જાણે એક જ શિલ્પીએ કોતરીને બનાવ્યાં હોય તેવી એકસરખી મૂર્તિ જેવા બધા લાગતા હતા. તેમણે માથે પીંછાં ખોસેલાં હોય તેવું લાગ્યું. કમર પર બધાએ ચામડાં વીંટેલાં. મારી સામે ઊભેલી આકૃતિ તદ્દન નગ્ન લાગતી હતી. મારું હૃદય જોરજોરથી ધડકતું હતું. ચીસ પાડવાની શક્તિ પણ જાણે કે ચાલી ગઈ હતી. પોલ, જેક, રોબર્ટ, હેસ્લિંગ બધા જ જાગી ગયા હતા, બધાની દશા એકસરખી જ હતી. હું બેઠો થઈ ગયો. પેલી નગ્ન આકૃતિ બે ડગલાં પાછળ હટી. તેણે ફરીથી કંઈ બૂમ પાડી. એ સાંભળી પેલા જંગલીઓએ તીરકામઠાં નીચે મૂકી દીધાં અને કમરેથી દોરડાં છોડ્યાં.

હું ઊભો થઈ ગયો અને બૂમ પાડી, "પોલ ! જેક ! બંદૂકો ઉઠાવી ફાયરિંગ શરૂ કરી દો. જુઓ, એ લોકોએ તીરકામઠાં નીચે મૂકી દીધાં છે." પરંતુ અમે સૂતા હોઈએ ત્યારે જાગવાને બદલે થાકના માર્યા તરત જ સૂઈ ગયેલા એ લોકો બાઘા જેવા થઈ ગયા હતા. હું આગળ કંઈ પણ બોલું એ પહેલાં તો એક ગાળિયો મારા માથા પર થઈને કમર સુધી સરકી આવ્યો. મારા બંને હાથ સજ્જડ રીતે જકડાઈ ગયા. બાકીના બધાને પણ એ જ રીતે

જકડી લેવામાં આવ્યા હતા. જંગલીઓની આ ઝડપ અને ગાળિયા ફેંકવાની અજબ કળા જોઈને હું છક થઈ ગયો. આ સમયે મને એમની એ કળા પર સખત ગુસ્સો આવ્યો હતો અને સાથોસાથ ડર પણ એટલો જ પેસી ગયો હતો. પોલ અને જેક તો થર થર ધ્રૂજતા હતા. મેં રોબર્ટને ઈશારો કર્યો. એના હાથ પણ જકડાયેલા જ હતા. એણે પગથી ધક્કો મારીને એની બાજુમાં પડેલી રાઈફલ મારી તરફ ફેંકી. વાંકો વળીને જકડાયેલા હાથના ખુલ્લા પંજાથી હું એ લેવા ઝડપથી વાંકો વળ્યો. મારા હાથનો પંજો રાઈફલને પકડે એ પહેલાં મને બાંધેલું દોરડું જેણે પકડ્યું હતું એ જંગલીએ એક જોરદાર આંચકો માર્યો. હું પડખાભેર નીચે પડ્યો. બધા જંગલીઓએ કિકિયારીઓ પાડવા માંડી. એ સાથે જ મને બાંધેલું દોરડું પકડીને ઊભેલો જંગલી અચાનક બૂમો પાડતો પાડતો દોડવા માંડ્યો. મારા મોંમાંથી ચીસ નીકળી ગઈ. લાકડાના ટુકડાની માફક હું ઘસડાવા લાગ્યો. મારા હાથ, પગ અને પડખાની ચામડી ઘાસ સાથે ઘસાવાથી કપડાની આરપાર કાળી બળતરા થવા માંડી. સહન ન થવાથી મેં ફરીથી એક વખત મોટેથી ચીસ પાડી. પછી હું બેભાન થઈ ગયો હઈશ, કારણ કે પછી કેટલીય વાર સુધી શું બન્યું તે મને યાદ નથી.

* * *

હું જાગ્યો ત્યારે મારા હાથ બંધાયેલા હતા. ભયાનક બફારાનો અનુભવ થઈ રહ્યો હતો. મેં બેઠા થવા માટે પ્રયત્ન કર્યો, પણ મોંમાંથી રાડ નીકળી ગઈ. ઘસડાવાથી ઊતરડાઈ ગયેલી ચામડી કોઈએ અંગારા ચાંપ્યા હોય તેમ તમતમી ઊઠી. મારા ધબકારા વધી ગયા. આખા શરીર પર પરસેવો વળી ગયો. સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતા મેં આજુબાજુ નજર કરી.

એકદમ નાનકડી ઝૂંપડી જેવું એ સ્થળ હતું. ઉપર ઘાસનું છાપરું હશે એવું લાગ્યું કારણ કે કોઈક કોઈક ઠેકાણેથી પાછલા પહોરના ચંદ્રના પ્રકાશમાંથી ચાંદરણાં પડતાં હતાં. બસ, એ સિવાય ઝૂંપડી અંગે બીજું કશું જ અનુમાન લગાવવું મુશ્કેલ હતું. હા, હાથ-પગની મદદથી સ્પર્શ વડે જરૂર આજુબાજુની વસ્તુઓ અંગે અનુમાન લગાવી શકાય, પરંતુ પેલી વેદનાનું પુનરાવર્તન કરવાનો જીવ નહોતો ચાલતો. હું ચૂપચાપ પડ્યો પડ્યો વિચારતો હતો. રોબર્ટ, જેક, પોલ, હેસ્લિંગ વગેરેનું શું થયું હશે ? પેલો જંગલી જે રીતે મને ઘસડીને દોડ્યો હતો એ જોતાં એ લોકો નિર્દયી છે એની ખાતરી તો થઈ જ જતી હતી. મને એકાએક બાની સાથે કરેલી વાતો યાદ આવી ગઈ. જો આ લોકો માણસખાઉં હોય તો ? હું ફરી એક વાર ધ્રૂજી ઊઠ્યો.

છેલ્લા બે દિવસમાં ક્યારેય નહીં ને આજે મને એકદમ જ ઘર યાદ આવવા લાગ્યું. અચાનક જ મારી બાનો ચહેરો મારી નજર સામે તરવરી ઊઠ્યો. મારું નામ લઈને જાણે કે એ રડતી હોય તેવું લાગ્યું. મારી એ નાનકડી હોડી, એ ટેકરી, સાયનેમોનનાં વૃક્ષો – આ બધું છબીની જેમ મારી આંખ સામે દેખાવા લાગ્યું. મને લાગતું હતું કે હું કદાચ જોર જોરથી રડી પડીશ, પણ રડી નહોતું શકાતું. છાતીમાં કંઈક ભરાઈ ગયું હોય તેવું લાગ્યું. શ્વાસ લેવામાં પણ તકલીફ પડવા લાગી. આંખોના ખૂણેથી આંસુની ધાર ક્યારે વહી નીકળી એની ખબર પણ ન પડી. ખરું કહું તો આવું તો મેં ક્યારેય નહોતું અનુભવ્યું. ઝીંઝુડાક છોડતી વેળા પણ આટલું બધું તો નહોતું જ થયું. મને થતું હતું કે હવે તો હું ધ્રુસકે ધ્રુસકે રડી જ પડીશ. પણ આ મૂંઝવણ અને વિચારોમાં ફરીથી ક્યારે સૂઈ ગયો તેની ખબર જ ન પડી. રાત પસાર થઈને ક્યારે સવાર થઈ ગઈ એની પણ મને જાણ નહોતી. હજુ પણ હું કેટલું સૂઈ રહેત એ ખબર નહીં, પણ ઝૂંપડીનો દરવાજો ખખડ્યો ત્યારે હું ઝબકીને જાગી ગયો.

ઝૂંપડીની એક તરફની દીવાલમાં એક માણસ વાંકો વળીને આવી શકે તેટલું બારણું ખૂલ્યું. બહાર સવારના સૂર્યનો પ્રકાશ દેખાતો હતો. એ બારણાની બહાર એક જંગલીનું છાતી સુધીનું શરીર દેખાતું હતું. તેના પગ કાળા મેશ જેવા હતા. એના પગ પર રીંછના જેવી રુવાંટી હતી. એ પગના સ્નાયુઓ એટલા મજબૂત દેખાતા હતા કે જો એક લાત પડે તો બસ થઈ જાય ! એણે કેડ પર ચામડું વીંટાળેલું હતું અને કમર પર થોડાંક રંગબેરંગી પીંછાં ખોસેલાં હતાં. તેના પેટ અને છાતી પર પણ રુવાંટીનો જથ્થો હતો. એનો સીધો દેખાતો એક હાથ વહાણના કૂવાથંભ જેવો મજબૂત લાગતો હતો. તેના કાંડા પર મણકાની માળા વીંટાળેલી હતી. એણે કોણીની ઉપર એક દોરા જેવું કંઈક વીંટાળેલું હતું. આ લોકો પણ તાવીજ વગેરે બાંધતા હશે ?

એ માણસ થોડી વાર બહાર ઊભો રહ્યો તેમજ એના અવાજ પરથી એ થોડા અંતરે જ ઊભેલી કોઈ બીજી વ્યક્તિ સાથે વાત કરતો હોય તેવું લાગ્યું. વાત પૂરી કરીને એ વાંકો વળીને ઝૂંપડીમાં દાખલ થયો. એની પાછળથી અજવાળું આવતું હોવાથી મને એનો ચહેરો ન દેખાયો પણ હસ્યો હશે જેથી એના સફેદ દાંત ચમકી ઊઠ્યા હતા. અંદર આવી એણે એના હાથમાં રહેલું માટીનું વાસણ મારી સામે મૂક્યું. પછી કંઈક બોલ્યો. હું કંઈ પણ સમજ્યો નહીં. બાઘાની જેમ હું એની સામે જોઈ રહ્યો એટલે એણે પેલા વાસણ સામે આંગળી ચીંધી. મેં જોયું તો એમાં બે કેળાં, દ્રાક્ષ જેવા લાગતાં નાનકડાં ફળો તેમજ માંસનો એક શેકેલો ટુકડો હતાં. મને ભૂખ કરતાં પણ વધારે તરસ લાગી હતી. પરંતુ પેલા જંગલીને મારે એ માટે કઈ રીતે કહેવું તેની સમજણ નહોતી પડતી. અમારી નિશાળમાં અમે શિક્ષિકાબેન પાસે જે રીતે પાણી પીવા જવાની રજા માંગવા સંજ્ઞા કરતા, એ રીતે હાથથી ઈશારો કરી જોયો. પેલાને એમાં સમજ ન પડી. બાંધેલા બે હાથ વડે મેં પાણી પીતો હોઉં એવો અભિનય બતાવી જોયો. પણ એને તોય કંઈ સમજ પડી હોય તેવું ન લાગ્યું. અંતે મેં બંને હાથ વડે પેલું કૂંડું ઉપાડી મોઢે માંડી પાણી પીતો હોઉં તેવો અભિનય કરી દેખાડ્યો. આ વખતે એ સમજ્યો હોય તેવું લાગ્યું. માથું નમાવીને એ દોડતો બહાર ચાલ્યો ગયો. બહાર જતી વેળા એણે ઝૂંપડીનું બારણું ખુલ્લું જ છોડ્યું. પણ મારા હાથ બાંધેલાં હતાં તેમજ મારી ચામડી પરના ઉઝરડા એવા બળતા હતા કે ઊભા થઈ ભાગવાની મારી જરાપણ હિંમત ન ચાલી.

થોડી વારમાં જ પેલો જંગલી હાથમાં માટીનું વાસણ લઈને આવી પહોંચ્યો. એણે મારા હાથ ખોલી આપ્યા. મેં ઝૂંપડીના એક ખૂણામાં જઈને એ પાણી વડે મારું મોઢું ધોયું. પછી ધરાઈને પાણી પીધું. ત્યારબાદ નીચે બેસીને પ્રથમ કૂંડામાંથી બેચાર દ્રાક્ષ જેવાં ફળો અને એક કેળું ખાધું. પેલા ફળ દ્રાક્ષ નહોતાં પણ એનો સ્વાદ ઘણો જ સરસ હતો. માંસનો ટુકડો ખાવાની મારી હિંમત ન ચાલી.

મેં નાસ્તો પતાવ્યો એટલે પેલો જંગલી કૂંડા જેવાં બંને વાસણો લઈને ગયો. એના ગયા પછી ઘણી વાર હું ચૂપચાપ બેઠો રહ્યો. પછી હળવે હળવે ઝૂંપડીના દરવાજા સુધી ગયો. પેલો જંગલી જતી વખતે મારા હાથ બાંધ્યા વિના જ ગયો એની મને નવાઈ લાગી હતી. કદાચ હવે એની જરૂર જ ન હોય તેવું પણ બની શકે, કારણ કે મારા બંને હાથો વડે ધક્કો મારવા છતાં ઝૂંપડીનું બારણું ન જ ઊઘડ્યું. બારણાની પાછળ કંઈક ટેકવેલું હોય તેવું મને લાગ્યું. બારણું જરાય હલતું પણ નહોતું. મેં ચારે તરફ ફરીને ઝૂંપડીની દીવાલો તપાસી જોઈ. વાંસ અને માટીમાંથી બનાવેલી એ દીવાલો ધાર્યા કરતાં ઘણી જ મજબૂત નીકળી. કદાચ એટલે જ આ બધી ઝૂંપડીઓ હાથીઓ તેમજ હિંસક પ્રાણીઓ સામે ટક્કર ઝીલી શકતી હશે ને !

માટીના વાસણને આપણે ટકોરા મારીને એ ફૂટેલું છે કે નહીં તે તપાસીએ એવી જ રીતે મેં દીવાલમાં ઠેર ઠેર ટકોરા મારી જોયા. બધી જ તરફ દીવાલની અંદરના વાંસ ખૂબ જ ચોકસાઈથી એટલા બાજુબાજુમાં રાખવામાં આવ્યા હતા કે કોઈ જગ્યાએ નબળી દીવાલ મળી જ નહીં. હું

નિરાશ થઈ ગયો. ઘણી બધી વાર સુધી શૂન્યમનસ્ક જેવો બેઠો રહ્યો. બેઠાં બેઠાં ઝૂંપડીના બારણાની ઝીણી તિરાડમાંથી આવતી સૂર્યપ્રકાશની પાતળી રેખાને કંઈ કેટલીયે વાર સુધી જોઈ રહ્યો. પછી અચાનક એ જ રેખા મારા માટે એક નવા વિચારનું કિરણ બની ગઈ. એ પ્રકાશ ઝૂંપડીની પાછલી દીવાલ પર જે જગ્યાએ પડતો હતો તેની આજુબાજુની થોડીક દીવાલ પ્રકાશિત લાગતી હતી. એ પ્રકાશમાં મેં માટીનો એક પોપડો દીવાલમાંથી ઊખડવાની તૈયારીમાં જ હોય તેવો જોયો. હું ઝડપથી ત્યાં પહોંચીને નીચે બેસી ગયો. મારા હાથ તો પેલા જંગલીએ છોડી જ નાખ્યા હતા. મેં હાથેથી એ પોપડાને ઊખેડી નાખ્યો. નસીબ જોગે એટલા ભાગમાં લગભગ એકાદ ફૂટની જગ્યામાં પાછળ વાંસ નહોતો. સાવ ભોંયતળિયાને અડકીને આવેલા એ ભાગથી વાંસ થોડોક ઊંચો હતો. મુક્કીઓ વડે મેં બાકીની માટી તોડવાની કોશિશ કરી જોઈ પણ એ એકાદ ચોરસ ફૂટના કાણાથી વધારે મોટું કાણું પાડવું અશક્ય લાગ્યું.

એ નાનકડા કાણામાંથી આવતા પ્રકાશને કારણે ઝૂંપડીમાં ભોંયતળિયે અજવાળું ફેલાઈ ગયું. હું પડખાભેર સૂઈ બહાર જોવા લાગ્યો. બહાર અજબ જેવું વાતાવરણ હતું. મને રાખ્યો હતો એ ઝૂંપડીની આજુબાજુમાં એક એક એમ કુલ બે ઝૂંપડીઓ આવેલી હતી. એનો પણ જેટલો ભાગ દેખાતો હતો એટલો માટી અને વાંસમાંથી જ બનેલો હતો. મારી ઝૂંપડીની બરાબર પાછળના ભાગ તરફથી એક મોટો રસ્તો દૂર ટેકરી તરફ જતો હતો. વચ્ચેનો થોડોક રસ્તો નીચાણવાળો હોવાથી નહોતો દેખાતો. હું કેટલીય વાર સુધી આ બધું જોઈ રહ્યો. અચાનક જંગલીઓનું એક ટોળું પેલા રસ્તા પર જતું દેખાયું. એમણે પોતાના ઉઘાડા શરીર પર ટીલાંટપકાં કર્યાં હતાં. એમની આગળ એક સ્ત્રી હાથમાં કુહાડી કે ફરસી જેવું કોઈ હથિયાર લઈને ચાલતી હતી. એણે વાંસામાં ઘણાં ટીલાં-ટપકાં કર્યાં હતાં. બધા લોકો એને નમન કરતા. અને એ સ્ત્રી માથું હલાવીને આશીર્વાદ આપતી હોય તેવું લાગતું હતું.

મારા મનમાં સવાલોનું વાવાઝોડું ઊઠ્યું. કોણ હશે આ લોકો ? અમને શું કામ ગોંધી રાખ્યા હશે ? અત્યારે આ લોકો શા માટે જઈ રહ્યા હશે ? અચાનક મને બાની વાત યાદ આવી ગઈ. કદાચ આ લોકો આફ્રિકાના ઝુલુ લોકો તો નહીં હોય ને ? કારણ કે બાના કહેવા પ્રમાણે અને મેં કરેલી નોંધ મુજબ પણ ઝુલુ લોકોમાં સ્ત્રીઓ જ ભૂવાનું કામ કરે છે. બા કહેતી કે આમ [illegible] લોકો માણસખાઉ નથી હોતા પરંતુ તેમના દેવ ન્કુલુન્કુલુને રીઝવવા [illegible] લોકો ક્યારેક નરબલિ ચડાવે છે.

શું આ લોકો અમારો બલિ ચડાવવા માગતા હશે ? પેલી ટેકરી

પર શું ન્કુલુન્કુલુ દેવનું મંદિર હશે ? આ લોકો ખરેખર ઝુલુ લોકો જ હશે ? બા કહેતી હતી કે માણસખાઉં જંગલીઓ તો મોટેભાગે નગ્ન જ રહે છે. એમની પાસે તો પહેરવા માટે કપડાં પણ નથી હોતાં. અને એ લોકો તો દેખાવે ગોરીલા જેવાં લાગતાં હોય છે. જ્યારે આ લોકો તો કપડાં પણ પહેરે છે અને માણસ જેવા જ દેખાય છે. તો શું ખરેખર આ લોકો ઝુલુ જ હશે ? મોટે ભાગે ઝુલુ લોકો એકદમ ભોળાં હોય છે. એ લોકો કિનારે વસતા માણસો સાથે લેવડ-દેવડનો વ્યવહાર પણ રાખતા હોય છે. પરંતુ ભોળા દેખાતા આ માણસો ઝનૂની પણ એટલી હદે હોય છે કે જો કોઈની પાછળ પડી ગયા તો એનું મૂળ ખોદીને જ જંપે. પેલી ટીલાં-ટપકાં વાળી સ્ત્રી જો ભૂવી હોય તો જરૂર એ લોકો અત્યારે ટેકરી પર ન્કુલુન્કુલુ દેવની પૂજા કરવા માટે જ ગયાં હશે એવું મેં મનોમન ધારી લીધું.

ત્રાંસા પડ્યાં પડ્યાં બહાર જોઈને હું વિચારે ચડી ગયો હતો. હવે મારી આંખ દુઃખવા લાગી હતી અને પડખાની ચામડીમાં થોડી થોડી બળતરાં પણ શરૂ થઈ ગઈ હતી. હું બેઠો થઈ ગયો. ઝુલુ લોકો વિશેની તરેહ તરેહની વાતો મારા મનમાં ઘૂમરાવા લાગી. જેક, રોબર્ટ, પોલ, હેસ્લિંગને ક્યાં રાખ્યાં હશે ? એમને કાંઈ થયું તો નહીં હોય ને ? એ લોકોને પણ જંગલીઓએ ગાળિયામાં જકડી લીધા હતા એ મેં જોયું હતું. એ લોકોને ક્યાં રાખ્યા હશે ? મારા ધારવા મુજબ તો એ લોકો આસપાસમાં જ ક્યાંક હોવા જોઈએ. મેં ફરી તખત ત્રાંસા પડીને બહાર જોયું. જંગલીઓનાં મોટાં ટોળાં પેલી ટેકરી તરફ જઈ રહ્યાં હતાં. એમાં સ્ત્રીઓ તેમજ નાગોડિયાં બાળકો પણ હતાં.

મારી ઝૂંપડીની આસપાસ કોઈ જ નહીં હોય એવું મને લાગ્યું. રોબર્ટનો ગમે તેમ કરીને સંપર્ક તો સાધવો જ રહ્યો. પણ એ કરવું કઈ રીતે ? હજુ હું વિચારતો જ હતો ત્યાં જ કોઈ પંખીએ બહારથી સીસોટી જેવો તીણો અવાજ કર્યો. એ સાંભળીને મારા મગજમાં ખુશીનો ઝબકારો થયો.

ઘણી વખત રોબર્ટને રખડવા લઈ જવો હોય અને એની બાને ખબર ન પડવા દેવી હોય તો હું એને એના ઘરે બોલાવવા ન જતો. પરંતુ એના ઘરની પાછલી દીવાલે સંતાઈને અમારા નક્કી કરેલાં સંકેત મુજબ સીટી વગાડતો. રોબર્ટ જો આવી શકે તેમ હોય તો તરત જ સીટી વગાડીને જવાબ આપતો. મને આ રીત અહીં અજમાવી જોવાનો વિચાર આવી ગયો. મેં દીવાલના પેલા કાંણા પાસે મોં લઈ જઈ બંને હાથની આંગળીઓ વડે જીભને ગોળ વાળીને જોરથી સીટી વગાડી. પછી આતુરતાથી કાન માંડ્યા. થોડીક વાર શાંતિ ફેલાઈ ગઈ.

એ શાંતિ વેળાએ મારા ધબકારા મને ખુદને જ સંભળાતા હતા. મને મારા ધબકારા પર ખીજ ચડતી હતી. કેટલીયે વાર થઈ પણ કંઈ જ જવાબ ન આવ્યો. હું બીજી વખત સીટી વગાડતાં અચકાતો હતો. રખેને એના અવાજમાં રોબર્ટની સીટીનો અવાજ દબાઈ જાય તો ? થોડી વાર રાહ જોઈ મેં ફરી વાર સીટી વગાડી. આ વખતે જેવી મેં આંગળીઓ મોંમાંથી કાઢી કે તરત જ એક સીટીનો અવાજ મારા કાને અથડાયો. એ રોબર્ટની સીટીનો જ અવાજ હતો. મારા ધબકારા બે ઘડી અટકી ગયા હોય તેવું લાગ્યું. મને ચીસ પાડી ઊઠવાનું મન થઈ આવ્યું. ઝૂંપડીનું બારણું જો થોડુંક મોડું ખખડ્યું હોત તો હું જોરથી ચીસ પાડી પણ ઊઠત.

ઝૂંપડીનું બારણું ખખડવાનો અવાજ આવતા જ ઝડપથી હું પેલા કાણાને પીઠ ટેકવીને બેસી ગયો. પેલો જંગલી – જેણે મને નાસ્તો અને પાણી આપ્યાં હતાં – એ અંદર આવ્યો. એની આંખોમાં પ્રશ્નાર્થ હતો. કદાચ મેં સીટી જેવો અવાજ કર્યો હતો કે નહીં તે જાણવા માગતો હશે. મારી તરફ જોઈને એણે કંઈક કહ્યું. હું કંઈ બોલ્યો નહીં. એણે બીજી વખત કંઈક પૂછ્યું. હું કશું જ સમજ્યો નહીં. થોડી વાર બબડીને પછી એ બહાર જતો રહ્યો. રોબર્ટ નજીકમાં જ ક્યાંક છે એ વિચાર માત્રથી હું આનંદથી ઝૂમી ઊઠ્યો.

રોબર્ટ આજુબાજુ સોએક ફૂટની અંદર જ ક્યાંક કેદ હોવો જોઈએ. હું વિચારોમાં ડૂબી ગયો. પણ આ વખતે મને વખત સાવ નિરાશાભર્યા વિચારો નહોતા આવતા. આ વખતે અહીંયાથી કેમ છટકી શકાય તે માટેની કોઈ યુક્તિ હું શોધી રહ્યો હતો.

બપોરના ત્રણ જેટલા વાગી ગયા હશે. ખિસ્સા ઘડિયાળ તો પોલ પાસે રહી ગયું હતું એટલે એકદમ સાચો સમય જાણવો મુશ્કેલ કામ હતું. પણ ઝૂંપડીમાં પડતાં ચાંદરણાંઓ પરથી સૂર્યની સ્થિતિનો ખ્યાલ આવી જતો હતો. મને કકડીને ભૂખ લાગી હતી. પેલાં કેળાં અને દ્રાક્ષ જેવાં ફળો તો ક્યારનાં પચી ગયાં હતાં. હવે તો ભૂખથી રહેવાતું નહોતું. મેં ઊભા થઈને બારણા સાથે હાથ ભટકાડ્યા અને બારણાને જોરજોરથી હચમચાવ્યું. પછી પેલા કાણાને પીઠ અઢેલીને ફરી વાર બેસી ગયો. બહાર ઊભેલા જંગલીએ બારણું ખોલ્યું. કોણ જાણે કેમ પણ અમારી આ ત્રીજી મુલાકાતમાં મને એ જંગલી પર ગુસ્સો ન આવ્યો. હું એની સામે જોઈને હસ્યો. થોડી વાર એ એમ જ ઊભો રહ્યો. પછી એ પણ જોરથી હસી પડ્યો અને કંઈક બોલ્યો. મને કંઈ જ ન સમજાયું પણ અમે એકબીજા સામે જોઈને ઘણી વાર હસ્યાં કર્યું. ભલે એકબીજાની બોલી ન સમજાય પણ હાસ્યની ભાષા તો દરેક વ્યક્તિ સમજતી

હોય છે. એણે મને કંઈક પૂછ્યું. મેં કેળાની નીચે પડેલી છાલ ઉપાડીને ખાવાનો અભિનય કર્યો, પછી પેટ પર હાથ મૂકીને ભૂખ લાગી છે એવું એને સમજાવવાની કોશિશ કરી જોઈ. એ તરત જ સમજી ગયો અને દોડીને ત્યાંથી બહાર ગયો. જતાં જતાં જાણે મને ઘણા વખતથી જાણતો ન હોય એવું હાસ્ય મારી સામે રેલાવતો ગયો. મને એનું હસવું ગમ્યું.

થોડી વાર પછી હાથમાં માટીના ઠીબડા જેવા વાસણમાં કંઈક ખાવાનું લઈને બીજો જંગલી આવી પહોંચ્યો. હું હજુ પણ પેલા કાણાને અઢેલીને જ બેઠો હતો જેથી એમાંથી આવતા પ્રકાશને કારણે એ દીવાલનું કાણું આ જંગલીની નજરે ન ચડી જાય. પેલા જંગલીએ આવીને ખાવાનું મારી સામે મૂક્યું. કોઈ જંગલી ધાનના બાફેલા દાણા અને માંસના શેકેલા ટુકડા એમાં હતા. મને અત્યંત ભૂખ લાગી હતી. મેં પેલા બાફેલા દાણાનો બૂકડો ભર્યો અને માંસનો ટુકડો હાથમાં લીધો. કોઈ માણસનું એ માંસ હશે તો ? એવો વિચાર આવતાં જ મેં એ ટુકડો પાછો મૂકી દીધો. પેલા દાણા ખૂબ જ સ્વાદિષ્ટ હતા. હું બૂકડે બૂકડે એ દાણાઓ મોંમાં ઓરવા લાગ્યો.

અર્ધું-પર્ધું ખાધાં પછી મેં પેલા જંગલી તરફ જોયું. એ હજુ પણ ઊભો જ હતો. એ ભૂખી દૃષ્ટિથી મને એવી રીતે તાકી રહ્યો હતો કે હું હાડોહાડ ધ્રૂજી ઊઠ્યો. મારો કોળિયો મોંમાં જ અટકી ગયો. ગળા નીચે પણ ન ઊતર્યો. મારી સામે ભૂખી નજરે જોઈ રહેલા એ જંગલીના હોઠના ખૂણેથી લાળ ટપકી અને એના હાથ પર પડી. એણે એ લાળને પાછી ચાટી લીધી. ધીરેથી એ નીચે બેઠો. મારી બરાબર સામે. એની દૃષ્ટિ મારા ગાલ પર હતી. કદાચ આવા રાતા ગાલ એણે ક્યારેય નહીં જોયા હોય. મારું માથું એણે બે હાથે પકડ્યું. ફરી એક વખત એના હોઠના ખૂણેથી લાળ ટપકી. આ વખતે એ મારા પગ પર પડી. પેલા જંગલીએ વાંકા વળીને મારા પગ પરથી એ લાળ ચાટી લીધી. એની ખરબચડી જીભના સ્પર્શથી હું ફરી એક વાર ધ્રૂજી ગયો. મને પરસેવો વળવા માંડ્યો હતો. કદાચ મારા મોં પર રતાશ વધુ ઘેરી બની ગઈ હશે. હું સમજી ગયો હતો કે આ જંગલી શું કરવા માગે છે. એને કદાચ મારા ગાલનો સ્વાદ ચાખવો હતો. મારાથી ચીસ પણ ન પાડી શકાઈ.

એ માણસે ફરી વાર મારા ગાલ પર હાથ ફેરવ્યો અને ત્યારબાદ હળવેથી મારા ગાલ તરફ મોઢું લંબાવ્યું. એક તીવ્ર વેદનાના ખ્યાલથી હું આંખો મીંચી ગયો. પેલા જંગલીના નજીક આવેલા ખુલ્લા મોઢામાંથી ભયાનક દુર્ગંધ વછૂટી. મારું હૃદય જાણે મારા મોઢામાંથી ઊછળીને હમણાં જ બહાર નીકળી જશે એટલા જોરથી ધડકતું હતું. હું આખે-આખો સુક્કા પાંદડાની

માફક ધ્રૂજતો હતો. આંખો ખોલવાની તો મારામાં હિંમત જ નહોતી. પેલી બેભાન બનાવી દે તેવી દુર્ગંધ વધારે નજીક આવી. કોઈ ઠંડી અને ખરબચડી વસ્તુનો મારા ગાલ પર સ્પર્શ થયો. એ પેલા જંગલીની જીભ જ હશે. કારણ કે બંને હાથ વડે તો એણે મારા માથાને સજ્જડ પકડેલું હતું. જીભ થોડી વાર મારા ગાલના સંપર્કમાં રહી પછી એના દાંત મારા ગાલને અડક્યા. એક ભયાનક બૂમ પાડવાની મને ઇચ્છા થઈ આવી. પેલા જંગલીને ધક્કો મારી દેવા મેં બેઉ હાથ ઊંચા કરવાની કોશિશ કરી, પણ તાકાત ક્યાં ચાલી ગઈ હતી !? હું હાથ પણ ઊંચા ન કરી શક્યો.

"માકા ! ચા ! ચા ! (ના, ના)" એવી એક બૂમ ઝૂંપડીના દરવાજા તરફથી આવી. એ જંગલી, જેનું નામ માકા હતું. એણે મને છોડી દીધો. મારી આંખો હજુ બંધ જ હતી. પણ પેલો અવાજ મને પરિચિત લાગ્યો. મેં હળવેથી આંખ ખોલી. મને જેના માટે લાગણી થઈ હતી એ જ જંગલીએ બૂમ પાડી હતી. જો એ થોડો જ મોડો પડ્યો હોત તો ? મારું હૃદય હજુ પણ એટલા જ જોરથી ધડકી રહ્યું હતું. મારા ગળે શોષ પડી ગયો હતો. મને ખૂબ જ તરસ લાગી ગઈ હતી.

માકાને ઉગ્ર ભાષામાં આ જંગલીએ કંઈક કહ્યું. એમની વાતોમાંથી મને ફક્ત ન્કુલુન્કુલુ એટલું જ સમજાયું. મને હવે આ લોકો ઝુલુ હોવા વિશે કોઈ જ શંકા રહી નહોતી. કારણ કે પર્સિવલ કાકાએ તેમજ રોબર્ટના બાપુ આર્થરકાકાએ મને વાત કર્યા મુજબ ન્કુલુન્કુલુ એ ઝુલુ લોકોના દેવતા છે. ચા ચા શબ્દનો અર્થ ઝુલુ ભાષામાં ના ના એવો થાય છે, એટલે નક્કી આ લોકો ઝુલુ જ હતા.

માકા નીચે મોઢે ઝૂંપડીમાંથી બહાર જતો રહ્યો. મને જેના માટે લાગણી ઉપજેલી એ જંગલી મારી પાસે આવ્યો અને એણે મારા ગાલ પર હાથ ફેરવીને એના પર ચોંટેલું થૂંક લૂછી નાખ્યું. પછી એ મારી સામે જોઈને હસ્યો. એ જાણે કંઈક ભેદ ખોલવા હસતો હોય તેવું હસતો હતો. આટલો બધો ડરી ગયો હોવા છતાં હું જરાક હસી પડ્યો. હળવેથી ઝૂંપડીનું બારણું બંધ કરી એ જંગલી બહાર ગયો.

મારા ધબકારા હવે ધીમે ધીમે શાંત થયા. દીવાલ પાસેથી ઊઠીને હું ઝૂંપડીની વચ્ચેની જગ્યામાં જઈને સૂતો. કંઈ કેટલીય વાર સુધી હું છત સામે તાકીને પડ્યો રહ્યો. પછી થોડુંક ઊંઘી પણ ગયો હોઈશ કારણ કે જાગ્યો ત્યારે સાંજ થઈ હોય તેવું લાગતું હતું. બહાર પંખીઓનો કલરવ વધી ગયો હતો. ઝૂંપડીમાં પડતાં ચાંદરણાં પણ હવે નહોતાં દેખાતાં. દીવાલના પેલા

કાણામાંથી આવતો પ્રકાશ પણ ઝાંખો થઈ ગયો હતો.

મને ઘણા બધા વિચારો આવતા હતા. રોબર્ટે બીજી વખત સીટી કેમ નહીં મારી હોય ? પોલ, જેક અને હેસ્લિંગ એની સાથે જ હશે કે જુદા ? એ લોકોને કંઈ થયું હશે ? આવા તો અસંખ્ય વિચારો મગજને ઝંપવા નહોતા દેતા. બહાર અજવાળું હવે ઘટતું જતું હતું. પંખીઓનો કલરવ પણ ઓછો થવા માંડ્યો હતો. હું દીવાલના પેલા કાણા તરફ જોઈને પડ્યો હતો.

અચાનક હું ચમકી ગયો. જાણે પેલા કાણામાંથી મને કોઈ જોઈ રહ્યું હોય તેવું મને લાગ્યું. મારું હૃદય જોરથી ધડકી ઊઠ્યું. હું સફાળો બેઠો થઈ ગયો. કાણા પાસે જઈ મેં વાંકા વળીને જોયું તો ત્યાં કોઈ જ નહોતું. કદાચ મને ભણકારા જેવું લાગ્યું હશે. હું એકલો એકલો હસી પડ્યો. ફરીથી ઝૂંપડીની વચ્ચે લાંબો થઈને સૂતો. થોડી વાર પછી ફરીથી હું એ જ રીતે ચમકી ગયો. જાણે કોઈ મને એ કાણામાંથી ટીકી-ટીકીને જોઈ રહ્યું હોય એવું મને લાગ્યું. બહાર અંધારું જામવા લાગ્યું હતું. અંધારિયું હોવાથી ચંદ્ર ઊગવાને પણ ખાસ્સી વાર હતી. હું ઝડપથી આડો પડી ગયો અને દૂરથી જ પેલા કાણામાંથી જોયું. આ વખતે કાણાની નજીક જઈને જોવાની મારી હિંમત ચાલી નહીં. મને કંઈ જ દેખાયું નહીં, છતાં હું એમ ને એમ પડ્યો જ રહ્યો. કદાચ હવે ફરીથી કોઈ ડોકાય તો જોઈ શકાય. એકાદ ક્ષણ પૂરતો મને એવો પણ વિચાર આવી ગયો કે એ માકા હશે ? મને બટકું ભરવાનો એનો ઇરાદો પાર ન પડ્યો એટલે હવે એ બીજો કોઈ રસ્તો શોધતો હશે ? આવા વિચારોમાં પાંચેક મિનિટ વીતી હશે ત્યાં જ કોઈ પેલા કાણામાંથી ફરી ડોકાયું. મારા મોંમાંથી અનાયાસે ચીસ નીકળી ગઈ. ઝડપથી એ માણસે મોઢું ખસેડી લીધું. એ માણસનો ચહેરો હું ન જોઈ શક્યો, પણ એના પગ મને દેખાયા. એણે કદાચ બૂટ પહેર્યા હતા. જામતાં જતાં અંધારામાં મને એનો ચહેરો બરાબર ન દેખાયો, પણ એ વ્યક્તિ માકા જેવી તો નહોતી જ લાગતી. મારું મગજ બહેર મારી ગયું. હું આખો પરસેવે રેબઝેબ થઈ ગયો હતો.

થોડીક ક્ષણો વીતી હશે. ઝૂંપડીની બહાર ફરીથી પગરવ સંભળાયો. હવે બહાર લગભગ સાવ અંધારું થઈ ગયું હતું. અવાજ સાથે કોઈક ચીજ એ કાણા પાસે પડી અને ત્યારબાદ પેલાં પગલાં ઝૂંપડીથી દૂર જતાં રહ્યાં. એ પગલાંનો અવાજ કહી રહ્યો હતો કે જનાર વ્યક્તિ ખૂબ જ ઝડપથી જતી રહી હતી. હું કાણા પાસે પડેલી પેલી વસ્તુ લેવા જાઉં એ પહેલાં જ ઝૂંપડીનું બારણું ખખડ્યું. હું શાંતિથી બેઠો રહ્યો. બહાર અંધારું થઈ ગયું હોવાથી દીવાલનું કાણું હવે કોઈની નજરે ચડે તેમ નહોતું.

મને બે વાત મૂંઝવતી હતી. એક તો એ કે માકાએ મને શા માટે બટકું ન ભર્યું, શું પેલા જંગલીએ ના પાડી એટલા માટે જ કે બીજું કોઈ કારણ હશે? અને બીજું એ પેલા કાણામાંથી ડોકાનાર વ્યક્તિ કોણ હશે ? એ વ્યક્તિ જંગલી જેવી તો નહોતી જ લાગતી. તો પછી એ કોણ હોઈ શકે ? એણે ઝૂંપડીની દીવાલના કાણા પાસે કઈ વસ્તુ ફેંકી હશે ?

પ્રશ્નો મને એવા ગૂંચવી રહ્યા હતા કે હું વર્તમાન પરિસ્થિતિની ગંભીરતા પણ ભૂલી ગયો હતો. મને એવો વિચાર પણ નહોતો આવતો કે ઝૂંપડીનું બારણું શું કામ ખખડ્યું હશે અને આ જંગલી લોકો હવે અમને શું કરશે. બસ, હવે એક જ વિચાર મનમાં ઘૂમરાતો હતો કે ઝૂંપડીની દીવાલ પાસે બહાર પડેલી પેલી વસ્તુ શું હશે?!

❑

ચમત્કાર !

ઝૂંપડીનું બારણું ધીમેથી ખૂલ્યું. જેના માટે મને લાગણી થઈ હતી એ જંગલી અંદર આવ્યો. મારી પાસે આવીને એણે કંઈક કહ્યું. એ ખૂબ ઝડપથી બહાર જતો રહેવા માગતો હોય તેવા એના હાવભાવ હતા. એ કંઈક બબડતો હતો પણ મને એની ભાષામાં કંઈ જ ખબર પડતી નહોતી. કદાચ એ આ વાત જાણી ગયો હશે. એટલે ચૂપચાપ એણે મારા હાથમાં કંઈક ચીજ પકડાવી અને લગભગ દોડતો જ એ બહાર જતો રહ્યો. મેં હાથથી એ ચીજને સ્પર્શ કર્યો. મારા આશ્ચર્યનો પાર જ ન રહ્યો. એ ચીજ બીજું કંઈ નહીં પણ બંદૂક હતી ! નાનકડી રિવૉલ્વર !

મને ખૂબ જ નવાઈ લાગી. પણ એને બૂમ શી રીતે પાડવી ? એનું નામ સુધ્ધાં હું નહોતો જાણતો. ઝુલુ ભાષામાં એને બોલાવવો કઈ રીતે એ પણ નહોતી ખબર ! ઝુલુ ભાષાના બહુ જ થોડા શબ્દો હું જાણતો હતો. જંગલી બહાર ગયો કે તરત જ મેં પેલા કાણા પાસે અજાણી વ્યક્તિ શું વસ્તુ ફેંકીને જતી રહી છે તે જોવા કોશિશ કરી. વાંકા વળીને જોયું તો દૂરની ઝૂંપડીમાંથી આવતાં સાવ આછા પ્રકાશમાં પણ એ વસ્તુ ચળકતી હતી. ઝૂંપડીના કાણામાંથી હાથ કાઢવાનો પણ જીવ નહોતો ચાલતો. માકાની બીક પણ હતી જ ! બહારના રસ્તા પર ચહલપહલ વધતી જતી હોય તેવું લાગતું હતું. થોડી વાર વાટ જોયા પછી હિંમત કરીને મેં હાથ બહાર કાઢીને ઝડપથી એ વસ્તુ લઈ લીધી.

એવું લાગતું હતું કે આજે મારે ઘણી બધી નવાઈઓમાંથી પસાર થવાનું હતું. મારા આશ્ચર્ય વચ્ચે એ વસ્તુ બીજી કોઈ નહીં પણ એક છ ઈંચ લાંબું ચપ્પુ હતું. એના છેડામાં એક કાગળની ચબરખી ભરાવેલી હતી. એ ચબરખીમાં લખેલું હતું : "ગભરાશો નહીં – માઈકલ"

ચિઠ્ઠી વાંચીને મને રાહત અને મૂંઝવણ બંને થઈ આવ્યાં. અમારું ધ્યાન રાખવાવાળી માઈકલ નામની કોઈ વ્યક્તિ છે તે જાણીને મને ખૂબ રાહત થઈ આવી હતી. પણ એ માઈકલ છે કોણ એ બાબતે મૂંઝવણ તો થાય જ ! મારા કે રોબર્ટના બાપુના કોઈ પણ મિત્રનું નામ માઈકલ તો હતું જ નહીં. તો પછી

આ માઈકલ કોણ હશે ? ઘણું યાદ કરવા છતાં મને કંઈ યાદ ન આવ્યું. એ જ વખતે બહારથી જંગલીઓની ચિચિયારીઓ સંભળાઈ. હું વિચારોમાંથી બહાર આવી ગયો.

વાંકા વળી મેં પેલા કાણામાંથી જોયું. હાથમાં મશાલો લઈ જંગલીઓનાં ઝૂંડ પેલી ટેકરી તરફ જઈ રહ્યાં હતાં. જાણે ઉજાણી માટે જઈ રહ્યાં હોય તેમ એ બધા ચિચિયારીઓ પાડતા હતા.

બરાબર એ જ વખતે મારી ઝૂંપડીનું બારણું ખખડ્યું. મેં મારા પેન્ટના પાછળના ખિસ્સામાં ચપ્પુ અને બાજુના ખિસ્સામાં રિવૉલ્વર સંતાડી દીધાં. ઝૂંપડીમાં અંધારું હોવાને કારણે બહારથી આવનાર મારી કોઈ પણ હરકત જોઈ શકે તેમ નહોતું. ઉપરાંત અમને બંદી બનાવતી વેળાએ અમારાં શસ્ત્રો આંચકી લેવામાં આવ્યાં હતાં. એટલે હવે અમારી તલાશી લેવાનો પ્રશ્ન પણ ઉપસ્થિત નહોતો થતો.

ચાર જંગલીઓ અંદર આવ્યા. એક માણસ મશાલ લઈને બહાર ઊભો રહ્યો. મારા ખિસ્સામાં રિવૉલ્વર તો હતી જ. હવે હું ધારું તો આ લોકોને જબ્બે કરતાં વાર ન લાગે. છતાં કંઈ પણ કરતાં પહેલાં આ લોકો શું કરે છે તે જોવાનું મેં નક્કી કર્યું. અંદર જે લોકો આવ્યા તેમાં એક પેલો જંગલી કે જેના માટે મને લાગણી થઈ હતી એ પણ હતો. એણે મારા હાથ પાછળ બાંધી દીધા. મને આ જંગલી પહેલેથી જ રહસ્યમય લાગ્યો હતો. મારા હાથ પણ એણે કચકચાવીને નહોતા બાંધ્યાં. હું જરાક જોર કરું તો ખૂલી જાય તેવી ગાંઠ જ એણે મારી હતી. છતાં પણ કોઈ ઉતાવળિયું પગલું ઊંધું ઊતરે તો ? એવું વિચારીને મેં ચૂપચાપ ફરીથી બંદી બની જવાનું પસંદ કર્યું.

મારા હાથ બાંધીને એ લોકોએ મને ઝૂંપડીમાંથી બહાર કાઢ્યો. પકડાયા પછી પહેલી વાર મેં બહારની દુનિયા જોઈ. ચોવીસ કલાકથી એક નાની ઝૂંપડીમાં ગોંધાઈ રહ્યા પછી બહારની દુનિયા કંઈક વધારે વિશાળ લાગી. મારી ઝૂંપડીની પાછળ બે અને બાજુમાં કતારમાં ઘણી બધી ઘાસ-માટીની બનેલી ઝૂંપડીઓ આવેલી હતી. ઝૂંપડીઓની બે કતારો વચ્ચે લગભગ દસેક ફૂટ પહોળો રસ્તો હતો. મારી ઝૂંપડીની પાછળની તરફ ફક્ત થોડીક જ ઝૂંપડીઓ હતી. અને એમની પાછળ પેલી ટેકરી તરફ જતો રસ્તો હતો.

મને બહાર લાવ્યા પછી પેલા પાંચ જંગલીઓમાંથી એકે જોરથી બૂમ પાડી. મને એના બોલવામાંથી ફક્ત 'કુહલાનુ, કુહલાનુ' એટલું સમજાયું. પર્સિવલકાકાએ મને સમજાવેલ ઝુલુ લોકોની ગણતરી પ્રમાણે કુહલાનુનો અર્થ થતો હતો 'પાંચ'. જો મારો અંદાજ સાચો હોય તો આ લોકો અમે કુલ પાંચ જણ છીએ એમ કહેતા હતા. ત્યાં જ સામી તરફથી જ એક જંગલીએ કહ્યું, 'કુને, કુને'. હું ખુશ થઈ ગયો. કારણ કે કુને એટલે ચાર. કુહલાનું એટલે કે પાંચ અને કુને એટલે ચાર ! મારી ખુશીનો પાર ન રહ્યો. સામી તરફ ચાર જણ હતા અને હું થઈને પાંચ ! આનો અર્થ એમ જ કે રોબર્ટ, પોલ, જેક, હેસ્લિંગ એ બધા જ સલામત હતા. મારામાં કંઈક નવો જુસ્સો અને હિંમત આવી ગયાં.

જંગલીઓએ અંદરોઅંદર કંઈક વાતો કરી. મને એમાંથી કંઈ સમજાયું નહીં. ત્યાર પછી એ લોકોએ મને ટેકરી તરફ ધકેલવાનું શરૂ કર્યું. થોડે દૂર ગયા પછી મેં પાછળ જોયું તો મારી માફક જ હાથ બંધાયેલ કેટલીક વ્યક્તિઓ આવી રહી હતી. જંગલીઓ એમની આસપાસ ચાલી રહ્યા હતા. એ મારા સાથીદારો જ હશે ? મારું હૃદય આનંદથી ઊછળવા માંડ્યું.

અર્ધોએક કલાક ચાલ્યા પછી અમે ટેકરી પર પહોંચ્યા. ટેકરી પર એક ખુલ્લી જગ્યામાં એક તરફ પથ્થર અને વાંસનું બનેલું મંદિર હતું. મંદિર નજરે પડતાં જ જંગલીઓ મારા હાથ છોડી જમીન પર સૂઈને 'ન્કુલુન્કુલુ' એમ બોલવા લાગ્યા. મને આ લોકો ઝુલુ હોવાની સો ટકા ખાતરી થઈ ગઈ.

મેં આજુબાજુ જોયું. ટેકરી પર ચારે તરફ મશાલો ખોડેલી હતી. મંદિરની સામે આવેલ વિશાળ મેદાન જેવી જગ્યામાં પાંચ થાંભલા ખોડેલા હતા. મને વિચાર આવી ગયો કે એ થાંભલા શું અમને બાંધવા માટે હશે ? અમે અત્યારે ઊભા હતા એની બીજી બાજુ એક વિશાળ હાંડલામાં પાણી ગરમ થઈ રહ્યું હતું. મને જોઈ ત્યાં પહેલેથી જ હાજર જંગલીઓએ ભયંકર ચિચિયારીઓ પાડી. મશાલના પ્રકાશમાં ચમકતા એમના દાંત જોઈને મારા ધબકારા વધી જતા હતા.

પેલા પાંચ થાંભલામાંથી એક સાથે મને બાંધી દેવામાં આવ્યો. થોડી વારે મારી પાછળ આવી રહેલાં ટોળાંઓ પણ આવી પહોંચ્યાં. એમાં રોબર્ટ, જેક, પોલ અને હેસ્લિંગ હતા. રોબર્ટનું મોં સૂજેલું હતું. પોલની જમણી આંખ પર સોજો હતો. મને એમની દયા આવી ગઈ. જંગલીઓએ અમને ઘસડ્યા ત્યારે કોઈ પથ્થર કે ઝાડનું થડ અથડાયાં હશે. એકબીજાને જોઈ અમે હસી પડ્યા, "હાય ડીક ! તું કેમ છે ? કંઈ થયું તો નથી ? અમે તો ચારેય જણ જોડે જ હતા. એક તું જ અમારા બધાથી જુદો હતો. અમને તારી ખૂબ ચિંતા થતી હતી." હેસ્લિંગ બોલી ઊઠ્યો.

"હા ! હેસ્લિંગ. હું તો બરાબર છું. તમે બધાં પણ બરાબરને ?" મેં પૂછ્યું.

"ડીક ! આ લોકો આપણો ભોગ એમના દેવને ચડાવશે ?" પોલ

બોલ્યો. એ સૌથી નાનો હતો. એને ખૂબ જ બીક લાગી રહી હતી. એ એના ચહેરા પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું. બીક તો લાગે જ ને ! હાંડલામાં પાણી ગરમ થતું હોય અને વધના થાંભલા સાથે બંધાયેલા હોઈએ ત્યારે બીક લાગે જ. મને પણ અંદરખાને તો બીક લાગી જ રહી હતી.

"પોલ ! તું જરાય ગભરાઈશ નહીં. મારી પાસે રિવૉલ્વર આવી ગઈ છે." મારી વાત સાંભળીને રોબર્ટ, જેક, પોલ અને હેસ્લિંગ ખુશ થઈ ગયા. બૂમાબૂમ કરતાં અને ચિચિયારીઓ પાડતાં જંગલીઓ અચાનક શાંત થઈ ગયા. સાવ શાંત થઈ માથાં નમાવીને એ લોકો ઊભા રહી ગયા. પેલી ભૂવા જેવી લાગતી વિચિત્ર પોશાક પહેરેલી સ્ત્રી મંદિરમાંથી બહાર આવી રહી હતી. મંદિરની બાજુમાં આવેલા પથ્થરના આસન પર એ બેઠી. પછી કંઈક બબડીને પોતાની પાસેની લાકડી કે જેના પર માણસની ખોપરી જડેલી હતી એ ઊંચી કરી. એ સાથે જ નગારા તેમજ ઢોલના કાન ફાડી નાખે તેવા અવાજો શરૂ થયા. લગભગ ૨૦૦ જેટલા જંગલીઓએ હાથમાં ભાલા લઈને અમારી આજુબાજુ કુંડાળું કરીને નાચવાનું શરૂ કર્યું. એમાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકો પણ હતાં. અમે લોકો કુંડાળાની વચ્ચોવચ્ચ દયામણા થઈને બંધાયેલી હાલતમાં ઊભા હતા.

મેં ધીમે ધીમે મારા હાથ દોરડામાંથી ઢીલા કર્યા. પછી ખિસ્સામાંથી રિવૉલ્વર કાઢી. પછી મારા હાથ જાણે પાછળ બાંધેલા જ હોય તેમ હું ઊભો રહ્યો. અમારા ચહેરા પર પ્રકાશ પડતો હતો પણ પીઠની તરફ અંધારું હોવાથી મારા હાથનું ધીમું હલનચલન જલદી પકડાય તેમ નહોતું.

ખબર નહીં શું ઝનૂન ચડ્યું હશે પણ એક જંગલી અચાનક હાથમાં ભાલો સીધો તાકીને પોલની તરફ ધસી ગયો. રોબર્ટ અને હેસ્લિંગ બૂમો પાડવા માંડ્યા. જેક સ્તબ્ધ થઈ ગયો. મેં રિવૉલ્વર પેલા જંગલી તરફ તાકીને ટ્રીગર પર આંગળી મૂકી.

"ધડામ્ !" એક જોરદાર ધડાકો થયો અને પોલ તરફ ધસી ગયેલો પેલો જંગલી ઢળી પડ્યો. નાચ-ગાન તરત બંધ થઈ ગયાં. નગારા શાંત થઈ ગયાં. બેચાર ક્ષણ નિરવ શાંતિ છવાઈ ગઈ. ફક્ત પગમાં ગોળી વાગવાથી ઢળી પડેલાં પેલા જંગલીના ઉંહકારા સંભળાતા હતા. મને નવાઈ લાગી. મેં તો ગોળી નહોતી છોડી ! તો પછી એ જંગલીને ગોળી કોણે મારી ? મને [illegible] પેલી ચિઠ્ઠીમાં નામ લખેલ હતું એ માઈકલ નામની વ્યક્તિનું આ [illegible] કોને ખબર ! પણ પોલ માટે તો એ ક્ષણ જિંદગી દેનારી બની ગઈ.

[illegible]માં સન્નાટો છવાઈ ગયો. જંગલીઓ માટે આ સાવ નવું હતું.

કદાચ ક્યારેય આવું નહીં થયું હોય. એ બધાં સ્તબ્ધ થઈ ગયાં. ત્યાં જ એક જંગલીની નજર મારા પર પડી. હું હજુ સુધી રિવૉલ્વરવાળો હાથ લાંબો કરી ટ્રીગર પર આંગળી રાખીને ઊભો હતો.

"ઈન્ગોઝી ! ઈન્ગોઝી ! (ભય, ભય !)" એણે ચિચિયારી પાડી. એની બૂમો સાંભળી બધાનું ધ્યાન મારા તરફ ખેંચાયું. પેલી ભૂવા જેવી દેખાતી સ્ત્રી મારા સામે આંગળી લાંબી કરી કંઈક જોરથી બોલી. એ શું બોલી એ મને ન સમજાયું. આમેય ઝુલુ ભાષાના થોડા શબ્દો જ મને આવડતા હતા. કંઈક જોરજોરથી બબડી એણે આકાશ સામે જોયું. પછી હાડ ધ્રુજાવી દે તેવી ચીસ પાડી. એ સાથે જ બધા જંગલીઓના ભાલા મારી સામે તકાઈ ગયા. નગારાં ફરીથી ભયંકર અવાજથી વાગવા માંડ્યાં. પહેલાં અમારા પાંચેયની આસપાસ નાચી રહેલા જંગલીઓ હવે ફક્ત મારી આસપાસ જ કુંડાળું વળી ગયા હતા. એકાદ ક્ષણ માટે મને ગોળી છોડવાનો વિચાર આવી ગયો. પણ પેલી રિવૉલ્વરમાં કેટલી ગોળીઓ હતી તેની મને ખબર નહોતી. આટલા બધા જંગલીઓ સામે એ ચાર-પાંચ કે વધીને છ ગોળીઓનો કોઈ જ ફાયદો પણ નહોતો.

નાચતાં નાચતાં જંગલીઓ મારી ખૂબ જ નજીક આવી ગયા હતા. પેલી સ્ત્રી પણ આ વખતે નીચે ઊતરી જંગલીઓ પાછળ આવીને જોરજોરથી કંઈક બરાડતી હતી. મને થયું કે જો કંઈ જ નહીં કરું તો બે ક્ષણમાં જ આ લોકો મારો અંત લાવી દેશે. અચાનક મને વિચાર આવ્યો કે હવામાં ગોળીબાર કર્યો હોય તો ? મેં હાથ ઊંચો કર્યો. પછી ટ્રીગર પર આંગળી દબાવી. એક ધડાકા સાથે ગોળી છૂટી. નગારું વાગતું બંધ થઈ ગયું. જંગલી પાંચ-દસ પગલાં પાછા હટી ગયા. બરાબર એ જ સમયે મારા માથાની બરાબર ઉપર એક મોટો તારો ખર્યો. થોડી વાર આજુબાજુનો આખો જ વિસ્તાર ભૂરા સફેદ રંગથી ઝળાંહળાં થઈ ગયો. મારો હાથ ઊંચો થવો, ગોળી છૂટવી, તારો ખરવો અને ખૂબ પ્રકાશ થવો આ ચારેય ઘટનાઓ લગભગ એક સાથે જ બની.

જંગલીઓ અને પેલી સ્ત્રી હક્કા-બક્કા બની ગયાં. થોડી વાર સાવ શાંતિ છવાઈ ગઈ. અમારાં હૃદય હવે શું થશે એની આશંકાથી જોરજોરથી ધડકતાં હતાં. પેલી ભૂવા જેવી દેખાતી સ્ત્રી દોડતી મારી સામે આવી. હું કંઈ સમજી શકું એ પહેલા તો એ મારી સામે જમીન પર સૂઈને મને પ્રણામ કરવા લાગી. સાક્ષાત દંડવત્ પ્રણામ ! એનું જોઈ બીજા જંગલીઓ પણ નીચે પડી અમને સૌને પ્રણામ કરવા લાગ્યા. બે ક્ષણમાં જ આખું દશ્ય પલટાઈ ગયું. અમારા માટે તો આ એક અદ્ભુત ચમત્કાર જ હતો.

❑

માઇકલ સાથે મુલાકાત

જંગલીઓએ અમારા સૌના હાથ છોડી નાખ્યા. બંધનમાંથી છોડ્યા પછી એ લોકો અમને નગારું વગાડતાં વગાડતાં વાજતે-ગાજતે ખભે ઉપાડીને તળેટીમાં લાવ્યા. ગામથી થોડે દૂર એક વિશાળ ઝૂંપડીમાં અમને ઉતારો આપ્યો. તાજાં ફળો આપ્યાં. ઝૂંપડીમાં રાખેલી રૂ જેવા પદાર્થમાંથી બનાવેલ પથારીઓ ઘર છોડ્યા પછી છેક આજે જોવા મળી હતી. અમને માનભેર આ ઝૂંપડીમાં લઈ આવ્યા પછી અમને નમન કરીને જંગલીઓ વિદાય થયા. લગભગ ૨૪ કલાક પછી અમે પાંચેય એકબીજાને બરાબર મળતા હતા.

"હેય ડીક ! આખો અનુભવ કેવો રહ્યો ?" રોબર્ટે પોતાના મોં પરના સોજાને પંપાળતાં પૂછ્યું.

"વખાણવા જેવો કે યાદ રાખવા જેવો તો નહીં જ !" મેં જવાબ આપ્યો.

અમે બધા મુક્ત મને હસી પડ્યા.

"ટક...ટક...ટક... !" બારણું ખખડવાનો અવાજ આવ્યો. એક ક્ષણ પૂરતું અમારાં સૌનું હૃદય ધબકારો ચૂકી ગયું. જેકે બારણું ખોલ્યું. જોયું તો બે-ત્રણ જંગલીઓ માથું નમાવીને ઊભા હતા. એ લોકો અમારો સામાન લઈને આવ્યા હતા. બધો જ સામાન સહીસલામત હતો. બસ, અમારો પાડો નહોતો દેખાતો. અમને એની ચિંતા પણ નહોતી. સામાન મૂકી માથું ઝુકાવીને એ લોકો ગયા.

"હેં ડીક ! આ લોકોએ આપણને અચાનક છોડી કેમ દીધા ? હવે આપણને આમ ખૂબ માન કેમ આપે છે ?" પોલને અમે સૌ સહીસલામત છૂટી ગયા છીએ એ વાત હજુ માન્યામાં નહોતી આવતી. પોલને જ શું કામ, અમને કોઈને પણ માન્યામાં નહોતી આવતી. બધાને આ સવાલ થતો જ હતો.

"ખબર નહીં, પોલ ! પરંતુ મેં હાથ ઊંચો કર્યો અને આકાશમાંથી મોટો તારો ખર્યો. એ બંને એક સાથે બન્યું એટલે પણ હોય કદાચ." મેં જવાબ આપ્યો.

"મારા બાપુજી કહેતા હતા કે કોઈ હાથ ઊંચો કરે અને આકાશમાં ખૂબ પ્રકાશ થઈ જાય તેને ઝુલુ લોકો દૈવી ઘટના ગણે છે. અને એ પછી એ લોકો એની પૂજા કરે છે." રોબર્ટ બોલ્યો, "પણ ડીક ! તારી પાસે રિવૉલ્વર ક્યાંથી આવી ?"

મેં બધાને મારી પાસે રિવૉલ્વર કેવી રીતે આવી તે ટૂંકમાં જણાવી દીધું. પછી આ માઈકલ કોણ હશે એની પણ બધાએ ચર્ચા કરી. ઘણું મગજ લડાવવા છતાં કંઈ જ ઉત્તર ન મળ્યો.

"જે હોય તે ! આપણે સૌ છૂટી ગયા એ જ સૌથી મહત્ત્વનું છે. મને તો એમ થતું હતું કે હવે પછી આપણો વહાલો ટાપુ ઝીંઝુડાક ક્યારેય જોવા નહીં મળે. અને મારા ધૂનીકાકા પણ આ વખતે તો મારા માટે રડશે !" હેસ્લિંગ બોલી ઊઠ્યો.

તાજાં ફળો અને બાફેલું ધાન ખાતાં ખાતાં અમે વાતો કરી રહ્યા હતા. એ વખતે પોલના ખિસ્સા ઘડિયાળમાં રાતના બાર વાગી ચૂક્યા હતા. લગભગ ત્રીસેક કલાક પછી પેટ ભરીને ખાધું અને મનમાં પણ ઘણી શાંતિ થઈ ગઈ હતી એટલે બધાની આંખો ઘેરાવા માંડી હતી. બીજા દિવસનું આયોજન મનમાં ને મનમાં ગોઠવતાં મારી આંખ ક્યારે મળી ગઈ તેનો ખ્યાલ જ ન રહ્યો.

* * *

"ઠક્... ! ઠક્... ! ઠક્... !" કોઈ બહારથી સાવચતીપૂર્વક બારણું ખખડાવતું હોય તેવો અવાજ આવ્યો. ખખડાવનારે કદાચ ખાસ્સી વાર ઊભું રહેવું પડ્યું હશે કારણ કે એના ટકોરા મારવાના અવાજમાં એક અધીરાઈ વરતાઈ આવતી હતી. અમે બધા એવી ગાઢ ઊંઘમાં હતા કે અવાજ કોઈને કાને જ નહીં પડ્યો હોય.

હું ઊભો થયો. બારણું ખોલવા જતો હતો ત્યાં ફરીથી મને માકા યાદ આવી ગયો. એના બિહામણા પીળા અને ગંદા દાંત યાદ આવતાં જ હું ધ્રૂજી ગયો. બારણું એમ જ ખોલી નાખવાને બદલે બારણાની પાસે જઈને મેં પૂછ્યું, "કોણ છે ? કોણ બારણું ખખડાવે છે તે કહેશો જરા ?"

બહારથી કંઈ પણ અવાજ ન આવ્યો. સાવ ચૂપકીદી છવાઈ ગઈ. મારો અવાજ ધીમો હતો તેમ છતાં રોબર્ટ અને હેસ્લિંગ જાગીને મારી બાજુમાં આવીને ઊભા રહી ગયા હતા. થોડી વાર સુધી કોઈએ જવાબ ન આપ્યો

એટલે મેં પહેલાં કરતાં વધારે ઊંચા અવાજે પૂછ્યું, "કોણ છે બહાર ? કોણે બારણું ખખડાવ્યું ?"

"માઈકલ !" એકદમ ધીમો અવાજ બારણાની પેલી તરફથી આવ્યો. અમારું હૃદય જોરથી ધડકી ઊઠ્યું. આ માઈકલના કારણે જ પોલ જંગલી લોકોના હાથમાંથી બચી શક્યો હતો. ઉપરાંત મારી હિંમત એના હોવાના કારણે જ સચવાઈ રહી હતી. મેં સાવચેતીપૂર્વક હળવેથી બારણું ખોલ્યું. સામે ઊંચો, પડછંદ અને જાદુગર જેવી ઊંચી હેટ પહેરેલો એક માણસ ઊભો હતો.

"અંદર આવું ?" એ વ્યક્તિએ કહ્યું. હવેથી આપણે તેને માઈકલકાકા તરીકે જ ઓળખશું.

"ઓહ ! જરૂર ! આવો, આવો !" અમે બધા હજુ બારણાની વચ્ચો-વચ્ચ જ ઊભા હતા. માઈકલકાકાએ અંદર પગ મૂક્યો. ત્યાં જ અમારું સૌનું ધ્યાન એમની પાછળ ઊભેલા એક જંગલી પર ગયું. અમારા બધાનાં મોંમાંથી ચીસ નીકળી ગઈ એમ જ કહી શકાય કે અમે રીતસર બૂમો જ પાડી ઊઠ્યા.

"શ..સ્...સ્...સ્... ! !" માઈકલકાકાએ નાક પર આંગળી મૂકી અમને ચૂપ રહેવા ઈશારો કર્યો, "ચૂપ, ચૂપ, અરે ડીક ! ભૂલી ગયો ? ધ્યાનથી જો તો ખરો ! આ માણસ એ જ છે જે તને બંદૂક આપી ગયો હતો. કેમ, યાદ આવ્યું ?"

મેં ધ્યાનથી જોયું. ખરેખર એ હબસી એ જ હતો જેણે મને રિવૉલ્વર પહોંચાડેલી અને મને જે માણસ રહસ્યમય લાગ્યો હતો. રાતના અંધારામાં એ બરાબર ઓળખાયો નહોતો. મને માકાથી એણે જ બચાવેલો. અમે એને પણ અંદર લઈ લીધો.

અંદર આવીને માઈકલકાકા બોલ્યા, "જુઓ છોકરાઓ ! તમે ચિઠ્ઠીમાંથી મારું નામ તો જાણી લીધું જ છે. હું પોતે જ માઈકલ ! પરંતુ તમે કોઈ મારા વિશે બીજું કંઈ જાણતા નથી. હું તમારી પાછળ આવીને તમને શું કામ મદદ કરું છું તે સવાલ તમારા દરેકનાં મનમાં ઊઠતો હશે. વળી આ જંગલીને હું શું કામ મારી સાથે લાવ્યો છું એની પણ તમને નવાઈ લાગતી હશે, ખરુંને ? !"

અમે બધાએ માથું હલાવીને હા પાડી.

"હું બધી વાત કરું તે પહેલાં તમે સૌ તમારો પરિચય આપી દો."

"હું ડીક, મારા પિતાજી મિ. ક્રોમવેલ, તેમજ આ રોબર્ટ જેના પિતાજી મિ. આર્થર, એ બંનેનું અપહરણ થયું છે. આ હેસ્લિંગ, આ જેક અમારા મિત્રો છે અને સામે ઊંઘી રહ્યો છે તેનું નામ છે પોલ. એ પોલ મારા પિતાના

મિત્ર મિ. પર્સિવલનો દીકરો છે." ઊંઘતા પોલ તરફ આંગળી ચીંધી મેં ટૂંકમાં જ અમારો પરિચય આપી દીધો.

માઈકલકાકા બે ક્ષણ ચૂપ રહ્યા, પછી બોલ્યા, "તો સાંભળો ! હું બીરા બંદર પર રહું છું. ત્યાં મારું આલિશાન ઘર છે. ૧૯મી માર્ચના દિવસે તમે લોકોએ નકશા મુજબ આગળ વધવાનું શરૂ કર્યું, બરાબર ? બરાબર એ જ દિવસે સવારે હું મારા એક નોકર સાથે ખાસ કારણસર ઝીંઝુડાક ગયેલો. મિસ્ટર પર્સિવલ માંદા છે એવા ખબર મળતાં જ અમે એમની ખબર કાઢવા ગયેલા. હું અને મિ. પર્સિવલ વરસો સુધી ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં જોડે કામ કરતા. મારા ભૂતકાળના ખૂબ જ ખરાબ દિવસો દરમિયાન એમણે મને ખૂબ જ મદદ કરી હતી. હું મળવા ગયો ત્યારે પોતાને ટાઈફૉઈડ થવાથી કઈ રીતે પાછા ફરવું પડ્યું એ મને એમણે જણાવ્યું. પછી તમારી પાછળ આવી તમને મદદ કરવાનું મને કહ્યું. એમના કહેવાથી જ હું તમારી પાછળ આવ્યો છું. હું લગભગ ૧૯મીની રાત સુધીમાં જ તમારી સાથે થઈ જાત. તમે લોકોએ જે કેડી સાફ કરેલી અને નિશાનીઓ છોડેલી એ ઉપરથી તમારી પાછળ એ જ દિવસે આવવું ખૂબ જ આસાન હતું. પણ કમનસીબે મારો પાડો માંદો પડી ગયો. અને એટલું જાણે ઓછું હોય તેમ એ જ રાત્રે દીપડાએ એને ફાડી ખાધો."

"પણ માઈકલકાકા ! તમે તાપણું નહોતું સળગાવ્યું ! જંગલમાં રાત્રે તાપણું સળગાવવું અનિવાર્ય હોય છે." હેસ્લિંગ બોલી ઊઠ્યો.

"સળગાવેલુંને બેટા ! જંગલમાં તાપણા વગર થોડું સૂઈ શકાય ?"

"તોપણ દીપડાએ પાડાનો શિકાર કરી નાખ્યો ? પાડાને અમારા લોકોની જેમ તાપણાની બહાર બાંધેલો ?" હેસ્લિંગનું આશ્ચર્ય વધતું જતું હતું. અમે જે રીતે શાપિત આત્માઓની લ્હાયમાં અમારા બે પાડા ગુમાવેલા એ એને યાદ આવી ગયું હતું.

"ના બેટા ! પાડાને પણ તાપણાની અંદર જ બાંધેલો. પરંતુ સવારથી બીરા બંદરથી ઝીંઝુડાક અને ત્યાંથી પાછા બીરા બંદર જલદી આવવાની દોડાદોડીમાં થોડોક થાક તો લાગ્યો જ હતો. ત્યાર પછી ઝડપથી બધી તૈયારી કરીને તમારી પાછળ ભાગ્યો. પાડો મેળવતાં પણ નાકે દમ આવી ગયેલો. પાડો સરસ અને પાણીદાર મળેલો. અમે લગભગ દોડતા જ હતા. પણ તમારાથી થોડાક માઈલ જ દૂર હઈશું ત્યાં જ પાડાની ખરીમાં એક અણીદાર લાકડું ખૂંપી ગયું. એ વખતે આમેય સાંજ પડવા જ આવી હતી. માંદા પાડાને ધીરે ધીરે ચલાવી જંગલમાં અંધારું થઈ ગયા પછી મુસાફરી કરવી એ

જોખમને આમંત્રણ આપવા જેવું મને લાગ્યું. એટલે પાડાને તાપણાની અંદર બાંધી, તાપણામાં ખૂબ બધાં લાકડાં નાખીને જરાક આડો પડ્યો ત્યાં જ મારી આંખ મળી ગઈ અને હું ગાઢ ઊંઘમાં સરી પડ્યો. પછી તો તાપણું ક્યારે ઠરી ગયું એનો પણ મને ખ્યાલ ન રહ્યો. એ તો સારું થયું કે દીપડો એકલો હતો અને એને પાડાનો શિકાર મળી ગયો, નહીંતર સૌથી પહેલા એ મારો જ શિકાર કરી નાખત. જંગલમાં ક્યારેય આ રીતે સૂઈ ન જવાય !"

"હમ્... હમ્... હમ્... !" હવે હેર્સિંગને બધું સમજાયું.

"પછી શું થયું માઈકલકાકા ?" મેં પૂછ્યું.

"પછી તો સવારો-સવાર હું જાગતો જ બેસી રહ્યો. દીપડો પાડાને ઢસડીને દૂર લઈ ગયેલો પણ મને ત્યાર પછી ઊંઘ ન આવી. સવાર પડતાં જ તમારી નિશાનીઓ જોઈ મેં પગપાળા ચાલવાનું શરૂ કર્યું. એમ કહોને કે દોડવાનું જ શરૂ કર્યું. પણ તમારા લોકોની ઝડપ ખૂબ વધારે હશે. કારણ કે સાંજ પડવાં છતાં હું તમને પકડી ન શક્યો. એ રાત મેં તાપણું સળગાવીને લગભગ જાગતાં જ પસાર કરી. સવારે લગભગ નવેક વાગ્યાના સુમારે તમારા લોકોનો તંબુ જ્યાં ખોડેલો તે ઘાસના મેદાનમાં હું પહોંચ્યો. ત્યાં પહોંચીને જોયું તો બિસ્કિટના ડબ્બા અને કેટલોક સામાન વેરવિખેર પડ્યો હતો. પણ બીજો કોઈ જ સામાન દેખાતો નહોતો. તંબુ સાવ ખાલી હતો. મેં તંબુ સમેટી લીધો. આજુબાજુ ક્યાંય લોહીના છાંટા કે ડાઘા નહોતા એટલે કોઈ જંગલી પ્રાણીનું આ કામ હશે તેવું માનવાને કોઈ જ કારણ નહોતું. એ જ વખતે મારું ધ્યાન કોઈના ઘસડાવાના નિશાનો પર ગયું. એ નિશાનો આ ગામ તરફ આવતાં હતાં. બસ, એ જ ક્ષણે મને ધ્રાસ્કો પડ્યો. મેં ધારી લીધું કે આ ગામના માણસોએ જ તમને પકડી લીધા હશે. પણ જો કંઈક આડું-અવળું થયું હશે તો ? મારી ચિંતાનો કોઈ પાર ન રહ્યો. હું જાણતો હતો કે આ ગામના જંગલીઓ ક્યારેક માનવબલિ ચડાવે છે. મને થયું કે જો એવું કંઈ બન્યું હશે તો હું મારા પરમ મિત્ર મિસ્ટર પર્સિવલને શું મોં બતાવીશ ?" એટલું કહી માઈકલકાકા પાણી પીવા રોકાયા.

"હે ! શું થયું મિસ્ટર પર્સિવલને ? એટલે કે મારા બાપુજીને શું થયું ?" પર્સિવલકાકાનું નામ કાને પડતાં જ આ બધો વખત ઊંઘી રહેલો પોલ બેબાકળો થઈને ઊઠી ગયો. લાલ લાલ આંખો ચોળતાં એ બોલ્યો, "શું થયું હેં ? ગુજરી ગયા ? એમને ટાઈફોઈડ ન મટ્યોને ? અરે ભગવાન ! ઓ મારા વહાલા પિતાજી !" અર્ધી ઊંઘમાંથી ઊઠેલા પોલે કંઈ પણ સમજ્યા વિના રીતસર ભેંકડો જ તાણ્યો. અમે બધા બે ક્ષણ તો મૂંઝાઈ ગયા. પછી બધાને

જોરદારનું હસવું આવી ગયું. પોલ અર્ધી ઊંઘમાં સાવ ઊંધું જ સમજેલો.

"નહીં નહીં પોલ ! તારા પિતાજી પર્સિવલકાકાને સારું જ છે. એમને ટાઈફોઈડ પણ હવે મટી જ ગયો હશે. આ તો માઈકલકાકાને તારા પિતાજીએ મોકલ્યા છે. એ આપણને બધી વાત કરી રહ્યા છે." આટલું કહી રોબર્ટે પોલને બધી વાત સંભળાવી. હવે તો પોલને પણ હસવું આવ્યું. બધા હસી રહ્યા પછી માઈકલકાકાએ વાત આગળ ચલાવી.

"હા ! તો દીકરાઓ ! આ માણસખાઉ અને નરબલિ ચડાવતા જંગલીઓના ગામ ભણી તમારી નિશાનીઓ જતી જોઈ મારા તો મોતિયા જ મરી ગયા. હું ગામની નજીક તો પહોંચ્યો પછી ઝાડીમાં છુપાઈને બેઠો અને વિચારવા લાગ્યો કે આ ગામમાં ઘૂસવું કઈ રીતે ?"

"કાકા ! ગામ માણસખાઉ જંગલીઓનું જ છે તેવી ખબર શેના પરથી પડે ?" પોલે પૂછ્યું.

"આપણને ખાઈ જાય તેના પરથી ! !" માઈકલકાકા જવાબ આપે તે પહેલાં જ જેકે રમૂજ કરી. અમે બધા ફરી એક વાર જોરથી હસી પડ્યા.

"ગામની બહારના દરવાજા પર માણસખાઉ જંગલીઓ માણસની ખોપરીની માળાઓ લટકાડી રાખતા હોય છે. એ પરથી ખ્યાલ આવી જાય કે આ ગામ માણસખાઉ જંગલીઓનું છે." માઈકલકાકાએ જવાબ આપ્યો. પછી વાતને આગળ વધારી, "ગામમાં કઈ રીતે ઘૂસવું એ મારા માટે પ્રશ્ન જ હતો. કારણ કે જો એમ જ ઘૂસું તો નક્કી મારે આ લોકો સાથે લડાઈમાં ઊતરવું પડે. મારી પાસે રાઈફલ તો છે, પણ ઉતાવળમાં ગોળીઓ આઠ જ લીધી છે. એટલી ગોળીઓથી જંગલીઓના ગામ સાથે બાથ ભીડવી અશક્ય કામ છે. ઉપરાંત આ લોકો પોતાના બેચાર સાથીઓ મરી જાય તો ભાગી નથી જતાં, પણ લડત આપવાનું ચાલુ રાખે છે. એટલે એવું જોખમ તો ખેડાય જ નહીં. હું છેક ગામના દરવાજાની બાજુની ઝાડી સુધી પહોંચીને વિચારતો બેઠો હતો ત્યાં જ મેં આ માતાદીને આવતો જોયો." એટલું કહીને માઈકલકાકાએ એમની જોડે આવેલા જંગલી તરફ ઈશારો કર્યો.

અમે બધાએ પેલા જંગલી સામે જોયું. અમે એની સામે જોઈને હસ્યા એટલે એ પણ હસ્યો અને અમારી સામે ઝૂકીને પછી બોલ્યો, "સાવુબોના ! સાવુબોના !" આ શબ્દ અમારા માટે નવો હતો. અમને સમજણ પડી નહીં એટલે અમે માઈકલકાકા સામે જોયું. અમારી મૂંઝવણ સમજી ગયા હોય તેમ માઈકલકાકા બોલ્યા, "ઓહો ! તમે કોઈ આ શબ્દ – સાવુબોના – નહીં સમજ્યા હો, બરોબરને ?"

અમે સૌએ માથું હલાવીને હા પાડી.

"એ એવું કહે છે કે 'નમસ્કાર, હેલો !' સાવુબોના એટલે નમસ્કાર, સમજ્યા ?"

અમે સૌ તરત જ ઝૂકીને બોલી ઊઠ્યા, "સાવુબોના, સાવુબોના !"

સાંભળીને માતાદી એકદમ ખુશ થઈ ગયો. મશાલના પ્રકાશમાં એના સફેદ દાંત ચમકી ઊઠ્યા.

"માઈકલકાકા, પણ તમે આ માતાદીને કઈ રીતે ઓળખો ?" મારાથી પુછાઈ ગયું.

"ડીક ! માતાદી એકલો જ એના ગામમાં થોડોક જુદો છે. એ અવારનવાર બીરા બંદરના ધક્કા પર નાનું-મોટું કામ ગોતતો આવી પહોંચે છે. સિગારેટનો એ એવો તો બંધાણી થઈ ગયો છે કે હવે તો એને વારંવાર બીરા બંદરે આવવું જ પડે છે. મને બે વરસ પહેલાં એ મળ્યો ત્યારે એને કંઈક ચોરતાં, પોલીસે પકડેલો. હા, સિગારેટના પેકેટ્સ ચોરતાં જ એ પકડાયેલો. પોલીસવાળા એને નિર્દયતાથી મારતા હતા. મને ખૂબ જ દયા આવી એટલે મેં એને પોલીસના પંજામાંથી છોડાવેલો. પોલીસને દંડ પેટે ભરવાના થતા પૈસા પણ મેં જ ચૂકવેલા. પરંતુ એ ઉપકાર માતાદી આજે પણ નથી ભૂલ્યો. કારણ કે એને ખબર છે કે એક વખત જેલની કોટડીમાં ગયા પછી ઘણી વખત જિંદગીભર આ લોકો છોડતા નથી. એ પછી તો અવારનવાર એ મને બીરા બંદર પર મળતો. હું એને કામ અપાવતો, ઉપરાંત સિગારેટ, લાઈટર, બૂટ વગેરે પણ આપતો. પછી તો મારું પોતાનું કામ કરવા માટે મારા ઘરે પણ એ આવતો. મારું નાનું-મોટું કામ કરવા એ હંમેશા તૈયાર રહેતો. આ વખતે પણ માતાદીને જોઈ હું ખુશ થઈ ગયો."

માઈકલકાકા આગળ કંઈ પણ બોલે તે પહેલાં ઝૂંપડીનું બારણું ખખડ્યું. અમે સૌ શાંત થઈ ગયા. અમારી આ વિશાળ ઝૂંપડી ગામથી ઘણી દૂર હતી. હવે કોણ હોઈ શકે ? માઈકલકાકા સહિત અમે સૌ થડકી ગયા હતા. કંઈ વિચારીએ પહેલાં તો બારણાને જોરજોરથી કોઈ હલાવતું હોય તેવું લાગ્યું. પેલો માતાદી તો કૂદકો મારી પથારી પાછળના ઘાસમાં છુપાઈ ગયો. માઈકલકાકાએ બંદૂક હાથમાં લીધી. નાળચું બરાબર દરવાજા સામે તાકીને એ ઊભા રહ્યા. જેક, પોલ, રોબર્ટ અને હેસ્લિંગ થોડાક બાજુમાં ઊભા રહી ગયા. મનમાં એક ધ્રાસ્કા સાથે મેં બારણું ખોલ્યું, પછી ઝડપથી હું પાછો હટી ગયો. બહારથી કોઈએ બારણાને ધક્કો માર્યો. બારણું ખૂલી ગયું. અમારી ઝૂંપડીમાં સળગતી મશાલનો પ્રકાશ ખુલ્લા બારણામાંથી બહાર પડ્યો.

એ સાથે જ "ફૂ...ઉ...સૂ...સૂ... !" કરતાં સૌ હસી પડ્યા. બહાર અમારો પાડો ઊભો હતો. ગંધના માધ્યમથી સંદેશવાહક તરીકે પણ કામ કરી ચૂકેલો એ પાડો અમારી ગંધથી છેક ઝૂંપડી સુધી આવી લાગ્યો હતો. અમે બધા મળી ગયા એટલે આગલી રાત્રે જંગલીઓએ પાડા પર ધ્યાન નહીં આપ્યું હોય. સવાર પડતાં જ દોરડું છોડાવીને એ આ તરફ ચાલતો થયો હતો. અમે ખુશ થઈને એને પણ ઝૂંપડીની અંદર લઈ લીધો. પોલ તો એની પીઠ પર બેસી ગયો. થોડી વાર પછી પાડાની પીઠ પર લાંબા થઈને એણે કહ્યું, "પછી શું થયું માઈકલકાકા, આગળ કહોને !"

પોલને પાડા પર લાંબો થઈને સૂતેલો જોઈ જેક પેટ પકડીને હસતો હતો. અમે પણ આ દૃશ્ય અને જેકના હસવાનું દૃશ્ય જોઈને ખૂબ હસ્યા. થોડી વાર પછી માઈકલકાકાએ વાત આગળ વધારી.

"પછી ડીકરા ! મેં બોલાવ્યો એટલે માતાદી મારી પાસે આવ્યો તો ખરો પણ આખી વાત સાંભળીને ખંચાયો. મેં તો એને એવું જ કહેલું કે તમને સૌને છોડી મૂકે, પણ એમાં એની જિંદગીનું જોખમ હતું. ઘણું સમજાવ્યો પણ એ એમ કરવા કોઈ વાતે રાજી થયો જ નહીં. મેં એની પેલી પોલીસવાળી વાત પણ યાદ દેવડાવી, છતાં એ ન માન્યો. ઝુલુ લોકોના કાયદા કેવા કડક હોય છે એ વાત એ બરાબર જાણતો હશે એટલે એકનો બે ન જ થયો. પરંતુ એક વાત એણે સ્વીકારી કે રાત્રિ ઉત્સવ શરૂ થાય અને તમને સૌને ટેકરી પર ન્કુલુન્કુલુ દેવના મંદિર સુધી લઈ જવામાં આવે ત્યાં સુધી એ તમારું રક્ષણ કરશે. ઉપરાંત તમારા સુધી રિવૉલ્વર પહોંચાડી આપવા પણ એ તૈયાર થયો. ડીક ! યાદ છે ને તને માકાના બટકામાંથી આણે બચાવેલો તે ?"

"અરે માઈકલકાકા ! હું એ પ્રસંગ આખી જિંદગી નહીં ભૂલી શકું." મારાથી બોલાઈ ગયું. અનાયાસે જ મારો હાથ મારા જમણા ગાલ પર પહોંચી ગયો. માકાના પીળા, અણીદાર અને માનવભક્ષી દાંત મને યાદ આવી ગયા.

"અરે ડીક ! હવે એ ભૂલી જા !" જેક બોલ્યો, "હાં તો કાકા ! પછી આગળ કહો."

"તમારું ખાવાનું પણ માતાદી જ પહોંચાડતો હતો. પ્રાણીના માંસમાંથી બનાવેલી વાનગી જ એ પહોંચાડતો હતો, પણ તમને કોઈને વિશ્વાસ નહીં આવ્યો હોય એટલે તમે સૌએ અનાજના બાફેલા દાણા સિવાય બીજું કંઈ પણ ખાધું નહોતું."

માઈકલકાકાની વાત સાચી હતી. માંસના ટુકડાઓ કોઈ માણસના શરીરના હશે તો એમ માનીને મેં નહોતા જ ખાધા. પોલ, જેક, રોબર્ટ તેમજ

હેસ્લિંગે પણ એમ જ કરેલું. જુવારના દાણા જેવું દેખાતું બાફેલું ધાન જ અમે સૌએ ખાધેલું.

"માઈકલકાકા ! તમે તો બીરા બંદર પર રહો છો. માતાદી તમને ક્યારેક મળે છે તે પણ બરાબર. પરંતુ તમને આ ઝુલુ લોકોની ભાષા એટલામાં તો ન જ આવડી જાયને ? તમે એ ભાષા બીજી કોઈ જગ્યાએ શીખ્યા છો ?" હેસ્લિંગે સવાલ પૂછ્યો. અમને પણ એના સવાલમાં રસ પડ્યો. હેસ્લિંગના ધૂની કાકાએ ઓસડિયાં ઘૂંટાવવા ઉપરાંત એને કદાચ બુદ્ધિ વધારવાનાં ઓસડિયાં પણ પીવડાવ્યાં હોય તેવું અમને લાગ્યું ! પણ એ જે હોય તે ! અમને માઈકલકાકાનો જવાબ સાંભળવાની તાલાવેલી જાગી હતી.

"અરે હા ! એ વાત તો હું તમને સૌને કરવાનું જ ભૂલી ગયો !" માઈકલકાકા હસી પડ્યા. પછી બોલ્યા, "મૂળ વાત એમ છે કે બીરા બંદરના મારા ઘરે વરસોથી એક ઝુલુ નોકર રહે છે. નામ છે એનું અબાના. નાનો હતો ત્યારે એ બીરા બંદર પર ભટકતો ભટકતો આવી ચડેલો. એક વીશી પર કામે રહી ગયેલો. મને એકાદ બે વખત વીશી પર મળી ગયેલો એટલે હું એને ઓળખતો. પછી યુવાન થયા બાદ પોતાના ગામે ગયેલો પણ ગામના લોકોએ એ સુધરી ગયો હોવાથી એનો સ્વીકાર ન કર્યો. બસ પછી તો એના ગામમાં રહેતી એની ઘરડી માતાને લઈને એ પાછો બીરા બંદર આવી ગયેલો. મારી મુલાકાત એની સાથે ત્યાં જ થયેલી. આટલાં વરસોથી બીરા બંદર પર રહેવાથી એ આપણી ભાષા બરાબર બોલી શકે છે. મને મળેલો ત્યારે ખૂબ જ માંદો હતો. એની રડતી માને જોઈ મને દયા આવી ગયેલી. હું એને મારી સાથે મારા ઘરે લઈ આવેલો. ત્યાર પછી મેં એને મારા કાયમી નોકર તરીકે રાખી લીધો. મારા ઘરની બહારના નાના મકાનમાં એ અને એની ઘરડી મા રહે છે. એ બંનેએ મને ઝુલુ ભાષા બરાબર પાકી શીખવી દીધી છે. મને ઝુલુ ભાષા આવડતી હોવાથી ઝુલુ લોકો સાથેના વેપારમાં પણ ઘણી જ કામ લાગે છે. આ વખતે અબાનાને પણ મારી સાથે આવવું હતું, પણ એની માતા બીમાર હતી એટલે એ ન આવી શક્યો."

એટલું કહી માઈકલકાકાએ એમની વાંકી હોકલી સળગાવી. માતાદીએ સિગારેટ સળગાવીને ધુમાડાના ગોળ ગોળ ગોટા ફેંકવા માંડ્યા. ઝૂંપડીમાં બેચાર ક્ષણ પૂરતી ચૂપકીદી છવાઈ ગઈ.

મને મારા તેમજ રોબર્ટના બાપુજી યાદ આવી ગયા. કેમ હશે એ લોકો ? લૂંટારા જ્હોન હેરિંગે એમને કંઈ કર્યું તો નહીં હોય ને ? બંને સલામત તો હશે ને ? કઈ રીતે મુસાફરી કરતા હશે ? લૂંટારાઓ એમને મારતા હશે ?

આર્થરકાકા (રોબર્ટના બાપુ)ને તો ગોઠણની તકલીફ પણ હતી. તો એ કઈ રીતે આગળ વધતાં હશે ?

આવા ઘણા બધા અને ચિત્ર-વિચિત્ર સવાલો મારા મગજમાં રમી રહ્યા હતા. બસ એ જ વખતે ઝૂંપડીની બહારની દીવાલ પાસે કોઈ આવીને ઊભું રહી ગયું હોય તેવું લાગ્યું. અમે સૌ સાવ ચૂપ હતા એટલે બહારનો ખખડાટ તરત જ સૌના ધ્યાનમાં આવી ગયો. અમે એકબીજાની સામે જોવા લાગ્યા. થોડી વાર કંઈક વિચાર કરીને પછી માઈકલકાકાએ હોકલી ઠારી નાખી. એક હાથમાં મશાલ અને બીજા હાથમાં ભરેલી બંદૂક ઉઠાવીને તેમણે ઝૂંપડીનું બારણું ખોલ્યું. આજુબાજુ કોઈ ઝૂંપડીની પાછળની તરફ સાવચેતીપૂર્વક ગયા. ત્યાં કોઈ જ નહોતું. એમણે પૂરી ઝૂંપડીની ફરતે એક ચક્કર પણ મારી જોયું, પણ કોઈ ન દેખાયું. માઈકલકાકા પાછા ફરવા જતાં હતા ત્યાં જ થોડે દૂરથી કોઈ માણસના હસવાનો અવાજ આવ્યો. મશાલનું અજવાળું એ હસવાનો અવાજ આવતો તેટલાં અંતરે પહોંચે તેમ નહોતું. માઈકલકાકાએ મને સામાનમાંથી ટોર્ચ લઈ આવવા માટે કહ્યું. હું ઝડપથી ટોર્ચ લઈને પાછો આવ્યો. હજુ તો હું ટોર્ચ શરૂ કરું એ પહેલાં જ ફરીથી એક વખત એ જ દિશામાંથી કોઈ વિચિત્ર રીતે હસતું હોય તેવો હાડ ધ્રુજાવી દેતો અવાજ આવ્યો. અમે થથરી ગયા. અમે દૈવી મહેમાનો હોવાથી અમારી ચોકી કરવા માટે જંગલી લોકોને રાખવામાં આવ્યા નહોતા. તો પછી આમ કોણ હસતું હશે અને એ પણ આટલી રાત ગયે ?

મેં ટોર્ચનો શેરડો ફેંક્યો. સામે જે દૃશ્ય જોયું તેનાથી અમને દરેકને હસવું આવી ગયું. અમારાથી સોએક ફૂટ દૂર એક જરખ ઊભું હતું. એ જાણે કોઈ માણસ હસતું હોય તેવો અવાજ કરતું હતું. જરખ જંગલનો સફાઈ કામદાર કહેવાય છે. એ મરેલાં પ્રાણીનાં હાડકાં સુધ્ધાં ખાઈ જાય છે. આમ જોઈએ તો એ જંગલને ચોખ્ખું રાખે છે. એ પ્રાણી જાણે કે માણસ હસતું હોય એવો જ અવાજ કાઢી શકે છે. આજે પણ એ એમ જ અવાજ કરી રહ્યું હતું. જરખને જોઈ અમે હાશ કર્યું પછી ઝૂંપડીમાં પાછા આવીને બારણું ખૂબ સાચવીને બંધ કર્યું. જેક, પોલ અને હેસ્લિંગે થોડાંક ફળો છોલીને ખાવાનું શરૂ કર્યું.

ફરીથી હોકલી સળગાવી બેચાર કશ ખેંચીને માઈકલકાકાએ વાત આગળ ચલાવી, "હાં, તો દીકરાઓ, માતાદી જ્યારે ડીકને રિવૉલ્વર આપીને પાછો આવ્યો ત્યારે ખૂબ જ ગભરાયેલો હતો, કારણ કે એને ખાતરી હતી કે તમને સૌને ન્કુલુન્કુલુનો ભોગ બનતાં કોઈ કરતાં કોઈ જ નહીં અટકાવી

શકે. કારણ કે આજ સુધી ભોગ માટે પકડાયેલ એક પણ માણસ અહીંથી જીવતો ગયો નથી. એની ચિંતા જોઈ મને પણ ખૂબ જ ચિંતા થઈ આવેલી."

"પણ માઈકલકાકા ! તમે આજનો આખો દિવસ હતાં ક્યાં ? તમે ક્યાં છુપાયેલા ?" માઈકલકાકાએ બોલવાનું શરૂ કર્યું કે તરત જ પોલે પૂછ્યું. અમને સૌને પણ આ સવાલનો જવાબ સાંભળવાની ઈંતેજારી થઈ આવી.

"આ માતાદીના ઘરમાં !" માઈકલકાકા બોલ્યા, "માતાદી પોતાની જ્ઞાતિના બધા જ કાયદાઓનું બરાબર પાલન કરતો ન હોવાથી એને કોઈ છોકરી આપવા તૈયાર નથી થતું. ઉપરાંત માતાદીની માતા પિગ્મી કુળની છે એ પણ એના ગામના લોકોને કઠે છે. એના કારણે પણ એની જ્ઞાતિની કન્યા એને મળતી નથી. એટલે માતાદી અહીંયા હોય ત્યારે એકલો જ રહે છે. એટલે પોતાના ઝૂંપડામાં મને રાખવામાં માતાદીને કોઈ જ વાંધો નહોતો. બીજું એની ઝૂંપડી પણ હું જેમાં છુપાયો હતો એ ઝાડીની બિલકુલ બાજુમાં જ હતી. એના લીધે મારે ગામ વીંધીને નીકળવાનો સવાલ પણ પેદા નહોતો થતો. અત્યારે પણ અમે ગામની ફરતો આંટો મારીને ઝાડીઓમાં લપાતા-છુપાતા અહીં સુધી આવ્યા છીએ. કારણ કે આ ઝૂંપડી માતાદીના ઘરની સાવ જ વિરુદ્ધ દિશામાં છે."

અમને સૌ(સૌને) બધી જ વાત હવે બરાબર સમજાઈ ગઈ. માઈકલકાકાએ અમારા માટે ખેડેલ જોખમ માટે એમના તરફ અમારું માન ઘણું વધી ગયું. હું ઝૂંપડીમાં બંદી હતો ત્યારે માતાદી શું કામ વહાલથી અને લાગણીથી મારી સામે જોતો હતો એ પણ સમજાઈ ગયું. એણે મને માકાથી શું કામ બચાવેલો એ વાત પણ હવે બરાબર ગળે ઊતરી ગઈ. માતાદી મને રિવૉલ્વર આપી ગયો એ પછીની વાત તો અમે સૌ જાણતાં જ હતાં. માઈકલકાકાએ વાત પૂરી કરી એ પછી ઝૂંપડીમાં ચૂપકીદી છવાઈ ગઈ. રાતનો દોઢ વાગવા આવ્યો હતો.

વાતો સાંભળતાં સાંભળતાં હું અમારો સામાન તપાસી રહ્યો હતો. જંગલીઓએ અમારી દરેકે દરેક ચીજવસ્તુઓ પાછી આપી દીધી હતી. દૈવી માણસોની વસ્તુઓ પચાવી પાડવાથી ગામ પર ન્કુલુન્કુલુ દેવ તરફથી આફતો આવી પડે એવી માન્યતાને કારણે એ લોકોએ અમારી બધી જ ચીજો હતી તેવી જ પાછી સોંપી હતી.

"માઈકલકાકા ! હવે પછી શું કરવાનું છે ?" બધા શાંત થઈ ગયા હતા એટલે મેં પૂછી લીધું.

બે ક્ષણ પૂરતી આંખો મીંચીને માઈકલકાકા ઊંડા વિચારોમાં ખોવાઈ

ગયા. પછી માતાદી સામે જોઈ એમણે ઝુલુ ભાષામાં કંઈક વાતો કરી. થોડી વાર એમ જ વાતો કર્યા પછી અમારી તરફ ફરીને એ બોલ્યા, "હા તો ડીક ! આ માતાદીના કહેવા મુજબ આવતી કાલે સવારે જંગલીઓ વાજતે ગાજતે તમને લોકોને ગામના પશ્ચિમ દરવાજે મૂકી જશે. માતાદીની ઝૂંપડી ત્યાં જ છે. હું અને માતાદી આખું ગામ જ્યારે તમારી પાસે આવ્યું હશે એ જ સમયે આગળ નીકળી જઈશું. જંગલીઓ તમને પશ્ચિમ દરવાજે મૂકી જાય પછી તમારે બધો સામાન આ પાડા પર મૂકીને સીધા પશ્ચિમ તરફ જ આગળ વધવાનું. ગામથી એકાદ માઈલ દૂર જ એક નાનકડી નદી આવશે. હું અને માતાદી એક તરાપા સાથે એ નદીમાં તમારી રાહ જોતા હોઈશું. એ તરાપા દ્વારા આપણે વાયવ્ય દિશામાં ૩૦ માઈલ દૂર આવેલ ચાંબેશી નદીના ફાંટામાં પહોંચી જશું. બસ એ જ ફાંટો આગળ વધતાં મુખ્ય ચાંબેશી નદી બની જાય છે. એમાં એક વાર પહોંચી જઈએ પછી આગળનો રસ્તો ત્યાં જઈને નક્કી કરશું. બરાબર ? ચાલો ત્યારે ! હવે રાત ખૂબ વીતી ગઈ છે. તમે લોકો સૂઈ જાવ."

"પણ હેં માઈકલકાકા ! જંગલીઓએ અમને છોડી શું કામ દીધા ?" પોલે મને પૂછ્યો હતો એ જ સવાલ માઈકલકાકાને પણ પૂછી જોયો.

"પોલ બેટા ! આ પ્રદેશના જંગલી માણસો તમારા હાથનું ઊંચું થવું અને આકાશમાંથી તારાનું ખરવાનું એ બે જો એકસાથે બને તો તેને દૈવી ઘટના ગણે છે. ઉપરાંત એ માણસને પણ દૈવી ગણવામાં આવે છે. ડીકનો હાથ ઊંચો થવો, બંદૂકનો ધડાકો થવો અને આકાશમાંથી મોટો તારો ખરવો એ ત્રણેય વસ્તુઓ લગભગ એકસાથે જ બની. એટલે તમને સૌને દૈવી વ્યક્તિઓ ગણી છોડી દેવામાં આવ્યા."

"માઈકલકાકા, તમે એ વખતે ક્યાં છુપાયા હતા ?" પોલે પૂછ્યું.

"પોલ બેટા ! એ વખતે લપાતો છુપાતો હું ડીકની પીઠ પાછળ થોડેક દૂર રહેલાં ઝાડની પાછળ સંતાઈને બધું જોઈ રહ્યો હતો. ડીકને ધીરે ધીરે હાથ હલાવતો અને પછી ખિસ્સામાંથી બંદૂક કાઢતો જોઈને મને નિરાંત થઈ ગઈ હતી. એમાંય પેલો જંગલી જ્યારે ભાલો લઈને પોલ તરફ ધસી ગયો ત્યારે તો હું પણ ગભરાઈ ગયેલો. મારી અને એ જંગલીની બરાબર વચ્ચે પોલ આવતો હતો એટલે મને પોલ તો દેખાતો જ નહોતો. હું એકદમ નિઃસહાયતાની લાગણી અનુભવી રહ્યો હતો. એ તો સારું થયું કે ડીકે સમયસર એ જંગલીના પગમાં ગોળી મારી. નહીંતર.... !!" માઈકલકાકાએ આગળ બોલવાનું ટાળ્યું.

"કોણે ? મેં ગોળી મારી ?!" એકદમ નવાઈ સાથે મેં પૂછ્યું, "માઈકલકાકા, તમારી ક્યાંક ભૂલ થાય છે. ગોળી તમે જ મારી હશે. મારો હાથ ટ્રીગર પર હતો એ બરાબર, પણ ગોળી મેં તો નહોતી જ છોડી !" કાકાની વાત સાંભળી મને ખરેખર આશ્ચર્ય થતું હતું.

"ના ડીક ! તારી ભૂલ થાય છે. મેં ગોળી નહોતી છોડી. કારણ કે મારી રાઈફલ માતાદીની ઝૂંપડીમાં પડી રહી હતી અને મારી રિવૉલ્વર તારી પાસે હતી. પછી હું ગોળી કઈ રીતે છોડું ભલા ? ગોળી તેં જ છોડી હશે."

"નહીં માઈકલકાકા ! એ વખતે મેં ગોળી છોડી જ નથી. મેં ફક્ત તારો ખર્યો ત્યારે આકાશ તરફ ધડાકો કરેલો એ જ ! બાકી પોલ તરફ ધસી ગયેલા જંગલીને તો મેં ગોળી નથી જ મારી !"

અમારા બધાનું હસવું બંધ થઈ ગયું. માઈકલકાકા પણ ઊંડા વિચારમાં પડી ગયા. પોલના ચહેરા પર ફરીથી થોડોક ડર ફેલાઈ ગયો. કેટલીય વાર સુધી કંઈ પણ બોલ્યા વિના માઈકલકાકા બેઠા રહ્યા. થોડાક કશ ખેંચ્યા પછી પોતાની વાંકી હોકલી જમીન પર ઠપકારી, ખાલી કરી પછી હાથ વડે લૂછીને ખિસ્સામાં મૂકી ત્યાર પછી એ અને માતાદી ઊભા થયા. કાકાએ એમની જાદુગર જેવી લાગતી હેટ માથા પર મૂકી. એક નજર અમારા બધા પર ફેંકી એમણે સાવચેતીપૂર્વક ઝૂંપડીનું બારણું ખોલ્યું. બહાર એક ડગલું માંડીને ઊભા રહી ગયા. પાછા ફરીને મારા તરફ જોયું. પછી છેલ્લી વખત પૂછી લીધું, "ડીક ! તું ખરું કહે છે ને ? ખરેખર તેં ગોળી નહોતી છોડી ?"

"ના માઈકલકાકા ! ભગવાનના સોગંદ બસ ! એ ગોળી મેં નહોતી જ છોડી." મેં કહ્યું.

"હમ્...મ્...મ્... !" કહી ઊંડા વિચારમાં ડૂબેલા માઈકલકાકા અને માતાદી ઝૂંપડીની બહાર નીકળી ગયા.

મેં ઊભા થઈ ઝૂંપડીનું બારણું સાચવીને બંધ કર્યું. આડું લાકડું પણ ભરાવી દીધું. અમે સૌ જાણે સાપ સૂંઘી ગયો હોય તેમ ચૂપ થઈ ગયા. બીજા દિવસે સવારે વહેલા ઊઠવાનું હોવાથી મશાલ ઠારીને સૌએ લંબાવ્યું. અંધારું ઘોર થઈ જવાથી ઝૂંપડીમાં કંઈ પણ નજરે ચડતું નહોતું. છતાં બધાને ખબર હતી કે દરેક જણ જાગે છે. દરેકના મગજમાં એક જ પ્રશ્ન ઘુમરાઈ રહ્યો હતો કે, 'ગોળી કોણે છોડી હશે ?'



તરાપાની સફર

જેના લીધે પોલ બચી ગયો એ ગોળી કોણે છોડી હશે ? – એ વિચારતાં વિચારતાં જ મને ક્યારે ઊંઘ આવી ગઈ એની ખબર જ ન રહી. સવારે નગારાનો અવાજ સાંભળી મારી આંખ ખૂલી ગઈ. મેં તરત બધાને ઉઠાડી દીધા. રોબર્ટે ફટાફટ બ્લેક કૉફી બનાવી નાખી. બિસ્કિટ્સ અને બ્લેક કૉફીનો નાસ્તો પતાવીને અમે બહાર નીકળ્યા.

ઝૂંપડીથી થોડે દૂર ઊભા રહી જંગલી લોકો નગારા વગાડી રહ્યા હતા. લગભગ આખું જ ગામ એમની પાછળ ઊભું હતું. ભૂવા જેવી દેખાતી પેલી સ્ત્રી સૌથી આગળ ઊભી હતી. જેવા અમે બહાર નીકળ્યા કે તરત જ નગારાં બંધ થઈ ગયાં. ત્યાં ઊભેલા દરેક જણે માથું નમાવીને અમને પ્રણામ કર્યાં. પછી એ ટોળામાંથી પેલી સ્ત્રીની આગેવાની નીચે ચારેક જણા આગળ આવ્યા. અમારાથી થોડાક અંતરે એ લોકો ઊભા રહી ગયા. અમારે એમની પાછળ ચાલવાનું છે એવું એ લોકો સૂચવવા માગતા હોય એવું લાગતું હતું.

અમે પાડા પર અમારો સામાન બાંધ્યો. થોડોઘણો સામાન ખભે ઉઠાવ્યો. મેં, જેક તેમજ રોબર્ટે રાઈફલ ખભે ભરાવી. જેવું અમે ચાલવાનું શરૂ કર્યું કે તરત જ પેલી સ્ત્રી અને બીજા ચાર જંગલીઓ અમારી આગળ ચાલવા લાગ્યા. નગારાં ફરીથી વાગવા માંડ્યાં. બધાંએ ગામના પશ્ચિમ દરવાજા તરફ આગળ વધવાનું શરૂ કર્યું.

"ડીક, ત્યાં જો તો !" પોલે મને ઈશારો કર્યો. મેં જોયું તો એક ઘરના દરવાજા પર માણસની ખોપરીઓનું તોરણ હતું. બીક લાગે તેમજ ચીતરી ચડે તેવું એ દૃશ્ય હતું.

"ડીક ! આકાશમાં જો તારો ન ખર્યો હોત તો આપણી ખોપરી પણ આ તોરણમાં હોત ને ?"

"હા, પોલ !" મેં કહ્યું અને પછી અમે બંને હસી પડ્યા. ચિંતા પૂરી થઈ જાય તે પછી જ મુક્તમનથી હસી શકાતું હોય છે.

જંગલીઓ અમને ગામની પશ્ચિમ દિશાએ જ્યાં ગીચ ઝાડી શરૂ થતી હતી ત્યાં સુધી મૂકી ગયા. અમને નમન કરીને એ લોકો ત્યાંથી પાછા વળી

ગયા. ગામના છેડાથી જ જંગલ બિલકુલ ગીચ બની જતું હતું. નાનકડી એક કેડી ઝાડવાઓમાં લપાતી છુપાતી આગળ જતી હોય તેવું લાગતું હતું.

જંગલી લોકો દેખાતા બંધ થયા પછી અમે આગળ વધ્યા. હજુ માંડ એકાદ માઈલ જેટલું ચાલ્યા હઈશું ત્યાં જ અમારો પાડો ઊભો રહી ગયો. એને કંઈક ગંધ આવતી હોય તેમ નાક ફૂંગરાવીને જમીન પર પોતાના પગ ઘસવા લાગ્યો. પોલ અને જેક આગળ ચાલતા હતા. એ લોકો પણ પાડાના આવા વિચિત્ર વર્તનથી નવાઈ પામીને ઊભા રહી ગયા. અમે બધાએ તરત જ બંદૂક તૈયાર કરી. દિવસનો સમય હતો, સવારના અગિયાર પણ હજુ નહીં વાગ્યા હોય તો પણ અંધારું લાગતું હતું. ઝાડવાંઓ એકબીજાં સાથે એવાં તો ગૂંથાઈ ગયાં હતાં કે સૂરજનું એકાદ કિરણ પણ જમીન સુધી નહોતું પહોંચી શકતું.

પાડો અચાનક શું કામ ઊભો રહી ગયો તે અમને નહોતું સમજાતું. અમે ઊભા રહી ગયા પણ ઘણી બધી વાર થઈ તોય કંઈ બન્યું નહીં. કંઈ દેખાયું પણ નહીં. ધક્કા મારવા છતાં પાડો આગળ વધવા માટે તૈયાર જ નહોતો થતો. પોલ લપાતા પગલે આગળ ગયો. અમારી સામે કેડીનો વળાંક હતો. ત્યાં ઘણી જ ગીચ ઝાડી હતી. હળવેથી થોડીક ડાળખીઓ અને પાંદડાંઓ ખસેડીને આગળ શું છે એ જોવા પોલે નજર કરી. અમે અમારી જગ્યાએ ત્રણે ત્રણ રાઈફલ તૈયાર રાખીને ઊભા રહ્યા. કેડી પરની ગીચ ઝાડીની પાછળ જોતાં જ પોલ એકદમ ડરી ગયો. એના કપાળે પરસેવો વળી ગયો. અમારી તરફ જોઈ એણે અમને સાવ ચૂપ રહેવા માટે ઈશારો કર્યો. પછી અમને ખૂબ જ ધીમે ધીમે એની પાસે જવા ઈશારાથી જ બોલાવ્યા.

અમે લોકો લપાતા પગલે પોલની પાછળ પહોંચ્યા. ઝાડી જરાક ખસેડી અને જે દૃશ્ય જોયું તે જોતાં કોઈ પણ ડરી જાય તેવું જ હતું. કેડીની બરાબર વચ્ચે સિંહોનું એક ટોળું બેઠું હતું. મોટાં તેમજ નાનાં સિંહ-સિંહણ મળીને કુલ નવની સંખ્યા હતી. આટલા બધા સિંહ એક સાથે આ પહેલાં મેં કે અમારામાંથી કોઈએ પણ ક્યારેય નહોતા જોયા. પવનની દિશા પશ્ચિમથી પૂર્વની હતી એટલે પાડાને સિંહોની ગંધ આવી ગઈ હતી, પણ અમારી ગંધ સિંહો સુધી નહોતી પહોંચતી. ધારો કે પવનની દિશા એકદમ બદલી જાય તો ? બસ, આ વિચાર માત્રથી અમને શરીરમાંથી ઠંડીનું લખલખું પસાર થઈ ગયું.

"ડીક ! હવે શું કરશું ?" મારા કાન પાસે આવીને પોલે પૂછ્યું.

"કંઈ નહીં. રાહ જોઈએ. અને એ વગર બીજો કોઈ છૂટકો જ નથી."

મેં એટલા જ ધીમા અવાજે કહ્યું.

પર્સિવલકાકા પાસેથી મેં સાંભળ્યું હતું કે જો ભૂખ્યા ન હોય તો સિંહો ક્યારેય આક્રમણ કરતા નથી. બસ, એને ખલેલ ન પહોંચવી જોઈએ. ખલેલ પહોંચાડનારને એ લોકો માફ નથી કરતા.

અમે થોડી વાર એમ જ ચૂપચાપ ઊભા રહ્યા. સિંહોની સૂવાની તેમજ આળોટવાની રીત પરથી એ લોકો ભરપેટ ભોજન કરી ચૂક્યા હોય તેવું લાગતું હતું. આડા પડેલા એક સિંહના ખુલ્લા મોંમાંથી જંગલી કાગડો માંસના ટુકડા ખાઈ રહ્યો હતો. છતાં એ સિંહ આરામથી મોં ખુલ્લું રાખીને જ પડ્યો હતો, એ દૃશ્ય પણ સિંહોએ ગઈ રાતે મોટો શિકાર કર્યો હશે એ બતાવતું હતું.

મારા મનમાં એક ચિંતા પેઠી. જો આટલું ખાઈને ઘેનમાં આવી ગયેલા વનરાજો સૂઈ જાય તો પછી અમારું આગળ વધવાનું અશક્ય જ બની જાય. કારણ કે પછી ઘણી વખત એ લોકો બીજા દિવસની સવાર સુધી પણ ન ઊઠે એવું બની શકે. આજુબાજુનું જંગલ એટલું બધું ગીચ હતું કે એમાંથી માર્ગ કાઢીને પસાર થઈ શકાય એમ હતું જ નહીં. અને એમ કરવામાં પણ જો આ ટોળકી જાગીને અમારા પર ખિજાઈ ગઈ તો તો મુશ્કેલી ઊભી થઈ જાય. હવે કરવું શું ? કેટલો વખત અમારે ત્યાં જ ઊભા રહેવું પડે તે નક્કી નહોતું. ઘણું વિચારવા છતાં કોઈ કરતાં કોઈ જ ઉપાય મળતો નહોતો. જો પવન દિશા બદલે તો ? એ પ્રશ્ન પણ મૂંઝવતો હતો. આખરે કંઈ કર્યા વિના ઊભા રહી સિંહોના હટવાની રાહ જોવી એવો અમે નિર્ણય લીધો.

લગભગ વીસેક મિનિટ એમ જ વીતી ગઈ. અચાનક પેલો સિંહ જેના ખુલ્લા મોંમાંથી કાગડો ખાઈ રહ્યો હતો એ જોરથી ત્રાડ પાડીને બેઠો થઈ ગયો. કદાચ કાગડાની ચાંચ એના પેઢા પર ક્યાંક વાગી ગઈ હશે. એની ત્રાડ એવી ભયાનક હતી કે આખું જંગલ ગાજી ઊઠ્યું. અમે બધા પણ બે ક્ષણ ધ્રૂજી ગયા. જો જેકે દોરડું બરાબર કડક ન પકડ્યું હોત તો અમારો પાડો પણ ભાગી ગયો હોત ! એ સિંહની ત્રાડથી ઝોકા ખાઈ રહેલા અન્ય સિંહો પણ ઊભા થઈ ગયા. થોડી વાર બધાએ આળસ મરડી પછી એકની પાછળ બીજો એમ બાજુની ઝાડીમાં અદૃશ્ય થઈ ગયા. કદાચ પાણી પીવા માટે પણ જતાં રહ્યા હોય. દસેક મિનિટ રાહ જોયા પછી અમે પાડાને આગળ ધપાવ્યો. આ વખતે કશી જ આનાકાની વિના પાડો આગળ ચાલ્યો. એનો અર્થ કે સિંહો સારા એવા આગળ વધી ગયા હશે. આશરે અડધોએક કલાકનો સમય આ બધામાં બગડ્યો હતો. માઈકલકાકા અમારી વાટ જોતા

હશે એ વિચારથી અમે લોકો હવે લગભગ દોડતા દોડતા જ રસ્તો કાપી રહ્યા હતા. બીજો પોણો કલાક જેવો સમય પસાર થયો હશે ત્યારે અમે એક નાનકડી નદીના કિનારે આવી પહોંચ્યા. અમને દૂરથી જ જોતાં અમારી રાહ જોઈને ઊભેલા માઈકલકાકા દોડતાં અમારી પાસે આવ્યા, "કેમ ઠીક, રોબર્ટ! બધું બરોબર તો છે ને ?" એમના અવાજમાં ચિંતાનો સૂર સ્પષ્ટ વરતાઈ આવતો હતો.

"હા, માઈકલકાકા ! બધું બરાબર છે. ચિંતા કરવા જેવું કંઈ જ નથી." અમે બધાએ લગભગ એકસાથે જવાબ આપ્યો.

"તો પછી મોડું કેમ થયું ?"

જવાબમાં અમે સિંહોનાં ટોળાં અંગે વાત કરી. એ સાંભળીને માઈકલકાકા હસી પડ્યા. પછી બોલ્યા, "જોયું ને દીકરાઓ ! જંગલમાં દરેક પગલે મોત તમારું સ્વાગત કરવા માટે તૈયાર જ બેઠું હોય છે. ફક્ત સંપૂર્ણ સાવધાની જ તમને એનાથી બચાવી શકે છે, એટલે ક્યારેય અસાવધ ન રહેવું. એ ઉપરાંત પશુ-પક્ષીનાં અવાજો અને વર્તનને પણ પારખતાં શીખવું. ચાલો ! હવે આમેય આપણે મોડા છીએ. તમારો સામાન જલદી તરાપા પર લઈ લો. આજે સાંજ સુધીમાં આપણે બેન્વુલુ સરોવર પહોંચવાનું છે."

"માઈકલકાકા ! આ પાડાનું શું કરવું છે ? એને પણ તરાપા પર ચડાવી દઉં ?" પોલે પૂછ્યું. સાંભળીને માઈકલકાકા અને અમે બધા હસી પડ્યા.

"અરે પોલ ! પાડાને થોડો તરાપામાં ચડાવાય ? એને તો બરાબર તરતાં આવડતું હોય. એ તો એને જો આપણી જોડે આવવું હશે તો એની મેળે જ તરાપાની પાછળ પાછળ તરતો આવશે. આમેય તે જંગલમાં જવાનું તો પસંદ નહીં જ કરે ! એની પોતાની સલામતી પણ આપણી પાછળ આવવામાં જ છે." માઈકલકાકા હસતાં હસતાં બોલ્યા.

આ બધા વખત દરમિયાન માતાદી કેળાની મોટી લૂમો તોડીને લઈ આવ્યો હતો. મોટા ૩ થી૪ તૂંબડાં જેવાં વાસણોમાં એણે પીવાનું પાણી પણ ભરી લીધું હતું. તરાપા પર રસોઈ કરવી હોય તો કરી શકાય એ માટે એક છેડે એણે પતરું જડી દીધું હતું. થોડાંક લાકડાં પણ લઈ લીધાં હતાં. એ વિશાળ તરાપા પર અમારો બધો જ સામાન આવી ગયો પછી અમે પણ એના પર બેસી ગયા. પાડાને અમે છુટ્ટો મૂકી દીધો.

બધા બરોબર ગોઠવાઈ ગયા પછી વાંસની મદદથી માઈકલકાકા અને માતાદીએ તરાપાને ધક્કો મારી પાણીમાં આગળ વધાર્યો. અમે ઊપડ્યા ત્યારે

બરોબર મધ્યાહ્નનો સમય થઈ ચૂક્યો હતો. થોડેક આગળ ગયા પછી અમે પાછળ ફરી જોયું તો અમારો પાડો પણ તરતો તરતો પાછળ આવતો હતો !

અમે જે નદીમાં મુસાફરી શરૂ કરી હતી એ લગભગ ત્રીસેક માઈલ પછી ચાંબેશી નામની નદીમાં ભળી જતી હતી. આ ચાંબેશી નદી ઘણી લાંબી નદી છે. એનો પ્રવાહ બરાબર ઉત્તર તરફ આગળ વધતો હતો. ખરેખર જોઈએ તો કોંગો નદીની શરૂઆત જ ચાંબેશી નદીથી ગણી શકાય.

અમે જેમાં મુસાફરી કરી રહ્યા હતા એ નદીની ગણો કે ચાંબેશીની, પણ કોંગો નદીની તેમજ તેની દરેક શાખા નદીઓની ખાસિયત એમની ઝડપ છે. આ બધી નદીઓમાં કોઈ કોઈ સ્થળે તો પાણીની ઝડપ કલાકના ૭૦થી ૮૦ માઈલની પણ થઈ જાય છે. આનો ફાયદો એ થાય કે જમીન પર અમે લોકો જેટલું અંતર દસ દિવસમાં કાપી શકીએ એટલું જ અંતર આ નદીમાં ફક્ત દસ કલાકમાં કાપી શકાય. જમીન પર ચાલતાં જવાને બદલે નદીનો રસ્તો પસંદ કરવાની માઈકલકાકાની યુક્તિ માટે અમને માન થઈ આવ્યું. અને જો છેક કીસનગની સુધી અમે આ રસ્તો લઈએ તો નકશાની હવે પછી કીસનગની સુધી કોઈ જ જરૂર પડવાની નહોતી એ સ્પષ્ટ હતું. જો અમે આટલી જ ઝડપે નદીના રસ્તે આગળ વધી શકીએ તો લગભગ ૩ થી ૪ દિવસમાં જ લૂંટારા જ્હોન હેરિંગની ટોળકીની સાથોસાથ જ અમે પણ હીરાના પર્વત સુધી પહોંચી જઈએ.

બપોરના લગભગ બે વાગવા આવ્યા હતા. અમારો તરાપો ઝડપભેર આગળ વધી રહ્યો હતો. પ્રવાહ જ એટલો જોરદાર હતો કે પાછળ આવી રહેલા પાડાને પણ તરવાનો જરાય શ્રમ નહોતો કરવો પડતો. એ પણ એય મજાનો પાડાની જેમ પગ પહોળા કરીને તરી રહ્યો હતો ! પોલ અને હેસ્લિંગ નીચા ઝાડવાંઓનાં પાંદડાં તોડીને પાણીમાં નાખતા આવતા હતા. પાછળ આવી રહેલો પાડો એ બધું પેટમાં પધરાવતો હતો. બપોરનો સમય હોવા છતાં ઘટાટોપ ઝાડવાંઓના કારણે ગરમી કે તડકો કંઈ પણ લાગતું નહોતું. રાતના થોડોક ઉજાગરો હોવાથી કેળાં ખાઈને પછી અમે બધા ક્યારે સૂઈ ગયા એની જ ખબર ન હતી. માઈકલકાકાએ અમને ઉઠાડ્યા ત્યારે સાંજ ઢળવાની તૈયારી હોય એવું વાતાવરણ થઈ ગયું હતું. એ પરથી અમે બધા ઘણું સૂતા હઈશું એવું લાગતું હતું.

માઈકલકાકાએ કહ્યું કે અમે લગભગ અર્ધા કલાક પહેલાં ચાંબેશી નદીમાં પ્રવેશી ચૂક્યા હતા. હવે પછી ચાંબેશી નદીમાં અમારે લગભગ નેવું (૯૦) માઈલ કાપવાના હતા. એ પછી ભયંકર કળણોમાંથી માર્ગ કાઢતો

ચાંબેશીનો એક ફાંટો બેન્ગ્વુલુ સરોવર પાસે લુવાપુલા નદીમાં ભળી જતો હતો. સીધા લુવાપુલામાં ભળવા કરતાં જો અમે બેન્ગ્વુલુ સરોવરમાંથી લુવાપુલામાં જઈએ તો વધારે આરામદાયી મુસાફરી થઈ શકે. એટલે અમારો ઈરાદો બેન્ગ્વુલુ સરોવર પહોંચવાનો હતો. (ઘણા લોકોના મતે લુવાપુલા જ કોંગો નદીની સાચી શરૂઆત ગણાય છે.)

વારંવાર મારા અને રોબર્ટના બાપુજીની લૂંટારાઓએ શી હાલત કરી હશે એ વાત સતાવતી હતી. એ લોકો મુસાફરી કઈ રીતે કરતા હશે એ વિચાર પણ ચિંતા કરાવતો હતો. અમે સમયસર પહોંચી શકીશું કે નહીં એવો પ્રશ્ન પણ જંપવા નહોતો દેતો. કારણ કે એક વાર હીરા મળી ગયા પછી જ્હોન હેરિંગ મારા અને રોબર્ટના બાપુને જીવતા રાખવા ન જ માગે. એટલે જો અમે વહેલા પહોંચીએ તો જ અમારો ધક્કો કામનો હતો. જેમ જેમ આવા વિચારો આવતા જતા હતા તેમ તેમ મન ઉદાસ થઈ જતું હતું. અંતે વિચારો કરવાનું જ માંડી વાળીને મેં આજુબાજુ નજર નાખી.

સાંજના આછા પ્રકાશમાં અમારો તરાપો ઝડપથી આગળ વધી રહ્યો હતો. અમારો પાડો હવે તરાપાની બિલકુલ નજીક આવીને તરતો હતો. આફ્રિકાના જંગલના મચ્છરો તો જાણે લોહી તરસ્યાં જ હોય છે. રાત પડવાને હજુ વાર હતી તો પણ કોઈ કોઈ મચ્છર તીરની માફક હુમલો કરતું હતું. એવા જ એક મોટા મચ્છરે હેસ્લિંગના પગે ડંખ માર્યો એટલે એને ખૂબ દાઝ ચડી. તરાપાની વચ્ચે મૂકેલા અમારા સામાનમાંથી એણે એના ધૂની કાકાએ આપેલાં મૂળિયાં શોધી કાઢ્યાં. પછી તરાપાના ચારેય છેડે થોડાંક પાંદડાં મસળીને વેલાઓ વડે બાંધી દીધાં. અને જાણે કે ચમત્કાર થયો હોય તેમ થોડીક વારમાં જ એકે એક મચ્છર તરાપાથી દૂર ! ઝૂંડનાં ઝૂંડ દૂર રહીને ઊડતાં હતાં, પરંતુ એકેય મચ્છરની હિંમત ચાલતી નહોતી તરાપાની નજીક આવવાની. મને બીજી એક વાર હેસ્લિંગના ધૂની કાકા ઉપર માન થઈ આવ્યું.

તરાપાની ઝડપ જોતા લાગતું હતું કે લગભગ હવે એકાદ કલાકમાં જ અમે બેન્ગ્વુલુ સરોવર પહોંચી જઈશું. મેં ભેગી કરેલી માહિતી પ્રમાણે બેન્ગ્વુલુ સરોવર લગભગ ચાર હજાર ચોરસ માઈલમાં પથરાયેલું સરોવર છે. એની ઊંડાઈ પણ ત્રણ માઈલ જેટલી છે. એની આજુબાજુ સેંકડો માઈલ સુધી ફેલાયેલાં ભયંકર કળણો આવેલાં છે. ચાંબેશી નદી આ કળણોમાં પસાર થઈને જ આગળ વધે છે.

લગભગ અર્ધા કલાકમાં જ આજુબાજુની ઝાડી સહેજ પાંખી થવા

લાગી. એ પરથી અંદાજ આવતો હતો કે હવે બેન્ગ્વુલુ સરોવર નજીક જ હશે. ઝાડી પાંખી થવાના કારણે અજવાળું વધ્યું. પોલનું ખિસ્સા ઘડિયાળ સાંજના પાંચ વાગ્યાનો સમય બતાવતું હતું.

અચાનક કાંઠા તરફ જોઈને માતાદી 'સાવુબોના' 'સાવુબોના' કહેતો હાથ હલાવીને બૂમો પાડવા માંડ્યો. અમે બધાએ નવાઈ પામતાં જોયું તો નદીના જમણી તરફના કાંઠા પર એક જંગલી દોડતો દોડતો હાથ હલાવતો હતો. એ પણ 'સાવુબોના' 'સાવુબોના' કહી રહ્યો હતો. માતાદીએ માઈકલકાકા સાથે કંઈક વાત કરી. પછી પેલા કાંઠે દોડી રહેલા જંગલી તરફ હાથ લાંબો કરીને કંઈક કહ્યું. માઈકલકાકાએ માથું ધુણાવ્યું. પછી એમણે અને માતાદીએ વાંસની મદદથી તરાપાને કાંઠા તરફ લીધો. તરાપો હજુ તો કાંઠે પહોંચે એ પહેલા તો પેલો જંગલી પાણીમાં કૂદી પડ્યો અને તરતો તરતો અમારા સુધી આવી ગયો. માતાદીએ હાથ લાંબો કર્યો. એ પકડીને તરાપા પર ચડી ગયો. એ અને માતાદી એકબીજાને ભેટી પડ્યાં. માઈકલકાકાએ કંઈક પૂછ્યું તો એણે જવાબ આપ્યો 'અબીરા'. એ પછી થોડી વાર સુધી ત્રણેય જણ ઝુલુ ભાષામાં કંઈક વાતો કરતા રહ્યા. એમની વાતો અમને સમજાતી નહોતી, એટલે અમે સૌ શાંતિથી એમને જોતાં ઊભા હતા.

થોડી વાર પછી માઈકલકાકા અમારી તરફ ફરીને બોલ્યા, "છોકરાઓ ! આ અબીરા એ માતાદીનો પિત્રાઈ છે. અહીં બાજુના નાનકડા ગામડામાં રહે છે. અત્યારે નદીના કાંઠે એ માછલી પકડવા આવ્યો હતો પણ માતાદી એને જોઈ ગયો. માતાદીના કહેવાથી એ પણ આપણી સાથે આવવા માટે તૈયાર થઈ ગયો છે."

"પણ માઈકલકાકા ! એને પોતાના ઘરે કંઈ સંદેશો નહીં આપવો પડે ?" જેક બોલ્યો.

માઈકલકાકા હસી પડ્યા. પછી કહે કે, "જેક ! અબીરા પણ માતાદીની માફક એકલો જીવ છે. એને કુટુંબકબીલો કંઈ જ નથી." એટલું કહીને એમણે અબીરાને કંઈક પૂછ્યું. અબીરા માઈકલકાકા સાથે વાત કરતાં કરતાં રડી પડ્યો. એને ધ્રુસ્કે ધ્રુસ્કે રડતો જોઈને તરાપા પરનું વાતાવરણ ગંભીર બની ગયું. માતાદી તેમજ માઈકલકાકાની આંખોમાં પણ આંસુ આવી ગયાં.

આંખના ખૂણા લૂછીને માઈકલકાકાએ અમને કહ્યું, "દીકરાઓ ! અબીરાને પત્ની તેમજ એક દીકરો હતાં. ગયા મહિને આ જગ્યાથી થોડાક આગળ નદીકાંઠે એ સૌ માછલી પકડવા આવેલાં ત્યારે મગરમચ્છ એમનો શિકાર કરી ગયેલ. અબીરાએ એમને બચાવવા ખૂબ ધમપછાડા કરેલા પણ

બાર ફૂટ જેટલા લાંબા બે મગર સામે બિચારો અબીરા શું કરી શકે ? અને એમાંય તે આ તો ચાંબેશી નદીના સૌથી ભયાનક મગર ! પોતાની નજર સામે જ એણે એનાં પત્ની અને બાળકને મગરના પેટમાં હોમાઈ જતાં જોયાં. બસ એ ક્ષણથી જ અબીરા ગામમાં પોતાની ઝૂંપડી પર નથી ગયો. રાત-દિવસ એ આ કાંઠા પર જ પડ્યોપાથર્યો રહે છે અને મગરનો શિકાર કરવાનો એક પણ મોકો છોડતો નથી. અત્યાર સુધીમાં એણે તેર જેટલા મગરને એક મહિનામાં જ મારી નાખ્યા છે. બસ હવે એ નદીમાંથી માછલી પકડી, રાંધીને ખાઈ લે છે અને દિવસ-રાત એકાદ મગરના કાંઠે આવવાની રાહ જોયા કરે છે. બાકીનો સમય એ સૂવામાં અને રડવામાં ગાળે છે."

તરાપા પર ચૂપકીદી છવાઈ ગઈ. અબીરા માટે અમને સૌને લાગણી થઈ આવી. આમેય આ મોટા મગરમચ્છ ખૂબ જ શક્તિશાળી હોય છે. માણસને તો એ મારી જ નાખે પણ અમારા તરાપાને પણ તોડી શકે. ક્ષણ પૂરતો એક અજ્ઞાત ભય અમારા સૌના મનમાં વ્યાપી ગયો. અબીરા અમારી સાથે જ મુસાફરી કરવાનો હતો એ જાણીને અમને સૌને આનંદ થયો. આવી મુસાફરીમાં જેમ વધારે લોકો હોય તેમ સલામતી વધતી જાય અને હિંમત જળવાઈ રહે.

સાંજ ધીમે ધીમે રાતનું સ્વરૂપ લઈ રહી હતી. સંધ્યાના રંગોથી હજુ બધું સાફ અને સ્પષ્ટ દેખાતું હતું. માઈકલકાકાએ અબીરાને ઝુલુ ભાષામાં પૂછીને અમને કહ્યું કે બેન્ગ્વુલુ સરોવર હવે ફક્ત વીસ જ માઈલ દૂર હતું. તરાપાની ઝડપ જોતાં અમે લગભગ એકાદ કલાકમાં ત્યાં પહોંચી જઈએ એવી અમારી સૌની ધારણા હતી. ઝાડી આછી થઈ હતી તોપણ ઘટાટોપ ઝાડવાંઓ આજુબાજુ મોટી દીવાલો જેવાં લાગતાં હતાં. એમની નીચેની ડાળખીઓ છેક પાણી સુધી લંબાયેલી હતી.

"માઈકલકાકા ! તરાપો ધીમો પાડો !" અચાનક હેસ્લિંગે બૂમ પાડી. અમે સૌ એટલા શાંત બેઠા હતા કે એની બૂમથી ચમકી ગયા.

માઈકલકાકા અને માતાદીએ વાંસની મદદથી તરાપો ધીમો પાડ્યો. હેસ્લિંગ બરાબર તરાપાની મધ્યમાં આવીને ઊભો રહ્યો. હજુ પણ અમને કોઈને કંઈ સમજાતું નહોતું. હેસ્લિંગ પસાર થતાં ઝાડવાંઓની ડાળીઓ પર ધ્યાન રાખી રહ્યો હતો. એક ઝાડ નજીક આવતાં જ એણે કૂદકો માર્યો. એવું લાગતું હતું કે એ ઝાડની નીચેની ડાળીઓ તોડવાનો એનો ઈરાદો હતો. એણે ઝાડની ડાળખીઓ પકડી લીધી અને આંચકો માર્યો પણ ડાળખીઓ તૂટી નહીં. ઊલટાનો હેસ્લિંગ લટકી ગયો. ડાળખીઓ ફસકી પડશે જ એવું લાગતું

હતું પણ એ તૂટી નહીં. અમને સૌને હવે બરાબર સમજાયું કે કદાચ એ વનસ્પતિના એવા કોઈ ગુણધર્મો હશે કે જે અમને કામ લાગી શકે. એના માટે જ એ ડાળખીઓ તોડવાનો હેસ્લિંગનો ઈરાદો હશે.

"ડીક ! માઈકલકાકા ! તરાપો રોકો !" હેસ્લિંગે બૂમ પાડી.

હવે અમને સમજાયું કે શું જોખમ ઊભું થયું છે. પાણીના પ્રવાહ સાથે તરાપો થોડો થોડો આગળ ખસી રહ્યો હતો. હેસ્લિંગ ડાળખી પર વળગેલો હતો. ડાળખીઓ પ્રથમ ઝાટકે તૂટી નહીં પણ એ લાંબો સમય હેસ્લિંગનું વજન પણ ખમી શકે તેમ નહોતી. એ ગમે ત્યારે ફસકી પડે તેવું લાગતું હતું. જો ડાળખી તૂટે અને બરાબર એ જ સમયે તરાપો આગળ નીકળી જાય તો હેસ્લિંગ પાણીમાં પડી જાય. ચાંબેશી નદીના આ ભાગમાં સૌથી ખતરનાક મગર રહેતાં હતાં. હજુ થોડીક ક્ષણો પહેલાં જ અમે અબીરાની કથની સંભાળી ચૂક્યા હતા. અમે સૌ વાંસ લઈને તરાપો અટકાવવાની કોશિશમાં લાગી ગયા. ચાંબેશી નદીના પાણીમાં જોર એટલું હતું કે અમારા બધાના પ્રયત્નો છતાં તરાપો આગળ ખસવા માંડ્યો. અબીરા જોરજોરથી બૂમો પાડવા લાગ્યો. એ શું બોલે છે તે અમને નહોતું સમજાતું પણ એના હાવભાવ પરથી એ હેસ્લિંગને ડાળીઓ છોડી દેવા માટે કહી રહ્યો હોય તેવું લાગ્યું. અમને એ સૂચન યોગ્ય લાગ્યું. અમે બધા પણ બૂમો પાડી હેસ્લિંગને ડાળી છોડી દેવાનું કહેવા લાગ્યા. પણ અમે કદાચ મોડા પડ્યા હતા. તરાપો હેસ્લિંગ લટકી રહ્યો હતો ત્યાંથી થોડોક આગળ નીકળી ગયો. હેસ્લિંગ ડાળીઓ પર લટકી ગયો. અમે બધાએ તરાપો પાછળ લેવા માટે મરણિયા પ્રયાસો શરૂ કર્યા. પરંતુ કઠણાઈ એ હતી કે આવી ઝડપી નદીમાં એક ફૂટ પણ સામા પ્રવાહે તરવું અતિ કઠીન બની રહે છે. બધાએ વાંસ લઈ તરાપાને પાછો ઠેલવાના પ્રયત્નો શરૂ જ રાખ્યા. એના કારણે તરાપો પાછળ તો ન હટ્યો પણ ઊભો જરૂર રહી ગયો. હેસ્લિંગ અમારાથી પાછળ લગભગ પાંચેક ફૂટના અંતરે ડાળીઓ પર લટકી રહ્યો હતો. અંધારું વધી રહ્યું હોવાથી જેક તેમજ પોલે ટોર્ચ શરૂ કરી. એના અજવાળામાં અમે હેસ્લિંગને જોઈ રહ્યા હતા. ડાળખીઓ હવે તૂટવાની અણી પર હોય તેવું લાગતું હતું. ડાળખીઓ છોડીને અમે હેસ્લિંગને નીચે નદીમાં કૂદવાનું કહી રહ્યા હતા. પછી એ આસાનીથી પાંચેક ફૂટ તરીને તરાપા પર આવી શકે. હેસ્લિંગ પણ ડાળખીઓ છોડી જ દેત જો મારું ધ્યાન એની નીચે વહેતી નદીની સપાટી પર ન પડ્યું હોત તો ! જેકના હાથમાં રહેલી ટોર્ચનો શેરડો હેસ્લિંગની નીચેના પાણી પર પડતાં જ મારી રાડ ફાટી ગઈ. એની બરાબર નીચે વહેતાં પાણી પર એક મોટો

મગરમચ્છ તરી રહ્યો હતો. અમે બધા બીકથી રાડારાડ કરવા માંડ્યા. અબીરા ઊલટીઓ કરવા માંડ્યો. મગરમચ્છ હેસ્લિંગના પડવાની વાટ જોતો હશે. અબીરાને એ પછી શું થાય એ ખબર હતી. થોડા દિવસ પહેલા જ એ પોતાનાં પત્ની-બાળકને મગરમચ્છનો કોળિયો બની જતાં જોઈ ચૂક્યો હતો એટલે એને ઊલટીઓ થવા માંડે એ સમજી શકાય તેવું હતું.

"હેસ્લિંગ કૂદીશ નહીં, ડાળખી પણ ન છોડીશ, અમે તરાપો પાછળ લેવાની કોશિશ કરીએ છીએ !" લગભગ એકસાથે અમે સૌ બોલી ઊઠ્યા. હેસ્લિંગ પણ થોડોક ઊંચો જવાનો પ્રયાસ કરવા લાગ્યો.

"ડીક ! રોબર્ટ ! માઈકલકાકા ! જુઓ, જલદી જુઓ." જેકનો ફાટી ગયેલો અવાજ સાંભળી અમે સૌ ધ્રૂજી ગયા. એણે ફેંકેલા ટોર્ચના પ્રકાશમાં અમે જોયું તો પહેલા મગર જેટલા જ લાંબા ૪થી ૫ મગર અર્ધાં મોં ફાડીને તરી રહ્યા હતા. હેસ્લિંગ હવે નીચે પડે તો શું થાય એ કલ્પના પણ અમને ભય પમાડતી હતી.

અચાનક એક કડાકો સંભળાયો. અમે ટોર્ચનો શેરડો ઊંચે ફેંક્યો. જોયું તો હેસ્લિંગના એક હાથમાં પકડેલી ડાળી ફસકીને પાણીની સપાટીને અડકી ગઈ હતી. હેસ્લિંગ બીજા હાથમાં પકડેલી ડાળખીના સહારે લટકી રહ્યો હતો અને એ ડાળખી પણ ગમે ત્યારે તૂટે તેમ લાગતું હતું.

મેં દોડીને રાઈફલ ઉઠાવી. જેકને પાણીની સપાટી પર ટોર્ચ ફેંકવા કહ્યું. જેકે અને પોલે બંનેએ પાણીની સપાટી ઉપર પ્રકાશ ફેંક્યો. પણ આ શું ? મારી નવાઈનો પાર ન રહ્યો. પાંચેય મગરમચ્છ ઘણાં દૂર જતાં રહ્યા હતા. પેલી ફસકાઈને પાણીને અડકેલી ડાળખીની નજીકમાં હવે એક પણ મગરમચ્છ જોવા નહોતો મળતો. એ જ વખતે બીજો કડાકો થયો અને પછી એક ધુબાકાનો અવાજ આવ્યો. બીજી ડાળખી પણ તૂટી જવાથી હેસ્લિંગ પાણીમાં પડ્યો હતો. અમે ટોર્ચ કરીને જોયું તો બંને ડાળખીઓ તોડી, હાથમાં પકડી એ આરામથી તરતો તરતો તરાપા સુધી આવી રહ્યો હતો. એ નજીક આવ્યો એટલે અમે એને એના હાથમાં રહેલી ડાળખીઓ સહિત તરાપા પણ લઈ લીધો. થોડી વાર કોઈ કંઈ ન બોલ્યું. ફક્ત માઈકલકાકાએ હેસ્લિંગને કપડાં બદલી કોરાં કપડાં પહેરી લેવા કહ્યું. માથું લૂછતો હેસ્લિંગ અમારી સામે જોઈને હસ્યો ત્યારે છેક અમારા સૌના જીવમાં જીવ આવ્યો.

થોડાક રોષ સાથે મારાથી કહેવાઈ ગયું, "હેસ્લિંગ ! આવું જોખમ ખેડવાનો કોઈ મતલબ ખરો ? અબીરાએ માઈકલકાકાને હમણાં જ કહ્યું છે કે આ નદીમાં આવા મોટા મોટા હજારો મગરમચ્છ રહે છે. એમાંથી અમે કેટલાને મારી શકત ? તને કંઈ થઈ ગયું હોત તો ? અને વારુ ! તું આ પાંદડાં અને ડાળખીઓ લેવા ચડેલો તે ઝાડનાં પાંદડાં શું કામમાં આવે એ તું અમને કહીશ ?"

"મગરમચ્છોને દૂર રાખવાના કામમાં !" ઠંડે કલેજે હેસ્લિંગ બોલ્યો.

હવે અમને સમજાઈ ગયું કે પેલી ફસકાઈ પડેલી ડાળીની નીચેથી બધા મગરમચ્છ દૂર શું કામ જતા રહ્યા હતા !

"તો પછી તેં ગભરાઈને બૂમો શું કામ પાડેલી ? આ પાંદડાં જો મગરમચ્છને દૂર રાખવા માટે આટલાં બધાં અસરકારક હોય તો તને શું કામ બીક લાગેલી ?"

"જો ડીક ! ધારો કે ડાળખી તૂટી જાય અને હું ડાળખી હાથમાં લીધા વિના જ પાણીમાં પડી જાઉં તો મગર મારો કોળિયો જ કરી જાયને ? કદાચ ડાળખી લઈને પડું અને મગરમચ્છને વાસ આવે એ પહેલાં તો એ બટકું ભરી જ લે ને ? જો કે એને વાસ આવે પછી તો એ છોડી જ દે, પણ એ પહેલા તો તમને ઈજા પહોંચાડી જ દે. એ તો સારું થયું કે તૂટેલી ડાળ નદીમાં વહી ન નીકળી પણ લટકતી જ રહી. એનાથી મગરમચ્છ દૂર જતાં રહ્યા અને એટલી વારમાં હું કૂદી પડ્યો." હેસ્લિંગે વાત પૂરી કરી. એની વાતમાં બિલકુલ તથ્ય જણાતું હતું.

"પણ આપણે આવું બધું કરવાની શું જરૂર છે ? આપણી પાસે રાઈફલ તો છે !" પોલે સવાલ કર્યો.

એ સાંભળીને હેસ્લિંગ હસી પડ્યો. પછી કહે, "પોલ ! તેં હમણાં પેલો મોટો મગરમચ્છ જોયો ? એની લંબાઈ લગભગ ૧૨ કે ૧૩ ફૂટ જેટલી હશે. એનું પાંચ ફૂટનું લાંબું પૂંછડું જો પૂરા જોરથી ભટકાડે ને તો એક ક્ષણમાં આપણો આ તરાપો ઊંધો થઈ જાય. જો નીચેથી એ ધક્કો મારે તો આપણે એને જોઈ પણ ન શકીએ. પછી બંદૂક લેવાનો સમય કે એની ત્રેવડ કંઈ જ ન રહે ! પછી તો પાંચ જ મિનિટમાં આપણે સૌ ચાંબેશી કે બેન્ગ્વુલુના મગરોના પેટમાં ! અહીંના મગરો નાની હોડીઓને પણ તોડી નાખતાં હોય છે તો પછી આપણો ખુલ્લો તરાપો તો શી વિસાતમાં ? મારા ધૂની કાકાએ મને આ વનસ્પતિ બતાવેલી ત્યારે આવું બધું કહેલું. એમણે બીજી એક વાત ખૂબ અગત્યની કહેલી કે જ્યાં જે વસ્તુનું જોખમ સૌથી વધારે હોય તે જ જગ્યાએ એનો ઉપાય પણ હોય ! અહીં આ મગરમચ્છો વધારે છે તો આ વનસ્પતિ પણ અહીંયા જ છે ને ? મને આપણી સલામતી માટે જરૂરી લાગી એટલે મેં એ લઈ લીધી."

હેસ્લિંગની વાત અમને સાચી લાગી. બેન્ગ્વુલુ સરોવરમાં રાત્રે આવો મોટો એકાદો મગર પણ અમને ઊંઘા પાડીને ખાઈ જઈ શકે તેમ હતો એ અમને છેક હવે સમજાયું ! તરાપાને કોઈ મગર કઈ જગ્યાએથી ધક્કો મારે એ કેમ કહી શકાય ? એટલે બંદૂકનો ઉપયોગ પણ ન થઈ શકે. અમે ઝડપથી હેસ્લિંગે પાડેલી ડાળખીઓમાંથી પાંદડાંઓ તોડીને તરાપાની ચારે તરફ બાંધી દીધાં. પછી મશાલ સળગાવી. માતાદી અમે તરાપા પર પહોંચ્યા તે પહેલાં જે સામાન લઈને આવેલો તેમાં મશાલો અને એ સળગતી રાખવા માટેનું જેતુન પ્રકારના ઝાડના થડમાંથી નીકળતું તેલ પણ એણે સાથે લઈ લીધેલું. તરાપો એકધારી ઝડપે વહી રહ્યો હતો. વાંસની મદદથી એને નદીની મધ્યમાં રાખવાનું કામ અબીરા કરી રહ્યો હતો. માતાદીએ બનાવેલું ભોજન અમે મશાલના અજવાળે જ લીધું. પછી વાતો કરતાં કરતાં એકાદ કલાક પસાર થયો.

અચાનક તરાપાની ઝડપ એકદમ ઘટી ગઈ. એમ કહેવાય કે તરાપો લગભગ સ્થિર થઈ ગયો હોય તેવું લાગ્યું. મશાલના પ્રકાશથી અમે સૌ એવા તો અંજાઈ ગયા હતા કે હવે આજુબાજુનું કંઈ પણ દેખાતું નહોતું. અમે તરત જ મશાલો ઠારી નાખી. થોડી વાર સુધી આંખને ટેવાવા દીધી. પછી એક સાથે બધા બૂમ પાડી ઊઠ્યા, "હેય ! બેન્ગ્વુલુ ! ! આપણે બેન્ગ્વુલુમાં પહોંચી ગયા !"

અમારી આજુબાજુ અફાટ સમુદ્ર જેવું પાણી જ પાણી દેખાતું હતું. તરાપો સાવ ધીમો પડીને જાણે ઊભો જ રહી ગયો હતો. અમે સૌ ખૂબ આનંદિત થઈ ગયા. નદીના પ્રવાસના અમારા પ્રથમ મુકામે અમે સૌ કોઈ મોટા જોખમ વિના (!) આવી પહોંચ્યા હતા. તરાપો પણ એક અતિ વિશ્વાસુ સાથીની માફક અમને અહીં સુધી લઈ આવ્યો હતો. અમે બધાએ જોરજોરથી ગીતો ગાવાનું શરૂ કર્યું. ખૂબ આનંદ થાય ત્યારે કંઠમાંથી ગીતો આપોઆપ નીકળી આવતાં હોય છે. ગીતો ગાતાં ગાતાં મારી નજર અમે જે રસ્તેથી આવ્યા હતા એ ચાંબેશી નદી તરફ ગઈ. પાણી ઉપર દૂર કોઈ નાનો દીવડો ટમટમતો હોય તેવું લાગતું હતું. અમે બધા ચૂપ થઈ ગયા. નિર્જન આ વિસ્તારમાં નદી પર બીજી કોઈ હોડી હશે ? કોઈ અમારી પાછળ આવતું હશે ? અમે બધાએ બૂમો પાડી. અચાનક એ દીવાની જગ્યાએ અંધારું ઘોર થઈ ગયું. અમે બધા હવે તારાના પ્રકાશમાં એકબીજાનું મોં જોઈ શકતા હતા. જંગલમાંથી બહાર આવ્યા પછી વિશાળ બેન્ગ્વુલુ સરોવર પર તારા મઢેલું આકાશ બિલકુલ ચોખ્ખું જોઈ શકાતું હતું. અમે આંખો ખેંચી ખેંચીને જોયું,

ટોર્ચનો પ્રકાશ પણ ફેંકી જોયો પરંતુ પેલા દીવડાની દિશામાં કંઈ કરતાં કંઈ ન દેખાયું. આટલી મુસાફરીના થાક પછી તરાપાને પાછો ચલાવવાની પણ હિંમત નહોતી થતી. અમને બધાને દીવડો હોય તેવું લાગ્યું હતું, પણ હવે કંઈ જ જોઈ શકાતું નહોતું. તો શું એ અમારો ભ્રમ હશે ? જે હોય તે. અમારી સૌની આંખ હવે ઘેરાવા લાગી હતી. જંગલની માફક અહીંયા પણ અમે રાત્રિના સૂવા માટેના વારા કર્યા. રાતના એકથી દોઢ સુધી માઈકલકાકા, અબીરા અને માતાદી સૂઈ જાય એ સમયે અમે બધા જાગીએ. પછી અમે પાંચેય સૂઈ જઈએ અને એ લોકો જાગે. અબીરા તો ઘણા દિવસે શાંતિની નીંદર લેતો હોય તેમ પડ્યા ભેગો જ પાડાની જેમ નસકોરાં બોલાવવા માંડ્યો. આ સમયે જ મને યાદ આવ્યું કે અમારો પાડો છેલ્લા બે કલાકથી ક્યાંય દેખાતો નહોતો. કદાચ મગરમચ્છનો શિકાર પણ થઈ ગયો હોય. જે હોય તે. અમે પાંચેય જણ પાડાની ચિંતા છોડી વાતોએ વળગ્યા.

"ડીક, રોબર્ટ, પોલ ! જોવું હોય તો !" પાણી પર ટોર્ચનો શેરડો નાખતા હેસ્લિંગ બોલ્યો.

અમે બધાએ જોયું તો લગભગ વીસ જેટલા મગરમચ્છ અમારા તરાપાથી દસેક ફૂટના અંતર રાખી તરી રહ્યા હતા. એ બધા તરાપાની નજીક આવવાનું સાહસ પણ નહોતા કરી શકતા એનું કારણ હેસ્લિંગના પેલાં પાંદડાં અને ડાળખીઓ હતાં. એની ગંધથી જ મગરમચ્છ દૂર રહેતા હતા. જો હેસ્લિંગે આવું સાહસ ન ખેડ્યું હોત તો ? આગળ કલ્પના કરવાનું મન નહોતું થતું. આજે હેસ્લિંગના કારણે જ અમારો તરાપો આવા ભયંકર જળચરોથી સલામત હતો. અમે માનભરી નજરે હેસ્લિંગ સામે જોઈ રહ્યા, પણ એ તો મગરોને જોવામાં મસ્ત હતો.

પાછલી રાતનો ચંદ્ર હજુ ઊગ્યો નહોતો. પોલના ખિસ્સા ઘડિયાળમાં રાત્રિનો એક થયો એટલે માઈકલકાકા, અબીરા તેમજ માતાદીને ઉઠાડીને અમે સૂવા પડ્યા. પડતાંવેંત જ મને ઊંઘ આવી ગઈ.



લુવાપુલા નદી

"ડીક ! એય ડીક ! ઊઠ ! જો તો ખરો આપણો પાડો આવી ગયો !" જેકના બરાડાએ મારી ઊંઘ ઉડાડી દીધી. આંખ ચોળતાં ચોળતાં મેં જોયું તો સાચે જ અમારો પાડો તરાપાને અડીને તરી રહ્યો હતો. જેક એને કંઈક ખવડાવી રહ્યો હતો. પાડાની પીઠ પર હેર્સિંગે તોડેલી ડાળખીઓનાં પાંદડાં ચોંટેલાં હતાં. કદાચ એના કારણે જ એ મગરોનો શિકાર થવામાંથી બચી ગયો હશે. અમે ખુશ થઈ ગયા.

બ્લેક કૉફી સાથે માતાદીએ લાવેલું ધાન અમે નાસ્તામાં લીધું. તરાપાના એક ખૂણા પર અમે ચૂલો બનાવ્યો હતો. લાકડાના જાડા થડિયાનો બનેલો ૧૫ ફૂટ લાંબો અને એટલો જ પહોળો તરાપો અમારા માટે ખરેખર આરામદાયક હતો. માતાદીએ આજે સવારે જ એક ખાસ પ્રકારનું જંગલી ઘાસ પાથરી દીધું હતું. એના પર બેઠા હોઈએ તો એવું લાગે જાણે જાજમ પર બેઠા છીએ. તરાપાના ખૂણા પર એક પતરા જેવું ગોઠવી એના પર ચૂલો ગોઠવ્યો હતો.

માઈકલકાકાએ હોકાયંત્ર કાઢ્યું પછી એની મદદથી એમણે દિશા નક્કી કરી. પર્સિવલકાકાએ હોકાયંત્ર શું કામ લેવડાવ્યું હતું તે હવે મને બરાબર સમજાઈ ગયું હતું. અમે વાંસની મદદથી તરાપાને આગળ ધકેલવાનું શરૂ કર્યું, પરંતુ એક તકલીફ નવી ઊભી થઈ. બેન્ગ્વુલુ સરોવરની ઊંડાઈને કારણે વાંસ વડે હલેસા મારવાનું શક્ય નહોતું. આટલા બધા ઊંડા પાણીમાં વાસની મદદથી તરાપાને ચલાવવો અશક્ય જ હતું. અમારા ઘણાં પ્રયત્નો છતાં તરાપાએ ખૂબ જ થોડું અંતર કાપ્યું. અચાનક મને વિચાર આવ્યો કે અમારી પાસે છૂટા પાડી શકાય તેવા ત્રણ પાવડા તો હતા જ. એનો ઉપયોગ કરી હલેસા બનાવી શકાય !

તરત જ અમારો સામાન ખોલીને અમે ત્રણેય પાવડા કાઢ્યા. એના હાથા તો છૂટા જ હતા. ત્રણેય પાવડાના પાના(બ્લેડ્સ)ને અમે વાંસના છેડા સાથે બરાબર બાંધી દીધા. બસ ! થઈ ગયા અમારાં હલેસાં તૈયાર ! આ નવા હલેસાંનો ચમત્કાર તરત જ દેખાયો. અમારી ઝડપમાં ખૂબ જ ફરક પડી

ગયો. અમે ઝડપથી આગળ વધવાનું શરૂ કરી દીધું. હવે અમારો પાડો ખૂબ જ ધીમો પડી ગયો હતો. એણે અમારી પાછળ આવવાને બદલે કિનારાની દિશા પકડી હતી. આમેય આટલો લાંબો સમય પાણીમાં રહીને એ કંટાળી ગયો હશે. અમારે હાલ એનું કંઈ કામ નહોતું અને આમેય એને અમે રોકી શકીએ તેમ પણ નહોતા. થોડી વારમાં જ પાડો દેખાતો બંધ થઈ ગયો.

તડકો હવે તેજ અને દઝાડે તેવો થઈ ગયો હતો. આગળના દિવસે તો બધો વખત ગીચ જંગલનો છાંયો મળવાથી તડકો લાગ્યો નહોતો પણ આજે તો ચારે તરફ ફક્ત પાણી જ પાણી હતું. એના ઉપરથી પાછો ફેંકાતો તડકો પણ અમને અકળાવી રહ્યો હતો. બપોર થયા ત્યાં સુધીમાં તો હલેસા મારી મારીને અમારા બધાના હાથ થાકી ગયા હતા. જો લુવાપુલા નદીની શરૂઆત થાય ત્યાં સુધીમાં અમે ન પહોંચી શકીએ તો આખી બપોર બેન્ગ્વુલુ સરોવરની સપાટી પર જ ગુજારવી પડે. હવે તડકો સહન કરવાની અમારી શક્તિ ઘટતી જતી હતી. થાક્યા હોવા છતાં અમે હલેસાં માર્યે જતા હતા તેનું કારણ એ જ હતું કે અમારે જલદીથી બેન્ગ્વુલુ સરોવર પાર કરી જવું હતું. સવારથી હલેસાં મારતા હતા અને અગ્નિખૂણાના પવન પણ અમને સાથ દઈ રહ્યો હતો. એટલે બેન્ગ્વુલુના સિત્તેર માઈલ કાપવામાં હવે ઝાઝી વાર નહીં જ હોય એવી હૈયાધારણ અમે એકબીજાને આપતા હતા. બેન્ગ્વુલુ સરોવરથી મ્વેરુ સરોવર લગભગ દોઢસો માઈલ જેટલું વાયવ્ય દિશામાં આવેલું હતું. લુઆપુલા નદીની ઝડપ ચાંબેશી જેવી જ હોય તો સાંજ સુધીમાં અમે ચોક્કસ મ્વેરુ સરોવર પહોંચી શકીએ.

"ચાલો બધા જમી લો !" માઈકલકાકાના અવાજે મને આગળ ગણતરીઓ કરતો અટકાવ્યો. એમણે માતાદી અને અબીરાની મદદથી ચાર વાંસને તરાપાના ચાર ખૂણાની અંદરની તરફ ઊભા કરી દીધા. એના પર અમારો તંબુ નાખી દીધો. એનાથી બાળતા તડકા સામે રક્ષણ મળી ગયું. તંબુની દોરીઓ અમે બરાબર પકડી રાખી હતી, કારણકે અગ્નિખૂણાના પવનો ક્યારે તંબુને ઉડાડી જાય તે કહી ન શકાય ! અબીરાએ બેન્ગ્વુલુ સરોવરમાંથી પકડેલી માછલીનો સરસ મજાનો સૂપ બનાવ્યો હતો. અમે સૂકા ટોસ્ટ સાથે પેટ ભરીને એની મજા માણી. ખાઈ-પીને અમે તરાપાની સાફસૂફી કરી રહ્યા હતા ત્યાં જ એક જોરદાર ધક્કો લાગ્યો. અમે પડી જતાં રહી ગયા. તરાપો એની મેળે જ ઝડપથી ચાલવા લાગ્યો.

"હેય ! લુવાપુલા ! જુઓ, જુઓ ! આપણા તરાપાની ઝડપ તો જુઓ ! ડીક ! પોલ ! રોબર્ટ ! આપણે લુવાપુલા નદીમાં છીએ !" જેકે બૂમ પાડી.

સરોવરમાંથી કોઈ નદી શરૂ થતી હોય એ જ જગ્યાએથી તમે મુસાફરી શરૂ કરો એ અનુભવ ખરેખર રોમાંચક હોય છે. મને એ આખી જિંદગી યાદ રહેશે.

લુવાપુલા નદીની ઝડપ ચાંબેશી કરતાં પણ વધારે નીકળી. સવારથી હલેસાં મારીને બધાના હાથ એવા તો દુઃખી ગયા હતા કે એની મેળે ચાલતો તરાપો જોઈને ખૂબ જ આનંદ થઈ રહ્યો હતો. જોર પકડી રહેલા અગ્નિખૂણાના પવનો સામે તંબુને સાચવવો એ અઘરું કામ લાગતાં અમે લોકોએ તંબુ ઉતારી લીધો. આમેય હવે જંગલ શરૂ થઈ ગયું હતું. લુવાપુલા નદીની બંને તરફ છવાયેલી ઝાડીઓને કારણે તડકાની તકલીફ પણ દૂર થઈ જ ગઈ હતી. વાતાવરણમાં હવે ધીરે ધીરે ઠંડક જણાવા લાગી હતી. આમેય હવે વરસાદની ઋતુ પૂરી થવા આવી હતી, છતાં આ ભાગમાં વરસાદની શક્યતાઓ હંમેશા રહેતી હોય છે. વિષુવવૃત્તની દક્ષિણમાં આવેલા આ પ્રદેશમાં વરસાદની ઋતુ સામાન્ય રીતે ઓક્ટોબરથી માર્ચની ગણાય છે. એટલે આમ જોઈએ તો અમે વરસાદી ઋતુના છેડા પર હતા.

થાક ઉતારવા અમે સૌ લાંબા થઈને તરાપામાં પડ્યા હતા. માતાદી અને અબીરા તરાપાના આગળના તેમજ પાછળના છેડે હાથમાં લાંબા વાંસ લઈને ઊભા હતા. નદીમાં વળાંક આવે કે તરાપો દિશા બદલે તો તરત જ એ લોકો વાંસની મદદથી એને સરખો કરતા હતા.

લુવાપુલા નદી પણ ચાંબેશી નદીની માફક જ ઝડપી હતી. અમને જો આ જ રીતે આગળ વધવાનું મળી શકે તો લગભગ ત્રીજા દિવસે અમે બુમ્બા શહેર પહોંચી શકીએ. એ જગ્યાએ કોન્ગો નદીની પણછ વિષુવવૃત્ત સાથે સૌથી વધારે ખેંચાયેલી છે. બુમ્બાથી અમારે નદીનો રસ્તો છોડીને જમીનમાર્ગે દક્ષિણ તરફ પ્રવાસ કરવો પડે. જંગલના એ બીજા બસો માઈલ કાપતાં બીજા ત્રણ દિવસ નીકળી જાય. એટલે જો જ્હોન હેરિંગ મારા પિતાજી તેમજ આર્થરકાકાને લઈને જમીનના માર્ગે ગયો હશે તો અમે લોકો લગભગ એક સાથે જ હીરાના પહાડ પર પહોંચી શકીએ. આમ તો ઉબુન્ડુ પછી જો જમીન માર્ગ પસંદ કરીએ તો અમે એકાદ દિવસ વહેલા પહોંચી શકીએ. પણ ઈટુરીના જંગલથી એ પ્રદેશ સુધી જાગાસ જાતિના માનવભક્ષીઓ રહે છે. એમની સાથે લડવાનું જોખમ ખેડવા કરતાં તો નદીનો પ્રવાસ વધારે સારો. આવી બધી અવઢવ વચ્ચે મેં સામાનમાંથી નકશો કાઢીને નવો કોઈ રસ્તો વિચારવાનું શરૂ કર્યું. નકશામાં પણ મારી રીતે ફેરફાર કરતા કરતા મારા મનમાં ઝબકારો થયો. મેં બીજો એક કાગળ લઈ મારી રીતે ફક્ત મધ્ય

આફ્રિકાનો નકશો જ દોરવાનું શરૂ કર્યું. પછી માઈકલકાકાને કહ્યું, "માઈકલકાકા ! આપણે માનવભક્ષી જાગાસની બીક રાખ્યા વગર ઉબુન્ડુ પછી જમીનના રસ્તે વળી જઈએ તો ? બુમ્બા સુધી જવાની માથાકૂટ કરતાં મને તો આ રસ્તો વધારે સારો લાગે છે, જુઓ." કહીને મેં મારી રીતે ફેરફાર કરેલો નકશો એમને બતાવ્યો. જે આ મુજબ હતો :

નકશો જોઈને માઈકલકાકા બેચાર ક્ષણ વિચારમાં પડી ગયા. પછી એ બોલ્યા, "તારી વાત બિલકુલ બરાબર છે ડીક ! છેક કોન્ગો નદીની પણછ સુધી જઈને પાછા ફરવું એ કરતાં તો ઉબુન્ડુ પછી જમીનનો માર્ગ પકડી લેવો વધારે સારો. આમેય સ્ટેન્લીના ધોધ(જે હવે બોમાયા ધોધ તરીકે પણ ઓળખાય છે)ની આ તરાપામાં મુસાફરી શક્ય જ નથી. એ સાંઈઠ માઈલ કાપતાં જિંદગી પણ જતી રહે. ઉપરાંત સ્ટેન્લીના ધોધમાં પાણીની વિશાળ જળરાશી લગભગ ૩૦૦ ફૂટથી નીચે પછડાય છે. એ ૩૦૦ ફૂટની પછડાટમાં તરાપાનું એકેય લાકડું બચી શકે નહીં. એટલે મને પણ ઉબુન્ડુથી આગળ નદીની મુસાફરી યોગ્ય નથી લાગતી, એટલે ઉબુન્ડુથી જ આપણે પશ્ચિમમાં પ્રવાસ શરૂ કરી દેશું."

એટલું કહીને માઈકલકાકા વિચારમાં પડી ગયા. અમારી વાતમાં રસ પડવાથી જેક, પોલ અને રોબર્ટ બેઠા થઈ ગયા. એક હેસ્લિંગ બાયનોક્યુલર

લઈને આજુબાજુની ઝાડીઓમાં ભગવાન જાણે શું જોઈ રહ્યો હતો.

"ડીક ! આપણી પાસે કુલ કેટલાં શસ્ત્રો હશે ?" માઈકલકાકાએ સવાલ કર્યો.

"હમ્‌મ્‌મ્‌ ! ત્રણ રાઈફલ્સ, ૩ મોટી છરીઓ, એક કુહાડી, તમારી એક રાઈફલ, એક રિવૉલ્વર અને જો હથિયાર તરીકે ગણી શકાય તો ત્રણ નાના ત્રિકમ !" મેં જવાબ આપ્યો.

"પણ આટલાં શસ્ત્રોથી જાગાસ સામે લડવું એક સાવ અશક્ય કામ છે. કારણ કે એ લોકો ઝાડીમાં છુપાઈને લડે છે તેમજ નાની નાની ટોળકીઓમાં આક્રમણ કરે છે. એક ટોળકી સામે લડીને તમે થાકી જાવ ત્યાં બીજી ટોળી તૈયાર જ હોય. એટલે બને એવું કે તમે એકના એક જ હો અને એમના લડવૈયા સતત બદલ્યા કરે. આ પ્રકારની વ્યૂહરચના સામે મોટું લશ્કર પણ થાકી જાય." માઈકલકાકા ચિંતા સાથે બોલ્યા.

"આપણને પિગ્મી લોકો નહીં હેરાન કરે ? એ લોકોના ઝેરી તીર સિંહોને પણ ચપટી વગાડતાં જ ઢાળી દે છે. ઉબુન્ડુ પછી તો છેક સુધી આપણે પિગ્મી લોકોના પ્રદેશમાંથી જ પસાર થવાનું છે." મેં મારી ચિંતા વ્યક્ત કરી.

"નહીં ડીક ! પિગ્મી લોકોની ચિંતા નથી. અહીંના પિગ્મી લોકો 'નીલો સહારન' અને 'માંગબેટુ' એમ બે પ્રકારની ભાષા બોલે છે. બંને ભાષા અબીરા તેમજ માતાદી બરાબર જાણે છે એટલે પિગ્મી લોકોથી ઝાઝી બીક નથી. પણ જાગાસ લોકોનો જ ખરો ભય છે. એ લોકો સાવ જ જંગલી છે. કંઈ કહેતાં કંઈ સમજે જ નહીં ને ! જાણે ભૂખ્યા જંગલી જનાવર જ જોઈ લો ! હા ! બંદૂકના ધડાકા કરીને થોડા સમય માટે એમને દૂર જરૂર રાખી શકાય. પણ એમને હરાવવા કે મારવા અશક્ય વાત છે." માઈકલકાકાની ચિંતા એમના ચહેરા પર સ્પષ્ટપણે દેખાતી હતી.

અમે બધા ચિંતામાં પડી ગયા. કારણ કે જો સ્ટેનલીના ધોધ પસાર કરીને બુમ્બા સુધી પહોંચી શકીએ તો બુમ્બામાંથી વધારે શસ્ત્રો મળવાની પૂરી શક્યતા હતી. કારણ કે સર હેન્રી મોર્ટન સ્ટેન્લીના ૧૮૮૭ના પ્રવાસ દરમિયાન એમની સાથે આવેલા માણસોમાંથી અમુક લોકો બુમ્બામાં જ વસી ગયા હતા. એ લોકોમાંના કેટલાંક શસ્ત્રોની લે-વેચનો ધંધો કરે છે. પણ બુમ્બા જવાનું જ રદ કરીએ તો વધારે શસ્ત્રો બીજે ક્યાંયથી મળે તેમ નહોતા. તો પછી અમારી પાસે હતા એટલાં શસ્ત્રોથી જ ચલાવવું પડે. નદીમાં તો અમે સલામત હતા પણ ઉબુન્ડુથી જંગલનો રસ્તો પસંદ કરીએ એ તો

લોઢાના ચણા ચાવવાનું પસંદ કરવા જેવું હતું. રસ્તો તો [illegible] લાગતો હતો. નકશામાં બતાવેલો રસ્તો ઘણી વખત તમને [illegible] ચડાવી ખજાનાથી દૂર રાખવાનો લુચ્ચાઈભર્યો ઉપાય પણ હોઈ શકે. આવી ગડમથલમાં અમે બરાબરના ફસાયા હતા.

ત્યાં જ બાયનોક્યુલર પકડીને ક્યારનો ડાફોળિયા મારી રહેલો હેરિંગ બોલી ઊઠ્યો, "ડીક ! પોલ ! કંઈક જોવું હોય તો !" વારાફરતી દરેક જણે બાયનોક્યુલર આંખે લગાવીને જોયું. ૩૦ થી ૪૦ જેટલા જંગલીઓનું ટોળું જંગલી વેલાઓથી બનાવેલી જાળી વડે એક ઝીબ્રાને ચારે બાજુથી ઘેરીને ઊભું હતું. ઝીબ્રાએ જાળી કૂદીને ભાગવાનો નાકામ પ્રયાસ કર્યો. એટલી વારમાં તો ચિચિયારીઓ પાડતાં જંગલીઓ એને ઘેરી વળ્યા અને પૂરું કરી નાખ્યું. ઝડપથી ચાલતો અમારો તરાપો ફરી એક વખત ગીચ ઝાડીઓની વચ્ચે આવી ગયો, એટલે માઈકલકાકા એ દૃશ્ય ન જોઈ શક્યા. આજુબાજુ કોઈ ગામ હોવું જોઈએ જેથી એટલાં થોડા વિસ્તાર પૂરતી ઝાડી નહોતી. અમારી વાત પરથી અંદાજ લગાવીને માઈકલકાકાએ જણાવ્યું કે એ કદાચ 'સુઆ' પ્રકારના પિગ્મી લોકોનું ટોળું હોઈ શકે. કારણ કે આ પ્રકારના પિગ્મીઓ આ તરફના આફ્રિકા ખંડમાં રહે છે તેમજ 'બીરા' ભાષા બોલે છે. મોટે ભાગે એ લોકો જાળી વડે જ શિકાર કરે છે અને ૧૨થી ૧૫ ઝૂંપડાંના કબીલામાં રહે છે.

માઈકલકાકા આ માહિતી આપતા હતા એ વખતે જ આકાશમાં કડાકા-ભડાકા થવા લાગ્યા અને કાળા-ડિબાંગ વાદળોથી આકાશ ઘેરાઈ ગયું. સાંજ પડવાને હજુ એકાદ બે કલાકની વાર હતી છતાં પણ અંધારું ઘોર છવાઈ ગયું. અમે બધા તરાપો ઢંકાઈ જાય તેવી રીતે તંબુ પાથરીને એની નીચે ઘૂસી ગયા. અમારો સામાન પણ અમે ઢાંકી દીધો. થોડી વારમાં જ ત્રમઝટ વરસાદ વરસવાનો શરૂ થઈ ગયો. તંબુ ઓઢીને અમે સૌ ચૂપચાપ બેઠા હતા. એકબીજાના બોલવાનો અવાજ આમેય સંભળાય તેમ નહોતો, કારણ કે આફ્રિકાના આ ભાગનો વરસાદ ગાંડો જ હોય છે.

વરસતા વરસાદની વચ્ચેથી જરાક મોઢું ઊંચું કરીને મેં બહાર જોયું. ચારે તરફ અંધારું ઘોર હતું. કંઈ જ દેખાતું નહોતું. હું ફરી પાછો તંબુ ઓઢી લેવા જતો હતો એ સમયે જ જોરદાર વીજળી થઈ. એના પ્રકાશમાં દૂર હોડી જેવું કંઈક દેખાયું. ખાતરી કરું એ પહેલા તો અંધારુ થઈ ગયું. એ પછી બેથી ત્રણ મોટા ઝબકારા થયા ત્યાં સુધી એ હોડી ત્યાં જ સ્થિર થઈ ગયેલી લાગી. અમારો તરાપો ઝડપથી આગળ ભાગતો હતો. આગળ માઈકલકાકા અને માતાદી વાંસ સંભાળીને તંબુથી અર્ધા ઢંકાયેલા બેઠા હતા પણ એમનું ધ્યાન

નદીના આગળના પ્રવાહ તરફ હતું. કોઈ ઝાડ સાથે કે વળાંકમાં તરાપો અથડાઈ ન જાય તે માટે એ લોકો ટોર્ચ સળગાવીને બેઠા હતા. મેં માઈકલકાકા તેમજ અન્ય સૌને આ વાત કરી. બધાએ તંબુ થોડો ઊંચો કરીને પાછળ જોયું, પણ કમનસીબે ત્યાર પછી ઘણી બધી વાર સુધી કોઈ મોટો ઝબકારો થયો જ નહીં. ખાસ્સી વાર પછી ફરી વખત એક મોટો ઝબકારો થયો, પણ એ વખતે દૂર એક ટપકા સિવાય અમને બીજું કંઈ દેખાયું નહીં. ધીરે ધીરે એ પણ દેખાતું બંધ થઈ ગયું. અમે સૌ થોડાક વિચારમાં પડી ગયા. શું એ હોડી હશે ? જો એ હોડી હોય તો એનો અર્થ એવો જ કરી શકાય કે જરૂર કોઈ અમારો પીછો કરી રહ્યું હતું. ચાંબેશી નદીમાં દેખાયેલો દીવાનો પ્રકાશ પણ આ જ હોડીમાંથી આવેલો હોઈ શકે. અમારા બધાના વિચારો એવું કહેતા હતા કે કોઈ અમારો પીછો કરી રહ્યું છે, પણ અમારાથી દૂર રહેવાનું જ પસંદ કરે છે. બધા ચૂપ હતા પરંતુ કંઈ કેટલાય વિચાર દરેકના મનમાં રમી રહ્યા હતા.

વરસાદ અટકી ગયો. આફ્રિકાનો વરસાદ જેટલી ઝડપે આવે છે એટલો ઝડપથી જતો પણ રહે છે. થોડીક વારમાં જ સાવ ઉઘાડ લઈ ગયો. સૂરજ આથમવાને હજુ વાર હતી. મ્વેરુ સરોવર હવે સાવ નજીક આવી ગયું હતું. તરાપાની ઝડપ પણ હવે એકદમ ઘટી ગઈ હતી.

"ડીક ! પોલ ! માઈકલકાકા ! જુઓ, ત્યાં જમીન દેખાય !" રોબર્ટે બૂમ પાડી. અમારી પૂર્વ તરફ જતા નદીના ફાંટા તરફ જમીનની લીલી કિનારી દેખાતી હતી. સામે ઉત્તરમાં અફાટ મ્વેરુ સરોવર નજરે પડતું હતું. મેં નકશો કાઢીને જોવાની તપાસ કરી કે પૂર્વ તરફ જતા ફાંટા પર આ જમીન કોઈ દ્વિપ તો નથી ને ! નકશામાં (આકૃતિ : ૨) મ્વેરુ સરોવરની દક્ષિણપૂર્વ તરફ એક નાનકડું ટપકું કરેલું હતું. પણ બાજુમાં નાનકડી લાલ ખોપરીનું નિશાન ☠ કરેલું હતું, અને બાજુમાં નોંધ લખેલી હતી, જે નીચે મુજબ હતી :

"કીલવા ટાપુ. અભેદ. મુસાફરોને ન જવાની સૂચના. આજ સુધી કોઈ પાછું નથી આવ્યું. જે કોઈ જાય તે પોતાના જોખમે !"

અમે સૌ એકબીજા સામે જોવા લાગ્યા. ઘડીક એવું થયું કે સીધા મ્વેરુ સરોવરમાં જ પહોંચી જઈએ. હું નકશો કાઢીને બરાબર વાંચું એટલી વારમાં તો અબીરા અને માતાદીએ તરાપો એ તરફ વાળીને હાંકવાનું પણ શરૂ કરી દીધું હતું. બધા શાંત હતા. દરેકને એક જ વિચાર આવતો હતો કે ત્યાં શું હશે ? ગાઢ જંગલવાળી એ જમીન નજીક આવી ગઈ. એ કીલવા ટાપુ હતો. એના પર રાત ગુજારવાનું અમે નક્કી કર્યું હતું ! જોઈએ શું થાય છે !

❑

કીલવા ટાપુ

વાદળાં હટી ગયાં પછીનું આકાશ એકદમ સ્વચ્છ અને મોરપીચ્છ રંગનું લાગતું હતું. કીલવા ટાપુ નજીક આવતાં જ અમે લોકો કાંઠાના છીછરા પાણીમાં કૂદી પડ્યા. પાણી એકદમ ચોખ્ખું, ભૂરું અને નીતર્યા તેલ જેવું હતું. લીલાંછમ વૃક્ષો પાણીને અડકીને જ શરૂ થઈ જતાં હતાં. અબીરાએ કાંઠેની ઝાડીમાંથી એક લાકડી કાપી, છોલીને ભાલા જેવું બનાવ્યું. પછી છીછરાં પાણીમાં જોઈ, બરાબર નિશાન લઈને એ માંડ્યો માછલીઓ પકડવા. થોડીક વારમાં જ એણે અમારા સાંજના ભોજનનો પ્રબંધ કરી દીધો. માઈકલકાકાએ અમને જણાવ્યું કે અબીરાના જણાવ્યા પ્રમાણે એણે પકડેલી માછલીઓ ખૂબ જ ઊંચી જાતની મીઠાં પાણીની માછલીઓ હતી. અબીરા અને માતાદીએ આજુબાજુથી સૂકાં લાકડાં ભેગાં કરીને ભોજનની તૈયારીઓ શરૂ કરી. અમે લોકો રાઈફલ્સ, દારૂગોળો તેમજ બીજો થોડોક સામાન લઈ તરાપામાંથી નીચે ઊતર્યા હતા. અબીરા અને માતાદી જમવાનું બનાવી નાખે એટલી વારમાં ટાપુ પર થોડેક સુધી આંટો મારી આવવો એવું નક્કી કરીને હું, માઈકલકાકા, રોબર્ટ, જેક, પોલ અને હેસ્લિંગ નીકળી પડ્યા.

કીલવા ટાપુ ખૂબ જ નાનકડો હતો. થોડીક વારમાં જ અમે સૌ ટાપુના મધ્યભાગમાં જંગલની વચ્ચે આવેલા એક સુંદર તળાવ સુધી પહોંચી ગયા. આજુબાજુ ખૂબ જ રળિયામણાં વૃક્ષો હતાં. અમને નવાઈ એ વાતની લાગતી હતી કે આટઆટલી વનરાજી હોવા છતાં એક પણ પક્ષી કેમ દેખાતું નહોતું. ખેર ! પંખીના કલશોર વગરનું શાંત જંગલ પણ એક માણવા જેવી શાંત જગ્યા બની શકે છે. તળાવના કાંઠે અમે પહોંચ્યા. એના ચોખ્ખા પાણીમાં ઘણી બધી માછલીઓ આરામથી તરતી જોઈ શકાતી હતી. તળાવની ચારે તરફ સરસ મજાની ઝીણી રેતી પથરાયેલી હતી. આજની રાત આ તળાવના સુંદર કિનારે જ વિતાવવી એવું અમે નક્કી કરી લીધું. પોલ અને જેક કાંઠા તરફ પાછા ગયા જેથી તરાપાને કાંઠાના કોઈ ઝાડવા સાથે બાંધીને અબીરા તેમજ માતાદીને પણ બોલાવીને આવી શકે. હું, રોબર્ટ, હેસ્લિંગ અને માઈકલકાકા તળાવના કાંઠે જ ગપ્પાં મારતાં બેઠા.

અચાનક જ તળાવના મધ્યભાગમાંથી પાણીનો એક ફુવારો ઊંચે ઊડ્યો. સાથોસાથ હિસ્સ્...સ્...સ્... ! એવો અવાજ પણ આવ્યો. નવાઈની વાત તો એ હતી કે ફુવારાનું પાણી નીચે બેસી ગયું તે પછી આછા ભૂખરા સફેદ રંગનો માંડ જોઈ શકાય તેવો ધુમાડો તળાવની વચ્ચેથી ઊઠતો જોઈ શકાતો હતો. પવન અમારાથી ઊલટી દિશામાં વાઈ રહ્યો હતો. માઈકલકાકા દોડતાં ધુમાડો જતો હતો એ કિનારા તરફ દોડતા ગયા. હવામાં કંઈક સૂંઘીને અમને બોલાવ્યા. અમે પણ સૂંઘી જોયું. હવામાં ગંધક જેવી તીવ્ર વાસ આવતી હતી. થોડીક ક્ષણોમાં જ ફુવારો ઊઠતો બંધ થઈ ગયો, પણ માઈકલકાકાના ચહેરા પર ચિંતાના ભાવ આવી ગયા.

એમણે કહ્યું, "ડીક ! ચાલ, સૌથી પહેલા આપણે સંપૂર્ણ ટાપુનો આંટો મારી લઈએ. હજુ રાત પડવાને એકાદ કલાકની વાર છે. એટલે અજાણ્યા ટાપુ પર આમ જ સૂઈ જવા કરતા બધે ફરીને બરાબર તપાસ કરી લઈએ. રોબર્ટ, તું ઝડપથી તરાપા તરફ પાછો જા. હું, ડીક તેમજ હેર્સિંલગ પાછા ન આવીએ ત્યાં સુધી તમે બધા તરાપા પાસે જ રહેજો. આ બાજુ કોઈ ન આવે તેનું ધ્યાન રાખજો. અને હા, તરાપા પરથી ઉતારેલો સામાન બધો જ પાછો ચડાવી દેજો. તૈયાર ભોજનનાં તપેલાં પણ તરાપા પર લઈ લેજો." માઈકલકાકાના અવાજ અને એમની સૂચનાઓમાંથી ચિંતા સ્પષ્ટ દેખાઈ રહી હતી.

રોબર્ટ તરાપા તરફ પાછો ગયો. અમે ટાપુના બીજા છેડા તરફ આગળ વધ્યા.

કીલવા ટાપુ ધાર્યા કરતાં પણ નાનો નીકળ્યો. થોડી વારમાં તો ઝાડી સાવ આછી થવા માંડી. અમે ટાપુના બીજા કિનારા સુધી પહોંચી જવામાં જ હતા. છેલ્લી ઝાડી ખસેડીને અમે કિનારા તરફ ડોકિયું કર્યું. અમને ત્યાં જે દૃશ્ય દેખાયું તેનાથી અમારી આંખો ફાટી રહી. અમે આઘાતના ભાવ સાથે એકબીજા સાથે જોવા માંડ્યા. કિનારા પર એક વિશાળ આગબોટ પાણીમાં સહેજ દૂર નાંગરેલી હતી, એક નાનકડી હોડી કાંઠા પર પડી હતી. કોણ હશે ? કોની આગબોટ હશે. આગબોટ હતી એટલે જંગલીઓની હોવાનો તો સવાલ જ નહોતો પણ લૂંટારાઓ હોય તો ? નાહક લૂંટારાઓ સાથે ઝપાઝપીમાં સમય બગાડવા તેમ જ જોખમ લેવા અમે નહોતા માગતા. અંતે નક્કી કર્યું કે આગબોટ જેની હોય તેની. અમારે દબાતા પગલે પાછા ફરીને તરાપાવાળા કિનારે પહોંચી જવું. તરાપો લઈ જમીન પર રાત વિતાવવાની ગણતરી છોડીને મ્વેરુ સરોવરની સપાટી પર જ રાતવાસો કરવાનું નક્કી કરી નીકળી પડવું.

ધીમા પગલે અમે પાછા ફરવા જ જતા હતા ત્યાં જ માઈકલકાકાથી બૂમ પડાઈ ગઈ, "ડીક ! હેર્સિંલગ ! ત્યાં ! ત્યાં જુઓ ! ઓહ માય ગોડ !" પ્રથમ વખત અમે માઈકલકાકાના ચહેરા પર ભયની રેખાઓ જોઈ. એમનું ગળું સુકાઈ રહ્યું હોય તેવું લાગતું હતું. એમણે ચીંધેલી આંગળીની દિશામાં અમે જોયું તો લગભગ દસેક જેટલાં હાડપિંજર કિનારા પર સૂતાં હતાં. ભયનું એક લખલખું અમારા શરીરમાંથી પસાર થઈ ગયું. માઈકલકાકાએ કંઈક વિચારીને જોરથી બૂમ પાડી, "અરે કોઈ છે આગબોટ પર ? કોઈ અમારો અવાજ સાંભળે છે કે..."

થોડી વાર સ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ. આમ પણ પશુઓ કે પંખીઓ તો ક્યાંય હતાં નહીં એટલે ચારે તરફ શાંતિ જ હતી. કોઈએ જવાબ ન આપ્યો. આ વખતે માઈકલકાકાએ અમને ઝાડીની પાછળ જ રહેવાનું કહી પોતે આગળ ખુલ્લામાં જઈને બેચાર બૂમો પાડી જોઈ. કોઈ જવાબ ન મળ્યો. કાકાએ અમને બહાર આવવા ઈશારો કર્યો. ધીમા પગલે અમે કિનારા તરફ આગળ વધ્યાં. બંદૂકના ટ્રીગર પર આંગળી રાખીને અમે ધીરે ધીરે પેલા હાડપિંજરો સુધી પહોંચ્યા.

દસ હાડપિંજરો એકબીજાની બાજુ બાજુમાં સૂતાં હતાં. એમનાં પાથરણાં, બંદૂકો તેમજ પાણીના જગ સુધ્ધાં એમનાં એમ જ પડ્યાં હતાં. કોઈના છાતી કે ખોપરીનાં હાડકાંઓમાં ગોળીના કે બીજાં શસ્ત્રો વાગ્યાનાં નિશાન પણ નહોતાં. તો પછી દસ જણા આમ એકબીજા પાસે સૂતાં સૂતાં જ કઈ રીતે મરણ પામ્યા હશે ? કોઈ લૂંટારાઓએ ગૂંગળાવીને મારી નાખ્યા હોય તેવું પણ નહોતું લાગતું, કારણ કે ત્રણચાર જણાના હાથમાં તેમજ ગળામાં સોનાનાં કિંમતી ઘરેણાં એમ જ હતાં. એટલે કોઈએ લૂંટના ઈરાદે મારી નાખ્યા હોય તેવું પણ નહોતું લાગતું. ધારો કે એવું કંઈ પણ બન્યું હોય તો કોઈક તો જાગી ગયું જ હોય અને હાડપિંજરો આમ કતારબંધ સૂતેલાં ન હોય. અસ્તવ્યસ્ત હોય. આ તો બધાં જ જાણે ઊંઘમાં જ મોતને ભેટ્યાં હોય તેવું લાગતું હતું. એમની કાંઠે નાંગરેલી નાનકડી હોડી લઈ અમે આગબોટ સુધી ગયા. બેચાર બૂમો પાડી. કોઈએ જવાબ ન આપ્યો એટલે આગબોટની બાજુમાં લટકતી દોરડાની નિસરણી દ્વારા સાવચેતીથી ઉપર ચડ્યા. ઉપર જઈને જોયું તો આગબોટ પર કોઈ હતું જ નહીં. કેબિન બહારથી બંધ હતી. કેબિન ખોલીને અમે અંદર પ્રવેશ્યા. અંદર બધો સામાન, દારૂગોળો, સૂકવેલી માછલીઓ વગેરે અકબંધ હતાં. ફક્ત ફળોમાંથી કેટલાંક

સડી ગયાં હતાં અને બાકીના સુકાઈ ગયાં હતાં. એનો અર્થ એવો જ થતો હતો કે આગબોટની કેબિન બંધ કરીને આ બધા કાંઠા પર સૂવા માટે ઊતર્યા હશે. આટલા રળિયામણા કાંઠે કોઈને પણ સૂવાનું મન થઈ જ જાય. આમેય આ ટાપુ પર હિંસક પ્રાણીઓ કે જંગલીઓની બીક તો હતી જ નહીં. ટાપુ સાવ જ નિર્જન હતો. એ લોકો ઊતર્યા હશે ત્યારે કદાચ પૂનમની રાત હશે. આવો શાંત અને લોભામણો કિનારો હોય અને પૂનમની રાત હોય તો કોઈ પણ કાંઠે સૂવા માટે જ લલચાય જાય. આ લોકો આવા કોઈ ખ્યાલથી જ કાંઠે સૂવા માટે ઊતર્યા હશે.

"ડીક ! માઈકલકાકા ! જુઓ તો ! કદાચ આ લોકો પણ આપણી માફક જ...' હાથમાં એક કાગળ ઉપાડીને જોઈ રહેલા હેસ્લિંગે વાક્ય પણ પૂરું ન કર્યું. અમે જોઈને નવાઈ પામી ગયા. આ નકશો પણ હીરાના પર્વત તરફ જતી દિશા જ બતાવતો હતો. નવાઈની વાત તો એ હતી કે એમાં રસ્તો કીલવા ટાપુ પરથી પસાર થતો દેખાડેલો હતો. અમારો નકશાનો રસ્તો સ્ટેન્લીના ધોધ સુધી એટલે જ જતો હશે ? અમને પણ રસ્તામાં જ પૂરા કરી દેવા માટેનો પ્લાન હશે ? મારા બાપુજી આ બધું જાણતા હશે ? મારા મનમાં કેટલાય અમંગળ વિચારો આવવા માંડ્યા. લગભગ ખજાનાના નકશામાં રસ્તાનો એકાદ કટકો એવો જ બતાવવામાં આવે કે જ્યાંથી કોઈ આગળ જ ન જઈ શકે. આ લોકો પણ એમના નકશામાં કીલવા ટાપુના કરેલા વખાણના કારણે ફસાઈ ગયા હશે ? કદાચ એમ જ હશે. આ બધા પછી એક જ સવાલ ઊઠતો હતો કે એવું તો શું બન્યું હશે કે આ બધા એક સાથે મૃત્યુ પામ્યા હશે ?

"ડીક ! હેસ્લિંગ !" માઈકલકાકા બોલ્યા, "આ આગબોટ હવે આપણે રાખી લઈએ તો કેવું ? આમેય આ સૌ તો મરણ પામ્યા છે. એમની પાસેથી એ લોકો ક્યાંથી આવ્યા હશે એની માહિતી પણ મળી નથી કે નથી આગબોટ પર કોઈ એવી નોંધપોથી જેવું જેમાં આ લોકોએ કંઈ પણ લખેલું હોય. આપણી આગળની મુસાફરી હવે વધારે ખતરનાક નદીના પ્રવાહો વચ્ચે થવાની છે. એવે વખતે આ આગબોટ આપણને ખૂબ જ કામ આવશે. તમારું બંનેનું શું કહેવું છે ?"

અમે માથું હલાવીને મૂંગા મૂંગા જ સંમતિ બતાવી અને વાત પણ સાચી જ હતી. આ આગબોટ હવે આ હાડપિંજરોના કોઈ જ કામની નહોતી.

આટલું નક્કી કર્યા બાદ અમે ફરીથી એક વખત આખી આગબોટ ફેંદી મારી. કારણ કે જો આ લોકોનો કાંઈ પણ પત્તો લાગે તો એમના ઘરના લોકો

જ્યાં પણ રહેતા હોય તેમને ભવિષ્યમાં જાણ કરી શકાય. કમનસીબે કંઈ કરતા કંઈ જ એવી નોંધ ન મળી કે જેના પરથી આ લોકો ક્યાંથી આવી રહ્યા હતા તે નક્કી કરી શકાય. કંટાળીને અમે આગબોટ ફેંદવાની બંધ કરી. પછી આગબોટમાંથી નીચે ઊતર્યા. હવે અમારું પહેલું કામ તરાપા સહિત બધાને આ બાજુના કાંઠે લઈ આવવાનું હતું. ત્યાર પછી જ આગળ શું કરવું એ વિચારવાનું નક્કી કરી અમે ઝડપથી તરાપાવાળા કાંઠા તરફ ભાગ્યા.

અમે તરાપા પાસે પહોંચ્યા ત્યારે રોબર્ટ, જેક, પોલ, અબીરા અને માતાદી ચિંતાતુર ચહેરે અમારી રાહ જોઈ રહ્યા હતા. માઈકલકાકાએ બધી જ વાત ટૂંકમાં સમજાવી. આ બધાએ સામાન અને ભોજનનાં તપેલાં પણ તરાપા પર ચડાવી દીધાં હતાં. એટલે સમય બગડવાનો તો સવાલ જ નહોતો ઊઠતો. ઝડપથી એ લોકોને ટાપુના બીજા કિનારા તરફ તરાપો હાંકીને આવવાનું કહી હું, હેસ્લિંગ અને માઈકલકાકા ફરીથી જમીનના રસ્તે આગબોટ તરફ જવા માટે પાછા ફર્યા. અમે પગપાળા જવા માટેનો રસ્તો લીધો એટલે હેસ્લિંગને નવાઈ લાગી. એનાથી પુછાઈ ગયું, "હેં માઈકલકાકા ! આપણે શું કામ પાછા ચાલતા જવાનું નક્કી કર્યું ? આપણે પણ તરાપામાં બેસી ગયા હોત તો ?" મને પણ હેસ્લિંગનો સવાલ યોગ્ય લાગ્યો.

"નહીં હેસ્લિંગ દીકરા ! આપણે એ જાણવું તો જોઈએ જ કે આ દસે દસ જણ મૃત્યુ શું કામ પામ્યા હશે ? જો બરાબર ધ્યાનથી જોતા જઈશું તો કારણ ચોક્કસ ખબર પડી જશે. કંઈ પણ જોખમ જેવું લાગે તો આપણે આજે રાત્રે કીલવા ટાપુ પર ન રોકાઈએ ને !" ઝડપથી ચાલતાં ચાલતાં માઈકલકાકાએ જવાબ આપ્યો. અમને એમની વાત બિલકુલ યોગ્ય લાગી.

અમારા પગ ઝડપથી ઊપડતા હતા. મનમાં એક વિચિત્ર પ્રકારનો ઉચાટ ફેલાઈ ગયો હતો. વારંવાર બસ એક જ વિચાર આવતો હતો કે એવું તે કેવું મોત હશે કે એક સાથે દસે દસ જણનો કોળિયો કરી ગયું, તેમ છતાં કોઈને ખબર પણ નહીં પડી હોય ?

ઉતાવળે ચાલતાં અમે ટાપુની વચ્ચોવચ્ચ આવેલા તળાવના કાંઠેથી પસાર થઈ રહ્યા હતા એ જ વખતે તળાવના શાંત પાણીમાંથી જાણે મોટા અજગરે ફૂંફાડો માર્યો હોય તેવો 'હિસ્સ્...સ્...સ્... !' અવાજ આવ્યો. એની સાથે જ એક સફેદ રંગનું મોટું વાદળું પાણીમાંથી ઊંચકાયું અને ખૂબ જ વેગથી ઊંચે જવા માંડ્યું.

"ઓહ માય ગોડ ! કાર્બન ડાયોક્સાઈડ !" માઈકલકાકાએ મોટેથી બૂમ પાડી, "ડીક ! હેસ્લિંગ ! જલદી ભાગો ! આ સફેદ વાદળું કાર્બન

ડાયોક્સાઈડનું છે. વેગથી ઉપર ગયા પછી એ પાછું નીચે આવશે. જો આપણે એની લપેટમાં આવી ગયા તો પાંચ જ મિનિટમાં ખેલ ખલાસ ! એટલે ઝડપથી ભાગવા માંડો !"

અમે મુઠ્ઠીઓ વાળીને ભાગ્યા. તળાવની પૂર્વ તરફ પહોંચ્યા પછી સહેજ નિરાંત થઈ, કારણ કે અગ્નિ ખૂણાના શક્તિશાળી પવનો એ વાદળને ઝડપથી પૂર્વ તરફ એટલે કે અમારી તરફ ખસવા દે તેમ નહોતું. પણ ઊંચકાઈ રહેલા વાદળનાં વધતાં જતાં કદ પરથી લાગતું હતું કે થોડી વારમાં જ એ આખા ટાપુ પર છવાઈ જશે. અમે ફરી વાર દોડવા માંડ્યા. ટાપુ નાનકડો જ હતો એટલે કાંઠે પહોંચતા વાર ન લાગી. અબીરા, પોલ, માતાદી, જેક અને રોબર્ટ આગબોટની બાજુમાં તરાપો ઊભો રાખીને અમારી વાટ જોતા હતા. અમે ઝડપથી કાંઠા પરની નાની હોડી છોડી અને એમાં કૂદી પડ્યા. આગબોટ સુધી પહોંચ્યા ત્યાં સુધીમાં પેલું વાદળ લગભગ અડધોએક માઈલ જેટલું ઊંચું ચડી ગયું હતું અને હવે ધીમે ધીમે ટાપુ પર પાછું બેસી રહ્યું હતું. શક્ય એટલી ઝડપે અમે અમારો સામાન તરાપા પરથી આગબોટમાં ચડાવી દીધો. બધા આગબોટ પર આવી ગયા પછી અમે તરાપાને છોડી દીધો. જો કે તરાપાને છોડતા કોઈનો પણ જીવ નહોતો ચાલતો. બે દિવસમાં એ નિર્જીવ વસ્તુ પર પણ લાગણી થઈ ગઈ હતી પરંતુ એવું કર્યા વિના છૂટકો જ નહોતો.

બધો સામાન આવી ગયો એટલે માઈકલકાકા દોડતા એન્જિન રૂમમાં જઈ એન્જિન શરૂ કરવાની મથામણ કરવા લાગ્યા. પણ થયું એવું કે ઘણા બધા દિવસથી એમ જ બંધ પડેલા મશીનો જલદી શરૂ થવાની ના પાડતા હતાં. એ તો સારું હતું કે આજુબાજુ ક્યાંય દરિયો નહોતો, નહીંતર તો મશીનોમાં ચોક્કસ કાટ લાગી ગયો હોત.

"માઈકલકાકા ! જલદી !" મેં અને હેસ્લિંગે લગભગ સાથે જ બૂમ પાડી. પવનની દિશા એકાએક બદલી હતી. કાર્બન ડાયોક્સાઈડનું એ વાદળ હવે અમારી તરફના કિનારે આગળ વધવા માંડ્યું હતું. જો એ વાદળ અમારી આગબોટ પર ફેલાઈ જાય તો પાંચ મિનિટથી વધારે અમારામાંથી કોઈ પણ જીવતું ન રહી શકે. અમારા શ્વાસ અધ્ધર થઈ ગયા. આ રીતે કાર્બન ડાયોક્સાઈડ ફેલાઈ જવાથી ગામનાં ગામ ઊંઘતા જ સાફ થઈ ગયાં હોય તેવા દાખલાઓ પણ મોજુદ છે. કાર્બન ડાયોક્સાઈડ (CO_2) હવા કરતા ભારે વાયુ હોવાથી એક વાર ઊંચે ફેંકાયા પછી ધીમે ધીમે પાછો નીચે બેસી જાય છે. આટલા મોટા વાદળને જમીન પર બેસી જતાં કલાકો લાગે અને એટલી વાર સુધી વનસ્પતિ સિવાય બીજું કોઈ જીવતું ન રહી શકે. બસ ! આ

વિચાર આવતાં જ અમને સમજાઈ ગયું કે આવા સરસ ટાપુ પર કોઈ પણ પ્રાણી, પક્ષી કે માનવી કેમ નહોતાં જોવા મળતાં ? એ પણ સમજાઈ ગયું કે પેલા દસે દસ જણ પણ આમ જ કાર્બન ડાયોક્સાઈડની લપેટમાં આવી ગયા હશે અને ઊંઘમાં જ એ લોકો મૃત્યુ પામ્યા હશે.

આ વાત સમજાવાની સાથે જ અમને એક વિચિત્ર ધ્રાસ્કો પડ્યો. અમારી આગબોટ જો ન શરૂ થઈ શકી તો ? તો ચોક્કસ થોડીક મિનિટો પછી અમારામાંથી પણ કોઈ જીવતું ન જ બચી શકે.

"ઠીક ! માઈકલકાકા ! આપણે આગબોટ પડતી મૂકીને તરાપામાં કે પેલી હોડીમાં જ દૂર ભાગી જઈએ તો ? અથવા તો એ વાદળ આપણા સુધી આવે ત્યારે પાણીમાં કૂદી પડીએ !" પોલે કહ્યું. અમે સૌએ નીચે જોયું. તરાપો તો ઘણો દૂર જતો રહ્યો હતો. ઉતાવળમાં અમે આગબોટની બાજુમાં બાંધતા ભૂલી ગયા હતા એના કારણે પેલી નાનકડી હોડી તો કાંઠા સુધી પહોંચી ગઈ હતી. હવે કાંઠા તરફ જવામાંયે જોખમ હતું. પોલે કહ્યું તેમ નદીમાં તો કૂદી પડીએ પણ વચ્ચે શ્વાસ લેવા બહાર નીકળીએ પછી શું ? પેલું વાદળું કોને ખબર કેટલા કલાકે પૂરેપૂરું બેસી રહે, એટલી વારમાં તો અમારી દશા એ જ થાય જે આગબોટ શરૂ ન થાય તો થવાની હતી.

માઈકલકાકાએ આગબોટ શરૂ કરવાના ફરી એક વાર મરણિયા પ્રયાસો શરૂ કર્યા. કાર્બન ડાયોક્સાઈડનું વાદળ હવે કાંઠા પર સૂતેલા પેલાં હાડપિંજરોને ઢાંકી રહ્યું હતું. કદાચ આવું જ દૃશ્ય એ રાત્રે હશે જ્યારે એ લોકો હંમેશા માટે સૂઈ ગયા હશે.

પવન ફરીથી અગ્નિ ખૂણાનો થઈ ગયો. આમેય આફ્રિકાના આ ભાગ પર મોટે ભાગે આ સમયે અગ્નિખૂણાના પવનો જ વધારે વાતા હોય છે. પવન વિરુદ્ધ દિશાનો શરૂ થયો એટલે પેલું વાદળ જરા ધીમું પડ્યું છતાં ઉપરથી બેસતાં જતાં વાદળને કારણે એનો વ્યાપ વધતો જતો હતો. હવે તે પાણી સુધી આવી ગયું હતું. અમારાથી ફક્ત સોએક ફૂટ જ દૂર ! હા ! માત્ર સો ફૂટ જેટલું જ ! અમે એકબીજા સાથે જોયું. બધાની આંખોમાં ઝળઝળિયાં હતાં. એવું લાગ્યું કે ઝીંઝુડાક હવે ક્યારેય પાછા નહીં જઈ શકાય. અમે કોઈ કંઈ પણ બોલવાની સ્થિતિમાં પણ નહોતા. એકબીજાની નજીક આવી અમે એકબીજા સાથે હાથ ભીડી લીધા. એકબીજાને ભેટી લીધું. કંઈ જ સૂઝતું નહોતું. મગજ જાણે કે બહેર મારી ગયું હતું. અને બહેર મારી જ જાય ને ? અમારું મોત અમારાથી ફક્ત સોએક ફૂટ છેટું જ હતું ! મનથી જ અમે કહી દીધું, "અલવિદા ઝીંઝુડાક !"

❑

બિચારો અબિરા !

'ફટ્ ..ફટ્ ..ફટ્ ..હુઉમ્મ્મ્.' એવો જોરદાર અવાજ આગબોટના એન્જિનરૂમમાંથી આવ્યો. એ પછી એક જોરદાર ધક્કો વાગ્યો. અમે સૌ પડી જતા જતા રહી ગયા. એક બિચારો માતાદી ધબ્બ દઈને પડ્યો ! આગબોટ શરૂ થઈ ને ચાલવા માંડી હતી !

'હુર્...રે... !' અમારા બધાનાં મોંમાંથી આનંદના ઉદ્ગારો નીકળી પડ્યા. મેં કપાળે વળી ગયેલો પરસેવો લૂછ્યો. પોલ, જેક અને રોબર્ટની પણ એ જ દશા હતી. માતાદી પણ ગભરાયેલો લાગતો હતો. એક અબીરા સૂનમૂન જાણે કંઈ જ બન્યું નથી એમ ઊભો હતો. કદાચ એને તો આ આફત ટળી એ વાત ન પણ ગમી હોય. કારણ કે એનાં પત્ની-બાળકો એને યાદ આવી ગયાં હોય ! માઈકલકાકાએ આગબોટની ઝડપ ખૂબ જ વધારી દીધી. કીલવા ટાપુ અને એના પરનું વાદળું અમારાથી દૂર ને દૂર જતું હતું. થોડી વાર પછી તો ટાપુની જગ્યાએ ફક્ત એક નાનકડું વાદળું જ દેખાતું હતું.

"રોબર્ટ ! આટલા માટે જ કીલવા ટાપુને ભેદી ગણવામાં આવ્યો હશે. કાર્બન ડાયોક્સાઈડનું વાદળ જો આ રીતે છૂટતું હોય તો મોટું લશ્કર પણ સાફ થઈ જાય !" મેં કહ્યું.

ત્યાર પછી કેટલીયે વાર સુધી કોઈ કંઈ ન બોલ્યું. આગબોટ સડસડાટ રસ્તો કાપતી મ્વેરુ સરોવરમાં આવી પહોંચી. માઈકલકાકાએ અમને એન્જિનરૂમમાં બોલાવ્યા. અમે નીચે જઈને જોયું તો માઈકલકાકાના બંને હાથ લોહીથી લથબથ હતા. એન્જિન શરૂ કરવા એમણે કેવો મરણિયો પ્રયાસ કર્યો હશે એનો ખ્યાલ અમને એમના હાથ પરથી જ આવી ગયો. રોબર્ટના હાથમાં સુકાન સોંપી કાકાએ આગબોટ કઈ રીતે ચલાવવી એ અમને સૌને ટૂંકમાં સમજાવી દીધું. ઈંધણ ક્યાંથી લેવાનું, કઈ રીતે ભરવાનું, સાવચેતી શું રાખવાની એ પણ બતાવ્યું. માઈકલકાકા ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્ટીમર પર કામ કરતા એટલે એમને આ બધી વાતની ખબર હોય એ સ્વાભાવિક હતું, પણ અમારા બધા માટે તો આ એક આશ્ચર્ય જ હતું.

આગબોટ વિશે બરાબર જાણીને અમે સૌ તૂતક પર આવ્યા. રાત હવે

લગભગ સંપૂર્ણપણે ઢળી ચૂકી હતી. અફાટ મ્વેરુ સરોવરના આકાશ પર હજારો તારા ચમકી રહ્યા હતા. વાતાવરણમાં ઠંડક પણ સારી એવી હતી.

"માઈકલકાકા ! મ્વેરુ સરોવર કેવડું છે ?" પોલે પૂછ્યું.

માઈકલકાકા વિચારમાં પડી ગયા. અચાનક મને યાદ આવ્યું કે ઊપડતા પહેલાં મેં મારી નોંધપોથીમાં આફ્રિકા અંગેની ઝીણામાં ઝીણી વિગતો નોંધી હતી. એમાં આનો જવાબ હોઈ શકે. મેં નોંધપોથી કાઢીને જોયું તો એમાં મ્વેરુ સરોવર અંગે આટલી નોંધ હતી : 'મ્વેરુ સરોવર : લંબાઈ ૮૦ માઈલ અને પહોળાઈ ૩૦ માઈલ. દરિયાની સપાટીથી ઊંચાઈ ૩૦૦૦ ફૂટ. લુવુઆ નદીની શરૂઆત આ સરોવરમાંથી.'

મ્વેરુ સરોવર દરિયાની સપાટીથી આટલું બધું ઊંચું હોવાના કારણે જ અમને ઠંડી લાગી રહી હતી. આ સરોવરની ઊંડાઈ પણ ખાસ્સી છે. લુવાપુલા નદી આ સરોવરમાંથી નીકળ્યા પછી લુવુઆ નદીના નામે ઓળખાય છે. અમારે બીજા દિવસે એમાં જ મુસાફરી કરવાની હતી.

"આપણે સૌ એક કામ કરીએ. આગબોટ મ્વેરુ સરોવરમાં જ ઊભી રાખીને રાત્રિ પસાર કરીએ તો કેવું ?" માઈકલકાકાએ કહ્યું.

અમને બધાને એ સૂચન યોગ્ય લાગ્યું. જેકે એન્જિનરૂમમાં જઈ રોબર્ટને આગબોટ ઊભી રાખવા કહ્યું. આગબોટ ઊભી રહી પછી અમે લંગર નાખી દીધાં. એન્જિન બંધ કર્યું. પછી તૂતક પર બેઠા. હવે અમારું મન થોડું શાંત થયું હતું. ભૂખ અને અન્ય શારીરિક જરૂરિયાતોનો ખ્યાલ ભય જતો રહે તે પછી તરત જ આવતો હોય છે. કીલવા ટાપુ પર અમારા પર ફરી વળેલી મોતની દહેશત ઓસરી જતાં જ પેટ ખોરાકની માગણી કરવા માંડ્યું હતું. રસોઈ તો તૈયાર જ હતી. તૂતક પર બેસીને જ અમે રસોઈને ન્યાય આપ્યો. અબીરા અમારી ભાષા નહોતો સમજી શકતો પણ અમને કેવું ભાવે છે એ બરાબર સમજી ગયો હતો. એણે રસોઈ બનાવવાનું શરૂ કર્યું પછી દરેક વખતે અમે પેટ ભરીને જમતા હતા. જમીને તૂતક પર લાંબા થઈને અમે સૂતા. હેર્સ્લિંગ એની ટેવ મુજબ બેઠો બેઠો ચારે તરફ ડાફોળિયાં મારતો હતો. આગળની રાતે બેન્ગ્વુલુ સરોવર પર જોયેલા આકાશ જેવું જ અદ્ભુત તારા મઢેલું આકાશ આજે પણ જોવા મળ્યું. અમે આજે પ્રથમ વખત બધાએ સાથે મળીને અમલમલકની વાતો કરી.

"માઈકલકાકા, રોબર્ટ, પોલ, ડીક જલદી જુઓ, ત્યાં જુઓ !" દૂર સરોવરના દક્ષિણ છેડા તરફ એણે આંગળી ચીંધી હતી. અમે સફાળા બેઠા થઈ ગયા. એણે બતાવેલ દિશા તરફ જોયું તો દૂર ક્ષિતિજ પર અમે જ્યાંથી

આવ્યા હતા એ તરફ એક નાના દીવડા જેવું કંઈક દેખાતું હતું. અમે સરોવરની લગભગ વચ્ચેના ભાગમાં હતા. અમે જોરજોરથી બૂમો પાડી. પણ એટલે બધે દૂર અવાજ થોડો પહોંચે ? પોલ દોડતો જઈ આગબોટની કેબિનમાંથી દૂરબીન લઈ આવ્યો. એ દૂરબીન અમારામાંથી કોઈ આંખે લગાડે એ પહેલા તો એ દીવડો ઠરી પણ ગયો. અમે જોવાની ઘણી કોશિશ કરી પણ સાવ વ્યર્થ. એ અંધારી રાતમાં કંઈ કરતાં કંઈ જ ન દેખાયું. કોણ હશે ? એ દીવો જ હશે કે દૂરના કાંઠે ફરતું આગિયાનું ઝૂંડ હશે ? જો એ દીવડો જ હોય તો કોઈ અમારો પીછો કરી રહ્યું હતું એ ચોક્કસ ! અમે એકબીજા સામે જોવા માંડ્યા. અમારું મન ફરીથી એક વાર કુતૂહલ તેમજ ઉચાટથી ભરાઈ ગયું. કોઈ અમારો પીછો કરી રહ્યું છે એવી શંકા તો હવે ખૂબ મજબૂત બની ગઈ હતી. પણ સવાલ એ હતો કે એ હશે કોણ ? સૌને આ પ્રશ્નથી જ અકળામણ થઈ રહી હતી. દરેક કંઈ ને કંઈ તુક્કો લડાવતું હતું પણ મેળ પડતો નહોતો. ઘણી વાર આવા તુક્કા લડાવ્યા પછી બધાએ થાકીને સૂઈ જવાનું નક્કી કર્યું. આગબોટ પાણીની સપાટીથી ખાસ્સી ઊંચી તેમજ સરોવરની વચ્ચેના ભાગમાં હોવાના કારણે કોઈ હિંસક પ્રાણી કે માનવીની બીક તો હતી નહીં. દોરડાની નિસરણી પણ અમે ઉપર લઈ લીધી હતી. એટલે આજે રાત્રે સૂવા માટેના વારા ગોઠવવાની કોઈ જ જરૂર નહોતી. ઠંડી ઘણી હતી તોપણ માતાદી અને અબીરાએ વાતો કરવા મળે એટલે તૂતક પર સૂવાનું જ નક્કી કર્યું. અમે બધા આગબોટની કેબિનમાં જઈને સૂતા.

* * *

કેટલો વખત ઊંઘ્યા હશું એ ખબર નહીં પણ અચાનક તૂતક પરથી માતાદી તેમજ અબીરાની રાડારાડ સંભળાઈ. અબીરા જોરથી 'સીઝા' 'સીઝા' કરતો ચીસો પાડતો હતો. એનો અવાજ દર્દભરેલો હતો. માતાદી 'ઈન્ગોઝી' 'ઈન્ગોઝી' કહીને બૂમાબૂમ કરતો હતો. અમે બધા સફાળા બેઠા થઈ ગયા.

"ડીક ! જલદી, દોડ !" માઈકલકાકા બોલી ઊઠ્યા, "અબીરા કહે છે કે 'સીઝા' એનો અર્થ થાય છે બચાવો, અને માતાદી કહે છે 'ઈન્ગોઝી' જેનો અર્થ થાય છે આફત, ભય. કોઈક ભયંકર આફત આવી છે. નહીંતર એ બંને આમ બૂમો ન જ પાડે. તારી બંદૂક લઈ લે, હું પણ રાઈફલ લઉં છું."

દોડતાં અમે તૂતક પર આવ્યા. ત્યાં જે દશ્ય અમે જોયું એ જોઈને ભલભલા બહાદુરોની છાતી પણ બેસી જાય તેવું હતું. દસ હાથી જેવડું એક વિશાળ પ્રાણી આગબોટની બાજુના પાણીમાં ઊભું હતું. પાછલી રાતનો ચંદ્ર ઊગી ગયો હતો એટલે એનું મોઢું સ્પષ્ટ દેખાતું હતું. ડ્રેગન જેવું અથવા તો મોટા મગરમચ્છ જેવું એનું મોઢું હતું. એ લાંબા મોંથી એણે અબીરાના બંને પગને પકડી લીધા હતા. પગ એ પ્રાણીના જડબામાં ફસાયેલા હોવાથી અબીરા આગબોટના તૂતકથી લગભગ પંદરેક ફૂટ ઊંચો લટકતો હતો. પગની પીડાને કારણે એ દુઃખથી ચીસો પાડતો હતો. માતાદી ખૂબ જ ડરીને રાડારાડ કરી રહ્યો હતો.

મેં અને માઈકલકાકાએ એક સાથે જ ગોળી છોડી. બંને ગોળી એ વિશાળ પ્રાણીની જીરાફ જેવી ડોકમાં ઘૂસી ગઈ. દર્દથી તો એ પાછું પડ્યું જ હશે પણ ધડાકાથી એ ખૂબ જ ડરી ગયું હશે. એણે ભયંકર ચીસ પાડી. એનું મોં ખૂલવાના કારણે અબીરા નીચે પટકાયો. પંદરેક ફૂટની ઊંચાઈએથી પડતાં વેંત એ બેભાન થઈ ગયો. એ વિચિત્ર પ્રાણીની ડોકમાંથી છૂટેલા લોહીના ફુવારાથી તૂતક ભીંજાઈ ગયું. પેલું પ્રાણી અતાગ ઊંડાઈ ધરાવતા મ્વેરુ સરોવરમાં ક્યાં ગૂમ થઈ ગયું તે અમે નક્કી કરી શક્યા નહીં.

અમે ઊંધા મોઢે પડેલા અબીરાને સીધો કર્યો. લાકડાના પાટિયાના બનેલા તૂતક પર પટકાવાથી એને બહુ નહોતું વાગ્યું. પણ પેલા પ્રાણીના તીક્ષ્ણ દાંતથી એના પગમાં લગભગ દસેક જગ્યાએથી માંસના લોચ નીકળી ગયા હતા. માઈકલકાકા આગબોટની કેબિનમાંથી દારૂની બોટલ અને પ્રાથમિક સારવારની ચીજો લઈ આવ્યા. એમણે અબીરાના જખમોને દારૂથી બરાબર સાફ કર્યાં જેથી એ પાકે નહીં. પછી થોડોક દારૂ એને પાઈ દીધો. દસેક મિનિટ પછી એ થોડોક શાંત થયો. પછી અચાનક જ જોર-જોરથી રડવા માંડ્યો. અમે બધા એના હાથ પકડી એના માથા પર હાથ ફેરવતા બેઠા.

"ડીક ! રોબર્ટ ! જલદી લંગર ઉપાડો !" ઝડપથી ઊભા થતા માઈકલકાકાએ કહ્યું, "આપણે અહીંથી ભાગીએ. હવે સૂવું નથી." એટલું કહી એ પોતે એન્જિનરૂમ તરફ ભાગ્યા. માઈકલકાકા અચાનક કેમ આમ ભાગવાની વાત કરતા હતા એ અમને બરાબર સમજાયું નહીં પણ અમે ઝડપભેર લંગર ઉપાડી લીધાં. પછી અબીરાને ઉપાડીને અમે બધા નીચે માઈકલકાકા પાસે પહોંચી ગયા. કેબિનના તૂતક તરફના દરવાજાને અંદરથી બંધ કરી લીધો. આગબોટનું એન્જિન ફટાફટ કરતું ઝડપ પકડતું હતું. આગબોટ સડસડાટ પાણી કાપવા માંડી. માઈકલકાકાએ રોબર્ટના હાથમાં સુકાન પકડાવીને પોતાની વાંકી હોકલી સળગાવી.

"પણ કાકા ! આપણે અચાનક આટલા જલદી શું કામ ભાગી રહ્યા છીએ ?" સુકાનને બરાબર પકડીને ઊભેલો રોબર્ટ બોલ્યો.

પોતાની હોકલીમાંથી બેચાર ઊંડા દમ ખેંચીને માઈકલકાકા બોલ્યા, "જુઓ ! પેલું પ્રાણી ઘવાયું છે એ તો હકીકત છે અને ઘવાયું હોવાથી એ ખૂબ દૂર ન પણ ગયું હોય. ઉપરાંત એના મોઢામાંથી આપણે એનો શિકાર એટલે કે અબીરા છૂટી જાય તેવું કર્યું છે એટલે એ પણ છંછેડાયું હશે. ધડાકાના ડરથી થોડી વાર માટે એ ઊંડા પાણીમાં ઊતરી ગયું હોય અને બીક જતી રહેતાં ફરીથી હુમલો કરે તેવું પણ બની શકે. જો એ આગબોટ પર સીધો હુમલો કરી બેસે તો ? એની એક જ ઝાપટથી આખી જ આગબોટ ઊથલી જાય. એટલે જો ઝડપથી આપણે ભાગી જઈએ તો જ્યારે તે સપાટી પર આવે ત્યારે આપણને ન જુએ તો કદાચ ભૂલી પણ જાય."

"પણ માઈકલકાકા ! એ હતું શું ? ડ્રેગન હતું કે બીજું કાંઈ ?" જેકે પૂછ્યું.

થોડીક વાર શાંત રહી, હોકલીના બે દમ ખેંચી માઈકલકાકા બોલ્યા, "મને પણ ખબર નથી !"*

"માઈકલકાકા !, રોબર્ટ ! જલદી ભાગો ! આગબોટની ઝડપ વધારો, જલદી ! જલદી ! અહીંયા જુઓ ! કેબિનના પાછળના કાચમાંથી બહાર જોઈ રહેલા હેસ્લિંગે બૂમ પાડી. બારીની બહાર જોયા કરવાની એની ટેવ અમને ઘણી ઉપયોગી નીવડી રહી હતી. અમે બધાએ દોડીને પાછળના કાચમાંથી જોયું તો પાણીના એક વિશાળ મોજા જેવું કંઈક અમારી પાછળ આવી રહ્યું હતું. અમને ખાતરી હતી કે એ પેલું છંછેડાયેલું જનાવર કે એનો સાથીદાર હશે. એની ઝડપ એવી લાગતી હતી કે જાણે હમણાં જ અમને આંબી જશે અને આગબોટને ઊંધી વાળી દેશે. માઈકલકાકાએ આગબોટના એન્જિનને ફૂલ થ્રોટલ પર (ફૂલ સ્પીડ પર) મૂકી દીધું. આગબોટની ઝડપ એકદમ વધી ગઈ. અમે લગભગ ૨૫ નૉટિકલ માઈલની ઝડપે ભાગી રહ્યા હતા. દરિયા કે સરોવર પર આ ઝડપ ખૂબ સારી જ કહેવાય, પણ પેલું પ્રાણી અમારી બરાબર પાછળ જ આવી રહ્યું હતું.

"ડીક ! પોલ ! જેક !" રોબર્ટના હાથમાંથી સુકાન પોતાના હાથમાં લેતા માઈકલકાકા બોલ્યા. સુકાન બંને હાથે સજ્જડ પકડી રાખી એમણે કહ્યું, "તમે બધા ભંડકિયામાં જાવ. અકસ્માતે ક્યારેક આગબોટનું એન્જિન બગડે તો હલેસા મારવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. જો નીચે ભંડકિયામાં હલેસા મારવાની વ્યવસ્થા હોય તો તમે લોકો ઝડપથી હલેસા મારવા માંડો. પેલા જનાવરની ઝડપ જોતા આપણી આગબોટ સુધી એ હમણા પહોંચી જશે. આગબોટની ઝડપ અત્યારે છે એનાથી વધારવાનો એક એ જ ઉપાય બાકી છે. એટલે તમે લોકો જઈને હલેસા સંભાળી લો."

* ડાયનોસોર પ્રકારના વિશાળ પ્રાણીઓ કોંગો નદીમાં જોયાનો ઘણા પ્રવાસીઓએ દાવો કરેલો છે.

અમે લોકો દોડતા ભંડકિયામાં ગયા. જૂનાં વહાણોમાં કેદીઓને રાખવામાં આવતાં એવું એ ભંડકિયું લાગતું હતું. બંને તરફ હલેસાની એક એક હરોળ હતી. એક હરોળમાં દસ માણસો બેસીને હલેસા મારી શકે એવી વ્યવસ્થા હતી. હું, રોબર્ટ, પોલ એક તરફ અને હેસ્લિંગ, જેક અને માતાદી બીજી તરફ એમ ગોઠવાઈને ઝડપથી હલેસા મારવા માંડ્યા. હલેસા વાગવાના કારણે પાણીનો અવરોધ ઓછો થયો અને આગબોટની ઝડપમાં વધારો થયો.

"રોબર્ટ ! ઉપર એન્જિન રૂમમાં આવ !" ઉપરથી કાકાની બૂમ સંભળાઈ. રોબર્ટ હલેસા મૂકીને ભાગ્યો. ત્યારબાદ બે-પાંચ મિનિટમાં જ બંદૂકના ધડાકાથી વધારે જોરદાર એવા બે ધડાકા સંભળાયા. અમારા હાથ થાકી રહ્યા હતા તોપણ આ ધડાકા સાંભળીને અમે ઝનૂનપૂર્વક હલેસા મારવા માંડ્યા. થોડીક ક્ષણો પછી કાકાનો અવાજ આવ્યો, "ડીક, પોલ, જેક ! ચાલો, સૌ તૂતક પર આવી જાવ." અમે ભંડકિયામાંથી બહાર આવ્યા.

"શું થયું હતું માઈકલકાકા ? એ ધડાકા શેના હતા ? પેલું જનાવર ક્યાં ભાગી ગયું ?" અમે બધાએ પ્રશ્નોની ઝડી વરસાવી.

"જુઓ દીકરાઓ ! આગબોટના રક્ષણ માટે એના બંને છેડે એક એક તોપ લગાડેલી છે. મેં આજે એનો ઉપયોગ કરી લીધો !" એટલું કહી હસતા હસતા એમણે દૂર આંગળી ચીંધી.

અમે જોયું તો દૂર સરોવરની સપાટી પર નાનકડી ટેકરી જેવું પેલું જનાવર કોઈ પણ જાતના હલનચલન વિના પડ્યું હતું.

"એ મરી ગયું ?" પોલ બોલ્યો.

"ખબર નહીં. વધુ પડતું ઘવાયું હોય તેમ પણ બને. એ હિંસક અને માંસાહારી ન હોત તો એને આગબોટ સાથે બાંધી દેત ! પણ આની સાથે જોખમ ખેડવા જેવું લાગતું નથી !" માઈકલકાકા બોલ્યા.

અચાનક અબીરાનો જોરજોરથી કણસવાનો અવાજ આવ્યો. અમે સૌએ નીચે જઈને જોયું તો અબીરાના બંને પગમાં સોજો આવવાની શરૂઆત થઈ ગઈ હતી. એને ખૂબ તાવ ચડ્યો હતો. જંગલી પ્રાણીઓની દાઢમાં ઘણી વખત એવું ઝેર હોય છે કે માણસ સડીસડીને મરી જાય અથવા તો શરીરમાં એ પ્રસરી જવાથી ઝડપથી મૃત્યુ પામે. અબીરાનો વધતો જતો તાવ ગંભીરતા સૂચવતો હતો.

અચાનક અબીરાએ એની ભાષામાં લવારો શરૂ કરી દીધો. આ પણ એક ખરાબ નિશાની હતી. અબીરાને એની આસપાસ કોણ છે, એ ક્યાં જઈ રહ્યો છે, અરે એ પોતે ક્યાં છે એની પણ એને ખબર નહોતી. એની આવી દશા જોઈને મારાથી બોલાઈ ગયું, "બિચારો અબીરા !"



નર્કનો દરવાજો (Gate of Hell)

અબીરાનો લવારો વધતો જોઈને અમે એને પાણીનાં પોતાં મૂકવાનાં શરૂ કર્યાં. એનો તાવ ભયજનક રીતે વધી રહ્યો હતો. માઈકલકાકા થોડી થોડી વારે દારૂમાં પાટો બોળી એના ઘા પર બાંધતા હતા. માતાદી માછલી સાચવવાની પેટીમાંથી બરફ કાઢી એનું પાણી બનાવીને અબીરાની માથે પોતા મૂકી રહ્યો હતો. માઈકલકાકાએ આગબોટ ઊભી રખાવી, લંગર નખાવ્યું અને પછી રોબર્ટને આરામ કરવા કહ્યું. પોતે અને માતાદી જરા પણ થાક્યા વગર અબીરાની સારવાર કરી રહ્યા હતા. અમે એ લોકોની બાજુમાં બેસી એમને શક્ય તેટલી મદદ કરી રહ્યા હતા. વહેલી સવારે અમારી આંખ મળી ગઈ એનો ખ્યાલ જ ન રહ્યો.

મારી આંખ ઊઘડી ત્યારે સૂરજ ઊગી ચૂક્યો હતો. માતાદી અને માઈકલકાકા અબીરાની બાજુમાં જ ઢળી ગયા હતા. સવારની તરફ તો અબીરા પણ થાકીને ઊંઘી ગયો હતો.

મેં રોબર્ટને ઉઠાડ્યો. પછી અમે બંનેએ મળીને નાસ્તો તેમજ કૉફી તૈયાર કર્યાં. એટલી વારમાં બધા ઊઠી ગયા. રાત્રે પેલું ભયાનક પ્રાણી મરી ગયા પછી એટલું વળી સારું હતું કે બીજા એવાં પ્રાણીઓ નહોતાં દેખાયાં. અબીરાએ ગઈ કાલે માછલીઓ પકડીને ઉપાડી હતી એટલે એની વાસથી કદાચ એ પ્રાણીએ એને પકડ્યો હોય તેવું પણ બની શકે. જે હોય તે ! અબીરા બચી ગયો એ જ અમારે મન મોટી વાત હતી. પણ એ પગના સડામાંથી બચી શકશે ખરો ? આ વિચાર મને વારંવાર પરેશાન કરી રહ્યો હતો.

"ઠીક ! રોબર્ટ ! લંગર ઉઠાવો. આપણે ખૂબ ઝડપથી નીકળવું છે." માઈકલકાકા બોલ્યા. એમના અવાજમાં ભારોભાર ચિંતા ભરેલી હતી.

આજે ૨૪મી માર્ચ ૧૯૦૦નો દિવસ હતો. અમને ઘરેથી નીકળ્યાને છ દિવસ થયા હતા. મા શું કરતી હશે એવો વિચાર આવતાં જ મન ઉદાસ થઈ ગયું. ઝીંઝુડાક ટાપુ પણ યાદ આવી ગયો. જ્હોન હેરિંગે મારા તેમજ રોબર્ટના પિતાનું અપહરણ કર્યાને આજે ૨૫ દિવસથી પણ વધારે સમય થઈ

ગયો હતો. જો એ લોકોએ રોજના ૩૦થી ૪૦ માઈલ નિર્વિઘ્ને કાપ્યા હોય તો હવે એ લોકો હીરાના પર્વતથી લગભગ ચારેક દિવસના અંતર જેટલા દૂર રહ્યા હોય. જો અમે લોકો બરાબર મુસાફરી કરીને આજે સાંજે અથવા કાલે બપોર સુધીમાં ઉબુન્દુ પહોંચી શકીએ તો પછી પગપાળા ત્રણેક દિવસનો પ્રવાસ કરવાનો રહે. અમે લોકો લગભગ એ લોકોની સાથે જ હીરાના પર્વત સુધી પહોંચી જઈએ.

"ચા ! ચા ! ઉક્ષોલો ! ઉક્ષોલો !" અબીરા આવા કાંઈક અસ્પષ્ટ અને ઉટપટાંગ ઉચ્ચારણો કરી રહ્યો હતો. માઈકલકાકાએ સમજાવ્યું કે 'ચા ! ચા !' એટલે 'ના ! ના !' અને 'ઉક્ષોલો' એટલે 'મને માફ કરી દો' આવું બધું એ શું કામ બોલતો હતો એ તો એ જ જાણે પણ એનો તાવ જરાકેય મચક નહોતો આપતો. અમે પોતાં મૂકવાનાં શરૂ જ રાખ્યાં. વચ્ચે વચ્ચે અમે દારૂનાં પોતાં પણ મૂકતાં હતાં.

મ્વેરુ સરોવર પૂરું કરીને હવે અમે લુવુઆ નદીમાં પ્રવેશી ગયા. આગબોટ કલાકના ૨૦ માઈલ કાપી રહી હતી. તરાપામાં તો ફક્ત નદીની ઝડપ પર જ આધાર રાખવો પડતો હતો. જ્યારે આગબોટમાં તો નદીની ઝડપ ઉપરાંત આગબોટની પોતાની ઝડપ એમ બંને લાભ અમને મળી રહ્યા હતા. અમારી મુસાફરી વાયવ્ય દિશા તરફની હતી એટલે અગ્નિ ખૂણામાંથી ફૂંકાતો પવન પણ મદદરૂપ બનતો હતો. આગબોટ જુનવાણી બનાવટની હતી એટલે એમાં સઢની વ્યવસ્થા પણ હતી. એના લીધે પણ અમે પવનનો વધારે ફાયદો ઉઠાવી શકતા હતા.

બપોર સુધીમાં અમે લુઆલ્બા નદીમાં પહોંચી ગયા. લુવુઆ નદી અહીંથી લુઆલ્બા તરીકે આગળ વધે છે. લગભગ બપોરના બે વાગ્યાની આસપાસ અમે કબાલો પહોંચ્યા. કબાલો પાસે પૂર્વમાં ટાંઝાનિયાના ટાંગાનિકા સરોવરમાંથી આવતી લુકુગા નદીનું મિલન થયું. આ જગ્યાએથી મળતી માછલીઓ સૌથી સ્વાદિષ્ટ હોય છે.

"ડીક ! અબીરાનો તાવ વધી રહ્યો છે. જો તો !" માઈકલકાકાના અવાજથી હું વિચારોમાંથી બહાર આવી ગયો. જોયું તો સાચે જ અબીરાની તબિયત લથડાતી જતી હતી. એનો લવારો વધતો જ જતો હતો. એની આવી તબિયત જોઈને કોઈને પણ સ્વાદિષ્ટ માછલીઓ પકડવામાં રસ નહોતો રહ્યો. અમે કોઈ વાતો પણ નહોતા કરતાં. ઘરમાં આફત આવી પડે અને ઘરના બધા ઉદાસ થઈ જાય તેવી જ અમારી હાલત હતી.

અબીરાનો જમણો પગ હવે ખાસ્સો સૂજી ગયો હતો. ડાબા પગમાં હજી


ઓછો સોજો હતો. એ વિચિત્ર પ્રાણીની દાઢમાં ખૂબ જ ઝેર હશે. ફક્ત બાર જ કલાકમાં અબીરાનો પગ લીલો થવા માંડ્યો હતો. એના પગ પરની ચામડી ચળકવા લાગી હતી. દાંતનાં નિશાન થયાં હતાં. તેમાંથી લાલ રંગનું પ્રવાહી ટપકવા માંડ્યું હતું.

"આપણે અબીરાને કોઈ વૈદ્યને બતાવવો પડે. આપણે કોઈ આની દવા જાણતા નથી. જો આમ ને આમ રહેવા દઈશું તો એકાદ દિવસમાં તો એના પગમાં ગેંગ્રીન (સડો) થઈ જશે." માઈકલકાકા બોલ્યા. એમના મોં પર સ્પષ્ટપણે ચિંતા દેખાઈ રહી હતી. અમને પણ એવું જ લાગતું હતું. અબીરાના કણસાટ અને સન્નેપાત બંને વધતાં જતાં હતાં. એ બપોરે અમે કોઈ જમ્યા નહીં. અબીરાની હાલત બગડતી જતી હતી. અમે એને પોતાં મૂકતા હતા.

એકાદ કલાક પછી લુઆલ્બા નદીની ઝડપમાં અણધાર્યો વધારો થયો. સીધી અને પહોળી નદીની જગ્યાઓ વાંકીચૂંકી તથા સાંકડી બનતી જતી હતી. બંને બાજુના કિનારાઓ હવે ધીમે ધીમે ઊંચા આવવા માંડ્યા. એવું જ લાગતું હતું કે જાણે અમે લોકો બે ઊંચી દીવાલોની વચ્ચે આવેલી નદીમાં મુસાફરી કરી રહ્યા હોઈએ.

"હમ્બા કાહલે (ગુડબાય !)" એવી જોરદાર ચીસ નાખીને અબીરા બેભાન થઈ ગયો. એનો તાવ ફરી એક વાર હદ વટાવી ચૂક્યો હતો. જેક ફરીથી માછલી સાચવવાની પેટીમાંથી ઘણો બધો બરફ કાઢી લાવ્યો. અમે અબીરાને કમર સુધી બરફમાં ઢાંકી દીધો. પછી એના પર ધાબળો વીંટાળી દીધો. બરફની અસરથી અબીરાને રાહત થઈ હોય તેવું લાગ્યું. અર્ધાએક કલાક પછી એણે આંખો ખોલી. અમારા બધા સામે જોયું. એની આંખોમાં આંસુ હતાં. ઈઝીઝુલુ ભાષામાં એ કંઈક બોલ્યો અને બંને હાથ જોડ્યા. માઈકલકાકાની આંખોમાં પણ આંસુ આવી ગયાં. પછી એમણે અબીરાના બંને હાથ પકડીને 'ચા ! ચા ! (ના, ના !)' કહ્યું અને પછી અમારી તરફ ફરીને બોલ્યા, "ડીક જેક ! અબીરા એવું બોલી રહ્યો છે કે એના કારણે બધા હેરાન થઈ રહ્યા છે, એટલે એને નદીમાં ફેંકી દેવાનું કહે છે." અમને આઘાત લાગ્યો. અમે ઈઝીઝુલુ ભાષા સમજી કે બોલી નહોતા શકતા પણ અબીરાનો હાથ પકડીને અમે બધાએ એને ના જરૂર પાડી. કેટલીયે વાર સુધી અમે બધા એનો હાથ પકડીને બેઠા રહ્યા.

સાંજના લગભગ પાંચ વાગવા આવ્યા હતા. લુઆલ્બા નદીના બંને કિનારાઓ હવે લગભગ દોઢસો ફૂટ જેટલા ઊંચા થઈ ગયા હતા. વચ્ચેની ઊંડી ખીણમાં અમારી આગબોટ ચાલી રહી હતી.



અમારી આગબોટ

એવું લાગતું હતું કે કોઈ વિશાળ અને ખૂબ ઊંચા દરવાજામાંથી અમે પસાર થઈ રહ્યા હતા.

અચાનક જ અમારાથી લગભગ ૩૦૦ ફૂટ આગળ ઢોળાવ પરથી મોટી શિલાઓ ગબડતી દેખાઈ. અમારી ઝડપ એવી હતી કે જો આગબોટ અટકે નહીં તો એ શિલાઓ બરાબર અમારી ઉપર જ પડે.

એ જોઈને જેકથી બૂમ પડાઈ ગઈ : "કાકા ! રોબર્ટ ! આગબોટ ધીમી પાડો, નહીંતર આપણે ચોક્કસ ઝપટમાં આવી જઈશું."

"ઠીક ! જેક ! હું રોબર્ટ પાસે નીચે જાઉં છું. તમે લોકો સૌ ભંડકિયામાં પહોંચીને ઊંધી દિશામાં – વિરુદ્ધ દિશામાં હલેસા મારવાનું શરૂ કરો. હું એન્જિન બંધ કરવામાં રોબર્ટને મદદ કરું." કહેતા માઈકલકાકા ભંડકિયા તરફ દોડ્યા.

અમે આગળની રાતની માફક જ ભંડકિયા તરફ ભાગ્યા. બરફને કારણે અબીરાને તાવ ઓછો થઈ ગયો હતો. માતાદીએ એની સાથે વાત કરી પછી માતાદી પણ ભંડકિયામાં આવી ગયો. રાતની માફક જ અમે પૂરા જોરથી હલેસા મારવા માંડ્યાં. ફરક એટલો હતો કે આજે વિરુદ્ધ દિશામાં મારતા હતાં, જેથી આગબોટ ધીમી પડે અને બની શકે તો ઊભી પણ રહી જાય. થોડી વારમાં જ અમે પરસેવાથી રેબઝેબ થઈ ગયા. કારણ કે મશીનના જોરથી વેગ સાથે આગળ વધતી આગબોટને ફક્ત ૩૦૦ ફૂટના અંતરમાં જ ઊભી રાખી દેવી એ કોઈ નાનીસૂની વાત તો નહોતી જ.

અમારી આગળ થોડે જ દૂર સેંકડો ફૂટ ઊંચી ભેખડોમાંથી નાની-નાની

ટેકરીઓ જેવડી શિલાઓ પડી રહી હતી. નદીની ઝડપ પણ અહીં ભયાનક હતી. માઈકલકાકાએ આગબોટનું એન્જિન બંધ કરીને પછી ઊંધી-રિવર્સ દિશામાં શરૂ કર્યું. નદીના પ્રવાહના ખેંચાણને કારણે આગબોટ પાછળ તો ન ખસી પણ એન્જિનની શક્તિ અને અમારા હલેસાના જોરની મદદથી એ સ્થિર જરૂર થઈ ગઈ.

સતત પંદર મિનિટ જેટલો આવો પથ્થરનો વરસાદ ચાલ્યા પછી અચાનક બધું શાંત થઈ ગયું. માઈલો ઊંડી નદીમાં આ પથ્થરો ક્યાં ગરકાવ થઈ ગયા એ શોધવું મુશ્કેલ હતું. ભેખડો ધસવાનું બંધ થઈ ગયા પછી માઈકલકાકાએ અમને લોકોને હલેસા બંધ કરવા કહ્યું. અમે બધા પરસેવે રેબઝેબ ઉપર એન્જિનરૂમમાં આવ્યા.

"ઠીક !" એન્જિનને ફરીથી આગળની દિશા તરફ શરૂ કરતા માઈકલકાકા બોલ્યા, "લુઆલ્બા નદીમાં હમણા એક નદી ભળશે. એનું નામ છે લુકુગા નદી. આ સ્થળ કબાલો તરીકે ઓળખાય છે. આ કબાલોથી છેક કોન્ગોલો સુધી નદી આવી જ ભયંકર ખીણમાંથી પસાર થાય છે. હવે પછી આનાથી પણ ભયંકર ખીણ આવશે. હમણાં આપણે જે પથ્થર પડતા જોયા એમાંનો એક પણ પથ્થર જો આપણી આગબોટ પર પડે તો સમજો કે આગબોટ નદીના તળિયે જ બેસી જાય. તમને લોકોને ખબર છે કે આ ભયંકર ખીણને શું કહે છે તે ?"

અમે ના પાડી.

"નર્કનો દરવાજો ! Gates of Hell !" માઈકલકાકા બોલ્યા. હમણાં જ આ હકીકતને અમે નજરે નિહાળી હતી એટલે અમારામાંથી કોઈને પણ આ શબ્દોમાં કંઈ વધારે પડતું ન લાગ્યું.

"ચાલો ! હવે સૌ ઉપર જઈ ભોજનની તૈયારી કરીએ. પોલ ! આજે તું સુકાન સંભાળ." પ્રથમ વખત આગબોટ ચલાવવાની જવાબદારી સોંપાઈ એટલે પોલ ખુશ થઈ ગયો. એણે હા પાડી.

અમે સૌ તૂતક પર આવ્યા.

"માઈકલકાકા ! ઠીક !" જેકે રાડ પાડી. એણે તૂતકના છેડા તરફ આંગળી ચીંધી. અમે બધાએ એ દિશામાં જોયું. જોતા જ અમારી પણ રાડ ફાટી ગઈ. અમે એકબીજાનાં મોઢાં જોવા માંડ્યા. અબીરા ગાયબ થઈ ગયો હતો ! એ ક્યાં ગયો હશે ? અમને હેરાન થતાં જોઈને ક્યાંક એણે નદીમાં તો નહીં ઝંપલાવ્યું હોય ને ? કે પછી ગઈકાલ જેવું કોઈ પ્રાણી ફરીથી એને ઉઠાવી ગયું હશે ? આવા તો ઘણાં જ પ્રશ્નો અમારા મનમાં રમી રહ્યા હતા.

અમે બધા ઢીલા થઈ ગયા. અબીરા બે દિવસથી જ અમારી જોડે હતો પણ વરસોથી જાણે અમારી સાથે જ રહેતો હોય તેવું લાગી રહ્યું હતું. અમારું મન આંચકો ખાઈ ગયું. માતાદીની આંખમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં. મારા મનમાં એક જ વાત વારંવાર આવતી હતી કે અબીરાએ આપઘાત તો નહીં કર્યો હોય ને ? એની દશા એવી બની ગઈ હતી કે કદાચ એમ પણ હોય. અમે બધા સાવ સૂનમૂન થઈ ગયા. કોઈને જમવાનો વિચાર પણ ન આવ્યો.

❑

ઉબુન્ડુ

અબીરા ગાયબ થઈ ગયો એ અમારા માટે આઘાતજનક હતું. એ એટલો સરળ હતો કે અમારે એની સેવા કરવી પડે છે એ એને નહીં ગમ્યું હોય. ફરી પાછો વિચાર આવી જતો હતો કે કદાચ એવું જ બીજું કોઈ પ્રાણી આવીને એને ઉઠાવી તો નહીં ગયું હોય ને ?

"અબીરાએ કદાચ નદીમાં પડીને આપઘાત કરી લીધો હોય એવું પણ બને !" માઈકલકાકાએ કહ્યું, "નાઈલ નદીનું મૂળ શોધનાર સર હેન્રી મોર્ટન સ્ટેન્લીના નજીકના સાથીદાર ફ્રેન્ક પોકોકે આમ જ કોન્ગો નદીમાં ડૂબીને આપઘાત કરેલો એ ખબર છે ને ?"

"નહીં તો કાકા ! શું થયું હતું પોકોકને ?" મેં પૂછ્યું. કાકા પાસે રસપ્રદ માહિતીનો ખજાનો હતો. વારંવાર પ્રવાસ કરતા માણસ પાસે નવી વાતો અને જાણકારીનો ખજાનો આપોઆપ જ સમૃદ્ધ બનતો જાય છે.

"અમીમ પાશા નામના ઉમરાવને છોડાવવા નીકળેલા સર હેન્રી મોર્ટન સ્ટેન્લીએ પોતાના સાથીદાર ફ્રેન્ક પોકોકને ઢગલાબંધ વખત કોન્ગો નદીના કાંઠાની ભીની રેતી પર ન ચાલવા કહેલું, પણ હઠીલો પોકોક ન જ માનતો. એક દિવસ સર સ્ટેન્લીને જેની બીક હતી એ જ બન્યું. કોન્ગોની ભીની રેતીમાં જોવા મળતી ટૂંગા નામની માખી એના બંને પગે કરડી ગઈ. પછી ધીમે ધીમે એને અબીરાની માફક જ બંને પગમાં ગેંગ્રીન (સડો) થઈ ગયો. પીડાથી પોકોક ગાંડા જેવો થઈ ગયો હતો. કોઈ ઉપચાર એના પગની પીડા ઓછી ન કરી શક્યાં. અંતે દુખાવો સહન ન થવાથી એ કોન્ગો નદીમાં પડીને મરી ગયો." માઈકલકાકાએ વાત પૂરી કરી.

અમારા સૌના મનમાં એક જ વિચાર દોડી રહ્યો હતો : 'શું અબીરાએ પણ એમ જ કર્યું હશે ? આવા દર્દીઓમાં શું કોઈ જ ઉપચાર લાગુ નહીં પડતો હોય ?' જે હોય તે ! પણ અબીરાનું આમ સાવ અચાનક ગાયબ થઈ જવું એ અમારા માટે આઘાતરૂપ જ હતું.

સાંજના છ વાગવા આવ્યા હતા. અમે લોકો નર્કના દરવાજામાં આગળ વધતા હવે કોંગોલો સુધી આવી ગયા હતા. કોંગોલોથી કીબોમ્બો સુધી

લુઆલ્બા નદી ખૂબ વાંકોચૂંકો માર્ગ લે છે. એ રસ્તા પર સુકાન માઈકલકાકાએ પોતાના હાથમાં જ રાખ્યું. કારણ કે આગબોટ વાળવામાં જરાક જેટલી ગફલત પણ બધાને મોતના મોંમાં ધકેલવા માટે પૂરતી હતી.

અમે સૌ ઉચક જીવે બેઠા હતા. નદીની ઝડપ ખૂબ જ વધારે હતી. માઈકલકાકાના કહ્યા મુજબ કીબોમ્બોથી કીન્ડુ સુધી નદીની ઝડપ આ કરતાં પણ વધારે થઈ જાય છે. એના સિવાય ઢગલાબંધ નાના-નાના ધોધ પણ રસ્તામાં આવે છે. કાકાને એ ધોધની ખૂબ જ ચિંતા હતી. ધોધ નાના હોય તો વાંધો નહીં, નહીંતર વધારે ઊંચાઈએથી પછડાવાથી આગબોટને કે એના પ્રોપેલરને નુકસાન થવાની પૂરી શક્યતા રહેતી હતી.

અંધારું વધવા માંડ્યું હતું. હવે અમે થોડીક વધારે પહોળી નદીમાં આવી ગયા હતા. નર્કનો દરવાજો અમે એક જ ભયાનક અનુભવને બાદ કરતાં નિર્વિઘ્ને પસાર કર્યો. અહીં નદી પહોળી થઈ એનો મતલબ કે અમે કીબોમ્બોના વિસ્તારમાં પહોંચી ગયા હતા. રાત્રે વાંકીચૂકી નદીમાં આગળ વધવું એ કરતા તો રાતવાસો કીબોમ્બોના વિસ્તારમાં જ કરવો એવું અમે નક્કી કર્યું. ગઈકાલ રાતના અનુભવ પછી હવે ફરી એક વાર સૂવાના વારા કરવા એ અમને વધારે યોગ્ય લાગતું હતું. રાતના એક વાગ્યા સુધી માઈકલકાકા અને માતાદી સૂઈ જાય અને પછી એ લોકો જાગે અને અમે સૂઈ જઈએ. આજે તૂતક પર આખી જ રાત મશાલ સળગતી રાખવાનું પણ નક્કી કર્યું હતું, કારણ કે મોટા ભાગના હિંસક જીવો અગ્નિ અને તેજ પ્રકાશથી ભડકતાં હોય છે. એટલે કાલની માફક અચાનક તૂતક પર આવી જવાની એ લોકો હિંમત ન કરી શકે. થોડાક ઉચક જીવે અમે પાંચેય જણ હાથમાં ભરી બંદૂકો લઈને જાગતા હતા. તૂતક પર આંટા મારતા મારતા વારંવાર નદી પર જોઈ લેતા હતા. એમ કરતા એક વાગ્યો. માઈકલકાકા અને માતાદીને ઉઠાડીને અમે સૂતા.

વહેલી સવારનો ઝાંખો પ્રકાશ પણ પૂરો ફેલાયેલો નહોતો ત્યાં જ માઈકલકાકાની બૂમથી અમે જાગી ગયા, "ડીક ! પોલ ! રોબર્ટ ! અરે બધા જાગો, જલદી જાગો !"

અમે બધા સફાળા બેઠા થઈ ગયા. નદી પર હજુ અંધારું ફેલાયેલું હતું. હું કંઈક પૂછવા ગયો, પણ માઈકલકાકાએ નાક પર આંગળી મૂકી અમને સૌને ચૂપ રહેવા જણાવ્યું અને ધ્યાનથી કાન માંડીને સાંભળવા કહ્યું. અમે સાવ શાંત થઈ ગયા. આગબોટ પર એકદમ શાંતિ ફેલાઈ ગઈ પછી અમને કોઈ બોટ અમારી આગળ સડસડાટ કરતી પાણી કાપીને જતી હોય તેવો

અવાજ સંભળાયો. રોબર્ટ દોડીને ટોર્ચ લઈ આવ્યો. અવાજની દિશામાં ટોર્ચ કરી તોપણ કંઈ દેખાયું નહીં. પેલી બોટનો અવાજ પણ હવે ખૂબ દૂર જતો રહ્યો હોય તેવું લાગ્યું. હા ! અમારી આગળના નદીના પાણીમાં કોઈ હોડી કે બોટ પસાર થઈ હોય તેવી હલચલ જરૂર હતી. એ સિવાય અમે કંઈ પણ જોઈ શક્યા નહીં. અમે લંગર નાખીને સ્થિર ઊભા હતા એટલે પીછો કરવાનું પણ શક્ય નહોતું. ઉપરાંત હવે કીબોમ્બોથી કીન્ડુ સુધી નદીની ઝડપ ખૂબ જ વધારે બની જાય છે. એના પર નાના નાના ધોધ પણ ખૂબ જ છે. એ વખતે આગળ જતી રહેલ હોડી કે બોટ સાથેની રેસમાં જે જરાકેય ગફલત કરી જઈએ તો આગબોટના તો ભુક્કા જ બોલી જાય, એટલે પીછો કરવાનું માંડી વાળ્યું.

વળી એક વિચાર એવો પણ આવતો હતો કે કદાચ એ બોટ ન હોય અને કોઈ પ્રાણી હોય તો ? એવી શક્યતા તો હતી જ. કોઈ મોટું પ્રાણી આગબોટની બાજુમાંથી તરતું તરતું પસાર થઈ પણ ગયું હોય. ગઈકાલે જોયેલાં પ્રાણી જેવાં બીજાં પ્રાણીઓ હોવાની શક્યતા તો હતી જ. એવું પ્રાણી જ હોય અને તૂતક પર સળગતી મશાલો જોઈને એ દૂરથી જ નીકળી ગયું હોય એવું પણ બને. આવા આવા તો કેટલાય વિચારો મારા મનમાં રમી રહ્યા હતા. માતાદી નાસ્તો બનાવતો હતો. આજે કોઈને બરાબર મૂડ નહોતો એટલે ફક્ત કૉફી અને ટોસ્ટનો નાસ્તો જ એણે બનાવેલો. નાસ્તો પતાવ્યા પછી અમે લંગર ઉઠાવી લીધાં. અમે સૌ એન્જિનરૂમમાં ગયા. આગબોટમાં ઈંધણ પણ પૂરી લીધું જેથી ઉબુન્ડુ સુધી વાંધો ન આવે. માઈકલકાકાએ સુકાન સંભાળ્યું. બપોરના ભોજન માટે તાજી માછલી પકડવાના ઈરાદા સાથે જાળ હાથમાં લઈ માતાદી તૂતક પર ગયો.

"માઈકલકાકા ! ખરેખર એ અવાજ બોટનો હશે ?" પોલે પૂછ્યું.

માઈકલકાકા કંઈ બોલ્યા નહીં. એ પોતે પણ ઊંડા વિચારમાં હોય તેવું લાગતું હતું. થોડી વાર મનમાં જ કંઈક ગણતરીઓ કરીને એ બોલ્યા, "પોલ ! ડીક ! મને પણ એ અવાજ કોઈ બોટનો હોય તેવું જ લાગે છે, પણ ખાતરી થતી નથી. કોઈ પ્રાણી હોવાની શક્યતા પણ આગલી રાતના અનુભવ પરથી વધી જાય છે. મારું મન વારંવાર એ કોઈ હોડીનો કે બોટનો અવાજ હતો એવું કહે છે. હકીકતે સવારની ઠંડી હવાથી મારી આંખો જરા ભારે થઈ ગઈ હતી. આગળનો અનુભવ બરાબર નહોતો રહ્યો એટલે સંપૂર્ણપણે સૂઈ જવાનું તો શક્ય જ નહોતું, પણ કદાચ એકાદ ઝોકું જરૂર આવી ગયું હશે. તંદ્રા જેવી અવસ્થાને કારણે હું અવાજ સાંભળ્યા પછી પણ થોડી વાર પડ્યો રહ્યો. જો

તરત જ દોડીને આગબોટના તૂતક પર જઈને જોયું હોત તો ચોક્કસ ખબર પડી જાત. હા ! હું એ તો કહેવાનું ભૂલી ગયો કે એ અવાજની સાથોસાથ એક જોરદાર 'ઠક્' એવો અવાજ પણ આવેલો. મને લાગે કે આળસના કારણે હું પડ્યો રહ્યો એટલે આપણે જાણી ન શક્યા !" માઈકલકાકાના અવાજ પરથી લાગતું હતું કે એમને અફસોસ થઈ રહ્યો છે.

હું ઊભો થઈ એમની પાસે જઈને અફસોસ ન કરવા કહેવા જ જતો ત્યાં જ અચાનક અમને જોરદાર ધક્કો લાગ્યો. હું નીચે પડી ગયો. નસીબજોગે વાગ્યું નહીં. માઈકલકાકાએ જો સુકાન ન પકડ્યું હોત તો એઓ પણ પડી જાત. લુઆલ્બા નદીની ઝડપ ખૂબ જ વધી જવાના કારણે અમને ધક્કો વાગ્યો હતો. અહીંથી છેક સ્ટેન્લી ધોધ પસાર થાય ત્યાં સુધી કોંગો નદીની ઝડપ આવી ભયંકર જ રહે છે. અમારી આગબોટે તીરની માફક ભાગવાનું શરૂ કર્યું. માઈકલકાકાએ એન્જિનને સાવ જ ધીમું કરી નાખ્યું. પ્રોપેલર (આગબોટને ધક્કો મારતો પંખો) પણ બંધ કરી દીધો. જરૂર પડી હોય તો એન્જિન ગમે ત્યારે ઊંધી દિશામાં શરૂ કરી શકાય એ માટેના આ સાવચેતીનાં પગલાં હતાં.

અમે સૌ નદીની ઝડપ અચાનક વધવાથી પડી ગયા હતા છતાં અમને પોલની સામે જોતાં ખૂબ જ હસવું આવ્યું. પોલ એની પાછળ પડેલ ફળોના ખાલી ટોપલામાં સલવાઈ ગયો હતો. હવે એ જાતે નીકળી શકે તેમ નહોતું. એ દૃશ્ય જોઈને અમે હસીને બેવડ વળી ગયા. હેસ્લિંગ અને રોબર્ટે થઈને એને ટોપલીમાંથી મરઘીને કાઢે એમ બહાર કાઢ્યો. પછી તો પોલ પોતે પણ હસી પડ્યો. ઘણાં દિવસે અમે લોકો આવી રીતે ખુલ્લા દિલથી હસ્યા હતા. આગબોટના એન્જિનરૂમમાં હળવાશ ફેલાઈ ગઈ.

"મિસ્ટર માઈકલ ! મિસ્ટર માઈકલ !" તૂતક પર માછલી પકડવા માટે ગયેલો માતાદી બૂમાબૂમ કરી રહ્યો હતો. એ બીજું ઘણુ બધું બોલતો હતો, પણ અમને એમાંથી ફક્ત 'મિસ્ટર માઈકલ' એટલું જ સમજાતું હતું. એના અવાજમાં થોડોક ભય પણ હતો.

એક જ ક્ષણમાં અમારી હળવાશ ક્યાંય ભાગી ગઈ. બધાનાં મોઢાં પર હાસ્યની જગ્યાએ ચિંતાની રેખાઓ આવી ગઈ. 'શું થયું હશે ? ફરીથી કોઈ જાનવર આવ્યું હશે ?' અમે સૌ દોડતાં ઉપર પહોંચ્યા. માઈકલકાકાએ મારા હાથમાં રાઈફલ પકડાવી. પછી પોતે સુકાન બરાબર પકડીને બેઠા.

અમે ઉપર જઈને જોયું તો માતાદી અર્ધો અમારી તરફ અને અર્ધો બહાર નદી તરફ ઢળીને પડ્યો હતો. અમારાં પગલાંનો અવાજ સાંભળીને એ

ઊંચો થયો. પછી આંગળી ચીંધીને અમને બહારની તરફ કંઈક બતાવવા લાગ્યો.

અમે દોડીને બહારની તરફ નમીને જોયું. જોતાં જ દરેકની આંખ આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. એક તીર આગબોટની બહારની તરફ ખૂંચેલું હતું. એની પાછળના છેડે કપડાની એક નાની પોટલી બાંધી હતી.

દોરડા વડે લટકીને માતાદીએ એ તીર ખેંચી કાઢ્યું. ખેંચતી વખતે માતાદીએ તૂતક સાફ કરવાના કપડાથી એને પકડ્યું હતું. માતાદી પોતે આ પ્રદેશનો વાસી હોવાથી એને ખબર હતી કે ઘણી વખત દુશ્મનો દ્વારા ફેંકવામાં આવતા આવા તીર પર એવું કાતીલ ઝેર લગાવેલું હોય કે અડકતાં વેંત જ માણસ મરી જાય. માતાદીએ તીર તૂતક પર મૂક્યું. બન્ને હાથ પર કપડાં લગાવીને એના પરની પોટલી ખોલી. એમાં એક ચિઠ્ઠી હતી. અંદર લખેલું હતું : "અબીરા સલામત છે."

બસ, આટલું જ ! આવા સરસ સમાચાર સાંભળી અમે હર્ષથી તાળીઓ પાડી ઊઠ્યા. દોડતા નીચે જઈ માઈકલકાકાને બધી વાત કરી. અબીરા સારો અને સલામત છે એ વાત અમને આનંદ આપે જ ! પણ બીજી જ ક્ષણે વિચાર આવ્યો કે 'અબીરા સલામત છે એ તો સમજ્યા, પરંતુ આ તીર કોણે છોડ્યું હશે ? અને છોડનાર વ્યક્તિ જે હોય તે, એણે અબીરાને આગબોટ પર પાછો કેમ ન મોકલ્યો ?'

અમે બધા મૂંઝવણમાં પડી ગયા હતા. આ કામ કદાચ પહેલેથી જ અમારો પીછો કરી રહેલી વ્યક્તિનું હોઈ શકે, પણ સવાલ એ જ હતો કે એ વ્યક્તિ કોણ હશે ?

અમે બધાએ ઘણું વિચાર્યું પણ કોઈ ઉકેલ ન મળ્યો. છતાં આ બધાથી એક વાતની તો ખાતરી થઈ ગઈ હતી કે એ વ્યક્તિ જે હોય તે, પણ એ અમને મદદ કરે છે. અમારો દુશ્મન નથી જ.

હવે લુઆલ્બા ખરેખર ખતરનાક બનતી જતી હતી. નાનકડો કોઈ ધોધ આવે તો એમાં પછડાતી વખતે આગબોટ તૂટી જવાની બીક લાગતી. જો નદી જરા પણ છીછરી હોત તો બોટના અચૂક ભુક્કા બોલી ગયા હોત. હકીકતે કોંગો અને એને મળતી નદીઓની આ બે ખાસિયતો છે : એક તો એમની ઝડપ અને બીજી એમની ઊંડાઈ. આજે એ બંને ખૂબીઓ અમારા માટે આશીર્વાદ બની ગઈ હતી. છેક કીબોમ્બોથી અમે એક કલાકના લગભગ પચાસેક માઈલની ઝડપથી મુસાફરી કરી રહ્યા હતા. અમારી ધારણા જો સાચી પડે અને કોઈ વિઘ્ન ન આવે તો લગભગ સાંજ પહેલાં જ અમે ઉબુન્ડુ

પહોંચી જઈએ એવું લાગતું હતું.

અબીરા સલામત છે એ જાણીને માતાદી ખૂબ ખુશ થઈ ગયો. પાણીમાં જાળ નાખીને એણે ખૂબ જ સરસ અને તાજી માછલીઓ પકડી. પછી આગબોટના સ્ટોરમાંથી જોઈતી સામગ્રી શોધીને એણે સરસ મજાની રોટી અને ભાત બનાવ્યાં. સાથે માછલીની પણ ચટાકેદાર વાનગી બનાવી. અમે છોકરાઓ ભરપેટ જમી રહ્યા પછી મેં અને રોબર્ટે સુકાન સંભાળ્યું. ત્યારબાદ માઈકલકાકા અને માતાદી જમ્યા.

જમી લીધા પછી માઈકલકાકા અને માતાદી બંને થોડી વાર સૂઈ ગયા. હું અને રોબર્ટ સુકાન સંભાળીને બેઠા હતા. પોલ, જેક અને હેસ્લિંગ એક ટેબલ પર લીટીઓ દોરીને નવકુકરી જેવું કંઈક રમતા હતા. ચારે તરફનું જંગલ ધીમે ધીમે અતિગાઢ બની રહ્યું હતું. ક્યારેક તો વૃક્ષો પર લટકતા સાપ આગબોટના તૂતક પર આવી પડતાં. અમે લોકો તરત જ એમને લાકડીથી બહાર ફેંકી દેતા. નદીની ઝડપ હવે ઘટતી જતી હતી. તોપણ સામાન્ય નદીઓ કરતા તો એ ઘણી વધારે કહી શકાય. નદીનો પટ હવે પહોળો થવા માંડ્યો હતો. આનો મતલબ એ જ કે અમે કીન્ડુ વટાવી ચૂક્યાં હતા. કીન્ડુથી ઉબુન્ડુ સુધી લુઆલ્બા નદીનો પ્રવાહ વહાણવટા માટે યોગ્ય કહી શકાય તેવો છે. એટલે હવે નાના ધોધ કે વાંકાચૂંકા રસ્તાની બીક પૂરી થઈ હતી.

અમે બોટને નદીના બેઉ કાંઠાથી દૂર એટલે કે નદીના પ્રવાહની બિલકુલ વચ્ચે ચલાવવાનું શરૂ કર્યું. એનાથી બે ફાયદા થાય : એક તો ઝાડ પરથી કોઈ માણસ કે જીવજંતુ આગબોટ પર ન આવી લાગે અને બીજો ફાયદો એ કે કિનારાઓ તરફથી પણ ખતરો ઘટી જાય.

માઈકલકાકા જાગી ગયા. અમારી પાસે આવી સુકાન સંભાળતાં બોલ્યા, "હવે ઉબુન્ડુ અહીંથી ફક્ત બે કલાક જેટલા સમયમાં જ પહોંચી જવાશે, પણ આ સાંઠેક માઈલનો વિસ્તાર ખૂબ જોખમી છે." એટલું કહી એમણે આગબોટની સ્પીડ થોડીક વધારીને બારી બહાર જોઈ લીધું.

"જોખમી એટલે ? આ સાંઈઠ માઈલ કઈ રીતે જોખમી છે, કાકા ?" હું અને રોબર્ટ લગભગ સાથે જ બોલી ઊઠ્યા.

"આ વિસ્તારમાં જાગાસ લોકોના છૂટાં-છવાયાં ઝૂંપડાંઓ તેમજ નાનાં-નાનાં ગામડાંઓ આવેલાં છે. આ જાગાસ લોકો સૌથી ખતરનાક માનવભક્ષીઓ છે. જો કે એમની વસ્તી ખૂબ જ ઓછી છે. એમને બાદ કરતાં આ વિસ્તારમાં આકા નામે ઓળખાતા પિગ્મી લોકો જ રહે છે. આકા પિગ્મીઓ માંગ્બેટુ ભાષા બોલે છે. જાગાસ લોકો સારા નિશાનબાજ નથી હોતા, પણ આકા પિગ્મીઓને તીર ચલાવવામાં કોઈ ન પહોંચે."

"એ લોકોની સંખ્યા જાગાસથી ઓછી છે, કાકા ?" નવકુકરીની રમત છોડી અમારી બાજુમાં આવી બેસી ગયેલા પોલે પૂછ્યું.

"ના ! આકા પિગ્મીઓ જાગાસ કરતાં સંખ્યામાં ઘણા વધારે છે, છતાં પણ એ લોકો જાગાસથી બીવે છે. કારણ કે જાગાસ ખૂબ જ ક્રૂર હોય છે. એ લોકો જીવતા માણસને ટુકડા ટુકડા કરીને ખાઈ જાય છે." એટલું કહીને માઈકલકાકા થોડીક વાર અટક્યા. એમની વાંકી હોકલી સળગાવી. બેચાર મોટા કશ ખેંચ્યા. પછી ધુમાડો છોડતાં કહ્યું, "પોલ ! તું, ડીક અને હેસ્લિંગ તેમજ માતાદી તૂતક પર રહો. જુઓ ! રાઈફલ તૈયાર રાખજો. ધ્યાન રાખજો. જાગાસ લોકોનાં તીર ખૂબ જ ઝેરી હોય છે, એટલે સાવચેત રહેજો. જો નાની નાની ઝાડના થડની બનેલી હોડીઓ લઈને એ લોકો આપણી તરફ આવવાનું શરૂ કરે તો જ રાઈફલ ચલાવજો, નહીંતર કોઈને છંછેડશો નહીં. એ લોકો આમ તો અહીંથી પસાર થતી દરેક હોડી કે બોટને લૂંટવાની કોશિશ કરતા જ હોય છે. એટલે આપણે સાવચેત તો રહેવું જ પડશે." માઈકલકાકાના અવાજમાં રહેલ કોઈ અજ્ઞાત ભયનો ઓછાયો સ્પષ્ટ જણાઈ આવતો હતો.

હું, પોલ, હેસ્લિંગ અને માતાદી ભરી બંદૂકો લઈ તૂતક પર આવ્યા. આગબોટને અમે નદીની બરાબર વચ્ચે જ ચલાવવાનું નક્કી કર્યું હતું જેથી કરીને કાંઠાઓ તરફથી ઓછો ભય રહે. નદીનાં પાણી કીન્ડુ પહેલાં હતાં એના કરતાં ઘણાં બધાં શાંત લાગતાં હતાં. થોડી વાર ચારે તરફ બંદૂકો તાકીને અમે ઊભા રહ્યા. થોડી વાર એમ જ ઊભા રહેવા છતાં કાંઠાઓ પર ક્યાંય કોઈ દેખાયું નહીં. લગભગ અર્ધો કલાક પછી અમે કંટાળ્યા અને બંદૂકો ખભે લટકાવી વાતોએ વળગ્યા. એક માતાદી અમારી ભાષા પૂરી જાણતો ન હોવાથી ચૂપચાપ નદી તરફ જોતો ઊભો હતો.

થોડી વારમાં અમે વાતોમાં ખોવાઈ ગયા. ત્યાં જ પશ્ચિમ કાંઠા તરફથી 'હીયો...હો...હીયો...હો...હીયો...હો... !' એવા પડકારા સંભળાયા. માતાદી બૂમો પાડવા માંડ્યો. અમે જોયું તો નદીના પશ્ચિમ કાંઠા પર સાવ નગ્ન સ્ત્રી-પુરુષોનું ટોળું જમા થયું હતું. ઝાડના થડમાંથી કોતરેલી નાની નાની હોડીઓમાં બબ્બેની સંખ્યામાં બેસીને એ લોકોએ આગબોટ તરફ આગળ વધવાનું શરૂ કરી દીધું. હોડીમાંનો એક માણસ હલેસા મારતો હતો અને બીજો તીર-કામઠાં લઈને ઊભો હતો. દરેક હોડીમાં આવું જ દશ્ય હતું. અમુક હોડીમાં ત્રણ જણાં પણ બેઠાં હતાં.

અમારા ધબકારા વધી ગયા. પોલ દોડતો માઈકલકાકાને કહી આવ્યો. માઈકલકાકાએ આગબોટની ઝડપ વધારી. આગબોટ તો મશીનથી ચાલતી હતી, પણ હાથ વડે હલેસા મારતા જાગાસ લોકોની ઝડપ માટે પણ માન ઊપજે તેવું હતું. એ લોકો માંગ્બેટુ ભાષામાં કંઈક બૂમો પાડતા હતા. માંગ્બેટુ ભાષા માતાદીને બરાબર આવડતી હતી, પરંતુ અમને કોઈને એમાં જરાય ગતાગમ નહોતી પડતી.

માઈકલકાકા પોલને સુકાન સોંપી ઉપર આવ્યા. જાગાસની સંખ્યાબંધ હોડીઓને અમારી તરફ આવતી જોઈ એમને ચિંતા હોય તેવું સ્પષ્ટ દેખાઈ આવતું હતું. હવે તો નજીક આવી રહેલી હોડીઓમાંથી જાગાસની બૂમો પણ સ્પષ્ટ સંભળાતી હતી.

"કાકા ! આ લોકો શું કહે છે ? એમની બૂમોનો અર્થ શું થાય ?" હેસ્લિંગે પૂછ્યું.

માઈકલકાકાએ ઝુલુ ભાષામાં માતાદીને પૂછ્યું. એની સાથે વાત કર્યા પછી અમને કહ્યું, "માતાદીના કહેવા પ્રમાણે આ લોકો એવું બોલે છે કે 'આવ આવ ઓ શહેરી માણસ ! તારું મીઠું માંસ અમને ખૂબ જ ભાવે છે ! તારા માસમાં દાંત ભરાવવા માટે અમે બેચેન છીએ !'!"

અમે બધા ધ્રૂજી ગયા. ઝડપભેર અમારી તરફ આવી રહેલા જાગાસ લોકોનો ઈરાદો સાફ હતો. અમને ખાઈ જવામાં જ એમને રસ હતો. મોટેભાગે તો કોંગો નદીના આ તરફના ભાગમાં ભાગ્યે જ કોઈ હોડી નીકળતી હોય છે. અને નીકળે તોપણ આ લોકો એને અહીંથી આગળ નહીં જ જવા દેતા હોય. હોડીમાં બેઠેલા માણસોને એ લોકો જરૂર ખાઈ જતા હશે. માઈકલકાકાએ અમને કહ્યું કે સર સ્ટેન્લીના માણસો કીસનગનીથી ઈટુરીના જંગલો તરફ ઉત્તરપૂર્વમાં વળી ગયા હતા. એટલે કોંગોના આ તરફના ભાગની વિશિષ્ટતાઓનો એમનાં લખાણોમાં ક્યાંય ઉલ્લેખ જ નથી. પણ એક વાત સ્પષ્ટ છે કે એમના લગભગ અડધોઅડધ માણસોને માણસખાઉં જંગલીઓ ખાઈ ગયા હતા.

અમારી તરફ ઝડપથી આવી રહેલા જાગાસને રોકવા માઈકલકાકા છેક તૂતકના છેડા સુધી જઈ રાઈફલ તાકીને ઊભા હતા. એમણે માતાદીને કહ્યું કે માંગ્બેટુ ભાષામાં એ લોકોને બૂમ પાડીને કહે કે અટકી જાય. માતાદીએ બેચાર બૂમો પાડીને હોડીઓમાં ઝડપભેર અમારી તરફ આવી રહેલા જાગાસ લોકોને અટકી જવા માટે કહી જોયું. પણ એની એ લોકો પર કોઈ જ અસર થઈ નહીં. બીજા એક પ્રયાસ રૂપે માઈકલકાકાએ હવામાં ગોળીબાર કરી

જોયો. પણ ઝનૂને ચડેલા જાગાસ જાણે કે બહેરા બની ગયા હતા. એ લોકો તો એટલા જ જોરથી 'હીયો... હો... હીયો...હો... !' કરતા અમારા તરફ ધસી રહ્યા હતા.

હવે એ લોકો આગબોટથી લગભગ બસો ફૂટ જેટલી હદમાં આવી ગયા. એમના વિકરાળ ચહેરા હવે સ્પષ્ટ દેખાતા હતા. ન છૂટકે અમને બંદૂકનો ઉપયોગ કરવાની ફરજ પડી, પણ કોઈ મરે નહીં અને ફક્ત પગમાં જ ગોળી વાગે એનું અમે ધ્યાન રાખવાનું નક્કી કર્યું.

"ફાયર !" એ લોકો લગભગ દોઢસો ફૂટ જેટલા દૂર રહ્યા એટલે માઈકલકાકાએ આદેશ આપ્યો. જાગાસના પગનું નિશાન તાકી અમે લોકોએ ધડાધડ ફાયરિંગ શરૂ કર્યું. સૌથી આગળની ત્રણ હોડીમાં ઊભેલા ત્રણ જાગાસ પગમાં ગોળી વાગવાથી ઢળી પડ્યા. એ જોઈ બાકીની હોડીઓ આગળ વધતી અટકી ગઈ. કોઈના જીવ નહોતા ગયા એ જોઈ અમને શાંતિ થઈ. એ લોકો ડરી ગયા છે એ જોઈ માઈકલકાકા એકદમ આગળ વધીને તૂતકના છેડે ઊભા રહ્યા. ત્યાં ઊભા રહી એમણે ચાર-પાંચ ગોળીબાર હવામાં કર્યા. હવે આગળ વધવાની જાગાસમાં હિંમત નહોતી. એ લોકોએ ફટાફટ પોતાની હોડીઓ ફેરવીને પાછા ભાગવાનું શરૂ કર્યું. ખુશીના સ્મિત સાથે માઈકલકાકા અમારી તરફ ફર્યા અને બીજી જ ક્ષણે 'ઓ... ઓ...હ... !' એવી દર્દભરી ચીસ પાડીને એ તૂતક પર ઢળી પડ્યા. અમે જોયું તો એમના સાથળમાં પાછળની તરફ એક તીર ખૂંચી ગયું હતું. ભાગી રહેલ એકાદ હોડીમાંથી ફેંકાયેલું તીર એમને બરાબર ગોઠણની પાછળ ઉપરની તરફ વાગ્યું હતું.

માતાદીએ દોડીને તીર ખેંચી લીધું. અમે પાટો બાંધવા જતાં હતા પણ માતાદીએ એમ કરવાની ના પાડી. એના ઈશારાઓથી અમને ખ્યાલ આવ્યો કે પાટો ન બાંધવો. જેટલું લોહી નીકળી જાય એટલું ઝેર પણ નીકળી જાય. આ ઝેરની વાત આવતાં જ પોલ રડવા માંડ્યો. અમને બધાને પણ ધ્રાસ્કો પડ્યો. આવે વખતે ચૂપચાપ જોવા સિવાય અમે કંઈ કરી શકીએ તેમ પણ નહોતા. ખાસ્સી વાર લોહી નીકળવા દીધા પછી માતાદીએ એક દોરી લઈને તીરના ઘાની ઉપરની તરફ બરાબર કસીને બાંધી દીધી. હેસ્લિંગ દોડતો કોફી લઈ આવ્યો. કોફી પીને કાકા થોડા સ્વસ્થ થયા. તીર પર એવું કંઈક ઝેર લગાડેલું હતું કે લોહી પણ નહોતું ગંઠાતું. માઈકલકાકાએ થોડા સ્વસ્થ થઈ મને કહ્યું, "ઠીક ! તીરમાં વધારે ઝેર નથી લાગતું. અથવા તો જરાય ન હોય તેવું પણ બની શકે. ઘણી વખત એ લોકો એવું ઝેર લગાડતા હોય છે કે

જેનાથી ફક્ત લોહી ન ગંઠાય. આવું ઝેર પણ આ તીરમાં હોઈ શકે. કારણ કે જો લકવો કરતું ઝેર હોત તો હું આટલી વાર જીવતો જ ન રહી શક્યો હોત. પરંતુ હવે મને ચિંતા એ વાતની થાય છે કે જો આ ઘા પાકશે તો હું તમારા બધા માટે બોજારૂપ થઈ પડીશ." એટલું કહી કાકા આડું જોઈ ગયા. કદાચ એમની આંખોમાં આવી ગયેલાં આંસુ અમે ન જોઈ જઈએ એટલે જ હશે.

અબીરાના ઘાને કાકાએ સાફ કર્યો હતો એવી જ રીતે અમે દારૂથી એમનો ઘા સાફ કર્યો. પછી એના પર પાટો બાંધી દીધો. હું, પોલ, જેક અને હેસ્લિંગ થઈને માઈકલકાકાને ઊંચકીને કેબિનમાં લઈ ગયા. પછી એમના પગ પર કસીને બાંધી દીધેલ દોરી ઢીલી કરી નાખી. એકાદ મિનિટ પછી ફરીથી દોરી બરાબર બાંધી દીધી. આમ કરવાથી પગમાં જતું લોહી સાવ બંધ ન થઈ જાય અને પગ સડી ન જાય.

હવે નદીનો પટ ખૂબ જ વિશાળ થઈ ગયો હતો. બિચારો રોબર્ટ આ બધી ધમાલ દરમિયાન પણ અડીખમ થઈને સુકાન સંભાળી રહ્યો હતો. અમે નદીનો જાગાસનો વિસ્તાર હવે પાર કરી ચૂક્યા હતા. એકેય કિનારા પર હવે જાગાસનાં ઝૂંપડાં નહોતાં દેખાતાં. સાંજ પડવાને હજુ વાર હતી. અમારી કેબિનમાં ચૂપકીદી છવાઈ ગઈ હતી.

"માઈકલકાકા ! ઉબુન્ડુ આવશે તેની ખબર શી રીતે પડશે ?" સુકાન સંભાળતા રોબર્ટે પૂછ્યું.

"નદીના પશ્ચિમ કાંઠે એક મોટો વિશાળ પથ્થર દેખાશે. એના પર 'સર સ્ટેન્લીને સલામી ! ઉબુન્ડુ તરફથી' એમ લખેલું હશે. બસ ત્યાં જ થોભવાનું." માઈકલકાકા બોલ્યા.

"તો કાકા ! આગબોટને કાંઠા સુધી લઈ જવાની ?" રોબર્ટે પૂછ્યું.

"અરે ! નહીં નહીં !" સખત દુઃખાવો થતો હોવા છતાં માઈકલકાકા હસી પડ્યા, "આગબોટને પાણીની વચ્ચે જ રાખવાની. જો મોડું થઈ જાય તો ત્યાં જ લંગર નાખી દેવાનું. સાવ અજાણી ધરતી પર રાત્રે ન ઊતરીએ તો સારું."

માઈકલકાકાએ હળવાશથી જવાબ આપ્યો એટલે અમને પણ થોડીક શાંતિ થઈ. પણ ત્યાર પછી વાતાવરણમાં શાંતિ ફેલાઈ ગઈ. અર્ધોએક કલાક અમે ચૂપચાપ આગબોટને પાણી કાપતી જોઈ રહ્યા. સાંજના પાંચેક વાગવા આવ્યા હતા. અંધારું ખૂબ જ ઝડપથી વધતું જતું હતું.

"અરે ડીક ! બાયનોક્યુલર લઈ પેલો પથ્થર ધ્યાનથી જો તો ! કાંઠા

પરના પેલા મોટા પથ્થર પર નજર કરી જો તો !" રોબર્ટે બૂમ પાડી.

બાયનોક્યુલર લઈને મેં પશ્ચિમ કાંઠા તરફ જોયું. કિનારા પરના એક મોટા કાળા પથ્થર પર લખેલું હતું 'સર સ્ટેન્લીને સલામી ! ઉબુન્ડુ તરફથી' બસ ! અમે ઉબુન્ડુ પહોંચી ગયા હતા.

"રોબર્ટ ! આગબોટને નદીના પટની વચ્ચે ઊભી રાખીને લંગર નાખીએ, આ ઉબુન્ડુ જ છે." મેં કહ્યું.

મને ફરી એક વાર પર્સિવલકાકા પર માન થઈ આવ્યું. એમણે બાયનોક્યુલર લેવડાવ્યું ત્યારે મારા મનમાં જેટલી શંકાઓ ઊઠી હતી એ બધી પૂરી થઈ ગઈ.

આગબોટનું એન્જિન બંધ કરી અમે લંગર નાખ્યું એ વખતે ઉબુન્ડુ પર કાજળકાળી રાત ઊતરી રહી હતી.



ભેદ ખૂલ્યો !

માનવભક્ષી જાગાસ લોકો તીરની અણી પર કોઈ વિચિત્ર પ્રકારનું ઝેર લગાવતાં હોવા જોઈએ, કારણ કે માઈકલકાકા હવે બરાબર બોલી નહોતા શકતા. એમના હાથપગનું હલનચલન પણ ઘટતું જતું હતું. હેસ્લિંગના કહેવા મુજબ જંગલી લોકો બે પ્રકારનું ઝેર તીરની અણી પર લગાવતા હોય છે. એક તો પ્રાણીઓને મારી નાખવા માટેનું. જે મોટે ભાગે સિંહ, વાઘ વગેરે હિંસક પ્રાણીઓને મારવા માટે વપરાય છે. બીજું જે પ્રાણીઓને શિકાર પછી ખાઈ જવાના હોય તેમને માટે ચેતાતંત્રને ઢીલું પાડી દેતું ઝેર વપરાય છે. એ ઝેરથી પ્રાણી મરી નથી જતું પણ હલીચલી ન શકે તેમ ઢીલું થઈ જાય છે. એનું આખું શરીર શિથિલ થઈ જાય છે. એ જીવતું હોવા છતાં કશો જ વિરોધ નથી કરી શકતું. ઉપરાંત એનું ઝેર માંસ ખાનારને કંઈ નથી કરતું.

માઈકલકાકાને આ બીજા પ્રકારના ઝેરવાળું તીર વાગ્યું હોઈ શકે, કારણ કે એમને હાથપગ હલાવવામાં ખાસ્સી તકલીફ થતી હતી. રાતના દસ વાગ્યા પછી એમને શ્વાસ લેવામાં પણ તકલીફ થવા માંડી. એમના પગમાં સોજો ચડવા માંડ્યો હતો. પડખું ફરતા પણ એમને ખૂબ શ્રમ પડતો.

અમે કોઈ સૂતા નહીં. પોણી રાત ચિંતામાં જ પસાર થઈ. અબીરાની માફક જ માઈકલકાકાને પણ અમે પગ પર બરફ લગાવી દીધો. એનાથી સવાર સુધીમાં કાકાને થોડી રાહત થઈ હોય તેવું લાગ્યું. સવાર પડતા એ સૂતા પછી અમારી આંખ પણ મળી ગઈ.

અમે કેટલું સૂતા એ તો ખબર નહીં પણ ઊઠ્યા ત્યારે સૂર્ય બરાબર માથા પર આવી ગયો હતો. માઈકલકાકા હજુ ઊંઘતા જ હતા. મેં એમના કપાળે હાથ મૂક્યો ત્યારે ખ્યાલ આવ્યો કે એમને ખૂબ તાવ ચડી ગયો હતો. કદાચ એ ઊંઘના બદલે તાવના ઘેનમાં સૂઈ રહ્યા હોય તેવું પણ બને !

મેં અને પોલે એમના માથા પર પોતા મૂકવાનું શરૂ કર્યું. થોડી વારે માઈકલકાકાએ આંખ ખોલી પછી એમને કૉફી પીવડાવી. નાસ્તો કરી, દારૂગોળો તપાસી અમે અમારો સામાન બાંધ્યો. રોબર્ટે આગબોટને કાંઠા સુધી લીધી. કાંઠાથી થોડે જ દૂર લંગર નાખ્યું. બે વાંસની ઝોળી બનાવી

માઈકલકાકાને એના પર સૂવડાવ્યા. ત્યારબાદ બે ચાદર વડે એમને એવા સજ્જડ બાંધ્યા કે આગબોટમાંથી દોરડાની નીસરણી પરથી એમને ઉતારતાં પડી ન જાય.

બધી તૈયારી પૂરી થઈ પછી અમે આગબોટના એન્જિનને બંધ કર્યું. કૅબિન સાચવીને બંધ કરી. પોલે એટલી વારમાં બધેથી કચરો પણ સાફ કરી નાખ્યો. પછી આગબોટની બાજુમાં દોરડાની નીસરણી લટકાવી. આગબોટને આવજો કહેવાનો સમય હવે આવી ગયો હતો. એક અજબ પ્રકારની ઉદાસીનતાનો અનુભવ થઈ રહ્યો હતો. આગબોટ અમારી તો નહોતી છતાં છેલ્લા ત્રણ દિવસમાં અમને એની સાથે માયા બંધાઈ ગઈ હતી. અમે એક પછી એક નીચે ઊતર્યા. ખૂબ જાળવીને અમે માઈકલકાકાને પણ ઉતાર્યા. આગબોટના તૂતકને ચૂમી એને પ્રણામ કરી હું સૌથી છેલ્લે ઊતર્યો. જે હાલતમાં અમને આગબોટ મળી હતી કંઈક એવી જ હાલતમાં અમે એને છોડી રહ્યા હતા.

*   *   *

કાંઠે ઊતરીને અમે નકશો જોયો. અહીંથી લગભગ ૧૪૦ માઈલ ઉત્તર-પશ્ચિમમાં જવાથી હીરાના પર્વત સુધી પહોંચી શકાય તેમ હતું. આ રસ્તો ખરેખર ખૂબ જ ટૂંકો હતો, પરંતુ એના પર જોખમ પણ પારાવાર હતું. અત્યાર સુધી બહારની દુનિયાના કોઈ કાળા માથાના માનવીએ જેમાં જવાની હિંમત પણ નથી કરી અને જો કરી હોય તો કોઈ પાછું નથી ફર્યું એવા અભેદ જંગલમાંથી અમારે પસાર થવાનું હતું. વિષુવવૃત્તનાં આ જંગલો વરસાદી જંગલો (Rain forest) તરીકે પણ ઓળખાય છે. એમાં કળણો, જીવ-જંતુઓ તેમજ જંગલીઓની પણ ખૂબ બીક રહે છે. જોકે આ તરફના જંગલમાં વસતા પિગ્મી લોકો ઈટુરી જંગલના પિગ્મીઓ કરતાં સારાં હોય છે અને જાગાસ કરતા તો ખૂબ જ સારાં.

બીજી એક ચિંતા અમને હતી માઈકલકાકાને ફેરવવાની. એમને ઉપાડીને ચાલવામાં ખૂબ જ સમય જાય તેવી શક્યતા હતી. હવે એમનો ઘા પણ ખૂબ જ પીડા આપતો હતો. સવારી માટે શું કરવું એનો વિચાર કરતાં અમે લોકો ઉબુન્ડુના પથ્થર પાસે બેઠા હતા ત્યારે જ માઈકલકાકાએ આંખ ખોલી. એમની આંખો સૂજી ગઈ હતી. અવાજ પણ ઘોઘરો બની ગયો હતો. ધીમેથી એ બોલ્યા, "ડીક ! રોબર્ટ ! તમે મને આગબોટમાં પાછો લઈ જઈ ત્યાં જ મૂકી દો. પછી તમે લોકો ઝડપથી આગળ વધી શકશો. તમારા

પિતાજીને લઈને જ્હોન હેરિંગ હવે અહીંથી થોડે દૂર જ પહોંચ્યો હશે. તમે લોકો ઝડપ કરો એ જ યોગ્ય રહેશે. અને આમેય આગબોટમાં હું વધારે સલામત રહી શકીશ. એમાં ખાવા-પીવાનો બધો સામાન તો છે જ ! એટલે એની પણ ચિંતા નથી. પરંતુ હવે "તમે લોકો મારા લીધે સમય ન બગાડો." ઘોઘરા અવાજે આટલું બોલીને કાકા ફરીથી ઊંઘમાં સરી પડ્યા.

બે ક્ષણ પૂરતી અમને પણ એમની વાત યોગ્ય લાગી. પરંતુ રખેને કાકાનો ઘા વધારે પાકી ગયો તો ? એમાં સડો (ગેંગ્રીન) થઈ ગયો તો ? પછી તો એ પોતે ઊભા થઈને જમી શકે એવી પરિસ્થિતિ પણ ન રહે. એટલે એમને એકલા છોડવા એ જોખમ જ હતું. વિચારીને બધાએ નક્કી કર્યું કે કાકાને જોડે જ લઈ લેવા. વાંસની પટ્ટીઓ પર ઘાંસ પાથરી દીધું. પછી એના પર ધાબળો વીંટાળી આરામદાયક પથારી બનાવી નાખી. કાકાને એના પર સુવડાવી બીજા એક ધાબળા વડે તેમને વીંટાળી દીધા. પછી એક મીણિયું કપડું પણ એમના પર વીંટાળી દીધું. કારણ કે વિષુવવૃત્તના પ્રદેશમાં બપોર પછી ભારે વરસાદ પડવાની સારી એવી સંભાવના રહેતી હોય છે.

આટલું કરીને બધાએ પોત-પોતાનો સામાન ખભે ચડાવ્યો. બંદૂકો હાથમાં લીધી. સૌથી આગળ માતાદી, એની પાછળ હું, રોબર્ટ, જેક અને હેસ્લિંગ માઈકલકાકાને ઉપાડીને ચાલતા હતા. સૌની પાછળ પોલે રહેવું એવું નક્કી કર્યું હતું.

વાતાવરણમાં ઠંડક સાથે બફારો પણ ખૂબ હતો. એકાદ કલાક ચાલ્યા પછી અમે ગીચ જંગલમાં આવી પહોંચ્યા. ઝાડી ખૂબ જ ઘાટી હતી. સૂર્ય આથમવાને વાર હતી તોપણ જાણે સાંજ પડી ગઈ હોય તેવું લાગતું હતું. આગળ ચાલતો માતાદી અચાનક અટકી ગયો. એણે એક ઝાડના થડ સામે આંગળી ચીંધી. અમે કાકાને સંભાળીને નીચે મૂક્યા. પછી એ ઝાડની નજીક જઈને જોયું તો એના વિશાળ થડ પર તીરનું નિશાન : ⟶ કોતરેલું હતું. અમે બધા આનંદથી ઝૂમી ઊઠ્યા. કારણ કે આ નિશાન અમે બીરા બંદરથી નીકળ્યા ત્યાર પછી શરૂઆતના રસ્તે વૃક્ષો પર દોરેલા નિશાન જેવું જ હતું. નિશાન પ્રમાણમાં તાજું હતું. એનો અર્થ કે જ્હોન હેરિંગ એકાદ-બે દિવસ પહેલાં જ અહીંથી પસાર થયો હોવો જોઈએ ! અમારાં હૃદય આનંદથી ધડકી ઊઠ્યાં. મારા અને રોબર્ટના પિતાજી જાણે આવતી કાલે જ અમને મળી જવાના હોય તેવું લાગતું હતું. અમારી ચાલવાની ઝડપ આપોઆપ વધી ગઈ.

હેસ્લિંગ જંગલના વેલાઓ અને છોડવાઓને ધ્યાનથી જોઈ રહ્યો હતો.

એનો ઈરાદો માઈકલકાકાના ઘા પર બાંધી શકાય તેવું કંઈક મળી જાય તો શોધી કાઢવાનો હતો. પણ આ પ્રદેશની વનસ્પતિઓ કાંઠાળ વિસ્તાર અને ઝીંઝુડાક ટાપુ પર જોવા મળતી વનસ્પતિઓ કરતાં સાવ જુદી જ હતી. એટલે એને બિચારાને કંઈ જ સમજ પડતી નહોતી. માતાદી કંઈક કહે તો પણ એ અમને સમજાણ નહોતી પડતી. માઈકલકાકા પોતે જ બેભાન જેવા હતા એટલે એ અમને કંઈ સમજાવી શકે તેમ નહોતા.

જંગલના કારણે હવે સંધ્યા થઈ ગઈ હોય તેવું આછું અંધારું થઈ ગયું હતું. માઈકલકાકાને કારણે અમે થોડુંક ચાલતા અને પછી થોડોક થાક ખાઈ લેતા. આ રીતે અમે લગભગ પાંચેક માઈલ ચાલ્યા હોઈશું. એ જ વખતે જંગલની વચ્ચે અમને થોડીક ખુલ્લી જગ્યા દેખાઈ. તંબુ નાખીને રાત અહીં જ પસાર કરવી એવું અમે નક્કી કર્યું.

પરંતુ હજુ તો એ જગ્યા સુધી પહોંચીએ એ પહેલા તો એક પિગ્મી તીરકામઠાં લઈ અમારા રસ્તા વચ્ચે આડો ઊભો રહી ગયો. અમે ઊભા રહી ગયા. મનમાં થવા માંડ્યું કોઈ નવું સંકટ આપણી રાહ જોઈ રહ્યું છે કે શું ?

આફ્રિકાના પિગ્મીઓની એક ખાસિયત છે. ક્યારેય કોઈ એકલો પિગ્મી આટલા બધાં લોકોનો રસ્તો રોકવાની હિંમત ન જ કરે. આ પિગ્મીની હરકત બતાવતી હતી કે એ એકલો નહીં હોય પણ આજુબાજુની ઝાડીમાં બીજા ઘણા પિગ્મીઓ છુપાયેલા હોવા જોઈએ. એમનાં ઝેરી તીર અમારી તરફ તંકાયેલા હશે. બીકનું એક લખલખું અમારા દરેકના શરીરમાંથી પસાર થઈ ગયું. અમે ઊભા રહી ગયા.

અમે ઊભા રહ્યા એટલે માઈકલકાકાએ આંખ ખોલી. સૂજી ગયેલાં પોપચાં સાથે એમણે અમને કારણ પૂછ્યું. એમને રસ્તો રોકીને ઊભેલા પિગ્મી અંગે જાણ કરી. એમના ચહેરા પર ચિંતા છવાઈ ગઈ.

અચાનક માતાદીએ માંગ્બેટુ ભાષામાં કંઈક બૂમ પાડી. એ સાંભળીને પેલો પિગ્મી તીરકામઠાં ફેંકીને માતાદી તરફ દોડ્યો. માતાદીએ પણ દોટ કાઢી. બંને ભેટી પડ્યા. એ દશ્ય જોઈને અમે સૌ નવાઈ પામી ગયા. પેલા પિગ્મીએ આજુબાજુની ઝાડી તરફ જોઈ બેચાર વખત વિચિત્ર અવાજો કર્યા. ટપોટપ કરતા પચાસેક પિગ્મીઓ આજુબાજુની ઝાડીમાંથી નીચે ઊતર્યા. માઈકલકાકા સૂતા સૂતા આ બધું જોઈ રહ્યા હતા. એમણે ઘોઘરા બનતા જતા અવાજે માતાદી સાથે ઝુલુ ભાષામાં વાત કરી. પછી માઈકલકાકાએ અમને જણાવ્યું કે માતાદી એ પિગ્મીને ઓળખે છે. માતાદીની માતા પિગ્મીકુળની હોવાથી આ પિગ્મી એનો પિત્રાઈ થાય છે. આના કારણે જ

માતાદીને કોઈ પોતાની કન્યા આપતું નથી. પોતાની માતા પાસેથી માતાદી માંગ્બેટુ ભાષા શીખ્યો છે. આપણાં નસીબ કેવાં સારાં કે આપણે એનાં જ ગામમાં પહોંચી ગયા છીએ. માતાદી એવું કહે છે કે આપણે આજની રાત એ પિગ્મીના ગામમાં જ રહી જઈશું.

અમે સૌ ખુશ થઈ ગયા. માતાદીએ અમારી સૌની ઓળખાણ કરાવી. માથું હલાવીને અમે એમનું અભિવાદન કર્યું, કારણ કે એકબીજાની ભાષા તો અમે કોઈ જાણતા નહોતા. એ લોકો આનંદથી કંઈક બોલતા હતા. શું બોલતા હતા એ તો નહોતું સમજાતું પરંતુ એ બધા ખુશ હતા એ ખ્યાલ આવી જતો હતો. અમે એ લોકોની પાછળ પાછળ દસથી પંદર ઝૂંપડાંવાળા એમના ગામમાં પહોંચી ગયા.

પિગ્મી લોકોનું ગામ એટલે ગીચ જંગલ વચ્ચે આવેલી થોડીક ખુલ્લી જગ્યામાં ઊભા કરેલા ૧૦થી પંદર ઝૂંપડાં. લીલા વાંસને બરાબર કાપી, જમીન પર પાણી છાંટીને લીંપી નાખેલું હોય. છત પણ ઝાડની ડાળખીઓ અને વાંસ તેમજ ખાસ પ્રકારના ઘાસથી બનાવેલી હોય છે. અમે પહોંચ્યા ત્યારે ઝૂંપડાંઓ વચ્ચોવચ્ચ ખુલ્લી જગ્યામાં અગ્નિ પ્રગટાવવાની તૈયારીઓ ચાલી રહી હતી.

અમે વચ્ચેની એક મોટી ઝૂંપડી પાસે પહોંચ્યા. પેલા પિગ્મીએ બૂમ પાડી. એનો અવાજ સાંભળીને ઝૂંપડીમાંથી એક માણસ બહાર આવ્યો. એણે માથે પીંછાં ખોસેલી મોટી ટોપી પહેરી હતી. એની ઉંમર પણ ખાસી હશે. એ પિગ્મી જૂથનો સૌથી વડીલ અને મુખ્ય માણસ લાગતો હતો. પિગ્મી લોકોમાં મુખી કે સરદાર એવું કોઈ ચોક્કસ સ્થાન હોતું નથી. જૂથની સૌથી વયોવૃદ્ધ વ્યક્તિની આજ્ઞા આપોઆપ જ એનાથી નાનાં બધાં પાળે છે. આ ઉપરાંત પિગ્મી લોકો એક જગ્યાએ ગામ બાંધીને વસવાટ નથી કરતા પણ ભટકતા રહે છે. આ બધી વિગતો આફ્રિકાની માહિતી એકઠી કરતી વખતે મેં મારી ડાયરીમાં ટપકાવેલી.

એ પિગ્મી વૃદ્ધની પાછળ ખોડંગાતી ચાલે એક માણસ ઝૂંપડીમાંથી બહાર આવ્યો. એને જોતાં જ અમે બધા એક સાથે બૂમ પાડી ઊઠ્યા : "અબીરા !"

આ સાંભળી માઈકલકાકા બેઠા થઈ ગયા.

અમારી આંખો માની શકતી નહોતી પણ એ અબીરા જ હતો. એ ખોડંગાતો અમારી પાસે આવ્યો. અમે વારાફરતી એને ભેટી પડ્યા. એના પગનો સોજો ઘણો ઊતરી ગયો હતો. એને ચાલતી વખતે થોડુંક ખોડંગાવું પડતું હતું બસ એટલું જ. એના પગ પર જ્યાં પેલા વિચિત્ર પ્રાણીએ દાંત બેસાડ્યા હતા એ જગ્યાએ જંગલી પાંદડાં વાટીને લગાડેલાં હતાં. અમને અબીરા પાછો આવી ગયો એની એટલી બધી ખુશી થઈ ગઈ કે એ કઈ રીતે પાછો આવ્યો એ પૂછવાનું પણ યાદ ન રહ્યું.

માઈકલકાકા પણ બરાબર ભાનમાં આવી ગયા હતા. એ અને માતાદી અબીરા સાથે વાતોએ વળગ્યા. વાતો કરતાં કરતાં અબીરાનું ધ્યાન માઈકલકાકાના પગ તરફ ગયું. એમના લાલ થઈને સૂજી ગયેલા પગ અંગે એણે કાકાને અને માતાદીને કંઈક પૂછ્યું. પછી ખોડંગાતો એ ઝૂંપડીમાં પાછો ગયો.

અમે માઈકલકાકાને પૂછ્યું કે અબીરાએ શું કહ્યું ?

"એને જેણે પગે મટાડી દીધું અને કોંગોમાંથી પણ બચાવી લીધો એ વ્યક્તિને બહાર બોલાવવા માટે એ ગયો છે. એ વ્યક્તિ કદાચ મારા પગની દવા પણ કરી આપે એવું અબીરાને લાગે છે."

અમે સૌ નવાઈ પામી ગયા. ઉત્કંઠા પણ થઈ કે અબીરાનો લગભગ ગેંગ્રીન થઈ ગયેલો પગ મટાડનાર અને એને ડૂબતો બચાવનાર વ્યક્તિ કોણ હશે ? એક વાત તો હવે નક્કી થઈ ગઈ હતી કે એ જ વ્યક્તિ અમારો પીછો કરી રહી હતી અને એણે જ આગબોટની દીવાલમાં તીર છોડીને અમને 'અબીરા સલામત છે' એવો સંદેશો આપ્યો હતો.

બેચાર ક્ષણ પછી ખોડંગાતો અબીરા ઝૂંપડીમાંથી બહાર આવતો દેખાયો. એની પાછળ એનાથી પણ કાળો અને ઠીંગણો એક માણસ બહાર આવ્યો. અમે કોઈ એને નહોતા ઓળખતા, પણ માઈકલકાકા એને જોતાં જ અર્ધા ઊભા થઈ ગયા. એમની આંખો નવાઈથી પહોળી થઈ ગઈ. પગ પણ ન હલાવી શકતા માઈકલકાકાને આમ અર્ધા ઊભા થઈ જતાં જોઈ અમને પણ આશ્ચર્ય થયું. માઈકલકાકા ફક્ત એટલું બોલી શક્યા, "અબાના તું ? તું અહીંયા કેવી રીતે ?"

અબાનાએ માથું હલાવી હા પાડી પણ કંઈ બોલ્યો નહીં.

"તો તું જ અમારી પાછળ પાછળ આવતો હતો એમ ને ? તારી મા સારી થઈ ગઈ ? તું અમારો પીછો હોડીમાં કરી રહ્યો હતો ? ક્યાંથી ? પહેલેથી ?"

માઈકલકાકાના મોઢામાંથી એકસાથે ઢગલાબંધ સવાલો નીકળી ગયા. અબાના બે ઘડી મૂંઝાઈ ગયો. પછી દોડીને એણે કાકાના પગ પકડી લીધા.

લગભગ રડમસ અવાજે એણે કાકાની માફી માંગી. વચ્ચે વચ્ચે એ કાકાના પગ પકડીને સૉરી બોલતો જતો હતો. એણે બોલવાનું પૂરું કર્યું પછી માઈકલકાકાએ એને ગળે વળગાડી દીધો. ત્યારબાદ ઘણી વાર સુધી બંને વાતો કરતા રહ્યા. માઈકલકાકાને બોલવામાં તકલીફ વધવા માંડી એટલે અબાનાને એમને વાગ્યું છે એ યાદ આવી ગયું. એણે પાટો ખોલી માઈકલકાકાનો ઘા બરાબર તપાસ્યો. ત્યારબાદ એ એક બીજા જંગલી જોડે જંગલમાં જતો રહ્યો. અમને લાગ્યું કે કદાચ એ કાકાના ઘાની દવા કરવા માટે જડીબુટ્ટીઓ લેવા માટે ગયો હશે. માઈકલકાકાના કહેવા પ્રમાણે અબાના જડીબુટ્ટીઓનો અદ્ભુત જાણકાર હતો.

અબાના ગયો પછી માઈકલકાકાએ અમને બધી હકીકત સમજાવી. ૧૯મી માર્ચના દિવસે પર્સિવલકાકાની ખબર પૂછવા માઈકલકાકા જ્યારે ઝીંઝુડાક ગયા ત્યારે અબાના એમની સાથે હતો. હીરાના પર્વતની, નકશાની તેમજ જ્હોન હેરિંગની વાત એણે પણ સાંભળી હતી. એણે એ ક્ષણથી જ માઈકલકાકા જોડે આવવાનું નક્કી કરી નાખેલું, પણ એની માતા બીમાર હોવાથી એને અટકી જવું પડ્યું. પણ એનું મન ન માનતાં એણે માઈકલકાકાનું પગેરું દબાવેલું. બે કારણથી એ પાછળ આવવા લલચાયો હતો. એક તો હીરાના ખજાનાની લાલચ અને બીજું માઈકલકાકાનું રક્ષણ કરવાની ઈચ્છા. એ એક દિવસ મોડો નીકળેલો પણ મૂળે એ રહ્યો જંગલનો માણસ, એટલે એને જંગલમાં ઝડપથી રસ્તો શી રીતે કાપવો એ બરાબર આવડે. અમે લોકો જેટલા સમયમાં એક માઈલ કાપીએ એટલું અંતર કાપતા અબાનાને અમારાથી ચોથા ભાગનો સમય જ લાગતો. સામાનમાં પણ એણે બંદૂક અને એક તીરકામઠું સાથે લીધેલું. હા, એ લાકડાની ભૂંગળીમાંથી નાની નાની સોઈ છોડવાની કળામાં ખૂબ જ પાવરધો હતો. આ સોઈ પર એક ખાસ પ્રકારનું દ્રવ્ય લગાવેલું હોય છે, જેથી એ જેને પણ વાગે તેને શિથિલ કરી દે. એવી સોયો અને ભૂંગળી પણ એણે સાથે લીધેલાં.

માતાદી અને અબાનાનું ગામ પાસે પાસે જ હોવાના કારણે અબાનાને ઝુલુ લોકોની બલિદાનની વિધિની જાણ હતી. એટલે એ દિવસે સાંજે સીધો એ જ બલિદાન માટેની ટેકરી પાછળ સંતાઈને બેસી ગયો હતો. એ એક દિવસ મોડો પહોંચેલો પણ સારું એ હતું કે બલિદાનની વિધિ અમને બધાને પકડ્યાં પછી ૨૪ કલાક પછી જ રાખવામાં આવેલી. પેલો જંગલી જ્યારે પોલને ભાલો મારવા ધસી આવ્યો ત્યારે એને પગમાં ગોળી મારનાર અબાના જ હતો. એણે જોયું હતું કે માઈકલકાકાના હાથમાં બંદૂક કે રાઈફલ કંઈ જ

નહોતું એટલે અબાનાને ગોળી છોડ્યા સિવાય છૂટકો જ ન હતો.

એ વખતે જ એની હાજરીની બધાને ખબર પડી જ જાત, પણ બે કારણથી એ છુપાયેલો રહી શક્યો. એક તો એ વખતે જંગલી લોકો ખૂબ જોરશોરથી ચિચિયારીઓ પાડી રહ્યા હતા અને નગારાઓનો અવાજ પણ જોરદાર હતો; અને બીજું, એ જ વખતે મારો બંદૂકવાળો હાથ પણ લંબાયેલો હતો, એટલે બધાએ એવું જ માની લીધું કે ગોળી મેં જ છોડી હશે. એ પછી અબાના રાત્રે અમારી ઝૂંપડીની બહાર રહી સઘળો પ્લાન જાણી પોતાના ગામ જતો રહેલો. ત્યાંથી સઢવાળી સરસ અને મજબૂત હોડી લઈ નીકળી પડેલો. ફક્ત કીલવા ટાપુ વખતે એ ગૂંચવાયેલો. એ વખતે અમે ક્યાં જતા રહ્યા એની એને ખબર નહોતી પડી એટલે એ સીધો જ મ્વેરુ સરોવરમાં પ્રવેશી ગયેલો. એણે તરાપો ક્યાંય ન જોયો એટલે એકાદ કલાક ત્યાં જ ઊભો રહેલો. એ પછી એણે એક આગબોટને ધુમાડા કાઢતી પૂર્વમાંથી આવતી જોઈ. એ આગબોટ પછી ઉત્તર તરફ વળી ગઈ. હવે બરાબરના ગૂંચવાયેલા અબાનાએ કંઈ ન સમજાતાં કંટાળીને આગબોટની જ પાછળ જવાનું શરૂ કર્યું. એને એ પણ ખબર નહોતી કે આગબોટમાં અમે છીએ કે નહીં. છતાં પણ એણે આગબોટ પાછળ ચાલવાનું શરૂ રાખ્યું. એ રાત્રે માઈકલકાકાએ તોપમાંથી ગોળા છોડ્યા ત્યારે એક ગોળો તો અબાનાની હોડીથી થોડે દૂર જ પડેલો. પેલા ભયંકર અને વિચિત્ર પ્રાણીનું શરીર પણ એણે જોયું હતું. એ પછીની સાંજે એ આગબોટથી સલામત અંતરે આગળ વધી રહ્યો હતો ત્યારે એણે આગબોટના તૂતક પરથી કોઈક વ્યક્તિને નીચે પાણીમાં પડતા જોઈ. આગબોટ તો ખૂબ જ ઝડપે આગળ વધી રહી હતી એટલે થોડી વારમાં તો દૂર નીકળી ગઈ. અબાનાએ એ જગ્યાએ જઈને પેલી ડૂબતી વ્યક્તિને હોડી પર ખેંચી લીધી. એ અબીરા હતો. એણે જંગલી વનસ્પતિઓ અને જડીબુટ્ટીઓની મદદથી એના ઘાની સારવાર શરૂ કરી. એની પાસેથી બધી જ હકીકત પણ એણે જાણી લીધી. અબાના જાગાસના પ્રદેશથી પરિચિત હતો એટલે એણે રાત્રે જ આગળ વધવાનું નક્કી કરી વહેલી સવાર પહેલાં જ જાગાસનો પ્રદેશ પાર કરી લીધેલો. જંગલી લોકો રાત્રે મોટેભાગે પોતાની ઝૂંપડીઓ છોડી બહાર જવાનું ક્યારેય પસંદ કરતા નથી. આગબોટની પાસેથી પસાર થતી વખતે અબાનાએ આગબોટની દીવાલમાં અબીરા સલામત છે એવો સંદેશો તીર મારીને અમને પહોંચાડી દીધેલો.

ખૂલી રહેલા ભેદની આ વાત અમારા માટે અમારી કથા જેટલી જ રોમાંચક હતી. અને નસીબ પણ કેવું હતું. અમને નદીમાં પડેલી આટઆટલી

તકલીફોમાંથી એકેય તકલીફ અબાનાને નહોતી નડી ! ખેર ! જે થયું તે. હવે અમે અમારી મંજિલથી બસ એકસો દસ માઈલ જેટલા જ દૂર હતા.

માતાદી અને એના સગા પેલા પિગ્મીએ રસોઈની શરૂઆત કરી દીધી. થોડી વારમાં જ અબાના કોઈ જંગલી વનસ્પતિનાં મૂળિયાં લઈને આવી પહોંચ્યો. એ મૂળિયાં વાટવાનાં હતાં. હેસ્લિંગ આ કામમાં માહિર હોવાથી એણે સામેથી એ મૂળિયાં વાટવાનું કામ સ્વીકારી લીધું. અબીરાએ મોટી ઝૂંપડીમાંથી લસોટવાના બે મોટા પથ્થર કાઢી આપ્યા. હેસ્લિંગ એના ધૂની કાકાને યાદ કરતો કરતો કામે લાગી ગયો.

અબાનાએ ઝૂંપડી બહાર તાપણું પેટાવ્યું. એમાં એણે બે છરીઓ ગરમ કરી. છરીઓ બરાબર ગરમ થઈ લાલચોળ બની ગઈ ત્યાર પછી એણે માઈકલકાકાને ઊંધા સૂઈ જવાનું કહ્યું. માઈકલકાકાના પગનો ઘા એણે દારૂથી સાફ કર્યો. પછી હેસ્લિંગે વાટેલા પેલા મૂળિયાનો રસ એમના ઘા પર એણે બરાબર લગાવ્યો. ત્યારબાદ થોડી રાહ જોઈને એણે લાલચોળ થઈ ગયેલી છરી હાથમાં લીધી. જે જગ્યાએ તીર વાગીને સોજી ગયું હતું એ ભાગમાં ખૂંચાડી દીધી.

અમને એમ હતું કે માઈકલકાકા હમણાં જ રાડારાડી કરી મૂકશે. એમ નહીં કરે તોપણ દુઃખથી એક મોટી ચીસ તો જરૂર પાડશે, પણ અમારા આશ્ચર્ય વચ્ચે એવું કાંઈ જ ન બન્યું. ઊલટાનું માઈકલકાકા તો હસતાં હસતાં અબાના સાથે વાતો કરતાં જતાં હતા.

"કાકા ! તમને જરાય દુઃખાવો નથી થતો ?" પોલે નવાઈ સાથે પૂછ્યું.

"ના બેટા ! જરાય નહીં ! અબાનાએ જે મૂળિયાનો રસ લગાવ્યો છે તેનાથી મારી ચામડી સાવ બહેરી બની ગઈ છે. અબાનાના કહેવા મુજબ હવે મને આવતા બારેક કલાક જરા પણ દુઃખાવો નહીં થાય.. ત્યાર પછી અબાના ફરીથી આ રસ લગાવી દેશે. આ મૂળિયાના રસમાં ઘા રુઝવવાની અને પાક મટાડવાની એમ બેવડી શક્તિ હોય છે !"

અમને અબાનાના જ્ઞાન માટે માન થઈ આવ્યું.

અબાનાએ ગરમ છરીથી તીર વાગેલું હતું એ જગ્યા સહિત એની આજુબાજુનું થોડુંક માંસ કાઢી લીધું. પછી કાકાના પગમાં લોહી નીકળતો નાનકડો જે ખાડો બની ગયો એ ભાગમાં એણે મૂળિયાનો રસ ભરી દીધો. એના ઉપર એણે કોઈ ખાસ જાતનાં પાંદડાં લગાવ્યાં અને એક પાતળા ચપટા વેલાથી એણે એ પાંદડાંને બરાબર બાંધી દીધાં. માઈકલકાકાને ખૂબ જ રાહત થઈ ગઈ હોય તેવું લાગ્યું. એમને રાહતની ઊંઘ આવી ગઈ.

રાત હવે પૂરેપૂરી ઢળી ચૂકી હતી. માતાદી અને અબીરા રસોઈ બનાવીને લઈ આવ્યા. એ બેઉ જણા બે દિવસથી જ જુદા પડેલાં તોપણ ઘણા બધા દિવસે મળી રહ્યા હોય તેમ વાતો કરી રહ્યા હતા. અમે માઈકલકાકાને જગાડ્યા પછી બધા જમવા બેઠા.

આ બધા સમય દરમિયાન ઝૂંપડાંઓ વચ્ચે આવેલ ખુલ્લી જગ્યામાં પિગ્મી લોકો લાકડાંનો મોટો ઢગલો કરવા માંડ્યા હતા. ખૂબ ઉત્સાહપૂર્વક ગીતો ગાતાં ગાતાં એ લોકો લાકડાંનો મોટો ઢગલો કર્યે જતાં હતા. અમે જમી લીધું એટલી વારમાં તો એ લોકોએ લાકડાંના ઢગલામાં અગ્નિ પણ પ્રગટાવી લીધો. ચારેબાજુ પ્રકાશ પ્રકાશ થઈ ગયો. આજુબાજુનાં ઝૂંપડાંઓ એ પ્રકાશમાં ઝળાંહળાં થઈ ઊઠ્યાં. ગામના પુરુષો એક પછી એક કરતાં આ અગ્નિની આસપાસ એકઠા થવા લાગ્યા.

અમને સૌને નવાઈ લાગી. કદાચ પિગ્મી લોકોનો આ કોઈક મોટો ઉત્સવ હોઈ શકે. અમે અબાનાને પૂછ્યું, કારણ કે અબાના બંને ભાષા સારી રીતે બોલી શકતો હતો.

"આજે મોલિમોનો ઉત્સવ છે !" અબાનાએ કહ્યું.

"મોલિમો ? હેં અબાના મોલિમો એટલે શું ?" જેક બોલ્યો.

"મોલિમો અને એલિમા એ બંને પિગ્મી લોકોના મુખ્ય ઉત્સવો છે. મોલિમો એટલે નાચવા-ગાવાનો એક અદ્‌ભુત પ્રસંગ. કોઈનું મૃત્યુ થાય, કોઈ આનંદનો પ્રસંગ હોય, ખેતીનો પાક નિષ્ફળ જાય કે ક્યારેક સાવ અમસ્તું જ નાચવા-ગાવાનું મન થઈ જાય તો મોલિમો ઉજવવામાં આવે છે." અબાનાએ ફોડ પાડ્યો.

"પણ અબાના ! મોલિમો ઊજવે કઈ રીતે ? એમાં કરે શું ?" જેકની આતુરતા વધતી જતી હતી. જો કે અમે પણ એમાંથી બાકાત નહોતા.

"મોલિમોમાં પિગ્મી લોકો એક મોટું શિંગડું અથવા લાંબા પોલા વાંસને શણગારે છે. પછી એમાં એ લોકો એક ખાસ પ્રકારનો ધુમાડો ફૂંકે છે. ક્યારેક એમને એમ જ એમાં ફૂંક મારે છે. એની જોડાજોડ એ લોકો ગીતો ગાય છે અને નાચે છે. નાનાં બાળકોને એમના કાન પાસે મોઢું લઈ જઈ આ ગીતો સંભળાવવામાં આવે છે. હા ! પણ એક વિચિત્ર વાત એ છે કે આ બધા દરમિયાન સ્ત્રીઓ અને મોટાં બાળકોએ ઝૂંપડામાં બંધ રહેવું પડે છે અને એમને આખી રાત બહાર આવવાની મનાઈ હોય છે." અબાનાએ કહ્યું.

"આ નાચ-ગાન ક્યાં સુધી ચાલશે ? બધા સૂવા ક્યારે જશે ?" આ વખતે રોબર્ટે પ્રશ્ન કર્યો.

"આ નાચ-ગાન સવારો-સવાર ચાલશે !" આ વખતે માઈકલકાકા બોલ્યા. અબાનાની સારવારથી એમના પગનો દુઃખાવો સાવ નહીંવત્ થઈ ગયો હતો. ખોડંગાતા ખોડંગાતા એ અમે બેઠા હતા ત્યાં સુધી આવ્યા. અબીરા ખૂબ જ ઝડપથી કેમ સારો થઈ ગયો એ વાત હવે અમને સમજાઈ ગઈ.

"રોબર્ટ !" માઈકલકાકા બોલ્યા, "આ લોકો એવું માને છે કે જો મોલિમોના ઉત્સવ દરમિયાન કોઈ સૂઈ જાય તો જંગલી જાનવરો એને ખાઈ જાય. એટલે સવારો સવાર કોઈ સૂતું જ નથી. બસ નગારાના તાલ સાથે બધા નાચે અને ગાય, ગાય અને નાચે ! જાણે એ લોકો આ દુનિયામાં છે જ નહીં એમ મસ્ત થઈને નાચ્યા કરે !"

"પણ કાકા ! એ લોકો ગાય શું ? એ બધા શેનાં ગીતો ગાય છે ?" રોબર્ટે પૂછ્યું.

"મોટા ભાગનાં ગીતોનો સાર એવો હોય છે કે જંગલ આપણા માટે સારું છે. આપણે સૌ જંગલના સંતાનો છીએ. જંગલને પ્રાર્થના કરીએ છીએ કે એનાં સંતાનોનું ધ્યાન રાખે !"

કાકાના આ શબ્દો અમને ખૂબ જ સારા અને સાચા લાગ્યા. અમને પણ આ ઉત્સવ જોવાની હવે બરાબરની ઉત્કંઠા થઈ આવી.

રાત બરાબર જામી એટલે અગ્નિ વધારે તેજ કરવામાં આવ્યો. સ્ત્રીઓ અને મોટાં બાળકો ઝૂંપડીમાં પુરાઈ ગયાં. એક પછી એક પિગ્મી મોલિમોમાં ફૂંક મારી જોરંજોરથી નાચવા લાગતો. એની સાથે જ બધા આખું જંગલ ગાજી ઊઠે એવા મોટા અવાજે ગીતો ગાવા લાગતા. નગારાં પણ ધડાધડ વાગી રહ્યાં હતાં. અમને પાંચેયને આ શબ્દો તો નહોતા સમજાતા પણ કોઈ વિચિત્ર રોમાંચ થતો હતો.

ગીતોની વચ્ચેથી અચાનક એક પિગ્મી ઊભો થયો. જંગલ સામે જોઈ એણે સિંહના જેવા અવાજે એક ગગનભેદી ત્રાડ પાડી. એ સાથે જ નાચ-ગાન બંધ થઈ ગયાં. નીરવ શાંતિ છવાઈ ગઈ. એકાદ બે ક્ષણ પછી એક સાથે સેંકડો સિંહોની ત્રાડો જાણે સાવ નજીકમાંથી જ આવતી હોય એવા અવાજો આજુબાજુનાં જંગલોમાંથી આવવા લાગ્યા. ઝૂંપડાંઓથી સાવ નજીક જ જાણે સેંકડો સિંહો આવીને ઊભા રહી ગયા હોય તેવી ભયંકર ગર્જનાઓ સંભળાવા લાગી. અમારા બધાના ધબકારા વધી ગયા. આટલા બધા સિંહો અચાનક અહીં આવી જાય તો અમારો બધાનો શિકાર કરવામાં સહેજેય વાર

ન લાગે. પોલ તો ઊભો પણ થઈ ગયો. માઈકલકાકાએ એનો હાથ પકડીને પાછો નીચે બેસાડી દીધો.

અમે ગભરાઈ ગયા હતા પણ પિગ્મીઓ એમની ત્રાડ સામે સિંહોએ વળતો જવાબ આપ્યો હતો એનાથી ખૂબ જ ખુશ થઈ ગયા. સિંહોના અવાજો શમી ગયા એટલે એમણે ફરીથી નગારાં વગાડવાનું શરૂ કરી દીધું. એમનો નાચ પણ બમણા જોરથી શરૂ થઈ ગયો. થોડી વાર પછી બીજા એક જંગલીએ ખાસ પ્રકારના દ્રવ્યમાંથી બનેલો ધુમાડો સુંઘી એની ફૂંક મોલિમોમાં મારી. પછી જંગલ સામે જોઈ એણે હાથીના ચિંઘાડવા જેવો અવાજ કર્યો. એ સાથે જ નાચ-ગાન તેમજ નગારાં વાગતાં ફરીથી બંધ થઈ ગયાં. ફરી એક વખત નીરવ શાંતિ છવાઈ ગઈ. અચાનક જાણે અમારાથી પંદરેક ફૂટ પાછળથી જ આવતા હોય તેમ હજારો હાથીઓના અવાજો શરૂ થઈ ગયા. કંઈ નહીં થાય તેવી ખાતરી હવે થઈ હોવા છતાં અમારા બધાના ધબકારા વધી ગયા. હાથીઓના અવાજો એવા તો ભયંકર લાગતા હતા કે એકાદ ક્ષણ માટે તો આપણને ત્યાંથી ઊઠીને ભાગી જવાનું મન જ થઈ આવે. એવું જ લાગે કે જાણે હજારો હાથી હમણાં જ ધસમસતા આવીને અમને કચડી નાખશે, પણ એવું કંઈ જ ન બન્યું. થોડી વારમાં જ અવાજો શમી ગયા અને નાચગાન ફરી એક વાર શરૂ થઈ ગયાં. એવું જ જંગલના બીજાં પશુ-પક્ષીઓ માટે પણ બન્યું. અમે નવાઈ અને રોમાંચની ટોચ પર પહોંચી ગયા હતા.

અબાનાએ કહ્યું કે મોલિમોની આ જ વિશિષ્ટતા છે. જંગલના જે પ્રાણી કે પક્ષીના અવાજમાં બૂમ પાડવામાં આવે એ બધાં સામે પડઘો પાડે જ ! જંગલ સાથે પિગ્મી લોકોની કેટલી આત્મીયતા હશે એનો આના પરથી ખ્યાલ આવી જાય. અમે બધા પણ પિગ્મી લોકોની સાથોસાથ એ વાતાવરણમાં બરાબરના ખોવાઈ ગયા હતા. નાચગાનના કોઈ જ શબ્દો કે વિધિઓ ન સમજાવા છતાં અમે એમાં શું કામ મગ્ન થઈ ગયા હતા એનો વિચાર પણ નહોતો આવતો.

અમને પણ મોલિમોમાં ધુમાડો ફૂંકવાની તક આપવામાં આવી. એ ધુમાડામાં કોઈ નશીલો પદાર્થ ભેળવવામાં આવ્યો હોય એવું અમને લાગ્યું. કારણ કે મોલિમોમાં ફૂંક માર્યા પછી અમે પણ જાણે જંગલનાં સંતાનો બની ગયા હતા. અમને પણ એવું લાગવા માંડ્યું હતું કે જાણે આજુબાજુનાં ઝાડવાંઓ જીવતાં હોય. દરેકે દરેક ઝાડ જાણે ગીતોના લયમાં ઝૂમતું હતું.

બસ, આ જ રીતે નાચતાં-ગાતાં, ગાતાં-નાચતાં ક્યારે સવાર પડી ગયું

એનો ખ્યાલ જ ન રહ્યો. આખી રાત અમે એકેય મટકું નહોતું માર્યું, જરાય ઊંઘ નહોતી લીધી છતાં અમને કોઈને સહેજ પણ ઉજાગરો નહોતો લાગતો. થોડોકેય થાક પણ નહોતો લાગ્યો. મોલિમોના એ ધુમાડામાં કંઈક તો એવું જરૂર હતું કે જેનાથી આ થયું હોય. થાકની જગ્યાએ કોઈ ગજબની લાગણી થતી હતી.

સવારે બધાની રજા લઈ અમે આગળ વધવાનું નક્કી કર્યું. માઈકલકાકા પણ આજે લાકડીના ટેકાથી આંટા મારી શકતા હતા. અમારે લોમાની નદી વટ્યા પછી લુલોન્ગા નદીને કાંઠે આવેલા હીરાના પર્વત સુધી ઝડપથી પહોંચવા માટે કોઈક સવારીની જરૂર હતી. જો ચાલતા જવાનું નક્કી કરીએ તો આટલા માઈલ કાપતાં ઓછામાં ઓછા ત્રણ દિવસ થાય. જો કોઈ ઝડપી સવારી મળી જાય તો એક કે દોઢ દિવસમાં જ પહોંચી શકાય. અમારો પાડો પછી ક્યારેય દેખાયો નહોતો. અહીં જંગલમાં પાળેલા પાડા મળે પણ નહીં. માઈકલકાકા અને અબીરા બંનેના પગ જખમી હતા. એટલે એ લોકો પણ ઝડપથી ચાલી શકે તેમ નહોતા. હવે શું કરવું ?

મેં આ બધી મુશ્કેલીઓ અંગે માઈકલકાકાને જાણ કરી. એ પણ વિચારમાં પડી ગયા. એમણે અબાનાને વાત કરી. અબાનાએ ત્યાં હાજર રહેલા પિગ્મી લોકોને વાત કરી જોઈ. કંઈક બોલીને પેલા પાંચ-સાત પિગ્મીઓ જંગલ તરફ ભાગ્યા. અમને ખરેખર નવાઈ લાગી. અમે અબાનાને પૂછ્યું તો એણે કહ્યું કે એ લોકો સવારીની વ્યવસ્થા જો થઈ શકે તો કરવા ગયા છે. કઈ જાતની સવારી એ લોકો લઈ આવશે એ વિચારતા અમે બેઠા.

થોડી વાર પછી એ લોકો આઠેક જેટલાં વિચિત્ર લાગતાં પ્રાણીઓને પકડી લાવ્યાં. એમનો આકાર જોઈ અમને ખૂબ નવાઈ લાગી. એ બધાનું મોઢું જીરાફ જેવું, ડોક ટૂંકી અને પગ તેમજ પાછળનો ભાગ અસ્સલ જીબ્રા જેવો હતો. પગ ઉપર પણ જીબ્રા જેવા જ ચટ્ટા-પટ્ટા હતા. માઈકલકાકાએ અબાનાને એ વિચિત્ર પ્રાણીનું નામ પૂછ્યું તો અબાનાએ પણ માથું ધુણાવ્યું. કદાચ અબાના એનું નામ ભૂલી ગયો હશે. મેં મારી આફ્રિકાની માહિતી જે ડાયરીમાં એકઠી કરેલી એ ડાયરી ખોલીને જોયું. સર સ્ટેન્લી મોર્ગને પોતાની યાત્રા દરમિયાન ૧૮૮૭માં આ પ્રાણી જોયેલું. એમણે એનું વર્ણન જંગલી ગધેડા તરીકે કરેલું. પરંતુ પછી એ પ્રાણીને ઓકાપી (OKAPI) એવું નામ અપાયેલું. આપણે પણ એને ઓકાપી જ કહીશું.



જંગલી પાંદડાં ખાતાં આ પ્રાણીના પાછલા પગની લાત એટલી જોરદાર હોય છે કે સિંહનું જડબું પણ તોડી નાખે. એમ છતાં જો સારી રીતે રાખવામાં આવે તો સવારી માટેના ઉત્તમ પ્રાણીઓ પુરવાર થઈ શકે છે. પિગ્મી લોકોએ થોડી જ વારમાં એમના પર લગામ વગેરે બાંધી આપ્યું. અમે વારાફરતી એના પર સવારી કરી જોઈ. આપણા ઘોડા કે ગધેડા જેવા જ એ શાંત લાગ્યા.

થોડી વાર ઓકાપી પર સવારી કરવાની અમે તાલીમ લીધી. પછી અમારો સામાન એના પર લાદી અમે વિદાય લીધી.



હીરાનો પર્વત

બધાની વિદાય લઈને અમે ઓકાપી પર અમારો સામાન લાદીને આગળ વધ્યા. ઓકાપી એટલા સરસ રીતે દોડતા હતા કે અમને પણ આશ્ચર્ય થતું હતું. અમે એમને ઝાડનીં ડાળીઓ કાપીને આપતા હતા અને ઓકાપી દોડતાં દોડતાં એ ચાવતાં જતા હતા. ઝડપથી ચાલતા લગભગ બપોર સુધીમાં અમે લોમાની નદીના કાંઠે આવી પહોંચ્યા. લોમાની નદી કોંગોની દક્ષિણ સરહદેથી સીધી જ ઉત્તરમાં આગળ વધે છે અને વિષુવવૃત્ત પસાર કરી લીધા પછી કીસનગની પાસે કોંગો નદીમાં ભળી જાય છે. નદીના કાંઠા પર પહોંચી ગયા પછી અમારે ફરીથી એક મૂંઝવણનો સામનો કરવાનો આવ્યો. લોમાની નદી આટલા સામાન સાથે પસાર કઈ રીતે કરવી ?

અબાનાએ પિગ્મીઓ જોડે વાત કરીને કહ્યું, "આ લોકો કહે છે કે લોમાની નદી કોંગો જેટલી ઊંડી નથી. બીજું ઓકાપીને ખૂબ સરસ રીતે તરતાં આવડતું હોય છે. એટલે લોમાની પસાર કરવા માટે ઓકાપી જ આપણને મદદ કરશે."

પછી અબાનાના કહેવા પ્રમાણે અમે જંગલી વેલાઓથી અમારી જાતને ઓકાપીની પીઠ સાથે બરાબર બાંધી દીધી. આમ તો આ પ્રયોગ થોડોક ભયજનક લાગતો હતો, પણ એના વગર છૂટકો નહોતો. અમે બધા ઓકાપીની પીઠ પર ગોઠવાઈ ગયા પછી અબાના અને પોલ એક ઓકાપીની પીઠ પર સાથે બેઠા. કારણ કે ઓકાપી આઠ અને અમે નવ જણ હતા.

ઓકાપીની પીઠ પર બધા બરાબર ગોઠવાઈ ગયા પછી અમે લોમાની નદીના પાણીમાં ઊતર્યા. અમારા ગોઠણ પાણીમાં ડૂબી ગયા સુધી ઓકાપી ચાલતાં જ રહ્યા. ઓકાપી જો પોતાનું માથું જ બહાર રહે એ રીતે તરવાનું પસંદ કરે તો તો અમારો સામાન પલળી જ જાય. પણ એવું ન થયું ! ગોઠણ સુધીના પાણીમાં ચાલ્યા પછી ઓકાપી તરવા માંડ્યા. કદાચ અમે વધારે પલળી ન જઈએ એવું એ સમજી ન ગયા હોય ?

લગભગ અર્ધો કલાકમાં જ અમે લોમાની નદી પાર કરી ગયા. જો ઓકાપી બરાબર ઝડપે ચાલે તો એ હટ્ટાકટ્ટા પ્રાણીઓ કલાકમાં

માઈલ કાપી શકે. એ ઝડપને ધ્યાનમાં રાખીએ તો લગભગ સાંજના ચાર વાગ્યાની આસપાસ અમે લુલોન્ગા નદીના ત્રણ ફાંટામાંથી સૌથી નીચેના દક્ષિણ તરફના ફાંટા સુધી પહોંચી જઈએ.

માઈકલકાકાએ બધાને થોડી વાર અટકવાનું કહ્યું. સતત દોડતાં ઓકાપીને પણ થોડોક આરામ કરવા દેવો પડે તેમ હતો. અમે બધા નીચે ઊતર્યા. જેક અને હેસ્લિંગ વનસ્પતિઓ જોવા માટે બાજુની ઝાડીમાં ગયા. નકશા મુજબ લુલોન્ગા નદીનો સૌથી ઉત્તર તરફનો ફાંટો અને વચ્ચેનો ફાંટો એ બે ફાંટાની વચ્ચે હીરાનો પર્વત આવેલો હતો. એટલે કે એ જગ્યાથી હવે અમે માત્ર ૭૦ માઈલ જેટલા જ દૂર હતા.

અમે સૌ એક અજબ પ્રકારની લાગણી અનુભવી રહ્યા હતા. ઘરેથી નીકળ્યાને આજે એક અઠવાડિયાથી વધારે સમય પસાર થઈ ગયો હતો. મને અચાનક મા યાદ આવી ગઈ. પિતાજી પણ યાદ આવ્યા. એમની અને આર્થરકાકાની જ્હોન હેરિંગે શી દશા કરી હશે ? એમની પાસેથી નકશો મેળવી પછી એમને મારી તો નહીં નાખ્યા હોય ને ? તો તો અમારી મહેનત અને પ્રયત્ન નિરર્થક જ નીવડે. મારા મનમાં શંકાનાં વાદળો દોડાદોડી કરી રહ્યાં હતાં.

એ જ વખતે જેક અને હેસ્લિંગ દબાતા પગલે પાછા આવ્યા. એ લોકોની ચાલમાં રહેલી ઉતાવળ સ્પષ્ટ દેખાઈ આવતી હતી. એમણે અમને પાછળ આવવાનો ઈશારો કર્યો. માતાદી, અબીરા અને માઈકલકાકાને તેમજ અબાનાને ઓકાપી પાસે જ રોકાવાનું કહી હું, રોબર્ટ અને પોલ એમની પાછળ ચાલ્યા. થોડેક દૂર જઈ ઝાડી સહેજ ખસેડી ધીમા અવાજે હેસ્લિંગે કહ્યું, "જો ડીક !"

ચમકીલ - સફેદ ગેંડા - ચીતરી

મેં નજર કરી તો મારી નવાઈનો પાર ન રહ્યો. ઝાડી વચ્ચેની જગ્યામાં ઊંચા ઘાસમાં પાંચથી સાત જેટલા સાવ સફેદ રંગના ગેંડા ચરતા હતા. એમના હોઠ અને મોઢું ચોરસ હતાં. સાવ ચપટાં. સર સ્ટેન્લીના પ્રવાસ વર્ણનમાં આવા ગેંડા એમણે જોયાનું વર્ણન છે. એમણે તો એના ફોટા પણ પાડેલા. પણ સફેદ ગેંડાની એમની વાતને હંમેશા અમે શંકાની નજરે જ જોતાં. આજે કુદરતની એ કારીગરીના નમૂનાઓ અમારી સામે જ ઊભા હતા.

અમે ઘણી વાર સુધી એમને જોયા કર્યા. પછી અમારી ગંધ આવતા એ જંગલમાં ભાગી ગયા.

પાછા ફરી મેં માઈકલકાકાને વાત કરી. કાકા હસી પડ્યા, પછી બોલ્યા, "ડીક, એક જાદુગર બતાવી શકે એના કરતા વધારે આશ્ચર્યજનક ચીજો આફ્રિકાનું આ વર્ષાજંગલ (Rain Forest) બતાવી શકે છે !"

અમને લોકોને પણ હવે આ સાચું લાગતું હતું.

નકશા મુજબ અમારે હવે થોડીક ઉત્તરપશ્ચિમ એટલે કે વાયવ્ય દિશા લેવાની હતી. ઓકાપીને તૈયાર કરી અમે પાછો પ્રવાસ શરૂ કર્યો. રસ્તો ઝડપથી કપાતો હતો. આવા અભેદ જંગલમાં આવી સરસ કેડીઓ કઈ રીતે હોઈ શકે એની મને નવાઈ લાગતી હતી. અબાનાએ જણાવ્યું કે આ વિસ્તારના ઘણા પિગ્મી લોકો મ્બાન્ડકા શહેરમાં જવા આવવા માટે આ કેડીનો ઉપયોગ કરે છે. ઘણાં વરસોથી આ કેડીઓનો ઉપયોગ થવાથી એ બધી બરાબર ચાલવા યોગ્ય બની ગઈ હતી. નહીંતર તો તમે સાંજ સુધીમાં એકાદ માઈલ પણ આ ગીચ જંગલમાં ન જ કાપી શકો. અને એ પણ આટલા સામાન સાથે તો નહીં જ !

સાંજ થઈ. લુલોન્ગાનો નીચેનો ફાંટો પસાર કરી અમે આગળ વધ્યા. ખાસ્સું અંધારું થયું ત્યાં સુધી અમે સૌ ચાલતા રહ્યા. ઘણું ચાલ્યા પછી ઘાસ-આચ્છાદિત થોડીક ખુલ્લી જમીન આવી. અમે રાત્રિ પડાવ ત્યાં જ નાખવાનું નક્કી કર્યું. અમારા પડાવની આસપાસ ઘણે દૂર સુધી કદાચેય તીખારો ઊડે તોપણ આગ ન લાગે તે રીતે ઘાસ સાફ કરી નાખ્યું. પછી આજુબાજુના જંગલમાંથી લાકડાં લઈ તાપણું સળગાવ્યું. હળવું ભોજન લઈ પછી માઈકલકાકા, અબીરા, અબાના અને માતાદી પહેલાં સૂઈ જાય તેવું નક્કી કર્યું. અમે બધા પાછલા પ્રહરમાં ઊંઘવા પડીએ ત્યારે એ બધા જાગે એવું નક્કી થયું. બંદૂકો લઈ અમે પાંચેય બેઠા.

અમારે જાગવાનું હતું પણ લાગતું હતું કે અમે ચોક્કસ સૂઈ ગયા હઈશું. કારણ કે મારી ઊંઘ કંઈક ખખડાટથી ઊડી ગઈ ત્યારે તાપણું ઠરી ગયેલું. મેં ટોર્ચ કરી. જાણે કોઈએ તાપણું ઠારી નાખ્યું હોય તેવું જણાતું હતું. મેં રોબર્ટ તથા બાકીના ત્રણેય જણને ઉઠાડ્યા. પોલ ધીમેથી મારી પાસે આવીને બોલ્યો, "ડીક ! ક્યાંક આ કામ શાપિત આત્માઓનું તો.... !"

હું હસી પડ્યો, "પોલ ! ભૂલી ગયો તેં પ્રથમ રાતે જોયેલ શાપિત આત્માઓને ?"

એ રાતની વાત યાદ આવતા પોલ પણ હસી પડ્યો. એની બીક જતી રહી.

અમે ફરીથી તાપણું સળગાવ્યું. અમે આટલી વાતો કરતા હતા તોપણ અબીરા, કાકા કે અબાના-માતાદી કોઈ કરતા કોઈ જાગ્યા નહીં. એના પરથી અંદાજ આવી જતો હતો કે એ લોકો કેટલા થાક્યા હશે. તાપણાનો ભડકો બરાબર થયો પછી અમે પણ આડા પડીને વાતો કરવાનું શરૂ કર્યું. જો કે અમારે એમ ન જ કરવું જોઈએ. પણ થાક એવો લાગ્યો હતો કે અમે આડા પડ્યા. આ વખતે તો સૂઈ ન જ જવું એવું નક્કી કર્યું હતું.

પડ્યાં પડ્યાં અમે વાતો કરતાં હતાં એ જ વખતે કોઈ ભારેખમ પગલાંઓ ધબ્બ !.. ધબ્બ ! કરતાં અમારી નજીક આવતા હોય એવું લાગ્યું. અમે પાંચેય બંદૂકો ઉઠાવીને ઊભા થઈએ એ પહેલા તો ચારથી પાંચ રાક્ષસી ઓળાઓ અમારી સાવ નજીક આવી ગયા. તાપણાના પ્રકાશમાં મેં જોયું તો એ પેલા ચોરસ મોઢાવાળા સફેદ ગેંડા હતા. અમે કંઈ વિચારીએ એ પહેલા તો એ પાંચેય ગેંડાઓ પોતાના પગ વડે ધડાધડ કરતા તાપણું ઠારવા લાગ્યા. હવે ઊઠવું એ જોખમી જ હતું. જો ગેંડાને અમારી હરકતથી ખીજ ચડે તો અમને પણ કચરી નાખે. અમે રાત્રિના અંધકારમાં એમનો સામનો કરી શકીએ એવી શક્યતા પણ સાવ જ ઓછી હતી. હવે તો ચૂપચાપ પડી રહેવામાં જ ડહાપણ હતું. ધડકતા હૈયે અમે આખું દૃશ્ય જોતાં રહ્યાં. તાપણું બરાબર ઠરી ગયું પછી અમારી પર ફીણ ઉડાડીને ગેંડાઓ જંગલમાં જતા રહ્યા.

રાત્રિના બારથી વધારે સમય થઈ ગયો હતો. અમે માઈકલકાકાને ઉઠાડ્યા અને ગેંડાની વાત કરી. કાકાએ કહ્યું કે ગેંડા તો જંગલના ફાયરમેન છે. જંગલમાં એ લોકો ફાયરબ્રિગેડનું કામ કરે છે. જંગલમાં ક્યાંય પણ આગ જુએ તો ગેંડાઓ એને પોતાના પગથી ઠારવાની કોશિશ જરૂર કરી જુએ છે જેથી આગ જંગલમાં ન ફેલાય. એમના માટે તો તાપણું કે અકસ્માતે લાગેલી આગ એ બંને સરખાં જ હતાં.

ત્યાર પછીની બાકીની રાત અબાના અને કાકાએ તાપણું સળગાવ્યા

વિના જ પસાર કરવાનું નક્કી કર્યું. ગાઢ જંગલની વચ્ચે આ નાનકડી ખુલ્લી જગ્યા હતી. તાપણું ઠરી ગયા પછી તારાના પ્રકાશમાં પણ હવે એ પ્રકાશિત દેખાતી હતી. અમે પાંચેય સૂતા. કાકા, અબાના, અબીરા અને માતાદી જાગતા બેઠા.

સવારે ઊઠ્યા અને જોયું તો દર વખતની માફક આ વખતે પણ સવારની તરફ અમે બધા જ સૂઈ ગયા હતા ! ખેર ! કંઈ અજુગતું નહોતું બન્યું એ વળી સારું હતું.

આજે ૨૮મી માર્ચનો દિવસ. મારા તેમજ રોબર્ટના પિતાજીનું અપહરણ થયે પૂરો પોણો મહિનો થઈ ગયો હતો. ખબર નહીં શા માટે પણ જેમ જેમ અમે અમારા લક્ષ્યની વધારે નજીક જઈ રહ્યા હતા તેમ તેમ મને મારા પિતાજીની વધારે અને વધારે યાદ આવી રહી હતી.

માતાદી અને અબીરાએ સુક્કા ટોસ્ટ પર જામ લગાવીને કૉફી સાથે પીરસ્યો. નાસ્તાને ન્યાય આપીને અમે ઊભા થયા. ઓકાપીને ઝાડથી છોડ્યા. એમના પર સામાન લાદીને ફરીથી સફર શરૂ કરી. લગભગ ત્રીસેક માઈલ ચાલ્યા પછી અચાનક મને કંઈક યાદ આવ્યું. મેં બધાને ઊભા રાખ્યા. પછી કહ્યું, "બધા ધ્યાન દઈને સાંભળો. આપણે એક મોટી ભૂલ કરી રહ્યા છીએ. આપણે આ કેડી પર જઈ રહ્યા છીએ પણ આ કેડીઓ તો મ્બાન્ડકા જવા માટેની કેડી છે. આ કેડી પર જ જો ચાલ્યા કરીશું તો તે આપણને લુલોંગા નદીના વચ્ચેના અને દક્ષિણના છેલ્લા ફાંટા વચ્ચે જ રાખશે ! આપણે વચ્ચેનો ફાંટો પસાર કરવાનો વખત જ નહીં આવે ! એટલે આપણે હવે અહીંથી વાયવ્યના બદલે સીધી જ ઉત્તર દિશા લેવી પડશે. એ રસ્તો કેડીઓ પર નહીં પણ દુનિયાનાં બીજા નંબરના સૌથી ગાઢ વર્ષા જંગલમાં થઈને જાય છે !"

મારી વાત સાંભળી થોડી વાર સૌ ચૂપ થઈ ગયા, કારણ કે વાત બિલકુલ સાચી હતી. આ ગાઢ જંગલમાં હવે ઓકાપીની સવારી પણ નકામી જ હતી. સામાન અમે જાતે ઊંચકવાનું નક્કી કર્યું. પહેલાની જેમ જ અમે સામાન ખભે ચડાવ્યો. ફક્ત બે જ ઓકાપીને સાથે રાખ્યા. એક પર માઈકલકાકા અને બીજા પર અબીરાને બેસાડ્યા. બાકીના ઓકાપીને અમે છોડી મૂક્યા. પછી ગીચ જંગલમાં ધીરે ધીરે રસ્તો કરતાં આગળ વધવા માંડ્યા. અબાના પાસે પારંગ તરીકે ઓળખાતી એક વાળી શકાય તેવી છરી હતી. એને તલવાર પણ કહી શકાય અને છરી પણ કહી શકાય. કારણ કે એની લંબાઈ નાની તલવાર જેટલી હતી પણ એને વાળી શકાતી હતી. એની લંબાઈ લગભગ ત્રણ ફૂટ જેટલી હતી. અબાનાએ એ પારંગ છરી કોઈ

ભારતીય સોદાગર પાસેથી બીરા બંદરથી ખરીદેલી. સ્વરક્ષણ માટે વપરાતી એ છરી (તલવાર) અત્યારે તો અમારા માટે જંગલી વેલાઓ અને ડાળખીઓ કાપી રસ્તો સાફ કરવા માટે સૌથી સરસ સાધન બની ગઈ હતી.

ઓકાપીની સવારી વગર એકાદ માઈલ ચાલતા અમને એક કલાક જેવો સમય થયો. અમારી ધારણા પ્રમાણે અમે હવે હીરાના પર્વતથી લગભગ સાંઈઠેક માઈલ જેટલા જ દૂર હોઈશું. લુલોન્ગા નદીનો વચ્ચેનો એટલે કે બીજા નંબરનો ફાંટો હવે અમારાથી લગભગ ત્રીસેક માઈલ જ દૂર હશે. પરંતુ ઓકાપી વગરની અમારી ઝડપ જોતાં તો આટલું અંતર કાપતા એકાદ દિવસથી પણ વધારે સમય થઈ જાય. હવે શું કરવું એ અંગે અમે બધા મૂંઝવણમાં હતા. કંઈ ન સૂઝતાં છેવટે થાક ખાવાનો વિચાર અમલમાં મૂક્યો.

અમારી આજુબાજુ ઘટાટોપ વૃક્ષો અને અત્યંત ગીચ ઝાડી હતી. અમે આટલું ચાલ્યા છતાં ગરમી નહોતી લાગતી એવી સરસ ઠંડક વાતાવરણમાં હતી. ઝાડ પર એક વિચિત્ર પ્રકારનું લીલું, મોરપીંછ અને લાલ રંગના મિશ્રણના પીંછાવાળું પક્ષી જોઈને હું ખુશ થઈ ગયો. બધાને હું એ પંખી બતાવવા જતો હતો ત્યાં જ અમારી પાછળની ઝાડીમાં કંઈક ખખડાટ થયો. અમે બધા ચૂપ થઈ ગયા. માઈકલકાકા તેમજ રોબર્ટે બંદૂક તૈયાર કરી. કદાચ કોઈ હિંસક જાનવર પણ હોય. પોલે ઊભા થઈ થોડાંક ડાળખાં-પાંદડાં ખસેડ્યાં. અમારા આશ્ચર્ય વચ્ચે ત્યાં અમે છોડી દીધેલા છએ છ ઓકાપી ઊભા હતા ! એમને કદાચ અમારી સાથે ગમી ગયું હશે. એટલે જ તો છોડી દેવા છતાં એ લોકો પાછળ જ આવતા હતા. ઉપરાંત બે ઓકાપી અમે સાથે જ રાખેલા એટલે પણ બાકીના ઓકાપી અમારી પાછળ આવ્યા હોય ! જે હોય તે ! અમને થોડીક માનસિક રાહત થઈ.

મને અચાનક વિચાર આવ્યો કે ઓકાપી જંગલનું પ્રાણી છે. એને કુદરતી રીતે જ જંગલની ઝાડીઓમાં આગળ વધવાનો સૌથી સરળ માર્ગ ખબર હોય. જો એમને જ ઉત્તર તરફ આગળ વધારીએ તો એ લોકો જાતે જ માર્ગ કરી આપે ! મેં બધાને મારો વિચાર જણાવ્યો. આમેય બધા ઝાડી-ઝાંખરાંમાંથી માર્ગ કાઢીને ચાલતાં બરાબરના કંટાળ્યા હતા. એટલે મારો વિચાર બધાએ તરત જ સ્વીકારી પણ લીધો !

અમે ફરી પાછો અમારો સામાન ઓકાપી પર લાદ્યો. બધા બરાબર ગોઠવાઈ ગયા પછી અમે ઓકાપીને ઉત્તર દિશા તરફ આગળ વધવાનો ઈશારો કર્યો. અમારી નવાઈ વચ્ચે જે ઝાડીને અમે અભેદ કિલ્લા જેવી ગણી બાજુના વેલાઓ કાપીને ચાલતા હતા એ જ ઝાડીમાં ઓકાપી શાંતિથી

આગળ ચાલ્યા ! દૂરથી એવું લાગે કે અહીંથી તો ચાલી જ નહીં શકાય પરંતુ જેવું ઓકાપી એમાં ઘૂસે કે તરત જ ખ્યાલ આવે કે એ જગ્યાએ ફક્ત પાતળી ડાળીઓ અને પાંદડાં જ હોય ! અમારે ફક્ત અમારી આંખમાં ડાળખીઓ ન વાગી જાય એટલું જ ધ્યાન રાખવું પડતું હતું. અમે હવે ઘણી જ વધારે ઝડપથી ચાલી શકતા હતા. બપોર સુધી અમે ચાલ્યા ત્યાં સુધીમાં કોઈ પણ મોટી મુશ્કેલી ન આવી સિવાય કે એક જગ્યાએ એક મોટા મધપૂડામાં સૌથી આગળ રહેલા અબાનાનું નાક સહેજમાં અડકી જતાં રહી ગયું અને બીજી એક વખત હેસ્લિંગના હાથ પર એક બૂમસ્લેંગ સાપ ડંખ મારી દેત. જોકે અબાનાને સાપનું ઝેર ઉતારવાની વનસ્પતિ અંગે બરાબર ખ્યાલ હતો એટલે ચિંતા તો નહોતી જ. બસ, આ સિવાય કોઈ મોટું વિઘ્ન નહોતું નડ્યું. પણ એ પછી અમે વધારે સાવચેત રહેવાનું નક્કી કરી નાખ્યું.

લગભગ અઢી કલાક ચાલ્યા પછી અમે લુલોન્ગા નદીના વચ્ચેના ફાંટા પાસે પહોંચી ગયા. સૂર્ય હવે બરાબર મધ્યાકાશે આવી ગયો હતો. થોડી વાર વિશ્રામ કરવાની સાથોસાથ અમે ભોજન પણ પતાવી દીધું. ત્યારબાદ લોમાની નદી પસાર કરી હતી એવી જ રીતે ઓકાપી પર બેસીને લુલોન્ગા નદીનો વચ્ચેનો ફાંટો અમે પસાર કર્યો. સામા કાંઠે ઊતર્યા ત્યારે એક અદ્‌ભુત રોમાંચ અમને ઘેરી વળ્યો. જે જગ્યાએ પહોંચવા માટે અમે આટલા બધા દિવસોથી સતત આફતોનો સામનો કરી રહ્યા હતા એ હવે અમારાથી માત્ર ત્રીસ માઈલ જ દૂર હતી. હવે બે કલાકમાં જ અમે હીરાના પર્વત પર પહોંચી શકીએ એવું લાગતું હતું. અમારાં હૈયાં ત્યાં પહોંચવા હવે ખૂબ જ અધીરાં બની ગયાં હતાં. પરંતુ એક એવી આફત અમારી રાહ જોઈ રહી હતી કે જેનો અમને ખુદને અંદાજ પણ નહોતો. હા ! નકશામાં એનો નિર્દેશ જરૂર હતો, પણ અમે એ ખરેખર ભૂલી ગયા હતા. અને એ આફત હતી કળણ ! સરકતી જમીન ! માણસને જીવતો જ ભરખી જતી માટી !

*   *   *

અમે બધા ઓકાપી પર બેસીને રસ્તો કાપી રહ્યા હતા. ફક્ત રોબર્ટ નીચે ચાલતો હતો. એ ઓકાપી પર બેસીને થાકી ગયો હતો એટલે થોડી વાર નીચે ચાલવાની મજા લેવા માગતો હતો. એનું ઓકાપી એની બાજુમાં જ ચાલી રહ્યું હતું. અચાનક ઓકાપી ઊભું રહી ગયું. રોબર્ટ કે અમને કોઈને એ શું કામ ઊભું રહી ગયું એ ન સમજાયું. રોબર્ટે એની સામે આવીને એને ખેંચીને ચલાવવાની કોશિશ કરી. એનું ઓકાપી માંડ બે ડગલાં જેટલું ચાલ્યું

હશે. બસ, એ જ વખતે એની ચીસ નીકળી ગઈ. ગોઠણ સુધી એ અને એનું ઓકાપી જમીનમાં ઊતરી ગયા. એ જગ્યાએ કળણ હતું.

"ડીક ! માઈકલકાકા ! બચાવો !" રોબર્ટના મોંમાંથી રાડ નીકળી ગઈ.

અમે હજું કંઈ જવાબ પણ આપીએ એ પહેલા તો એ ગોઠણથી સરકીને કમર સુધી કળણમાં ઊતરી ગયો. એના ચહેરા પર દહેશત ફેલાઈ ગઈ. અમે બધા પણ બી ગયા. અમારી નજર સામે જ રોબર્ટને જમીન ભરખી રહી હતી અને અમને ખબર નહોતી પડતી કે એને બચાવવો કઈ રીતે.

"રોબર્ટ ! હલીશ નહીં. જરા પણ હલનચલન તારી જમીનમાં ઊતરી જવાની ગતિ વધારી દેશે. એટલે સાવ સ્થિર થઈ જા ! અને બને તો આડો સૂઈ જા !" મેં બૂમ પાડી. એકાદ જગ્યાએ મેં વાંચ્યું હતું કે આડા સૂઈ જવાથી અને સ્થિર થઈ જવાથી કળણમાં ઊંડા ઊતરવાની શક્યતા અને ઝડપ બંને ઘટી જાય છે. આ સલાહનું પાલન કરવા માટે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. રોબર્ટ કમર સુધી કળણમાં ઊતરી ગયો હતો. હવે એ કઈ રીતે આડો પડે ? જો અમે એને થોડો પણ બહાર ખેંચીએ તો જ એ આડો પડી શકે. તો રોબર્ટને ખેંચવો કઈ રીતે ? બધા હાંફળા-ફાંફળા થઈ ગયા. અમારો એક સાથી અને મારો તો બાળપણનો જીગરી દોસ્ત કળણમાં ખૂંપી રહ્યો હતો અને અમે બધા કંઈ જ નહોતા કરી શકતા.

"ડીક !" માઈકલકાકા બોલ્યા, "આપણા બધાના સામાનમાં એક એક દોરડું તો લીધું છે ને ?"

મેં હા પાડી. બસ એ જ વખતે મારા મનમાં પણ એ જ વાતનો ચમકારો થયો. અમે બધાએ દોરડું તો લીધું જ હતું. ગભરાટમાં કોઈને યાદ નહોતું આવ્યું. પણ માઈકલકાકાને સમયસર યાદ આવી ગયું.

ઓકાપી પરથી સામાન ઉતારી અમે દોરડાં કાઢ્યાં. એક છેડો અમે પકડ્યો. બીજો છેડો રોબર્ટ તરફ ફેંક્યો. રોબર્ટે એ છેડો પકડ્યો ત્યાં સુધીમાં તો એ લગભગ છાતી સુધી કળણમાં ઊતરી ગયો હતો. અમે એને ધીમે ધીમે ખેંચી લીધો. રોબર્ટ બહાર નીકળ્યો. અમે એને ભેટી પડ્યા. એ બચી ગયો એનો આનંદ થયો પણ અફસોસ ! અમે એના ઓકાપીને ન બચાવી શક્યા. અમારી નજર સામે જ ધીમે ધીમે કરતા એ ધરતીમાં ઊતરી ગયું. પછી એના પરની જમીન જાણે કંઈ જ નથી થયું તેવી પહેલા હતી એવી જ બની ગઈ. અમે સ્તબ્ધ થઈને જોતા રહ્યા. કદાચ, અમે મોડા પડ્યા હોત તો રોબર્ટ પણ આમ જ... આગળ વિચારી ન શકાયું. ઓકાપીને તો બિચારાને કળણની ખબર જ હતી. એને તો રોબર્ટ પરાણે ખેંચીને આગળ લઈ ગયો હતો.

રોબર્ટની આંખમાં આંસુ આવી ગયાં. થોડી વાર સુધી અમારામાંથી કોઈ કંઈ જ ન બોલ્યું. અમે નકશો કાઢીને જોયું. આ વિસ્તારમાં હજુ પણ ઘણાં કળણો હતાં. આગળ ઉપર ખૂબ જ સાવચેત રહેવાનું અમે નક્કી કર્યું.

"ડીક ! કાકા ! રોબર્ટ ! હેસ્લિંગ ! બધા પાછળ જુઓ ! જલદી !" પોલે બૂમ પાડી. એની બૂમમાં ધ્રાસ્કો સ્પષ્ટ વરતાઈ આવતો હતો.

અમે પાછળ જોયું તો ચોંકી ગયા. થોડી વાર પહેલા જ લુલોન્ગા નદીના જે ફાંટાને અમે પાર કરીને કિનારે ઊતર્યા હતા એ ફાંટાનો પાણીનો પ્રવાહ ધસમસતો અમારી તરફ આવી રહ્યો હતો. કોઈ નદી તમારી પાછળ દોડતી આવતી હોય એ કેવું લાગે ? કોઈના પણ હાજા ગગડી જાય તેવું દૃશ્ય હતું.

"ભાગો ! જલદી ભાગો !" સૌના મોઢામાંથી એકસાથે આ શબ્દો નીકળી પડ્યા.

અમે થોડોક રસ્તો બદલીને સાચા અર્થમાં ભાગવાનું શરૂ કર્યું. સાફ દેખાતી જમીનમાં કળણ હોવાની શક્યતા સૌથી વધારે હતી, જ્યારે ઝાડી-ઝાંખરાંમાં ભાગવું મુશ્કેલ હતું.

"માઈકલકાકા ! નદીનો પ્રવાહ આમ બદલી જવાનું શું કારણ હોય ?" પોલે ભાગતાં ભાગતાં પૂછ્યું.

"બેટા ! કોંગો નદી અને એની શાખાઓની આ એક આગવી ખાસિયત છે. થોડી વાર પહેલા જ્યાં અફાટ પાણી દેખાતું હોય ત્યાં ક્ષણ વારમાં જ રેતીના મોટા ઢગલા અને ઢૂવા બની જાય. રેતીના ઢગલાઓ હોય ત્યાં થોડી વારમાં મોટી અને વિશાળ નદી વહેતી હોય. ઝડપથી પાણીનો પ્રવાહ બદલવા માટે આ નદીઓ જાણીતી છે. એટલે એવું પણ બને કે આપણે પહોંચીએ ત્યારે હીરાનો પર્વત ત્યાં ન પણ હોય !"

ગીચ ઝાડીઓ આવી પછી અમે ધીમા પડી ગયા. હવે અમને નદીના પ્રવાહની બીક નહોતી કારણ કે આ ઝાડીઓમાં પાણી અમને કંઈ કરી શકે નહીં. અને બીજું નદીના પાણી અમારી પાછળ ખુલ્લી જમીન સુધી આવીને અટકી ગયાં હતાં. એ જોઈ અમારો શ્વાસ હેઠો બેઠો.

ત્યારબાદ નકશા અને હોકાયંત્રની મદદથી અમે ઝડપથી ચાલવા લાગ્યાં. હવે અમે એક ઓકાપીને અમારી આગળ ચલાવતા હતા જેથી કળણમાં ફસાવાનો પ્રશ્ન જ ન આવે. એ પ્રાણીને કળણવાળી જમીનનો દૂરથી જ ખ્યાલ આવી જતો હતો.

મેં નકશો કાઢીને એમાંની નોંધ બધા સાંભળે તેમ વાંચી. એમાં લખ્યું

હતું : ***વિષુવવૃત્તની ઉત્તરે ૧° ઉ.અક્ષાંસ અને ૨૨½° પૂર્વ રેખાંશ પર, લુલોન્ગા નદીના ઉત્તર તેમજ મધ્ય ફાંટાની વચ્ચે, રાતા ભૂખરા રંગનો એકાદ હજાર ફૂટ ઊંચો પહાડ જુદા તરી આવતા ચાર ૪૦૦ ફૂટ જેટલાં ઊંચાં વૃક્ષોની વચ્ચેના ભાગમાં ઊંચો પથ્થર. ત્યાં સૌથી વધારે હીરા.***

અમારા અંદાજ મુજબ હવે અમે એ જગ્યાની આસપાસ જ ક્યાંક હતા. પણ હવે કઈ રીતે આગળ વધવું એનો ખ્યાલ નહોતો આવતો. અચાનક અબાનાએ અમારી પાસેથી બાયનોક્યુલર માંગ્યું. અમને નવાઈ લાગી. મેં સામાનમાંથી બાયનોક્યુલર (દૂરબીન) કાઢીને એને આપ્યું. ગળામાં બાયનોક્યુલર લટકાડી અબાના બાજુના એક ઊંચા ઝાડ પર વાંદરાની જેમ ચડી ગયો. ઝાડ આજુબાજુની ઝાડી કરતા વધારે ઊંચું હતું. એટલે થોડેક ઊંચે ગયા પછી અબાના દેખાતો બંધ થઈ ગયો. લગભગ પાંચેક મિનિટ પછી એ સરસરાટ કરતો નીચે ઊતરી આવ્યો.

"આપણે થોડુંક ડાબી તરફ ચાલવાનું છે. થોડેક આગળ ગયા પછી એક નાનકડું સવાના આવશે. બસ એમાં ચાર મોટાં ઝાડવાં છે અને એક ટેકરી છે !" એ બોલ્યો. એના ચહેરા પર જુદી જ જાતની ઉત્તેજના હતી.

એની બુદ્ધિ માટે અમને માન થઈ ગયું. વહાણમાં જેમ કૂવાથંભ પર બેઠેલો માણસ દૂર દૂર સુધી જોવાનું કામ કરે છે, તેવું અબાનાએ ઝાડ પર ચડીને કર્યું હતું.

એણે સવાના શબ્દ વાપર્યો હતો. સવાના એટલે ઘાસનું મેદાન. એવા થોડે દૂરના એકાદ મેદાનમાં જ એણે હીરાનો પર્વત જોયો હતો.

અમે અબાનાની સૂચના પ્રમાણે ડાબી તરફ વળીને ચાલવાનું શરૂ કર્યું. થોડેક આગળ જતાં ઝાડી આછી થવા લાગી. થોડી વારમાં જ અમે ઘાસના નાનકડા મેદાનમાં આવી પહોંચ્યા. ચારે તરફ ઊંચું ઘાસ જ દેખાતું હતું. એની બરાબર વચ્ચે એક નાનકડી ટેકરી ઊભી હતી. એનો રંગ ભૂખરો હતો અને ઊંચાઈ હશે આશરે હજારેક ફૂટ ! એને જોતાં જ અમે સૌ પૂતળાની જેમ ઊભા રહી ગયા. બધાની જાણે કે બોલવાની શક્તિ જ હણાઈ ગઈ હતી ! જે ટેકરી સુધી પહોંચવા અમે બધા છેલ્લા દસ દસ દિવસથી જિંદગીના જોખમે રખડતા હતા એ હવે અમારી સામે જ ઊભી હતી. આવી ક્ષણો શબ્દોમાં વર્ણવી પણ નથી શકાતી. માતાદી અને અબીરા પણ અવાચક બની ગયા હતા. હા ! એ જ હીરાનો પર્વત હતો.

પરંતુ એક વાત તરત જ અમારા સૌના ધ્યાનમાં આવી. હીરાનો પર્વત

તો મળ્યો, પણ ચારસો ફૂટ ઊંચાં પેલાં ચાર વૃક્ષો ક્યાંય દેખાતાં નહોતાં! કદાચ એ ઝાડ પર્વતની બીજી તરફ પણ હોય ! જે હોય તે ! એ તો હવે શોધી કાઢીશું. અત્યારે તો મન ભરીને અમે એ પર્વતને એવી રીતે જોઈ રહ્યા હતા જાણે કે એ પર્વતને નહીં પણ હીરાના ઢગલાને ન જોઈ રહ્યા હોઈએ! અમે એકબીજાની જોડે હાથ ભીડી દીધા. બધા લાગણીવશ થઈ ગયા હતા. કોઈ કાંઈ બોલી શકતું નહોતું.

સાંજ પડી ગઈ હતી. કાળી રાત ધીમેધીમે બધું કાળા રંગથી રંગી રહી હતી. પણ આજે અમે ખરેખર ખુશ હતા, બહુ જ ખુશ ! એટલે એ અંધારું પણ અમને રંગીન લાગી રહ્યું હતું. અમે રાતવાસો ત્યાં જ કરવાનું નક્કી કરી નાખ્યું. હીરાના પર્વતની બરાબર સામે જ !

❑

જ્હોન હેરિંગ સાથે મુલાકાત

અમે રાતવાસો બરાબર હીરાના પર્વત સામે જ કર્યો. જમવાનું પતાવીને બધા સૂવા પડ્યા પણ કોઈને ઊંઘ જ નહોતી આવતી. પર્વત અમારાથી ફક્ત અર્ધોએક માઈલ જ દૂર હતો. જો રાત ન પડી હોત અને કળણની બીક ન હોત તો જરૂર એ રાતે જ અમે અર્ધો માઈલ કાપી નાખ્યો હોત. રોબર્ટ હજુ આજે સવારે મરતાં મરતાં બચ્યો હતો એટલે અટકી ગયા હતા. કદાચ એ અમારા માટે વધારે યોગ્ય જ હતું.

આજે તાપણું સળગાવવું જ નહીં એવું અમે નક્કી કર્યું હતું. આજુબાજુમાં પુષ્કળ ઘાસ હોવાથી આગ લાગી જવાની બીક તો હતી જ, એ ઉપરાંત જો જ્હોન હેરિંગ અને એના માણસો આજુબાજુમાં ક્યાંય હોય તો એમને હુમલો કરવાનો લાગ મળી જાય. અમારી ગણતરી પ્રમાણે અમે બધા હવે જ્હોન હેરિંગની આસપાસમાં જ ક્યાંય હઈશું. આ બે કારણોને લીધે તારાઓના પ્રકાશમાં જ અમે રાત ગાળવાનું નક્કી કરી નાખ્યું હતું.

ઊંઘ આવતી નહોતી એટલે એ રાત્રે અમે બધાએ ખૂબ જ વાતો કરી. ઝીંઝુડાક ટાપુ, માછલી પકડવાની મજા, બાની લાગણીભરી કાળજી, આર્થરસાહેબના પગનો દુઃખાવો એવા લગભગ દરેક વિષય પર વાત થઈ. મોડી રાત સુધી આ ક્રમ ચાલ્યો. ત્યાર પછી સવારની ઠંડક અને આગલા દિવસનો થાક એમ બેવડાં આક્રમણના લીધે અમે સૌ ઘસઘસાટ ઊંઘી ગયા. ઊઠ્યા ત્યારે સૂર્ય ખાસ્સો ઊંચે ચડી ચૂક્યો હતો. અમારા ઓકાપી આજુબાજુના ઘાસના મેદાનમાં મજાથી ઘાસનો નાસ્તો કરી રહ્યાં હતાં ! સફેદ નાક અને લાલ પૂંછડીવાળા વાંદરાઓ અમારો સામાન ફંફોસીને વેરવિખેર કરી રહ્યા હતા. એ લોકોએ ભાગ્યે જ મનુષ્યોને જોયા હશે. એટલે જેવા અમે ઊઠ્યા કે તરત એ બધા ભાગી ગયા.

લગભગ દસ વાગ્યાની આસપાસ અમે સાવચેતીપૂર્વક આગળ ચાલવાનું શરૂ કર્યું. આ વખતે ઓકાપી પરનો સામાન અમે અમારા ખભા પર લઈ લીધો હતો. કારણ કે જો જ્હોન હેરિંગ સાથે લડવાની વેળા આવે તો બંદૂકના ધડાકા સાંભળીને ઓકાપી અમારો સામાન લઈને ભાગી જાય

એવી પૂરી શક્યતાઓ હતી. અમે ઓકાપીને સાથે રાખી આગળ ચલાવતા હતા, જેથી ભૂલમાં પણ કળણ પર પગ ન પડી જાય. ધીરે ધીરે પર્વત નજીક આવતો જતો હતો. અમારાં હૈયાં જોરજોરથી ધકડતાં હતાં.

લગભગ બપોરના બાર વાગ્યાની આસપાસ અમે હીરાના પર્વતની સાવ નજીક પહોંચી ગયા. પરંતુ એની અમારી તરફની બાજુએ એક પણ ઊંચું ઝાડ નહોતું. બીજી તરફ ઘટાટોપ ઝાડી હોઈ શકે અને એની વચ્ચે પેલા ૪૦૦ ફૂટ ઊંચાં ચાર ઝાડ હોઈ શકે. લુલોન્ગા નદીની એક શાખા લગભગ પૂરા પર્વતને ભરડો લઈને વહેતી હતી. અહીં એનો પટ વધારે પહોળો નહોતો પણ ઝડપી ખૂબ હતો.

ફરી એક વખત ઓકાપીએ અમને નદી પાર કરાવી આપી. બીજા કાંઠે એટલે કે હીરાના પર્વતની જમીન પર ઊતરીને અમે બંદૂકો તપાસી લીધી. દારૂગોળો પણ બરાબર છે એની ખાતરી કરી પછી બધાએ પહાડની ઉત્તર-પશ્ચિમ દિશા તરફ ચાલવાનું શરૂ કર્યું.

અમારી ધારણા પ્રમાણે થોડી વારમાં જ ગીચ ઝાડીની શરૂઆત થઈ ગઈ. સાવચેતીપૂર્વક અમે આગળ વધતા હતા ત્યાં જ એક ઝાડ પર તીરની નિશાની દેખાઈ : '——▶'

જાણે એકાદ દિવસ પહેલાં જ કોતરેલી હોય તેવી એ નિશાની જોતાં જ અમે ખુશ થયા અને સાવચેત પણ થઈ ગયા. જ્હોન હેરિંગથી હવે અમે વધારે દૂર નહીં જ હોઈએ. કદાચ એકાદ માઈલ કે પછી થોડાક ફૂટ પણ દૂર હોઈએ. કોઈએ અવાજ ન કરવો. સાદી વાત ઈશારાથી જ કરવી એવું નક્કી કરી અમે ધીમે ધીમે આગળ વધ્યા. ઘટાટોપ જંગલની શરૂઆત થઈ. દસ ફૂટ દૂરનું પણ ન જોઈ શકાય એવી ઝાડીમાંથી નાનકડી કેડી આગળ વધતી દેખાતી હતી. કદાચ જ્હોન હેરિંગને એ બનાવવા માટે ખૂબ જ મહેનત કરવી પડી હશે એવું એ ઝાડીને જોતા જ દેખાઈ આવતું હતું. એણે એ મજૂરી કદાચ મારા અને રોબર્ટના પિતાજી પાસે પણ કરાવી હોય. આ વિચાર અમને દુઃખી કરી ગયો.

અચાનક થોડે જ દૂરથી કોઈનો અવાજ આવ્યો, "અરે હેરિંગ ! મારી જ નાખીએ આ બંનેને ! આમેય હવે તો હીરાનો પર્વત તો મળી જ ગયો છે. પછી શું કામ છે, એ બંનેનું ? આવ્યા એ રસ્તા પર આપણે નિશાનીઓ તો કરેલી જ છે." કોઈ બોલી રહ્યું હતું. અવાજ લગભગ પચાસેક ફૂટ દૂરથી આવી રહ્યો હતો.

"નહીં કોબ્રા ! હમણાં નહીં. હજુ કદાચ આ બંને જણ આપણને

કામમાં આવશે. આપણે આવ્યા એ રસ્તો ફરી વખત લેવા જેવો નથી. તને ખબર છે ને આપણા નવ સાથીદારો તો મરી ગયા. તેં ઝાડ પર કરી છે એ નિશાનીઓની મદદથી પણ અહીંથી પાછા ન જઈ શકાય કે અહીં ન પહોંચી શકાય. કારણ કે આફ્રિકામાં ઝાડ પરની નિશાનીઓ બહુ થોડા સમયમાં જ ભૂંસાઈ જતી હોય છે. એટલે જ તો તેં નિશાની કરેલી છતાં મેં ના પાડી નહોતી ! નહીંતર બીજા કોઈને એ રસ્તાની હું ભાળ આપું ખરો ? હવે આપણે આવ્યા એ જ ભયાનક રસ્તે પાછા નથી જ જવું. એ માટે આફ્રિકાની ભૂગોળ બરાબર જાણનાર આ ક્રોમવેલ જ આપણને મદદરૂપ થઈ શકશે. જો એ ન હોત તો આપણે કોઈ બચ્યા જ ન હોત. એટલે આપણને સલામત આ જંગલમાંથી બહાર પણ એ જ કાઢી શકશે. બાકી તો હીરાના પોટલા સાથે જ મરી જવું હોય તો જ એને છોડાય કે મારી નખાય !" અમારી ધારણા પ્રમાણે આ અવાજ જ્હોન હેરિંગનો હતો.

અમે ખુશ થઈ ગયા. જરા પણ અવાજ ન થાય એવી રીતે લપાઈ ગયા. મારા તેમજ રોબર્ટના પિતાજી જીવતા હતા એ જ અમારા માટે સૌથી ખુશીના સમાચાર હતા. આમ જોઈએ તો અમે હીરા લેવા માટે નહીં પણ એ બંનેને જીવતા પાછા લઈ જવા માટે તો આવ્યા હતા.

એકાએક માઈકલકાકા બંદૂક તૈયાર કરી ઝાડીમાં સાવચેતીપૂર્વક આગળ ગયા. એ શું કામ આગળ ગયા તે એક ક્ષણમાં જ મને સમજાઈ ગયું. કદાચ જ્હોન હેરિંગ પોતાનો વિચાર બદલીને ગોળી છોડવાનું નક્કી કરે તો મારા પિતાજી તેમજ આર્થરસાહેબને બચાવવાનો એક મોકો અમને પણ મળી શકે.

"તો પછી હેરિંગ ! એક કામ કરીએ. આ બંનેને પેલા ચાર મોટા ઝાડમાંથી એક સાથે બાંધી દઈએ. પછી હીરા લઈ પાછા ફરતી વેળાએ એમને સાથે લઈ બીજો રસ્તો શોધીએ, બરાબર ?" કોબ્રા બોલ્યો.

"બરાબર છે, કોબ્રા !" હેરિંગ બોલ્યો.

પછી એ લોકો થોડા આગળ વધી ગયા હોય તેવું લાગ્યું. અમે પણ ધીમે ધીમે એમની પાછળ ચાલ્યા. ઝાડી એવી તો ઘટાટોપ હતી કે આપણી સાવ પાછળ કોઈક આવતું હોય તોપણ ખબર ન પડે. આ વર્ષા જંગલોમાં જમીન એટલી બધી ભીની રહેતી હોય છે કે ભીનાં પાંદડાં પર ચાલવાનો પણ અવાજ ન આવે.

અમે લગભગ ૩૦૦ ફૂટ જેટલું ચાલ્યા હઈશું, ત્યાં જ અમારી આગળ ઝાડીનો અંત આવતો દેખાયો. એ પછી થોડી ખુલ્લી જમીન શરૂ થતી હતી.

અમે ઝાડીમાં લપાઈ રહ્યા. અમારી ઝાડીથી આગળ ઘાસ આચ્છાદિત ઢોળાવના ચઢાણ પર અમે સાતેક જણને ચડતાં જોયા. અમારી તરફ એ સૌની પીઠ હતી તોપણ હું મારા અને રોબર્ટના પિતાજીને ઓળખી ગયો. એ લોકોનાં કપડાં ફાટી ગયાં હતાં. વાળ તેમજ દાઢી ખૂબ જ વધી ગયાં હતાં. આર્થરસાહેબને પગનો દુઃખાવો ખૂબ જ હશે. એ લંગડાતા લંગડાતા માંડ માંડ ચાલી રહ્યા હતા. એ જોઈ રોબર્ટ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. અમે રોબર્ટને સમજાવીને માંડ છાનો રાખ્યો. ત્યારબાદ હવે પછી શું થાય છે એ જોતા બેઠા.

જ્હોન હેરિંગ અને એના ચાર સાથીઓ આગળ ચાલતા હતા. એ લોકોએ પેલા ચાર ઝાડ પાસે પહોંચી મારા તેમજ રોબર્ટના પિતાને એક નાનકડા ઝાડ સાથે બાંધી દીધા. પછી એ પાંચેય જણાએ પેલા ચાર ઊંચા ઝાડની વચ્ચેનું સ્થળ નક્કી કર્યું. બે ઝાડ વચ્ચેનું અંતર ચારસો ફૂટ જેટલું હતું. એટલે એમણે ફરજિયાત અમારા પિતાજીવાળા ઝાડથી દૂર જવું જ પડે તેમ હતું. એ લોકોએ ચાર મોટાં વૃક્ષોની વચ્ચેની જગ્યા નક્કી કરી. નકશામાં જણાવ્યા પ્રમાણે ત્યાં એક મોટો પથ્થર હતો. એ પથ્થરને જોતા લાગતું હતું કે એ કુદરતી રીતે ત્યાં નહીં હોય પણ કોઈએ ત્યાં મૂક્યો હોવો જોઈએ. જ્હોન હેરિંગ અને એના ચાર સાથીઓ એ વિશાળ પથ્થર હટાવવાની માથાકૂટમાં પડ્યા હતા એ ક્ષણોનો લાભ લઈ અમે ઝાડીમાંથી બહાર આવીને ઘાસમાં લપાતા છુપાતા આર્થરસાહેબ તેમજ મારા પિતાજીને બાંધ્યા હતા એ વૃક્ષ તરફ આગળ વધ્યા. ઘાસની ઊંચાઈ બેથી અઢી ફૂટ જેટલી હતી એટલે લપાતા-છુપાતા જઈએ તો કોઈની નજરે ચડાય તેવું નહોતું. આમેય અહીં કોઈ પાછળ આવે તેવી શંકા પણ જ્હોન હેરિંગને ન જ હોય. હા ! એક તકલીફ હતી. ઓકાપી અમારી પાછળ પાછળ જરાય વાંકા વળ્યા વગર જ ચાલતા હતા. પણ એ તો જંગલી જનાવર હતા એટલે એના પર કોઈને પણ શંકા ન જ જાય તે સ્વાભાવિક હતું.

અમે પેલી ઝાડી પાસે પહોંચીને ઘાસમાંથી ઊભા થયા. મારા પિતાજી અને આર્થરસાહેબ અમને અચાનક સામે જોઈને હેબતાઈ ગયા. અમે ત્યાં હોઈએ કે આવી જઈએ એવું તો એમણે સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય. પરિસ્થિતિની ગંભીરતા ભૂલીને હું અને રોબર્ટ દોડી પડ્યા. જ્હોન હેરિંગ જેવો ખતરનાક ગુંડો ફક્ત ૪૦૦ ફૂટ જ દૂર ઊભો છે એ પણ અમે ભૂલી ગયા હતા. દોડીને અમે અમારા પિતાજીને વળગી પડ્યા. થોડી વાર અમે રડ્યા જ કર્યું. પછી ખ્યાલ આવ્યો કે મારા તેમજ રોબર્ટના પિતાજીના હાથ-પગ ઝાડ

સાથે બંધાયેલા હતા. અમે ઝડપથી એમના હાથ પગ છોડ્યા. બરાબર એ જ વખતે જ્હોન હેરિંગ અને સાથીઓએ પેલો પથ્થર ખસેડી નાખ્યો. અમને થયું કે ખલાસ ! હવે બધા જ હીરાનો માલિક એ લૂંટારો બની જશે. પણ આ શું ? અમારા સૌના આશ્ચર્ય વચ્ચે પથ્થર ખસતાં જ એની નીચેથી પાણીનો ધસમસતો ફુવારો વછૂટ્યો. જ્હોન હેરિંગના ત્રણ સાથીઓ થોડી વારમાં જ કેટલાક ફૂટ ઊંચે ઊછળીને ઢોળાવ પર પટકાયા. ગોળીની જેવા વેગથી છૂટેલા પાણીના ધોધમાં ઊછળીને પટકાવાના કારણે એ ત્રણના બચવાની કોઈ જ શક્યતા નહોતી. પટકાયા પછી કોઈ કંઈ સમજે એ પહેલાં જ એ લોકો ઝડપથી વહેતા પાણીના પ્રવાહમાં તણાઈને લુલોન્ગાની શાખામાં જતા રહ્યા. ભલે એ લોકો લૂંટારા હતા, તોપણ એમનો આવો અંત જોઈને અમને દુઃખ થયું. જ્હોન હેરિંગ અને કોબ્રા બંને બચી ગયા હતા. એ બંને પાણીના ધોધની પેલી તરફ હતા અને અમે આ તરફ.

ઘડીભર તો મન શંકા ગઈ કે નકશો બનાવનારે બધાને મૂરખ જ બનાવ્યા હતા કે શું ? જેણે કોઈએ આ નકશો બનાવ્યો હતો એણે શું હાથે કરીને આવું કર્યું હશે ? તો પછી ખજાના અંગેની વાતો પણ ખોટી જ હશે ? એવું પણ બની શકે કે બધા ખજાનાની માફક આ એક ચાલબાજી જ હોઈ શકે. જે હોય તે ! અમારે ક્યાં ખજાના સાથે મતલબ હતો. અમારો ખજાનો તો અમારા બાપુજી હતા અને એ અમને મળી ગયા હતા.

"ડીક !" મારા પિતાજી બોલ્યા, "બેટા ! અમને બાંધેલા એ ઝાડના થડ પાસે જ કોઈએ ગોઠવ્યા હોય તેવા બે લંબચોરસ પથ્થર છે. જોઈ જુઓ તો !"

અમે જોયું તો મારા પિતાજી અને આર્થરસાહેબ ઊભા હતા એ ઝાડ નીચે બે લંબચોરસ પથ્થર એકબીજાને અડકાડીને ગોઠવ્યા હોય તેવા જમીનમાંથી દેખાતા હતા. અમે બધાએ ભેગા થઈને એને ઊંચકવાની ઘણી મહેનત કરી, પણ પથ્થર જરાકે ખસતા નહોતા.

"હેય ! ખબરદાર ! હાથ ઊંચા કરી દો ! કોબ્રા ! એમની બંદૂકો લઈ લે !" જ્હોન હેરિંગે એના સાથીદારને અને અમને કહ્યું. પાણીના પ્રવાહને ઉપરથી ફરીને એ લોકો અમારી પાસે આવી લાગ્યા હતા.

"હમ્...મ્...મ્... ! તો તમે બધા આ બંનેને બચાવવા આવ્યા છો એમ ને ? પણ તમને ખ્યાલ નહીં હોય કે જ્હોન હેરિંગના હાથમાંથી આજસુધી કોઈ બચી શક્યું નથી અને એટલી ખાતરી રાખજો કે તમે લોકો પણ નહીં જ બચો ! હા... !...હા !...હા !...હા !... અહીંયા હીરા તો નથી, પણ તમને

લોકોને અહીં ભંડારી દઈને હાડકાનો ખજાનો તો દાટતો જ જઈશ. એટલે ભવિષ્યમાં કોઈ આવો બોગસ નકશો જોઈને આવી ચડે તો એમને તમારા હાડપિંજરો તો મળે ! મારી જેમ એમને સાવ ધરમધક્કો તો ન થાય ! કેમ કોબ્રા ! બરાબર ને ?" એના અવાજમાં ચીડ, ધૃણા અને ગુસ્સો ભારોભાર ભરેલાં હતાં. એનો ફેરો ફોગટ જવાની અનહદ દાઝ પણ વ્યક્ત થતી હતી. એણે અમારી સામે બંદૂક તાકીને ગોળીઓ છોડવા નિશાન તાક્યું.

"સાહેબ ! હેરિંગસાહેબ !" અચાનક અબાના બોલી ઊઠ્યો, "હું સિગારેટ પી લઉં એટલી વાર ખમશો ખરા ? જુઓ હું ખૂબ નાનપણથી જ એનો બંધાણી છું. છેલ્લા કેટલાય કલાકથી સિગારેટ નથી પીધી. મરનારની છેલ્લી ઈચ્છા તો ફાંસીએ લટકાવતા પહેલા પણ મંજૂર રાખવામાં આવે છે." ખૂબ દયામણા ચહેરા અને ગરીબડા અવાજ સાથે અબાનાએ કહ્યું.

"ચાલ ! જલદી પી લે !" તિરસ્કાર અને ખૂબ જ તોછડાઈથી હેરિંગે કહ્યું.

અબાનાએ સિગારેટના કાગળમાં તંબાકુ ભરતો હોય તેવું કર્યું. પછી મોઢામાં મૂકી. પછી હેરિંગ અને કોબ્રા સામે જોઈને જોરથી ફૂંક મારી. સટ... સટ... ! કરતી બંનેની આંખોમાં સોયો ખૂંચી ગઈ. અબાનાની સોય ફેંકવાની ઝડપ જોઈ અમે દંગ થઈ ગયા. એનું નિશાન પણ અદ્‌ભુત હતું. બંને લૂંટારાઓના હાથમાંથી બંદૂકો પડી ગઈ. દર્દથી બંનેએ બૂમાબૂમ કરી મૂકી. એમની આંખોમાં ખૂંચી ગયેલી ઝીણી સોયો ખેંચી ન લેવાય ત્યાં સુધી એ બંને આંખો ખોલી શકે તેમ જ નહોતા.

બસ, આટલો મોકો મળતાં જ અમે દોડીને બંને લૂંટારાઓના હાથ બાંધી દીધા. પછી અબાનાએ જ એમની આંખોમાંથી સોયો ખેંચી લીધી. પછી દોડતો એ ઝાડીઓમાં જતો રહ્યો. થોડી વાર પછી એ કોઈ જંગલી વનસ્પતિનાં પાંદડાં તોડીને લઈ આવ્યો. પેલા ધોધના પાણીમાં એ પાંદડાં ધોઈ એક ચોખ્ખા પથ્થર પર એણે લસોટ્યા. પછી એ પાંદડાંના રસનાં ટીપાં એણે જ્હોન હેરિંગ અને કોબ્રાની આંખોમાં નાખ્યાં. ત્યારબાદ એ પાંદડાંની લૂગદી જેવું બનાવી એણે એમની આંખો પર લગાવી દીધું અને એના પર ચપટા વેલાઓનો પાટો બાંધી દીધો.

એ બંનેને ખૂબ જ રાહત થઈ હોય તેવું લાગ્યું. જ્હોન હેરિંગને રડવું આવી ગયું. એ એની જિંદગીમાં ક્યારેય રડ્યો નહીં હોય, પણ એ જેને મારવા માંગતો હતો એ લોકો જ એની સારવાર કરી રહ્યા હતા એ વાતથી એને રડવું આવી રહ્યું હતું. એણે ખાસ્સી વાર સુધી હાથ જોડી અમારી માફી

માગી, હીરાના લોભમાં અને લાલચથી એણે આવું કર્યું હતું એવું પણ કહ્યું. અમને એની દયા આવી ગઈ. કદાચ એની આવી શરણાગતિને કારણે અમારી દુશ્મનાવટ પૂરી થઈ ગઈ હતી. અમે પણ એની સાથે ઘણી વાતો કરી. એ અને કોબ્રા બાંધેલા હાથે નીચે બેસી ગયા.

"અરે વાહ અબાના !" માઈકલકાકા બોલ્યા, "આ સોય ફેંકવાની કળા તું વળી ક્યાંથી શીખ્યો ? આ કળા આફ્રિકાની તો નથી. તો તને આ બધું કોણે શીખવાડ્યું ?"

અબાના હસી પડ્યો. પછી કહે, "માઈકલસાહેબ ! યાદ છે બીરા બંદર પર વાઘના નખ વેચવા માટે એક મોંગોલિયન આવતો હતો. જુઓને, ડક્કાની બરાબર જમણી તરફના ઓટલા પર એ બેસતો. યાદ આવ્યું ? હું તમારે ત્યાં ઘરકામમાંથી પરવારતો પછી એની સાથે બેસતો. એણે મને આ કળા શીખવાડેલી. એના બદલામાં મેં એને સાપ અને વીંછીનું ઝેર ઉતારતી વનસ્પતિ વિશે શીખવેલું." અબાના ખરેખર ખુશ હતો. બધાને બચાવી લેવાનો આનંદ એના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો.

અમે બધા પણ આવા નાટકીય વળાંકથી અત્યંત ખુશ થઈ ગયા. થોડી વાર તો શું કરવું એ કોઈને પણ સમજાયું નહીં.

"અરે દીકરાઓ ! પેલા પથ્થરો ઊંચકવાનું કંઈક કરો !" મારા પિતાજી બોલ્યા.

અમે અમારા સામાનમાંથી ત્રિકમ કાઢ્યા. એની મદદ વડે પેલા લંબચોરસ પથ્થરોની આસપાસની જમીન ખોદવાનું શરૂ કર્યું.

એ દરમિયાન અબાના ફરીથી પેલી ઝાડીઓમાં જઈ થોડાંક પાંદડાં લઈ આવ્યો. પછી એક પથ્થર પર થોડુંક ઘાસ સળગાવીને એણે એ પાંદડાં ગરમ કર્યાં. પછી આગ બરાબર ઠારીને એણે પાંદડાં આર્થરકાકાના ગોઠણ પર લગાવી દીધા. એના પર પણ જંગલી ચપટા વેલાઓનો પાટો બાંધી દીધો. ત્યારબાદ એ અમારી સાથે ખોદવાના કામમાં લાગી ગયો.

અમે ધારતા હતા એના કરતા બંને પથ્થર વધારે મોટા અને ઊંડે સુધી ધરબાયેલા હતા. ખાસ્સું ખોદ્યા પછી અમે ત્રિકમની મદદથી એ પથ્થરોને ઊંચા કર્યા. જોયું તો એ પથ્થરની બરાબર નીચે એક માટીનું મોટા ઘડા જેવું વાસણ હતું. અને એને બીજો એક ખાડો કરીને એવું તો સલામત રીતે ગોઠવવામાં આવ્યું હતું કે જો ભૂલમાં પણ પથ્થર નીચે પડી જાય તો પણ આટલા મોટા પથ્થરથી એ માટીનું વાસણ જરા પણ નુકસાન ન પામે.

અબાના, માતાદી, અબીરા અને અમે પાંચેય જણે મળી પથ્થરોને ઊંચા

પકડી રાખ્યા. માઈકલકાકાએ એ પથ્થરો નીચેના ખાડામાંથી સાચવીને પેલું માટીનું વાસણ બહાર કાઢ્યું. પછી સાવચેતીપૂર્વક એના પરનું ઢાંકણું અને બાંધેલું કપડું ખોલ્યું. એ વાસણ ખૂલતાં જ ઉત્તમ કક્ષાના સેંકડો હીરાના ઝળહળાટથી અમારી સૌની આંખો અંજાઈ ગઈ. આખું વાસણ એવા હીરાઓથી ભરેલું હતું. માઈકલકાકાએ એ બધાં જ હીરાને તંબુનાં કપડાં પર પાથર્યાં.

ત્યાર બાદ મારા પિતાજી, આર્થરસાહેબ અને માઈકલકાકાએ થોડા દૂર જઈને કંઈક મસલત કરી. પછી હીરાના બરાબર સરખા નવ ભાગ પાડ્યા. અમને નવે નવ જણને સરખો હિસ્સો મળે તેની બરાબર કાળજી રાખી. એમણે અબીરા, માતાદી તેમજ અબાનાને પણ સરખો ભાગ જ આપ્યો. આટલા બધા હીરા પોતાના ભાગમાં આવેલા જોઈ અબીરા, અબાના અને માતાદી રડવા જ માંડ્યા. આખી જિંદગી એ ત્રણેયે ગરીબાઈમાં વિતાવી હતી. આમ અચાનક કરોડપતિ બની જવાશે એનો તો એમને સ્વપ્નમાં પણ ખ્યાલ નહીં આવ્યો હોય.

"બધા ઊભા રહો," આર્થરસાહેબ-રોબર્ટના પિતાજી બોલ્યા, "દરેક જણ પોતાના ભાગમાંથી બાર બાર હીરા આપો."

અમને કાંઈ સમજાયું નહીં છતાં એમની આજ્ઞાનું પાલન કર્યું. દરેક જણે પોતાના ભાગના હીરામાંથી બાર બાર હીરા આપ્યા. ઢગલો હીરામાંથી ફક્ત બાર હીરા જ આપવાના હતા. કોઈને જરા પણ તકલીફ ન પડી.


આર્થરસાહેબ, મારા પિતાજી તેમજ માઈકલકાકાએ એ ૧૦૮ હીરામાંથી ચોપન હીરા જ્હોન હેરિંગને તેમજ ચોપન હીરા કોબ્રાને આપ્યાં. એ બંને રડવા માંડ્યા. પછી કહે કે, "મિ. આર્થર, મિ. ક્રોમવેલ ! અમને માફ કરી દો. અમે તમને કેટલા હેરાન કર્યા ? કેટલો ત્રાસ આપ્યો ? તોપણ તમે અમારી પર ઉપકાર કરો છો. ખરેખર તમે મહાન છો. અમે બંને ભલે આંધળા થઈ ગયા તોપણ તમારો ઉપકાર જિંદગીભર નહીં ભૂલીએ !"

"નહીં, નહીં ! હેરિંગ ! કોબ્રા !" અબાના બોલ્યો, "તમે આંધળા થયા જ નથી. મેં તમારી આંખોમાં જે ટીપાં નાખ્યાં છે એનાથી તમારાં પોપચાં આઠ દિવસ સુધી ચોંટેલા રહેશે. ખૂલશે નહીં. સોય તો મેં કાઢી નાખી છે. આઠમા દિવસે જ્યારે તમારી આંખ ખૂલશે ત્યારે તમે પહેલાની માફક જ જોઈ શકશો !"

અબાનાની વાતથી હેરિંગ અને કોબ્રા ખુશ થયા. એ તો સ્વાભાવિક હતું પરંતુ અમે બધા પણ ખૂબ ખુશ થઈ ગયા. એ બપોરે માતાદી, અબાના

અને અબીરાએ સાથે મળીને ખૂબ જ સરસ ભોજન બનાવ્યું. બરાબર જમીને અમે પાછા ફરવાની તૈયારીઓ શરૂ કરી. સાથોસાથ કોબ્રા અને હેરિંગના હાથ હમણાં ન ખોલવા એવું નક્કી કરવામાં આવ્યું. કારણ કે એની પાસે હતા એ કરતા અમારા દરેક જણ પાસે વધારે હીરા હતા. અને બીજું કારણ, એ સ્વભાવે તો લૂંટારો જ હતો ને ! જો કે ચોંટેલી આંખો સાથે એ કંઈ જ કરી શકે તેમ નહોતો, છતાં પણ અમે એના હાથ બાંધેલા રાખવાનું જ નક્કી કરી નાખ્યું.

હવે પછી પાછા ફરવાનો રસ્તો નીચે નકશામાં બતાવ્યા પ્રમાણે અમે નક્કી કર્યો.



એ મુજબ લુલોન્ગા નદીના ઉપરના ફાંટાને કિનારે કિનારે આગળ વધી મ્બાન્ડાકા પહોંચવું. એ મુસાફરી ૩ દિવસમાં પૂરી થઈ શકે. એ પછી મ્બાન્ડાકાથી કોંગો નદી લગભગ ૮૦૦ માઈલ સુધી એકદમ પહોળી (ઘણી જગ્યાએ તો લગભગ દસેક માઈલ પહોળી) અને એકદમ શાંત છે. એમાં મોટી સ્ટીમરની સવારી જરૂરથી મળી જાય. સ્ટીમર દ્વારા જ કિન્શાશા થઈ માતાદી સુધી જઈ શકાય. માતાદીથી લગભગ સોએક માઈલ જમીનની

મુસાફરી કરવી પડે, કારણ કે એટલા માઈલો સુધી કોંગો નદી ઘણા બધા ધોધરૂપે વહે છે. જેના પર વહાણ કે આગબોટ ચલાવવી અશક્ય છે. પણ એ સો માઈલનો રસ્તો સર સ્ટેન્લીએ એવો સરસ બનાવેલો છે કે જરાય તકલીફ ન પડે. ત્યાં ઘોડાઓ પણ મળી રહે છે. એ પછી બોમાથી કોઈ મોટી સ્ટીમરની સવારી મળી જાય. જે અમને ઘરે પહોંચાડે !

ઓકાપી પર સામાન લાદી અમે મ્બાન્ડાકા તરફ આગળ વધ્યા.



અલવિદા કોન્ગો !

ધારણા પ્રમાણે બરાબર ત્રીજા દિવસે અમે મ્બાન્ડાકા પહોંચી ગયા. ત્યાંથી આગબોટની ટિકિટ પણ તરત મળી ગઈ. અમે ઓકાપીને છોડી દીધા. પણ બે ઓકાપી પાછા જંગલ તરફ ન જ ગયા. અમે આગબોટવાળાને વિનંતી કરી. એણે અમને ઓકાપી આગબોટમાં લેવાની છુટ્ટી આપી. ઓકાપીને જોઈ એને ખૂબ જ નવાઈ લાગતી હતી. અમે ખુશ થઈ બંને ઓકાપીને આગબોટના ભંડકિયામાં બાંધી દીધાં.

કોંગો નદી શાંત અને વિશાળ હોવાથી આગબોટની ઝડપ ખૂબ સરસ હતી. રાત્રિના દસ વાગ્યા સુધીમાં અમે માતાદી પહોંચી ગયાં. એ રાત અમે માતાદી બંદરે જ ગાળી. બીજા દિવસે સવારે ત્યાંથી નીકળ્યા પછી બોમા પહોંચતાં બીજા બે દિવસ થયા. પરંતુ આ વિસ્તાર ખૂબ જ સલામત હતો. શહેરી સભ્યતા અને સંસ્કૃતિ બંનેની અસર આ ભાગ પર સ્પષ્ટ જોવા મળતી હતી. એ બે દિવસ કાપવામાં અમને જરા પણ તકલીફ ન પડી. માતાદીથી અમે ઘોડા ભાડે કરી લીધા હતા. સામાન એમના પર જ લાદી દીધો હતો. અમે જ્યાં જતાં ત્યાં ઓકાપીને જોવા લોકો એકઠાં થઈ જતાં.

બોમા એક દિવસ માટે અમે રોકાયા. નવાં કપડાં લીધાં. અમારી પાસે હીરા છે એ કોઈને પણ ખબર ન પડે તેની અમે બરાબર કાળજી રાખતા હતા. આમ તો અત્યાર સુધીનો અમારો લઘરવઘર અને ફાટેલો પોશાક જોઈ એવી શંકા કોઈને પડે તેમ પણ નહોતું. જ્હોન હેરિંગ અને કોબ્રાએ પણ એ બાબતમાં અમને બરાબર સાથ આપ્યો હતો.

બોમા બંદર પર ચોથી એપ્રિલની રાતે અમે ટહેલતાં હતા ત્યારે મારાથી મારા પિતાજીને એમને આ ખજાનાનો નકશો કઈ રીતે મળ્યો હતો એ પૂછ્યા વિના ન રહેવાયું. મારા પિતાજી મારી વાત સાંભળી હસી પડ્યા, પછી બોલ્યા, "અરે ! આ બધી ધમાલમાં એ વાત તો હું ભૂલી જ ગયેલો. ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સવારે મારી રૂમ પર એક ઘરડો ખલાસી આવેલો. એ ખૂબ જ માંદો હતો. એને ઘણા વખતથી જૂનો દમ હતો. ઘણી બધી વાર હું એની દવાના પૈસા પણ આપતો. એ દિવસે એને ખૂબ જ દમ ચડેલો. દવાના

પૈસા હતા નહીં. મેં એને સારવાર માટે પૈસા આપ્યા. ઠીક ! તારા માટે બોટ લાવવા માટે એકઠા કરેલા પૈસામાંથી ખાસ્સી મોટી રકમ એને આપી. એ પૈસા લેતાં એને સંકોચ થતો હતો. પણ શું થાય ? પૈસાની એને ખૂબ જ જરૂર હતી. એના ગયા પછી સાંજે મને સમાચાર મળ્યા કે એનું અવસાન થયું છે અને એણે એક કવર મારા નામનું બીજા એક ખલાસી પાસે છોડ્યું છે. એ કવરમાંથી મને આ નકશો અને મારો આભાર માનતો પત્ર બંને મળ્યા હતા... !"

"પણ બાપુજી ! તો એ માણસને નકશો ક્યાંથી મળ્યો ? અને એ પોતે શું કામ ખજાનો લેવા ન ગયો ?" મને ખરેખર ઉત્કંઠા થઈ હતી.

"બેટા ! એનો ઉલ્લેખ પણ એણે કરેલો. એને ત્રણ દિવસ પહેલાં જ બીરા બંદર પર લાંગરેલ એક ખૂબ જૂના વહાણના ભંડકિયામાંથી એ કાગળ મળેલો. એનો રોગ એવો વકરી ગયેલો કે પોતે તો હવે જઈ શકે તેમ જ નહોતો. મેં એને હંમેશા મદદ કરેલી એટલે એણે મને સોંપ્યો હશે. મને એ નકશામાં રસ પડેલો એટલે મેં એની એક નકલ બનાવી રૂમમાં એક હીરાની વીંટી સાથે એ મૂકી રાખેલ. સારું થયું કે એ બધું તને મળી ગયું."

હવે મારા મનને બધો જ ઉકેલ મળી ગયો.

પાંચમી એપ્રિલની સવારના નવ વાગ્યા. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્ટીમરમાં ચડવા માટે અમે સૌ તૈયાર ઊભા હતા. મારા પિતાજીએ જ્હોન હેરિંગ તેમજ કોબ્રાના હાથ છોડ્યા. પછી એ બંનેને ગળે વળગીને સારા માણસો તરીકે જિંદગી ગુજારવાની સલાહ આપી.

જ્હોન હેરિંગ અને કોબ્રાએ રડતાં રડતાં મારા પિતાજીના પગ પકડી લીધા. ચોધાર આંસુડે રડવાથી એમની આંખોનાં પોપચાં ખૂલી ગયાં. અબાનાએ કહ્યા પ્રમાણે બરાબર અઠવાડિયા પછી એમની આંખો ખૂલી હતી. થોડી વાર માટે બંને અંજાઈ ગયા. પછી ધીમે ધીમે પ્રકાશથી ટેવાયા. અમને સૌને હાથ જોડી એ લોકોએ કહ્યું કે ગુંડાગીરી હંમેશ માટે છોડી એ બંને પોતાના વતન ઈંગ્લેન્ડ જતાં રહેશે અને સજ્જનની જિંદગી ગુજારશે. પૈસાની ચિંતા તો હતી જ નહીં ! મારા પિતાજીએ એ બંનેને દસ-દસ હીરા વધારે આપ્યા. એ પછી અમે સ્ટીમર પર ચડ્યા.

માઈકલકાકા તો પહેલા આ જ સ્ટીમર પર કામ કરતાં, એટલે સ્ટીમર પરનો લગભગ સ્ટાફ એમને ઓળખતો હતો.

અચાનક મારા પિતાજીને કંઈક યાદ આવ્યું. સ્ટીમરને પાંચ જ મિનિટ થોભાવવાનું કહી એ દોડતાં નીચે ઊતર્યા. નીચે પહોંચી એમણે જ્હોન

હેરિંગને એક ચિઠ્ઠી આપી. પછી એ બંનેને આવજો કરી એ પાછા સ્ટીમર પર આવી ગયા. અમારા ચહેરા પર પ્રશ્નાર્થ જોઈ એ હસી પડ્યા પછી મારી સામે જોઈને બોલ્યા, "કંઈ નહીં ભાઈ ! આ તો ઝીંઝુડાક એક તાર કરી નાખવાનું કામ એમને સોંપતો આવ્યો. આપણને ઘરે પહોંચતા અર્ધો મહિનો થશે. આપણે કેપ ઑફ ગુડ હોપ થઈ ડર્બન પહોંચીશું પછી ત્યાં જ ઊતરી જવું પડશે. આ સ્ટીમર ત્યાંથી ભારત જઈ રહી છે એટલે ડર્બનથી બીરા બંદર જવા માટે આગબોટની મુસાફરી કરવી પડશે અથવા તો કોઈ બોટ ભાડે કરવી પડશે. એટલે લગભગ ૧૭મા દિવસે આપણે ઝીંઝુડાક પહોંચીશું. જ્યારે આ તાર તારી બાને પાંચમા દિવસે જ મળી જશે."

મારા પિતાજીની વાતથી મને ખૂબ જ આનંદ થયો. બા કેટલી ખુશ થશે ?


"પોં... ઓ... ઓ... ઓ... ! પોં... ઓ... ઓ..." સ્ટીમરનું ભૂંગળું વાગ્યું. આખું બંદર ગાજી ઊઠ્યું. લંગર ઊપડી ગયાં. સ્ટીમરે ધીમે ધીમે દક્ષિણ દિશા તરફ સરકવાનું શરૂ કર્યું. જ્હોન હેરિંગ અને કોબ્રા અમારી તરફ હાથ હલાવતા ઊભા હતા. એમની આંખોમાં પસ્તાવાનાં આંસુઓ હતાં. કોન્ગો નદીનું મુખ ધીમે ધીમે અમારાથી પાછળ જઈ રહ્યું હતું. અમારી નજર પણ હવે ધૂંધળી બની ગઈ. મારાથી હાથ ઊંચો થઈ ગયો અને જોરથી બોલાઈ ગયું, *"અલવિદા કોન્ગો !"*



અને અમે બધા...

અમે બધા સત્તરને બદલે ઓગણીસમા દિવસે ઘરે પહોંચ્યા. એક ભયાનક તોફાનના કારણે અમારે બે દિવસ ડર્બનમાં જ રોકાઈ જવું પડ્યું. કોઈ કરતા કોઈ બોટવાળા એવા તોફાની દરિયામાં બીરા બંદર સુધી આવવા તૈયાર જ ન થયા. ૨૫મી એપ્રિલે સવારે અગિયાર વાગે અમે ઝીંઝુડાક પહોંચ્યા ત્યારે બા અમારી રાહ જોતી ઊભી હતી. સતત બે દિવસથી એ બાર બાર કલાક કિનારે રાહ જોતી ઊભેલી. અમે બે દિવસ મોડા પડીશું એનો એને ખ્યાલ નહોતો.

જ્યારે ખૂબ જ તોફાન ફૂંકાતું હતું ત્યારે ડર્બન બંદર પર પણ ઘણા માણસોએ અમને ઓકાપીને દરિયામાં નાખી દેવાનું કહ્યું. ઘણાએ એના કારણે જ તોફાન આવ્યું છે એવું પણ કહ્યું. માંડ અમે ઓકાપીને સાચવીને ત્યાં બે દિવસ રહ્યા. પછી જ્યારે બીરા બંદરે આવવા નીકળ્યા ત્યારે બોટમાં ચડવા જતાં એક ઓકાપી દરિયામાં પડી ગયું. બોટ ઊપડવાનો સમય થઈ ગયો હોવાથી કેપ્ટને મને એને પાછું લેવા ઊતરવા ન દીધો. એ તો તરતું તરતું કિનારા તરફ જતું રહ્યું. બીજું ઓકાપી લગભગ દસ વરસ મારી સાથે રહ્યું. એનો મારા બગીચામાં પાડેલો ફોટો પણ અહીંયા મૂકેલો છે. (આગળ પણ જોયો જ હશે)



અમારી બધાની બાકી જિંદગી ખૂબ જ આનંદ અને વૈભવમાં પસાર થઈ.

માતાદીએ બીરા બંદરમાં આફ્રિકાની દુર્લભ ગણાતી વસ્તુઓ વેચવાની મોટી દુકાન શરૂ કરી હતી. એ ઉપરાંત એની દુકાનમાં બીજી ઘણી વસ્તુઓ પણ એ રાખતો. એનું મકાન બીરા બંદરના સૌથી સારાં મકાનોમાંનું એક

હતું. એણે એ પછી જિંદગીમાં ક્યારેય માનવમાંસ ખાધું નહીં.

અબાના બીરા છોડી ડર્બનમાં જઈને વસ્યો. એ ત્યાંનો સૌથી મોટો અને સફળ વૈદ્ય બની ગયો. વનસ્પતિઓ અને જડીબુટ્ટીઓનો જાણકાર તો એ પહેલેથી જ હતો. પૈસા અને પ્રતિષ્ઠા એ બંને એને ખૂબ જ મળ્યાં.

અબીરા એનાં પત્ની અને બાળકોની માફક જ કમનસીબ નીવડ્યો. એણે વહાણવટાના ધંધામાં ઝુકાવ્યું. એમાં પૈસા પણ ખૂબ જ કમાયો. એક વખત ડર્બનથી કેપટાઉન જતી વખતે પોર્ટ એલિઝાબેથથી થોડે દૂર ભયંકર તોફાનમાં એ પોતાની કંપનીની સ્ટીમર સાથે જ દરિયામાં ગરકાવ થઈ ગયો. ત્યારબાદ એનો ક્યારેય પત્તો ન લાગ્યો. હા, માતાદીને હજુ વિશ્વાસ છે કે એ કોઈક જગ્યાએથી જરૂર પાછો આવશે !

માઈકલકાકા લહેરી જીવ હતા. એમણે પોતાની બાકીની જિંદગી લંડનમાં જ વિતાવવાનું નક્કી કર્યું. કરોડો રૂપિયાના હીરા બૅન્કમાં મૂકી એના વ્યાજમાંથી જ એમણે બાકીની જિંદગી એશો-આરામથી ગુજારી ક્લબની જિંદગીનો એમણે ભરપૂર આનંદ ઉઠાવ્યો. જ્હોન હેરિંગ હવે સજ્જન બનીને રહે છે અને કોબ્રા પોતે એક ક્લબનો માલિક બની ગયો છે એવા સમાચાર માઈકલકાકાએ જ અમને આપેલા.

જેક અને હેસ્લિંગ ઘાના જતાં રહ્યા. ત્યાં એ બંનેએ ભાગીદારીમાં કાચા સોનાનો માલ રાખવાની પેઢી શરૂ કરી અને એમાંથી સારું કમાયા.

મારા પિતાજી, આર્થરકાકા અને પર્સિવલકાકાએ એકબીજાને સાવ અડકીને પશ્ચિમ હિંદમહાસાગરમાં આવેલા ત્રણ ટાપુ ખરીદીને એના પર વસવાટ કરવાનું નક્કી કર્યું. પોત-પોતાના ટાપુઓ પરના આલિશાન ઘરોમાં આનંદથી એમણે પોતાની બાકીની જિંદગી વિતાવી. એ લોકો પછી ક્યારેય દરિયો ખેડવા નહોતા ગયા.

મેં, રોબર્ટ અને પોલે સાથે મળી બીરા બંદર પર જ હીરાનો વેપાર અને હીરાની નિકાસનો ધંધો શરૂ કર્યો. માડાગાસ્કર અને ભારતના દક્ષિણ કાંઠેથી મળતા દરિયાઈ મોતીના વેપારે પણ અમને ખૂબ નફો રળી આપ્યો.

અમે બધી વાતે સુખી હતા. પરંતુ ક્યારેક ઊંઘમાં માણસખાઉ જંગલી માકાના ચળકતા ધારદાર દાંત મારી નજીક આવતા જોઈ હું ચીસ પાડીને બેઠો થઈ જતો. મને પરસેવે રેબઝેબ થઈ ગભરાયેલો જોઈને મારા ઘરનાં બધાં હસી પડતાં. એ સ્વપ્ન જ છે એમ ખબર પડ્યાં બાદ હું પણ એમની જોડે જ હસી પડતો !

❑

ઝુલુ ભાષાના થોડાક શબ્દો અને એના અર્થ

(૧) નમસ્તે – સાવુબોના

(૨) કેમ છો ? – ઉન્જાની ?

(૩) મજામાં છું – ન્ગીસાફીલા

(૪) મજામાં છું, તમારો આભાર – ન્ગીસાફીલા ન્ગીયાબોન્ગા

(૫) આવજો – હમ્બા કાહલે

(૬) તમને શુભેચ્છાઓ – ન્ગીકુફીસેલા ઈન્હલાન્હલા

(૭) તમારી યાત્રા સુખદ રહો – ઉબે નોહામ્બો ઓલુહલે

(૮) હા – યેબો

(૯) ના – ચા

(૧૦) મહેરબાની કરીને (પ્લીઝ) – ન્ગીયાકુસેલા

(૧૧) આભાર (થેન્ક્યુ) – ન્ગીયાબોન્ગા

(૧૨) બચાવો, મદદ કરો – સીઝા, સીઝા

(૧૩) ભય (ડેન્જર) – ઈન્ગોઝી

(૧૪) તાત્કાલિક જરૂરિયાત (ઈમરજન્સી) – કુયાપ્હુથુમા

(૧૫) મને માફ કરો (એક્સક્યુઝ મી પ્લીઝ !) – ઉક્ષોલો

(૧૬) હું દિલગીર છું (આઈ એમ સોરી !) – ન્ગીયાક્ષોલીસા

(૧૭) હું તમને ચાહું છું (આઈ લવ યુ !) – ન્ગીયાકુથાન્ડા

(૧૮) મારે જોઈએ છે. (આઈ વોન્ટ) – ન્ગીફુના

(૧૯) તમે શું કરી રહ્યા છો ? (વ્હોટ આર યુ ડુઈંગ) – વેન્ઝાની ?

(૨૦) સમય શું થયો ? – યીસીખાથીસીની માંજે ?

(૨૧) તમે કયાં જઈ રહ્યા છો ? (વ્હેર આર યુ ગોઈંગ ?) – યુયાફી ?

(૨૨) કેટલાક નંબર્સ (આંકડાઓ) :

*	એક	(૧)	= કુન્યે
*	બે	(૨)	= કુબીલી
*	ત્રણ	(૩)	= કુથાથુ
*	ચાર	(૪)	= કુને
*	પાંચ	(૫)	= કુહલાનુ
*	છ	(૬)	= યીસીથુપા
*	સાત	(૭)	= યીસીખોમ્બીસા
*	આઠ	(૮)	= યીસીશીયાગાલોમ્બીલી
*	નવ	(૯)	= યીસીશીયાગાલોલુન્યે
*	દસ	(૧૦)	= યીશુમી
*	અગિયાર	(૧૧)	= યીશુમી નાન્યે
*	બાર	(૧૨)	= યીશુમી નામ્બીલી
*	તેર	(૧૩)	= યીશુમી નાન્તાથુ
*	ચૌદ	(૧૪)	= યીશુમી નાને
*	પંદર	(૧૫)	= યીશુમીનેસીહલાનુ
*	વીસ	(૨૦)	= આમાશુમી આમાબીલી
*	એકવીસ	(૨૧)	= આમાશુમી આમાબીલી નાન્યે
*	બાવીસ	(૨૨)	= આમાશુમી આમાબીલી નામ્બીલી
*	પચાસ	(૫૦)	= આમાશુમી આમાહલાનુ
*	એકસો	(૧૦૦)	= ઈખુલુ
*	એક હજાર	(૧૦૦૦)	= ઈન્કુલુન્ગવાને

●●●


આફ્રિકા ખંડ વિશે હાઈસ્કૂલમાં ભણતો ત્યારથી જ એક ગજબનું આકર્ષણ રહેતું. સોનાની ખાણો, હીરાના પર્વતો, વનસ્પતિઓની અજાયબ દુનિયા, માણસખાઉ જંગલીઓ એવા એવા તો કેટલાય વિષયો મને આકર્ષતા. ભૂગોળમાં ભણતી વખતે હું પણ આ વાર્તાના પાત્ર ડીકની માફક જ વિચારોમાં ખોવાઈ જતો. મનોમન આફ્રિકા જવાની કલ્પના કરતો.

ત્યારે હીરાનો ખજાનો મનમાં ઉદ્ભવેલો. એ વખતે તો ઈન્ટરનેટ કે એવી કોઈ સગવડતા નહોતી પરંતુ અમારી શાળાની લાઈબ્રેરી ખાસ્સી સમૃદ્ધ. એનો ઉપયોગ કરીને આફ્રિકાની વાતો વાંચતો ગયો અને એ પરથી વાર્તા બનતી ગઈ. એ પછી મેડિકલની લાંબી સફર. બાળરોગ નિષ્ણાત બની ગયા પછી તરત જ કારકિર્દીમાં લાગી ગયો.


પછી એક દિવસ નાની બહેને સાચવી રાખેલ એ વાર્તા મને મોકલાવી. એ વાંચ્યા પછી ડીક, જેક, રોબર્ટ અને જ્હોન હેરિંગ પાછા સમયની ધૂળ ખંખેરીને બેઠા થઈ ગયા. અને આજે એ પુસ્તકરૂપે પણ આકાર પામી રહ્યું છે.

આફ્રિકાના જંગલની રોમાંચક સફરના સમયે મને આનંદ થાય એ તો બિલકુલ સ્વાભાવિક છે. આ વાર્તાનું એકેએક પાત્ર જાણે કે મારી જિંદગીનું એક એક સાથીદાર બની ચૂક્યું છે. આશા છે કે મારા નાના બાળદોસ્તો પણ આ સાહસકથાની મજા મારી જેમ જ માણી શકશે.

–ડો. આઈ. કે. વીજળીવાળા



હીરાનો ખજાનોનો અંગ્રેજી અનુવાદ



હીરાનો ખજાનો પછીનું નવું રોમાંચક પુસ્તક

ISBN : 978-81-906416-9-2



₹ 50